

# કલ્યાણ


વર્ષ ૨૧

માગસર ૨૦૨૧

માનદ સંપાદક: કીરચંદ જે. શેઠ

અંક ૧૦

ડીસેમ્બર ૧૯૬૪

# વિષય દર્શન


| લેખ | લેખક | પેઈજ |
|---|---|---|
| ધર્મનો મર્મ : | શ્રી પ્રિયદર્શન | ટાઈટલ બીજુ |
| આંખ સામેનું ચિત્ર : | શ્રી મો. ચુ. ધામી | ૯૧૩ |
| બાલ જગત : | શ્રી રાકેશ | ૯૧૫ |
| સીલણ અને તીર્થરક્ષા : | શ્રી સુબોધચંદ્ર જૈન | ૯૨૧ |
| પૂર્વ દેશના તીર્થોની યાત્રાએ : | શ્રી રીખવચંદ હાથીભાઈ | ૯૨૫ |
| જૈનદર્શનનું પદાર્થ વિજ્ઞાન : | શ્રી ખુબચંદ કે. શાહ | ૯૨૯ |
| અનુભવની એરણ પરથી : | શ્રી ધનંજય | ૯૩૩ |
| મૃત્યુ વિષે મનન : | શ્રી માણેકલાલ છ. શા. | ૯૩૭ |
| હીરા બતાવનારા પશાભાઈઓ ! : | શ્રી ગુણવંતરાય આચાર્ય | ૯૪૧ |
| પ્રયોગશાળાના હતભાગી પ્રાણીઓ : | શ્રી સારથિ | ૯૪૩ |
| પ્રસન્ન પળો : | શ્રી મફતલાલ એફ. શાહ | ૯૪૪ |
| કલિકાલ સર્વજ્ઞની સાહિત્ય સુખડી : | પૂ. મુ. શ્રી મહાપ્રભવિજયજી મ. | ૯૪૫ |
| જ્ઞાનગોચરી : | શ્રી ગવેષક | ૯૪૯ |
| સમતાભાવનું મૂલ-કર્મવાદનું ગણિત : | શ્રી વસંતલાલ કાંતિલાલ | ૯૫૪ |
| સૌભાગ્ય કંકણ : | વૈદ્ય શ્રી મો. ચુ. ધામી | ૯૫૫ |
| મનન મધુ : | શ્રી પ્રકર્ષ | ૯૬૧ |
| અનોખું બલિદાન : | શ્રી મુક્તિદૂત | ૯૬૩ |
| રામાયણની રત્નપ્રભા : | શ્રી પ્રિયદર્શન | ૯૬૭ |
| ખ્રીસ્તીઓએ ફેલાવેલી ભ્રામક જાળ : | વૈદ્ય શ્રી મો. ચુ. ધામી | ૯૭૩ |
| દેશ અને દુનિયા : | શ્રી સંજય | ૯૭૭ |
| અંજનશલાકા મહોત્સવનાં ભવ્ય સંસ્મરણો | શ્રી સુંદરલાલ ચુ. કાપડીયા | ૯૮૯ |
| સમાચાર સાર : | સંકલિત | ૯૯૧ |
| સાભાર સ્વીકાર : | અભ્યાસી | ૧૦૦૪ |


# ધર્મનો મર્મ

**મન-મશીન :**

કોઈપણ મશીન એકવાર બગડયું, તેને સુધાર્યા વિના તે મશીન ચલાવવામાં આવે, તો એ મશીનમાંથી જે માલ ઉત્પન્ન થવાનો તે બગડેલો ઉત્પન્ન થવાનો. એ તો જ્યારે તે મશીનનો એંજીનીયર આવીને મશીન તપાસે નહીં અને સુધરે નહીં ત્યાં સુધી માલની ઉપજ બગડેલી જ રહેવાની.

મનમાં એક દુષ્ટ વિચાર ઘુસી ગયો કે મનનું મશીન બગડયું સમજો. હવે એ મન જેટલા વિચારો કરશે તે બધા વિચારો બગડેલા પાપમય હશે.

કંડરીક મુનિના મનમાં રાજાના ઘરના માલ-મેવા ખાવાનો વિચાર ઘુસ્યો....કે તેમનું મન-મશીન બગડયું! પછી જે જે વિચારો તેમણે કર્યા....બધા જ પાપમય! સાધુપણું છોડવાનો વિચાર કર્યો, રાજા બનવાનો વિચાર કર્યો....રાજા બનીને સર્વ પ્રથમ પેટ ભરીને માલ-મેવા ને મિષ્ટાન્ન ખાવાનો વિચાર કર્યો....તબિયત બગડતાં દાસ-દાસીઓને મારવાનો વિચાર કર્યો....અંતે પરિણામ શું? મનનું મશીન અટકી ગયું....કંડરીકનું મૃત્યુ થયું....બગડેલા મનમાંથી થયેલી ઉપજ તેને નરકમાં ખેંચી ગઈ.

સાવધાન બનો. મનમાં કોઈપણ દુષ્ટ વિચાર ઘુસી જાય, તુરત તેને બહાર ફેંકી દેવાનો ખ્યાલ રાખો. મનનું મશીન રોજ સાફ કરો. સાફ કરવાનું સાધન છે મંત્ર! તે મંત્રનું નામ શ્રી નવકાર મંત્ર!

**શ્રી પ્રિયદર્શન**

# કલ્યાણ

વર્ષ : ૨૧ * અંક ૧૦ : * ડીસેમ્બર, : ૧૯૬૪ * માગશર : ૨૦૨૧

માનદ સંપાદક : કીરચંદ જે. શેઠ * માનદ સહ સંપાદક : નવીનચંદ્ર ર. શાહ

## આંખ સામેનું ચિત્ર !

વૈદ્યરાજ શ્રી
મોહનલાલ ચુ. ધામી

ભારતમાં જૈનોની સંખ્યા ઘણી નાની હોવા છતાં પૂર્વાચાર્યોના તપ, ત્યાગ અને જ્ઞાનની આરાધનાના કારણે જૈન પરિવારો અહિંસા, દાન, અપરિગ્રહ, કોઈને નડતર રૂપ ન થવું એવું કર્તવ્ય વગેરે અનેક ગુણો વડે શોભતા રહ્યા હતા.

પરંતુ છેલ્લાં બે ચાર દાયકાથી ભૌતિક ભૂતાવળનો એવો વિચાર ફાટ્યો છે કે જૈન પરિવારોનાં પરંપરાગત આદર્શો આજ હલબલી ઉઠયા છે અથવા બીજા શબ્દોમાં કહીએ તો વેરણ છેરણ થઇ રહ્યા છે.

જૈનદર્શનનો પાયો મુક્તિ અને આત્મ જાગરણ છે....અહિંસા, સત્ય, અપરિગ્રહ વગેરેનું પાલન અંતે તો જન્મ મૃત્યુ પર વિજય પ્રાપ્ત કરવા માટે જ છે....પરંતુ આજ આ વિજય યાત્રાનો પંથ ભૌતિકવાદની લાલસાએ આંખ આગળથી અદશ્ય કર્યો છે.

જે જૈન પરિવારોમાં સાત્વિક ખાનપાન સિવાય બીજું કશું સંભવે નહિં તે જૈન પરિવારોમાં આજે કંદમૂળ તો સાવ સહજ થઈ ગયું છે....પરંતુ માંસાહાર, ઈંડા વગેરે ખોરાક લેવાની ફેશન પણ અદ્યતન વિજ્ઞાનના નામે વિકસી રહી છે. આ ભયંકર અનિષ્ટ આપણને કયાં દોરી જશે ? આપણો આદર્શ શ્રમણ સમુદાય આ વાત પ્રત્યે વધુમાં વધુ લક્ષ્ય આપે એ અતિ જરૂરનું છે.

જે દાનની ધારા પુણ્ય કાર્યોમાં અને સર્વ જીવોના કલ્યાણ મંગલ માટે વહાવવામાં જૈનોને રસ હતો તે દાનની ધારા પણ આજ ભૌતિક ભૂતાવળોના ચરણ કમળ તરફ પ્રવાહિત થતી રહી છે. દાખલા તરીકે વિદેશી પદ્ધતિનાં અને વિદેશી દવાઓ આપનારાં દવાખાનાઓ દાનથી ઉભા કરવા એમાં માત્ર કીર્તિના મોહ સિવાય કશું દેખાતું નથી.... અને આવાં દવાખાનાઓ તત્ત્વદષ્ટિએ અહિંસાના અવરોધક જ હોય છે....અને જેમ જેમ આવાં દવાખાનાઓ વધતાં જાય છે તેમ તેમ રોગો પણ વધતા જ રહે છે. આ એક સ્પષ્ટ હકિકત હોવા છતાં આપણે આવા નિર્માણો પાછળ દાનધારા વહાવીને કંઈક

શુભ કર્યાનો ગર્વ લેતા હોઇએ છીએ. એજ રીતે નિશાળો, કોલેજો કે આધુનિક વિજ્ઞાનના અભ્યાસની પ્રયોગશાળાઓ સ્થાપવામાં પણ દાન આપતાં હોય છે અને દાન આપનાર એમ માનતો હોય છે કે પોતે કોઈ મહાન કાર્ય કરી નાખ્યું છે. તત્ત્વદૃષ્ટિએ વિચારીએ તો આવા દાન વડે નિર્માણ થતી શિક્ષણ સંસ્થાઓ ભારતની પ્રજાના ઘડતરમાં કોઇ ફાળો આપી શકતી નથી....અરે કે આવી સંસ્થાઓ દ્વારા અપાતી ભંગાર અને ભૌતિક કેળવણી બાળકોના સંસ્કારોને નષ્ટ કરે છે અને બાળકો મોટા થાય છે ત્યારે કાં તો ધર્મવિમુખ હોય છે, કાં નાસ્તિક હોય છે, કાં અશ્રદ્ધાળુ બની જતા હોય છે. આમ દાનની ધારાનો પ્રવાહ પણ આજ અવળે માર્ગે વહી રહ્યો છે.

પરિગ્રહની આજ એટલી બોલબાલા છે કે આપણે કયાં જઇને પટકાશું તે કલ્પવું ભારે કઠણ છે. ન જોઈતી વસ્તુઓ લેવાની આદત વધુ ને વધુ જોર પકડતી જાય છે. મોજશોખના સાધનો પાછળ આપણે જાણ્યે પાગલ બની ગયા છીએ. પહેરવેશમાં પણ બે ત્રણ જોડી કપડાં ચાલતાં નથી....જુદા જુદા રંગના ને ફેશનનાં વસ્ત્રોનાં ગંજ ખડકાઈ રહ્યા છે. જે વિદેશીકરણનો આપણે વિરોધ કરતા હતા તેજ વિદેશીકરણ આપણા માટે જાણ્યે વિસામો બની રહ્યું છે અને બુટની જોડીઓનું વૈવિધ્ય તો એટલું બધું વધું રહ્યું છે કે ન પૂછો વાત. આમ નાની મોટી અનેક વસ્તુઓ વધુ ને વધુ લેવા-સંઘરવા પાછળ આપણે દોટ મૂકી રહ્યા છીએ.

અને મોટામાં મોટું દુષણ તો એ સર્જાઈ રહ્યું છે કલાના નામે વ્યભિચારની પૂજા કરવામાં આવતી કાલની પેઢી રસ લઇ રહી છે.

આ ચિત્ર કલ્પિત નથી પણ આપણી આંખ સામેનું છે અને જો આપણે મર્યાદા, સંયમ અને સાત્ત્વિક દૃષ્ટિનો વિચાર ન કરીએ તો સ્વરાજ કેવળ કાગળની શોભા બની રહેશે....માનસિક ગુલામી વધુ ને વધુ દૃઢ બનતી જશે અને જૈનત્વ શોધવા માટે કદાચ સંશોધકો ઉભા કરવા પડશે.

---

## નમ્ર વિનંતિ

શ્રી જૈન દેરાસરજી તથા ઉપાશ્રયના વહિવટકર્તા તથા શ્રી જૈન સંઘને વિનંતિ સહ જણાવવાનું કે અત્રે આઠ ગામોમાં જિનમંદિર પાઠશાળા હોલ તેમજ સાધુ સાધ્વી પધારે તેઓને ગોચરી પાણી સારૂ રૂમ વગેરે થઈ ગયેલ છે. ત્યાંના ભાઇ બ્હેનોને કાર્તિકી-ચૈત્રીએ શ્રી શત્રુંજય પટ દર્શનના લાભ મળી શકે તે માટે જો આપને ત્યાં જુના પટ હોય તો આપી આ નવા જૈનોને દર્શનનો લાભ આપવા કૃપા કરશો ઘર દેરાસરજીના બોખા હોય તેની પણ જરૂર છે. આજે લગભગ પચાસ ગામોમાં ધર્મમાં જોડાયેલા ભાઈ બહેનો છે. સંયોગો મુજબ, સભા બનતી સગવડ કરે છે. જેથી આપ પાસે દેરાસરજી ઉપાશ્રયને ઉપયોગી ચીજો હોય તો આપવા કૃપા કરશો. સદ્ઉપયોગ થશે. કોઈ ભાગ્યશાળીની ભાવના થાય તો તેમના નામથી પણ આપી શકાશે.

**લી૦ પરમાર ક્ષત્રિય જૈન ધર્મ પ્રચારક સભા : બોડેલી**




## સંપાદકની કલમે

**પ્યારા બાલ બિરાદરો !**

'બાલજગત'ની નવી સામગ્રી નિહાળી તમે પુલકિત બનો છો, તે જાણી આનંદ. શકય તેટલી નવી સામગ્રી પીરસવા માટે હરહંમેશ અમે સજાગ છીએ. 'બીજા બધા જ બાલવિભાગોમાં 'કલ્યાણ'ના બાલવિભાગની કોઇ જુદી જ ભાત પડે છે. તેમાંય 'વિના પ્રવેશ ફી'થી યોજાતી હરિફાઇઓ સહુ કોઇનું ધ્યાન કેન્દ્રિત કરે છે.' તેમ તમારા પત્રોથી જાણી અમે અત્યંત આનંદ અનુભવીએ છીએ. હંમેશ માટે વિપુલ અને વિવિધ જાતની વાંચન સામગ્રી પીરસવા અમે સજાગ છીએ. બે ત્રણ નાનાં દૃષ્ટાન્તો, ઉપરાન્ત સહુને આકર્ષે તેવું વાંચન 'બાલ જગત'માં તમે જોઈ શકશો. નવા નવા કોયડાઓ પણ યોજાતા રહ્યા છે. જેમાં ઘણા જ બાલમિત્રો ભાગ લઈ રહ્યા છે. તે આનંદનો વિષય છે

હજુ પણ અમે આ વિભાગને વધુ સમૃદ્ધ બનાવવા સજાગ છીએ, અને તે માટે આપ સહુ બાલમિત્રો સહકાર આપતા રહેશો, તેવી અભિલાષા.

આ વખતે યોજાયેલી હરિફાઈમાં બાલમિત્રો આનંદથી ભાગ લેવા તત્પર બનશો.

તમારા સં. **'શ્રી રાકેશ'**નાં
સ્નેહ સંભારણાં

## સૌરભ

ઉત્તરાયણના દિવસો હતા. બાળકો પતંગ ચગાવવામાં, તૂટતા પતંગોને પકડવામાં અને ઉડતા પતંગોને તોડવામાં મશગુલ હતા. મોટા શહેરના એક ગીચ વસ્તીવાળા વિસ્તારમાં રહેતો સંસ્કારી માત-પિતાનો એકનો એક લાડકવાયો માતપિતાની અનિચ્છા છતાંય પતંગની મોજ માણી રહ્યો હતો. સવારથી માતાનું હૈયું ધડકન અનુભવી રહ્યું હતું. 'રખેને મારા લાલને, આંખોના તારાને કાંઈ અનિષ્ટ થાય તો ?' પણ એકના એક પુત્રને વધુ કાંઈ કહેતાં માતાનું હૈયું ના પાડતું હતું.

છેલ્લો દિવસ....મધ્યાહ્નનો સમય, સવારથી ચા' પણ પીધા વિના ગયેલો બાળક પતંગને પકડવામાં જ મશગુલ હતો. એક છાપરા ઉપરથી બીજા છાપરા પર તે કૂદી રહ્યો હતો. એનું ધ્યાન હતું આકાશમાં ઉડતા પતંગો પર. પગ હતા એક છાપરા ઉપરથી બીજા છાપરા પર કૂદવા તલપાપડ. અચાનક બેધ્યાન બાળક ત્રીજા માળના છાપરાની કીનારી પરથી કૂદવા જતાં ગબડયો. નીચે મંદિરના ઘૂમટ પર પછડાટ ખાઈ બાજુમાં રહેલ નાની બખોલમાં એનો નશ્વર દેહ ભરાઇ ગયો. આંતરડાં બહાર નીકળી ગયાં. ત્યાં ને ત્યાં જ માત–પિતાના અનન્ત અરમાનોનો ચૂરો થઈ ગયો.

પ્યારા બાલ દોસ્તો! વિચાર કરજો કે, પતંગના પાપે કેટ–કેટલા બાળકોને પોતાના પ્યારા પ્રાણનું પણ બલિદાન આપવું પડે છે. પતંગ રંગની પાછળ જીવન ભગનો મહાદોષ રહેલો છે. તમારા જીવતરને જાળવવા અને

મા-આપની પરેશાનીને મટાડવા પતંગનો મોહ કરશો નહિ.

ઉત્તરાયણના દિવસોમાં પેપરોમાં આવતા આવા-આવા ઘણા કિસ્સાઓ તમે સાંભળતા હશો ! અને નજરે પણ નિહાળતા હશો. માટે મારા વ્હાલા બાલ મિત્રો ! પૂરો વિચાર કરી પતંગના મોહમાં નહિ ફસાતાં, જ્યારે પતગ ચગાવવાની ખૂબ ઈચ્છા થાય ત્યારે ઉપાશ્રયમાં જઇ એકાદ સામાયિક જરૂર કરી આવશો. આટલી શાણી સલાહ તમે માનશો તો હું ઘણો જ આનંદિત બનીશ. —શ્રી 'શાસ્ત્રી'

## બાલજગત ની પત્રપેટી

**(૧) શ્રી ભરતકુમાર કાન્તિલાલ-મિયાંગામ**

લખાણો સુયોગ્ય હોય, ઉપયોગી હોય તેને જ ચૂંટી ચૂંટીને અહિં સ્થાન અપાય છે. એટલે આપના લખાણોને કદાચ સ્થાન ન મળે તો હતાશ થશો નહિ. ઉદ્યમ કરતા રહો ઉદ્યમથી તમે સારા 'લેખક' બની શકશો. સારાં મૌલિક લખાણો અવસરે મોકલતા રહેવું. 'બાલ જગત' તમારૂં જ છે. એમ માનશો.

**(૨) શાહ રામજી રાયજી-મુંબઈ-૭**

'બે ઘડી મોજ' માટે આપ જ સારા ટુચકાં શોધી મોકલશો તો આભાર. 'બાલ જગત' બાળકોના માટે જ છે, છતાંય અવસરે લેવા જેવા મોટાના લેખો પણ લેવાય છે. પણ તે બાલોપયોગી હોય તો જ. લાગણી બદલ આભાર. મોકલેલ લેખને 'બાલજગત'માં સ્થાન મળવું અશકય છે. અવસરે બીજા લેખો મોકલતા રહેશો.

**(૩) પુષ્પકુમાર પી. શાહ-માંડવી** (કચ્છ)

આપનો લાગણીથી ભરેલો પત્ર મળ્યો. પત્ર ઘણો મોડો મળવાથી નામો છાપી શકાયા નહિ. સુંદર લેખો અવસરે મોકલતા રહેશો. 'બાલ જગત'ના વિકાસમાં તમારો સહુનો સહકાર છે તે જ અમારે મન આનંદનો વિષય છે. સહુ મિત્રોને યાદ. 'કલ્યાણ'ના પ્રચારમાં જરૂર રસ ધરાવતા રહેશો.

**(૪) કીર્તિકુમાર શિવલાલ મહેતા-બોટા, તથા દોશી જીવતકુમાર સરૂપચંદ-થરાદ**

બન્ને બાજુ લખાયેલાં લખાણો રદ થાય છે. ઉપયોગમાં લેવાતાં નથી તે ધ્યાનમાં રાખવું. શોધી કાઢો ? કોયડાનો ઉત્તર સાથે જ લખી જણાવવો. સંપાદકની પાસે જવાબ આવ્યા પછી જ તે છપાય. પહેલાં છપાય નહિ. કોયડાઓ અવ્યવસ્થિત હોય તેને સ્થાન અપાય નહિ શુભ લાગણી બદલ આભાર.

**કાગળની બે બાજુ કે કાર્ડ ઉપર લખાયેલ લખાણોને સ્થાન મળતું નથી તે ધ્યાનમાં રાખવું.**

### જાણો અને માણો

દેખાડવા જેવી કોઇ ચીજ હોય તો....દયા.
ખાવા જેવી કોઈ ચીજ હોય તો....ગમ.
ગળી જવા જેવું.... અપમાન.
લેવા જેવું કંઇ હોય તો.... જ્ઞાન.
સાચવવા જેવી કોઈ ચીજ હોય તો.... ઈજ્જત.
બોલવા જેવું કંઇ હોય તો.... સત્ય.
જીતવા જેવી કાંઈ હોય તો.... પ્રેમ.
કરવા જેવું કાંઈ હોય તો.... સેવા.
મેળવવા જેવું કાંઇ હોય તો.... ત્યાગ.

**શ્રી જીવતકુમાર સરૂપચંદ દોશી-થરાદ**

### બુદ્ધિને કસો :-

નીચેના વાકયમાં 'કલ્યાણ'ના એક લોકપ્રિય વિભાગનું નામ છુપાયેલું છે તે શોધી આપો !

**બાલકો! લપલપ જમવાથી ને વધુ ગળપણ ખાવાથી તબિયત બગડે છે. માટે ધ્યાન રાખવું.**

**શ્રી શશીકાંત પી. શાહ સાબરમતી**

[illegible]

# બેઘડી મોજ

**બુકસેલર** :–ભાઈ! આ એક બુક ગણિતના વિદ્યાર્થી માટે એટલી સુંદર છે કે એનો ઉપયોગ કરનાર વિદ્યાર્થીને આખા વર્ષની અર્ધી મહેનત તો બચી જાય છે.

**વિદ્યાર્થી** :–સારૂં ત્યારે! મને બે ગણિતની બુક આપી દો, એટલે મારે આખું વર્ષ મહેનત કરવી પડે નહિ, અને પડયા પડયા પાસ થઇ જવાય.

*　　　*

મહેતાજી લાગલગાટ ચાર દિવસ સુધી શેઠની ટકોર છતાં ટાઈમસર હાજર રહ્યા નહિ. ત્યારે અકળાઈ ઉઠેલા શેઠે પૂછયું 'મુનિમજી! આમ દરરોજ મોડા આવવાનું કારણ તમે બતાવી શકશો?'

મહેતાજી :–આપની શીખામણનો જ હું અમલ કરૂં છું. નોકરી ઉપર રહ્યો ત્યારે જ આપે શરત કરી હતી કે 'ઘડીઆળની સામે બાઘા ચકવા માફક જોયા વગર કર્ત્તવ્યનિષ્ઠાથી કામ કરો.' આથી હું ઘડિયાળ સામે જોતો જ નથી. અને રોજ ઘેર જતાં મોડું થાય છે. એ ઘડિયાળ સામે નહિ જોવાની ટેવ ઘેર પણ ચાલુ જ રહી છે. ઘેર ઘડિયાળ સામે જોવાનું ભૂલી જાઉં છું એટલે અહીં દુકાને સવારે આવતાં મોડું થાય છે.

## મેવાનો આંક

(કાર્તિક ચોમાસા પછી 'મેવો' ચોમાસામાં ત્યાજ્ય ગણાતો તે છૂટો થયો છે. જેથી 'શ્રી દર્શનશિશુ' બાળકો સમક્ષ મેવાનો આંક લઈ ઉપસ્થિત થાય છે. બદામ, કાજુ, દ્રાક્ષ ખાતાં આ આંક જરૂર તમને યાદ આવશે જ. સં.)

મેવા એકા મેવા, પ્રભુની કરો સેવા
મેવા દુ દ્રાક્ષ, કરો ન કદી કટાક્ષ–૧
મેવા તરી તજ, નિર્ગ્રંથ ગુરૂને ભજ
મેવા ચોકું ચારોલી, વચન બોલજો તોલી–૨
મેવા પંચા પીસ્તા, બનજો સારા વકતા.
મેવા છકા છુટી બદામ.
શંખેશ્વર યાત્રાનું ધામ–૩
મેવા સતા અંજીર, કર્મની તોડો જંજીર
મેવા અઠા આલુ, બાલજગત લાગે વહાલું–૪
મેવા નવા નેજા, ઠેકાણે રાખજો ભેજા,
મેવા દશા અખોડ, ધર્મ કરીને પાપને તોડ–૫

**શ્રી દર્શનશિશુ**

## V૪ કરીને વાંચ૧૦૦

- અહિંસક Gવન Gવવા માટે કોE પણ Dવસ કોE B નાના K મોટા પ્રાણીને મારવું જોEA નહિ,
- આV પડેલી Oચિંતી આપત્તિOનો સામનો કરવો જોEA પરન્તુ ।થી Bતું નહિ.
- સદા૪ A મનુષ્ય Gવનનું પગથીU છે.
- Vદ્યાર્થીનું Gવન સદા૪મય હોય તો જ Vદ્યાર્થી પોતાના Gવનમાં આગળ વધી શK.

**શ્રી અમૃત એ. ગોંડલિયા ગારીયાધાર**

## અજમાવી જુઓ

- તુલસીના પાનનો રસ કાઢીને કાનમાં નાખવાથી કાનનો દુઃખાવો બંધ થઇ જાય છે.
- તુલસીના પાનને વાટી તેમાં મીઠું ભેળવી નાકમાં તેના રસનાં ટીપાં નાખવાથી મૂર્છા દૂર થઇ જાય છે.
- તુલસીના પાનનો રસ ગરમ પાણીમાં નાખીને પીવાથી પેટનું ફુલાવું મટી જાય છે.
- તુલસીનાં પાનનો રસ થોડી સાકર સાથે દિવસમાં બે–ચાર વખત પીવાથી લૂ લાગવાથી થયેલી ગરમી ઓછી થઇ જાય છે.
- તુલસીનો રસ નિયમિત એક ચમચો પીવાથી કોઢ અને કરોળિયા મટી જાય છે.
- તુલસીની ચા' કાળાં મરી નાંખીને પીવાથી તાવ ઉતરી જાય છે.

- તુલસીના મૂળનો લેપ દિવસમાં ત્રણ ચાર વખત વાળા ઉપર લગાડવાથી 'વાળો' બહાર નીકળી જાય છે. —શ્રી

## સાચો સેવક કોણ ?

સેવા કરવામાં સહુથી આગળ.

મેવા લેવામાં સહુથી પાછળ.

દુઃખી અને દર્દીને જોઈ જાત ઘસનાર.

ભસનાર દુર્જનની સામે હસનાર.

જાનના જોખમે બીજાની સેવામાં તત્પર રહેનાર તેજ સાચો સેવક.

બાકીના તો સેવાના નામે મેવા ઉડાવનાર ભીખમગા કહેવાય. —શ્રી અજિત

## એક એકથી વિરૂદ્ધ

પ્રગતિ ને પડતી.
બંધન ને મોક્ષ.
ઉત્સાહ ને નિરુત્સાહ.
અનુકૂળ ને પ્રતિકૂળ.
વરક્તિ ને આસક્તિ.
ત્યાગ ને રાગ.
સેવા ને મેવા.

આમાંથી તમારે શું જોઈએ એ નક્કી કરો ? શ્રી સુધામાધુરી

## સવાલનો જવાબ

એક વાર ચર્ચિલના એક પ્રશંસકે ઉત્સાહમાં આવીને પૂછ્યું 'જ્યારે જ્યારે પણ આપ ભાષણ કરો છો ત્યારે શ્રોતાઓથી વ્યાખ્યાન હોલ ઉભરાઈ જતો જોઈ આપને આનંદ થતો નથી ?'

'આપનો પ્રેમ હું સમજી શકું છું, પણ જ્યારે જ્યારે આવું બને છે ત્યારે આનંદ પામવાને બદલે મને એમ થાય છે કે ભાષણ કરવાને બદલે જો મને ફાંસીએ લટકાવવાનો પ્રસંગ હોય તો લોકોનું ટોળું આના કરતાં ત્રણ ગણું જમા થાય.'

ચર્ચિલે ઠંડા કલેજે જવાબ આપ્યો.

## શોભે છે

જેમ માનવ-માનવતાથી
રત્નાકર....રત્નોથી
નદી....નીરથી
રજની....નિશાકરથી
દિવસ....દિનકરથી
વિદ્યા....વિનયથી
તપ....સમતાથી
જ્ઞાન....આચારથી
દાન....ઉદારતાથી
તેમ 'કલ્યાણ' શોભે છે 'બાલજગત'થી.

—શ્રી રત્નાકર

## કહેવત ઉકેલો

(૧) દસ્ત છીપ અપઉ
(૨) સુનાખ ખતે અંદુ
(૩) સંવિયોગનો ગયો
(૪) નયવિજએરણકટુ વશિમો છે.

—શ્રી સુધેન્દુ

જવાબ
(૧) ઉદય પછી અસ્ત
(૨) સુખના અંતે દુઃખ
(૩) સંયોગ નો વિયોગ
(૪) વિનય એ જ મોટું વશીકરણ છે.

જીવનનો સાર ધર્મ, અને ધર્મનો સાર શ્રદ્ધા, વવેક તથા ક્રિયા એ ત્રણેયના યથાર્થ સ્વરૂપને સમજાવનાર 'કલ્યાણ' માસિક તમારા જીવનને જરૂર અજવાળશે. દર મહિને વિવિધ વિષયો દ્વારા મનનીય સાહિત્યનો રસથાળ જે લોકભોગ્ય શૈલીયે રજૂ કરે છે.

**આજે જ ગ્રાહક બનો !**

વાર્ષિક લવાજમ-પોષ્ટેજ સાથે રૂ. ૫-૫૦

**કલ્યાણ પ્રકાશન મંદિર :**
**વઢવાણ શહેર (સૌરાષ્ટ્ર)**

# સાચો ઉકેલ

ગતાંકમાં પ્રકટ થયેલ 'શોધી શકશો ?'નો સાચો ઉકેલ છે.

**૧. સમેત શિખર.**

**૨. શ્રી શિતલનાથ ભગવાન**

**૩. મહારાજા કુમારપાળ**

સંખ્યાબંધ બાલક–બાલિકાઓના જવાબ અમારા ઉપર આવ્યા છે. તેમાં તા. ૫ સુધી અમને જે નામાવલી પ્રાપ્ત થઇ છે તેનાં ક્રમશઃ નામો નીચે મુજબ આપ્યાં છે. અવસરે આવા સવાલો પૂછાતા રહેશે. જવાબ આપનાર બાળકોને અભિનંદન. આમાં આપનું નામ હોય તો વહેલી તકે શોધી કાઢજો.

૧. નટવરલાલ કે. શાહ પાટણ ૨. દલપતલાલ પોપટલાલ સરિયદ ૩. શ્રી દિવ્યપથિક ૪. દીનકરલાલ દલપતલાલ પાલનપુર ૫. કાન્તિલાલ ઝવેરચંદજી પાલનપુર ૬ હસમુખલાલ સોમચંદ ઉમેટા ૭ મહેતા રસિકલાલ મફતલાલ માડકા ૮. સુરેશ જે. મહેતા કટારીઆ ૯. નટવરલાલ ખોડીદાસ મહેસાણા ૧૦. કીર્તિકુમાર સોમચંદ મહેસાણા ૧૧. ટી. ભવરલાલ જૈન મદ્રાસ ૧૨. ખીમચંદ જૈન બાગરા ૧૩. દોશી બાબુલાલ સૂરજમલ ૧૪. દિનેશકુમાર એચ. સાવરકુંડલા ૧૫ પ્રકાશકુમાર ચંપકલાલ અંકલેશ્વર ૧૬. ધીરેન્દ્રકુમાર પી. શાહ કાનપુર ૧૭. શાહ ચંપકલાલ સાગરમલ નારોલી ૧૮. શેઠ શાંતિલાલ હરગોવનદાસ ભાભર ૧૯. પોપટલાલ પરસોત્તમદાસ વબાદર ૨૦ વાડીલાલ નેમચંદ શાહ વબાદર ૨૧. શ્રી પ્રફુલ્લચંદ્ર સુરેન્દ્રનગર ૨૨. પરી ચંપકલાલ જગજીવન કંથારીયા ૨૩. પરી દિનેશચંદ્ર જગજીવન કંથારીયા ૨૪. બાબુલાલ જંબુભાઈ ખંભાત ૨૫. મફતલાલ શાંતિલાલ ખંભાત ૨૬. અરવિંદકુમાર કાંતિલાલ ખંભાત ૨૭. મનહરલાલ ડી. શાહ દુદર ૨૮. રમેશચંદ્ર અમૃતલાલ નવા ડીસા ૨૯. શા. મેઘજી પ્રેમચંદ અસારાવાળા ૩૦. હજારીમલ પારસમલ હુબલી ૩૧. દિવ્યકાન્ત દલીચંદ અમદાવાદ ૩૨ મુકેશ ચીનુભાઇ અમદાવાદ ૩૩. પંકજકુમાર હસમુખલાલ વીરમગામ ૩૪. મુકેશકુમાર કાન્તિલાલ બોટાદ ૩૫. રાજેશ કાન્તિલાલ બોટાદ ૩૬. શેળીયા વસન્તકુમાર શાંતિલાલ ભાભર ૩૭. ખીમજી જાદવજી સાંગલી ૩૮. વોરા હરિલાલ જેઠાલાલ ગેડી ૩૯. ભૂપેન્દ્રકુમાર કેશવલાલ અંકલેશ્વર ૪૦. સુબોધકુમાર રસિકલાલ મહેસાણા ૪૧. ઈશ્વરલાલ હરગોવનદાસ ભાભર ૪૨. સંઘવી માણેકલાલ ગુલાબચંદ સાવરકુંડલા ૪૩. અરવિંદકુમાર બાબુભાઈ ભરૂચ ૪૪. વિમળકુમાર જિતેન્દ્રભાઇ સુરત ૪૫. મહેન્દ્રકુમાર અમૃતલાલ સીતાપુરવાળા ૪૬. સુમતિલાલ કાંતિલાલ વોરા ભાભર ૪૭. શા. ચીનુભાઈ અમૃતલાલ વલ્લભીપુર ૪૮. વ્રજલાલ બી. શાહ રાજુલા સીટી ૪૯. મોતીભાઈ ડી. પટેલ નાનીરવ ૫૦. પ્રવીણ અને મહેન્દ્ર દીઓદર ૫૧. નરેશ ચીમનલાલ શાહ વડોદરા ૫૨. ચંપકલાલ મોતીલાલ ઓઢા ૫૩. ભીખુ જયંતિલાલ મુંબઈ ૫૪. બારભાયા જયેશ ધનજીભાઈ કારીયાણા ૫૫. મહેશકુમાર હસમુખલાલ અંકલેશ્વર ૫૬. રાજેદ્રકુમાર મણિલાલ વઢવાણ ૫૭. પ્રતાપરાય કેશવલાલ પાલઘર ૫૮. બાલચંદભાઇ મોતીલાલ ઓઢા ૫૯. પારેખ ચંદુલાલ ગોરધન રાપર ૬૦. દીલીપચંદ્ર સી. શાહ ડભોઈ.

### બાળાઓ

૧. પ્રતિભા એચ. હરિઆ બિદડા ૨. દોશી શાન્તાકુમારીજી અંજાર ૩. જુગલબાળા કેશવલાલ માનકુવા ૪. મંજુલાબેન મણિલાલ ઝીંઝુવાડા ૫ મીનાકુમારી ચીનુભાઈ અમદાવાદ ૬. સર્યુબેન ચીનુભાઈ અમદાવાદ ૭. દોશી લીલાકુમારી બી. શાહ જુનાગઢ ૮. કિરણાવલીબેન ચીમનલાલ મુંબઇ ૯. જયપ્રભાબેન ચીમનલાલ વડોદરા ૧૦. ચંદ્રિકાબેન ભાઇચંદ ચીતુર ૧૧. ઝવેરબેન કાનજી ગોગરી.

# વિના પ્રવેશ ફી 'કલ્યાણ શબ્દ હરિફાઇ' વ્યુહ નં. ૫

**વય મર્યાદા ૨૫ વર્ષ : ઇનામ રૂ. ૨૫**

આ વખતે 'કલ્યાણ' નવી 'કલ્યાણ અંક હરિફાઇ' યોજે છે. જેમાં પ્રવેશ ફી કશી જ નથી. કેવળ બાળકો બુદ્ધિ કસીને જ્ઞાનની વૃદ્ધિ કરે એ ઉદ્દેશ છે. આ હરિફાઇ 'કલ્યાણ'ના એક અંકમાંથી પ્રસિદ્ધ લેખકોનાં વાકયો લઇને બનાવવામાં આવી છે. નીચે બે શબ્દો આપ્યા છે. એ શબ્દોમાંથી એક શબ્દ ખાલી જગ્યામાં પૂરવાનો છે. જેના શબ્દો સાચા હશે તે જ ઇનામના અધિકારી બની શકશે. હરિફાઈ કાગળ કે કાર્ડ ઉપર લખેલ ચાલશે નહિ. 'કલ્યાણ'નું આ પૃષ્ઠ જ ફાડીને તેમાં પૂરેલી હરિફાઈ જ સ્વીકારાશે. હરિફાઇ નીચેના સીરનામે મોકલવી. **'કલ્યાણ શબ્દ હરિફાઇ' સંપાદક** : 'બાલજગત' C/o. કલ્યાણ પ્રકાશન મંદિર–**વઢવાણ શેર** (સૌરાષ્ટ્ર) સંપાદકનો નિર્ણય સહુને બંધનકર્ત્તા નીવડશે.

(૧) જેને શરીર ન ગમે તેને ........ ન ગમે. એટલે પાપ પણ પછી કરવાનું રહે નહિ, (સુખ–દુઃખ)

(૨) કુમારપાળ મહારાજા સંઘ લઇને........પર ગયા તે વખતે પર્વતનો માર્ગ અતિ વિકટ હતો. (ગિરનાર–શત્રુંજય)

(૩) સાધુઓને આવો....અને અભ્યાહૃત આહાર લેવો કલ્પે નહિ. (આધાકર્મી–ઔદ્દેશિક)

(૪) વિવેકી શ્રાવકો દર વર્ષે........કર્ત્તવ્યો ભાવથી કરે છે. (અગિયાર–પાંચ)

(૫) આરાધના ભલે ........ અનુસાર થાય પણ વિરાધનામાં તો રસ નહિ જ લઉં. (ભકિત–શકિત)

(૬) મોટા સમુહમાં વપરાતું ........બરાબર ગરમ ન થઇ શકે પરિણામે દોષિત જ રહે છે.(દહીં–દૂધ)

(૭) વ્યન્તર, વાણ વ્યંતર અને જ્યોતિષમાં........વિમાનો છે, જેથી ત્યાં જિનચૈત્ય અને જિનપ્રતિમા પણ ........ છે. (સંખ્યાત–અસંખ્યાત)

(૮) અધિકરણ એટલે જેનાથી આત્મા........આદિ દુર્ગતિનો અધિકારી બન્યો કહેવાય.(નરક–નિગોદ)

(૯) ........ નામના પાંડવ સંસારીપણામાં પુષ્કળ ભોજન કરતા હતા અને તપસ્યા તો કવચિત જ કરતા. (અર્જુન–ભીમસેન)

(૧૦) જેમ અપ્રમત્ત અને ઋદ્ધિવાળા સાધુને મનઃપર્યવ જ્ઞાન થાય છે તેમ અપ્રમત્ત અને ઋદ્ધિવાળી........ને પણ મનઃપર્યવજ્ઞાન થવામાં કોઈ શાસ્ત્રીય વાંધો નથી. (શ્રાવિકા–સાધ્વી)

**હરિફાઇની બંધ તારીખ ૩૧–૧–૬૫**

હરિફાઇના નિયમોથી હું બંધાયેલ છું.

**નામ :** ________________ ઉં ________________

**ગામ :** ________________ તા. ________________

**પો. :** ________________

એકથી વધુ ઉત્તીર્ણ થનારને ઇનામ સરખા ભાગે અપાશે.

# સીંચણ અને તીર્થરક્ષા

## ખબર છે એટલી કે, તીર્થની હાકલ પડી છે

શ્રી સુબોધચંદ્ર જૈન-મુંબઈ

આજે જૈનસમાજ પર-જૈન સંઘ પર મહાન આફત તોળાઈ રહી છે, સમેતશિખરજી તીર્થનો કબ્જો બિહાર સરકારે પોતાની મનસ્વી રીતે કાયદાના નામે લઈ લીધો છે. જૈન શ્વે. મૂ. પૂ. સંઘની માલિકીના આ તીર્થને અંગે હવે રહી-રહીને દિગંબરભાઈઓ પોતાના હક્કની માગણી કરી રહ્યા છે. જે કેવલ બેહુદી વાત જ ગણી શકાય. પોતાના જ ભાઈ શ્વેતાંબર સંઘના હજારો વર્ષથી ચાલી આવતા માલિકી હક્ક અંગે વચ્ચે પોતાના હક્કની માંગણી કરી શ્વેતાંબર સંઘની લાગણીને દુભવવાનો પ્રયત્ન કરી રહેલ છે. જે ખરેખર અનિચ્છનીય જ કહી શકાય. છતાં આજના પ્રસંગે અમે ફરી ફરીને જૈન સંઘને વિનંતિ કરીએ છીએ કે, 'સમેતશિખરજી તીર્થનો કબ્જો લઇને જ ઝંપવું જોઇએ.' પૂર્વ-કાલમાં પાટણના જૈનસંઘે તીર્થરક્ષાનો પ્રસંગ ઉપસ્થિત થયો ત્યારે કઈ રીતે ધગશપૂર્વક લાગણીથી કામ કરેલ તે હકીકત આગવી શૈલીયે અહિં આલેખાયેલ છે. જે વાંચી જવા સહુને અમારો આગ્રહ છે.

અઢાર અઢાર દેશો પર જેની એકછત્રી આણ વર્તાઈ હતી અને જેણે 'મારિ' શબ્દને પણ ભૂલાવી દીધો હતો, તે પરમાર્હત્ કુમારપાલની આંખો મીંચાયાને હજી તો પૂરા બે વર્ષ પણ નહોતા વીત્યા ત્યારની આ કથા છે.

શ્રી કુમારપાલ નરેશે પોતાની આણ નીચેની સમગ્ર પૃથ્વીને જિન ભુવનોથી મંડિત્ કરી, જે ચૌલુકય કુલરૂપી મંદિરને ઉજ્વલ અને સુશોભિત બનાવ્યું હતું, તે મંદિરને તેમનો જ એક કુલાંગાર, ગુર્જરપતિ નામ તો શું પણ પાટણપતિ નામને માટે પણ જે યોગ્ય ન હતો, તે અજયપાલ, મષીથી કલંકિત અને શ્યામ બનાવી રહ્યો હતો.

જેવી રીતે મહારાજા કુમારપાલને નૂતન મંદિરના નિર્માણના સમાચારથી આનંદ થતો હતો, તેમ આ રાજાધમને, તે મંદિરો તોડી પાડવાના સમાચારથી આનંદ થતો હતો.

પોતાનાં કાળાં કરતૂકોથી તેણે 'અજયપાલ' નામને પણ ધૃણાસ્પદ બનાવ્યું હતું.

શ્રી કુમારપાલે સર્જેલા લગભગ સર્વ જિનાલયોનો ધ્વંસ થઈ ચૂકયો હતો. બાકીના ખૂણે ખાંચરે રહેલા જિનાલયોને, શોધી શોધીને, યાદ કરી કરીને, તેનો વિધ્વંસ કરવાનું મ્લેચ્છ કર્મ, આ શૈવ રાજવી આ રીતે કરતો હતો. તેમાં તેને યાદ આવ્યું કે, 'તારંગા પર્વત પર એક મહાકાય, રળિયામણું જિનાલય હજી વિધ્વસ્ત નથી થયું.'

પછી તો.

હુકમો છૂટયા. આવા ચંડાલને ય શરમાવે તેવાં કર્મ માટે જે નરાધમો સેવા આપવા સદા તત્પર હતા તેમને બોલાવાયા. અને બીજા દિવસની સવારે જ, તે કાર્ય માટે રવાના થઈ જવાના આદેશ અપાયા.

આ વાતની સંઘના અધિનાયકોને, કે જે સંઘના યોગક્ષેમ માટે આ કપરા કાળમાં ય સતત ચિંતા સેવતા હતા, તે શ્રેષ્ઠિઓને ખબર પડી. તેમનાં હૃદય આ સમાચારથી ચીરાઈ ગયાં.

પણ....

આ પ્રસંગ એવો ન હતો કે, 'હૃદય ચીરાઇ જવાથી રડવું, કે માથે હાથ મૂકીને માત્ર ચિન્તા કરવા જ બેસવું.'

આ તો ઉભા થવાનો સમય હતો. અને ગમે તે ભોગે આ છેલ્લું જિનાલય, કેમ સચવાઈ જાય તેની વિચારણા કરી કામે લાગવાનો સમય હતો.

તાબડતોબ રાતોરાત સંઘને ભેગો કરવામાં આવ્યો. સંઘના અધિનાયકોએ રડતા હૃદયે કહ્યું કે, 'જુઓ, શ્રી કુમારપાલ દેવે જિનાલયો કરાવ્યા. જ્યારે તે બધા જ જિનાલયોને આ દુરાત્માએ આજ સુધીમાં નષ્ટભ્રષ્ટ કરી નાખ્યાં છે. ભવિષ્યમાં કોઇને ખબર પણ નહિ પડે કે 'શ્રી કુમારપાળ જૈન હતા કે નહિ?' 'તેમણે જિનાલયો કરાવ્યા હતા કે નહિ' છેલ્લું તારંગાનું જિનાલય હજી ખંડિત નથી થયું, તે પણ કાલ સાંજે કદાચ આ પૃથ્વી પર રહ્યું નહિ હોય. ગમે તે થાય આ અન્તિમ જિનાલયની રક્ષા આપણે કરવી જ રહી.'

પરસ્પર વિચારણા થઈ. છેવટે નક્કી થયું કે, 'આમાં બળથી કામ નહિ થાય, કળથી કામ થશે. અને તે માટે 'સીલણુ' નામના નાટકીયા સિવાય કોઈ આની રક્ષા કરી શકે તેમ નથી.'

સંઘના નાયકો કે જે કોટિપતિઓ હતા, તે તીર્થરક્ષા માટે મધ્ય રાત્રિના સમયે એક સામાન્ય નાટકીયાને ઘેર ગયા.

તીર્થની રક્ષા માટે જેમની નસેનસમાં ગરમ લોહી વહી રહ્યું છે, તેને, અમે તેને ઘેર યાચના કરવા જતાં પણ લજ્જા નથી હોતી.

સંઘને પોતાને ઘેર આવેલો જાણી, સીલણુ તેને લેવા ઉભો થયો, થોડાક કદમ સામે ગયો, હાથ જોડયા અને કહ્યું કે,

'આપે મારે ઘેર પધારી મારા પર મોટી કૃપા કરી. ફરમાવો કે શું કામ છે?'

સંઘના અગ્રેસર આભડ શેઠે કહ્યું કે; 'તને ખબર છે ને? કે શ્રી કુમારપાલ દેવે જિનાલયો કરાવ્યાં અને આ અજયપાલ રાજાએ તે બધાં તોડી પાડયા. માત્ર એક તારંગાનું જિનાલય તોડવાનું બાકી છે, તે પણ કાલે જમીનદોસ્ત થઇ જશે.'

બોલતાં બોલતાં આભડ શેઠના નેત્રોમાંથી અશ્રુ વહી રહ્યાં હતાં.

તેમણે કહ્યું કે, 'સીલણુ! એક તું જ એવો છે કે જો તું ધારે તો તેને તૂટતું અટકાવી શકે તેમ છે. હવે બીજો કોઈ જ ઉપાય અમને દેખાતો નથી.'

સીલણે કહ્યું કે, 'આપ લોકોનો જ આ મહાન પ્રમાદ છે. આપે પહેલાં મને આ વાત કરી હોત તો એક પણ મંદિરનો વિનાશ થયો ન હોત.'

સંઘના મોવડીઓએ કહ્યું કે, 'ભાઇ! જે થયું તે થયું. તું આ એક મંદિરની રક્ષા કરી દે તો અમે બધાય મંદિરો સુરક્ષિત છે એમજ માનીશું. સમય ઘણો ઓછો છે. આવતીકાલે તે જિનાલયનો વિધ્વંસ થઈ જવો નિર્ણીત છે. કૃપા કરી આટલું કાર્ય કર. તારો ઉપકાર અમે કદી ભૂલીશું નહિ.'

સીલણે, સંઘને હૈયા ધારણ આપી. અને કહ્યું કે, 'આપ કશી ચિન્તા ન કરશો. એ જિનાલય બચી જશે.' સંઘનો સત્કાર કર્યો અને રજા આપી.

બીજા દિવસનું સવાર થયું.

સવારમાં જ સીલણુ રાજા પાસે પહોંચ્યો. વિનંતિ કરી કે; 'દેવ? રજા આપો તો જાઉં?'

રાજાએ પૂછયું કે; 'ક્યાં જઇશ?'

સીલણ બોલ્યો કે; 'દેવ? અમે તો કમાઇને ખાનારા છીએ, જેટલું હતું તેટલું ખવાઈ ગયું છે, કોઇક સ્થાનમાં જઈશ અને તમારૂં નામ દઈ, પૈસા ભેગા કરી, પાછો અહિં આવીશ.'

રાજા કહે છે કે, 'પાટણ છોડીને બીજે

સ્થાને તારે પૈસા માટે જવું પડે, તેમાં મને શરમાવા જેવું થાય. હું તને નાટક કરવાનો પ્રસંગ આપીશ, જેથી તને આજીવિકા મલી જશે.'

સીલણ કહે છે કે, 'દેવ! પ્રસંગની વાત પ્રસંગે, મારી પાસે તો આજે ખાવાનું નથી. માટે મને જવા દો. કાં તો આજે જ પ્રસંગ ઉભો કરો.'

રાજાએ કહ્યું કે, 'તો આજે સંધ્યા સમયે જ તૈયાર થઈને તું આવ અને અપૂર્વ નાટક બતાવ.'

સીલણે હા પાડી.

રાજાએ આજે સાંજે થનારા અપૂર્વ નાટક માટે સૌને આમંત્રણ પાઠવ્યાં. તારંગા તરફ જનારા કર્મ ચંડાલોને પણ આ આમંત્રણ મલ્યું અને તેઓ આજનો દિવસ રોકાઈ ગયા.

સાંજ પડી. નાટકનો પ્રારંભ થયો.

સીલણે, રંગભૂમિ પર ઈંટોના ઢગલા ખડકાવવા માંડયા, માટી ભરી ભરીને ગધેડા આવવા લાગ્યા. અને માટી ઠલવાતી ગઈ.

પખાલી આવ્યો અને પાણીનું પીપ ભરવા લાગ્યો. કડિયાને બોલાવાયો અને સીલણે તેને કહ્યું કે; 'એક મહેલ બનાવ.' થોડીવારમાં કડિયાએ નાનકડો મહેલ તૈયાર કરી દીધો. સીલણે વચમાં એક નાનકડું દેવસ્થાન બનાવવા આજ્ઞા આપી અને તે પણ બનાવવામાં આવ્યું. ઈષ્ટદેવને અંદર બિરાજમાન કર્યા.

સીલણે કાર્ય સમાપ્ત થવાથી, દેવસ્થાન પર ધ્વજા ચડાવી અને લોકો સામે ફરીને કહ્યું કે; 'હાશ, આ કાર્ય કરીને હું કૃતકૃત્ય થઈ ગયો છું. હવે હું થોડીવાર સૂઈ જઈશ.' એમ કહી, માથે પછેડી ઓઢી, તે સૂઇ ગયો.

પણ, એટલામાં તો તેનો પુત્ર ત્યાં આવ્યો.

તેણે આ મહેલ જોયો, દેવસ્થાન જોયું અને લોઢાનો દંડ હાથમાં લીધો.

અને....

દેવસ્થાનના ચૂરેચૂરા કરી નાખ્યા.

સીલણ, એકદમ મોઢા પરથી વસ્ત્ર દૂર કરી ઉઠયો અને બોલ્યો કે, 'અરે! કયા પાપાત્માએ આ દેવસ્થાન તોડી નાખ્યું?'

પાસે ઉભેલા માણસે, તેના મોટા પુત્ર તરફ આંગળી ચીંધી અને કહ્યું કે: 'તમારા આ મોટા પુત્રે તોડી નાખ્યું.'

સીલણે ભ્રુકુટિ ચઢાવી, નેત્રો લાલ કર્યાં અને મોટા પુત્રને ગાલ પર ધડાધડ ચાર તમાચા લગાવી દીધા અને કહ્યું કે, 'અરે દુષ્ટ! નરાધમ! તું આ રાજા અજયપાલથી ય નપાવટ નીવડયો! તેના જેવો ય ન નીવડયો! આ રાજાએ તો પોતાના પૂર્વજના મૃત્યુ બાદ મંદિરો તોડયા. જ્યારે તેં તો મારા જીવતાં જ મંદિર તોડયું. મારા મૃત્યુની પણ રાહ ન જોઈ?'

રાજાએ આ શબ્દો સાંભળ્યા. સાંભળતાં જ તે શબ્દો તેના હૈયામાં કારી ઘા કરી ગયા. તેના નેત્રોમાંથી અશ્રુ ટપકવા લાગ્યા અને તે બોલ્યા કે, 'સીલણ? આ તું શું બોલે છે?'

સીલણે કહ્યું કે; 'દેવ? વિચાર કરો કે મારી આ વાત સાચી છે કે ખોટી? ગૃહસ્થ મંદિર કરાવે છે, ત્યારે વિચાર કરે છે કે, મારી પાછળ કોઇ હશે ત્યાં સુધી તો આની રક્ષા થયા જ કરશે અને તેથી તે નિશ્ચિંત બને છે. જ્યારે આપે તો એ વાત પણ બનવા દીધી નથી. ખેર? જે મંદિરો તોડયાં તે તોડયાં, બાકીનાને હવે રહેવા દો.

તારંગાનું જિનાલય ચૌલુકયકુલની કીર્તિ-ગાથાને ગાતું જે એક બાકી રહ્યું છે, તે આપના કહેવાથી પૃથ્વી પર અવશિષ્ટ રહો અને ત્યાં જનારા સુભટોને આપ રોકી દો.'

રાજાએ તે મંજૂર કર્યું.

અને એ, અનેક ભવ્યાત્માઓના બોધિ-બીજને નિર્મળ કરતો મહારાજ કુમારપાલની યશોગાથાને આજે આઠસો આઠસો વર્ષ થવા

( અનુસંધાન માટે જુઓ પાન ૯૨૮)

# પૂર્વ દેશના તીર્થોની યાત્રાયે

(લેખાંક–૫ મો)

**શ્રી રીખવચંદ હાથીભાઇ અમલનેર** (મહારાષ્ટ્ર)

મહારાષ્ટ્રના ધર્મપ્રેમી સેવાભાવી અગ્રગણ્ય કાર્યકર શ્રી રીખવચંદભાઈ, પરિચિત સાધર્મિકભાઈની સાથે પૂર્વ દેશના તીર્થોની યાત્રાયે નીકળ્યાં છે, તે યાત્રા-પ્રવાસનાં સુખદ સંસ્મરણો તેઓ અહિં આલેખે છે. લેખાંક ૪થો સપ્ટે. ૬૪: વર્ષ ૨૧ : અંક-૭માં પ્રસિદ્ધ થયેલ છે, તેના અનુસંધાનમાં આ લેખમાળ આગળ વધે છે. કલકત્તા તથા બનારસ તીર્થની હકીકત તેઓ અહિં આલેખી રહ્યા છે.

**કલકત્તા** : ડબામાં ઊંઘ્યા. રાત્રે અજીમગંજથી ડબો છુટયો. સવારે ૬ વાગે કલકત્તા સંવત ૨૦૧૯ ના કારતક સુદ ૧૧ હુગલી નદીના કિનારે હાવરા સ્ટેશને પહોંચ્યા. પાલનપુર પરગણાના રહેનાર ધર્મસેવાભાવી શા. માનચંદભાઈના સુપુત્ર સ્ટેશન પર આવ્યા. તરત વાહન કરીને ૯૬. કેનીંગ સ્ટ્રીટ–જૈન મંદિર, ધર્મશાળા છે ત્યાં આવ્યા. તરત જગા સુંદર મલી ગઇ. બંગાળનું પાટનગર. મુંબઈ કરતાં ડબલ ૮૦ લાખ વસતિ. મોટું સ્ટેશન, હાવરાનો જગવિખ્યાત ઝુલતો બ્રીજ, લાખો માણસોની અવર જવર, ઉપર ટ્રામ, બસો ચાલે, ૨૫૦૦૦ વાહન ફરતું હશે; અબજોના ખરચે મુશીબતે તૈયાર થાય તે દેખતાં જ બ્રીટીશરોની કારકીર્દીથી હેરત પામી ગયા ને પુલ ઉતર્યા કે તરત મંદિર ધર્મશાળા આવે છે. રીક્ષા ટમટમ (ટાંગા) ટેકસી, વાહન ભરપુર મળે છે, ગરીબ લોક પૈસા કંઇ વધારે લેતા નથી. પુલના નીચે સ્ટીમરો ફરે છે, દરીયા જેવો દેખાવ દેખાય છે. કેનીંગ સ્ટ્રીટ જૈન મંદિર ૫ લાખના ખરચે બંધાયેલ છે. પૂજ્ય સિધ્ધાન્ત મહોદધિ આ૦દેવ શ્રીમદ્‌વિજય પ્રેમસૂરીશ્વરજી. મ.ના પટ્ટધર પૂજ્ય આ૦દેવ શ્રીમદ્‌વિજય રામચંદ્રસૂરીશ્વરજી મ.ના વરદ હસ્તે પ્રતિષ્ઠા થઇ. ૬) લાખ રૂ. ઉપજ થઈ હતી. મૂળનાયક શ્રી. મહાવીરસ્વામીજી ભગવંત આદિના સુંદર બિંબો છે.

પાલનપુર જીલ્લાનાં અહીં ૧૨૫ ઘરો છે; મોટા લાખોપતિ વેપારી અગ્રસ્થાન ભોગવે છે, અમારા મુરબ્બી કેશવલાલ મગનલાલ નાશીકવાલાની બેનો દીકરીઓ સાળા-સાળીઓ ઈ. ઘણું સગું છે. તેથી તથા ધર્મસ્નેહથી અમને, પાલનપુર ટ્રેનના સાથે નાસ્તા–જમવાનું આમંત્રણ હતું. કેશવલાલભાઈના બહુ જ સંકળાયેલ સગા, શ્રીયુત બેચરદાસ હરીચંદ ઝવેરી–મુંબાઈવાળાના ભાગીદાર શાન્તિલાલ શેઠ ઝવેરીના પ્રમુખત્વમાં આ પાલનપુરનો ટ્રેન સંઘ હતો. અરસપરસ મળે ત્યારે આનંદ આવતો. અમારા મહારાષ્ટ્રના સર્વોદય તીર્થ (ટાકેદ)ના ટ્રસ્ટના મુખ્ય કાર્યકર હીરાલાલ લલ્લુભાઈ ઘોટીવાળા મળે ત્યારે હસાવે કે, 'બીસ્તરા ૨ કલાકમાં જડે છે, પણ શાન્તીભાઈના રાજ્યમાં જમવા ઈ.ની બીજી મજા છે' સ્વભાવ મીઠો સ્નેહાળ.

પાલનપુરની ટ્રેનનો આદર સત્કાર બહુ ઉંચા પ્રકારે કર્યો. ટ્રેન કલકત્તા સ્ટેશને આવે ને જાય, ત્યાં સુધીમાં કહે કે ૧૦–૧૨ હજાર રૂ.નો બધો ખરચ કલકત્તા બનાસકાંઠા) વાળાનો. દેશના–ગામના મળે ત્યારે પ્રેમ થાય આ ઉદાહરણ, ત્યારે આપણે બધા મોક્ષનગરના સંઘમાં જનારા સાધર્મિકો, અરસ–પરસ મળીએ ત્યારે કેટલો પ્રેમ ભક્તિ દેખાડવી જોઇએ ?

પુન્યવાનના બેન પણ પુન્યવાન દેવી, ગુલાબબેન પેથાણીજી ઈ. ભક્તિ બહુ જ કરતા. માનચંદભાઈને ત્યાં ખુબ જ ભક્તિ,

જિનમંદિરો નીચે મુજબ છે.

(૧) તુલાપટ્ટીમાં શ્રી શાંતિનાથજીનું મોટું મંદિર ઉપાશ્રય જ્યાંથી કા. સુદ ૧૫ના વરઘોડાની શરૂઆત થાય છે તે.

(૨) ૯૬. કેનીંગ સ્ટ્રીટ શ્રી મહાવીર સ્વામી મંદિર, ઉપાશ્રય, ધર્મશાળા આયંબીલ ખાતું પેઢી ઈ.

(૩) શ્રી આદિનાથનું જિનાલય ઈન્ડીઆ મીરર સ્ટ્રીટ નહારજીનું મંદિર મોટું છે, સ્ફટીકના, ૩ મોટાબિંબ–જ્ઞાન ભંડાર, ઉકાળેલુ પાણી મળે છે

(૪) અપર સરકયુલર રોડ, રીક્ષાવાળા ૧ રૂા. માં લઈ જાય છે હાથીબગાન પાર્શ્વનાથ જૈન મંદિર કહેવાય છે. જ્યાં રાયબદ્રીદાસજી બાબુનું કાચની ઉત્તમ કારીગરીવાળું બગીચા, બાવલાં–હોજ, ફુવારાવાળું શ્રી શીતળનાથજીનું મંદિર છે, હજારો યાત્રિકો દર્શન કરી આત્મા નિર્મળ કરે છે. અન્ય દર્શનીઓ યૂરોપીયનો આવીને દર્શન અનુમોદન કરે. અમે પૂજા કરી. પૂન્યવાન શેઠાણીજી સા. એવી સુંદર પૂજા કરે ને ા। કલાક આરતી ઉતારી, દેખનાર દીંગ થઈ જાય, રાણી સા.ના કહેવાથી અમને પૂજારીએ નિલમ મણી માણેક પન્ના રત્ન પ્રતિમાજીના વિ. દર્શન કરાવ્યા. (Beauty of Bengal) (બ્યુટી ઓફ બેન્ગાલ) કહેવાય છે. ગભારામાં પબાસનને હીરા માણેક મોતી પન્ના જડેલા છે, અખંડ દીપકની જ્યોતને કાળીમેશ ન પડતાં, કેશરવર્ણી પડે છે ઝુમર બહુ વિશાળ છે. સુદ ૧૫ ના ગરદીમાં પૂજા ન થાય માટે અમે સુદ ૧૨ પૂજા કરી આવ્યા હત.

(૫) શ્રી સુખલાલજી ઝોહરીનું મંદિર શ્રીમહાવીર સ્વામીજીનું બાબુજીના દેરા સામે (કા. સુ. ૧૫નો જગવિખ્યાત વરઘોડો અહીં ઉતરે છે) ભાતું મળે છે. જમણુ થાય છે.

(૬) શ્રી ચંદ્રપ્રભુજીનું મંદિર, સ્ફટીક–નીલમ તારામંડળ વ.ની પ્રતિમાઓ છે,

(૭) શ્રી મહાવીર સ્વામીનું શેઠ ગણેશમલ કપુરચંદ ઝોહરીનું સં. ૧૯૫૨ મા પ્રતિષ્ઠા થયાનો લેખ છે,

(૮) ભવાનીપુર એલગીનરોડ ૧૧ એ દેશામરોડ શ્રી પાર્શ્વનાથજી ભગવાનનું દેરાસર મોટું બનવાનું છે. ધાર્મિક આગેવાન પ્રખ્યાત વેપારી શેઠ મણિલાલ વનમાળીદાસ (ટ્રસ્ટી 'કલ્યાણ')નો બંગલો અહીં છે.

(૯) ધરમતલ્લા નં. ૫.માં મંદિર છે, બીજા ગૃહ મંદિરો છે.

સ્ટેશન–હાવરા, બહુ મોટું. ટીકીટોની અંદાજ ૫૦ બારી હશે. મોટરો પ્લેટફોર્મ પર આવી શકે છે. સ્ટેશન, સીઆલદા–શહેર વચ્ચે છે. રાત–દિવસ સેંકડો ટ્રેન છુટે છે. મુંબાઈના ૫૦ સ્ટેશનનું કામ આ એકજ સ્ટેશન કરે છે, રોજની અંદાજ ૨૫ લાખ માણસ અવરજવર થાય છે.

શહેરમાં વચ્ચે વચ્ચે ઘણાં મોટા મેદાનો, બગીચા રંગીન લાઈટો, બહુ મોટા રોડ, કાપડની જ્યુટની, સાકરની વગેરે મીલો છે, ઢાકાની મલમલની હાથવણાટની ઉત્તમ કારીગરીના નમુના ૩૫ લાખો રૂા.ની સાડી વેચાય છે.

**સાધર્મિક ભક્તિ**—આ કારતક સુદ ૧૫ ના મેળો–વરઘોડો જોવા આવનાર યાત્રાળુઓની ભક્તિ કરવા માટે શેઠશ્રી છોટમલજી સુરાણા વિ. તરફથી ફુલચંદજી મુનીમની ધર્મશાળામાં રસોડું ચાલે છે, હજારો માણસો જમે છે, ઉત્તમ સગવડ રાખે છે. બધી ટ્રેનો ડબાઓ ઇ. બધાંને આમંત્રણ આપે છે.

શેઠશ્રી માનચંદ શેઠને ત્યાં અમારા નાશીક યાત્રિક સંઘને એક વખતનું નાસ્તાનું સુંદર જમણુ હતું. કેશુભાઇનાં બેન પણ સુંદર શ્રાવિકા ને સદાચરણી છે, તેમને ત્યાં પણ સાધર્મિક ભક્તિ થઈ.

## જોવાલાયક-મ્યુઝીયમ-વીકટોરીયા મેમોરીયલ

૧ બીરલા ઈન્ડસ્ટ્રીઝમાં ટેલીવીઝન-પાણીના જીવો કળવાળું. ઘર ઇ.

(૨) દિગંબર નસીયાંજી (બેલગછીયા) દૂર છે, બહુ મોટું છે. અંદાજ ૨૦ વિઘા જમીનનો ઘેરાવો છે, દિગંબર ભાઈઓનો કારતક સુ. ૧૫નો વરઘોડો અહીં જાય છે.

(૩) બાંગડનું વૈષ્ણવ મંદિર ગણેશ ટોકીઝ પાસે છે, દરવાજા ઉપર ને મંદિર ઉપર લગભગ સોનાના ૫૫-૧૦૦ કળશ લગાવ્યા છે, દરવાજો લાખ્ખો રૂા.નો છે, ૧૦-૧૫ લાખનું મંદિર હશે.

(૪) મીલીટરીરોડ-મારકેટ બહુ મોટી.

(૫) ધર્મશાળાઓ, ૪-૫ છે, કેનીંગ સ્ટ્રીટની ધમશા ળા, પુલચંદજી મુનિમની ધર્મશાળા, ધનસુખદાસજીની ધર્મશાળા, કચ્છી સમાજની

(૬) જગદીશચંદ્રની લેબોરેટરી.

(૭) ચીડીયાઘર, બીરલા મંદિર, ટંકશાળ, ફોર્ટવીલીયમનો કિલ્લો વી. જોવા લાયક સ્થળો બહુ જ છે.

અમારા ટુરીસ્ટરકાર, હીંમતલાલભાઇને કલકત્તામાં માનપત્ર આપવામાં આવ્યું.

કારતક સુદ ૧૪ ના અમે રવિવાર તા. ૧૧-૧૧-૬૨ના રોજ કેનીંગ સ્ટ્રીટના ઉપાશ્રયે શેઠ મણિલાલ વનમાળીદાસ તથા લીલાધરભાઈની સાથે ચૌમાસી ચૌદશની આરાધના પ્રતિક્રમણ ઈ. કર્યા. ને વરઘોડા બીજે દિવસે બપોરે હતો. યાત્રિકો લાખોના ખરચે ખાસ જિનશાસનનો પ્રભાવક વરઘોડો જોવા આવ્યા હતા. પણ ચીનની લડાઈનું બહાનું કાઢીને વરઘોડાની સેંકડો વરસની ખ્યાતીને કમી કરી નાંખી હતી. જમણુ બંધ કર્યું હતું. યાત્રિકો નારાજ થઈ ગયા હતા, બેન્ડ વાજા સુધ્ધાં નહોતા. ને દીગંબરોનો વરઘોડો બહુ જોરદાર હતો. જૈન ધર્મનું ફરતું પુસ્તકાલય હોય તેવો આ વરઘોડો છે. લાખો માણસો જુએ છે, તુલાપટીના દેરાસરથી સવારે ૧૦-૧૧ વાગે નીકળે છે, આગળ તાર-ટેલીફોન ઈલેક્ટ્રીક. ઇ. વાયર તોડવા માટે સરકારી મોટર ચાલે છે, તેની પાછળ ઈન્દ્ર ધ્વજા તેના પાછળ બેન્ડો સાંબેલાં રથ ઇ. ક્રોડોની સામગ્રીને છેવટે તાર (વાયર) જોડનાર સરકારી મોટરો ચાલે છે. જૈનોને માટે ગૌરવનો હર્ષનો વિષય છે કે પૂર્વજો કેવા ધર્મ પ્રેમી હશે કે આવા કાર્યો કરી ગયા.

કલકત્તાથી ૬૫ માઈલ દૂર વર્ધમાનપુર ગામે શૂલપાણીના ભયંકર ઉપસર્ગો, વીર ભગવાનને થએલા તે પશ્ચિમ દિશામાં છે, ખાના જંકશન સ્ટે.થી ૮ માઈલ દૂર હાલ ત્યાં વર્ધમાન ગામ છે.

કલકત્તાથી સાંજે પ્લેટફોર્મ નં. ૧૨-૫૨ અમારો ડબો આવ્યો શેઠ કેશવલાલભાઈના સગા સંબંધી બહુ વળાવવા આવ્યા હતાં, ડબો ચીકાર ભરાઈ ગયો, શ્રી મહાવીર સ્વામી ભગવાનના જયનાદ સાથે રાત્રે ૯ વાગે ગાડી ઉપડી તે વદ ૧.ના બપોરે બનારસ જંકશન ડબ્બો છુટચો.

(૧) બનારસ જંકશનથી ભેલુપુર રાા માઈલ દૂર છે ત્યાં શ્રી પાર્શ્વનાથ ભગવાનનાં ૪ કલ્યાણક થયાં છે, પેઢી છે. જોઇએ તેવી સગવડ નથી, દિગંબર મૂર્તિઓ છે. દિગંબર મંદિર જુદાં પણ છે.

(૨) આવતાં રસ્તામાં ભદૈની શ્રી સુપાર્શ્વનાથ ભગવાનનાં ૪ કલ્યાણક મંદિર ઈ. છે. ગંગાના કિનારા પર ત્યાં દર્શન કર્યા.

(૩) ત્રીજુ ચંદ્રપુરી પણ ગંગાઘાટ પર, ૧૬ માઈલ દૂર છે. શ્રી ચંદ્રપ્રભુના ચાર-૪ કલ્યાણકનું સ્થાન ત્યાં મંદિર છે, નાનું ગામ છે.

(૪) ચોથું સીંહપુરી શ્રી શ્રેયાંસનાથ ભગવાનનાં ૪ કલ્યાણક, ન્હાવાની ઉતરવાની સગવડ, મંદિર મોટું-કલ્યાણકની મૂર્તિઓ ઈ. છે. ત્યાં પૂજા ઇ. કરી આવ્યા, એમ ૧૬ કલ્યાણકો કાશીમાં થયાં.

### જોવા લાયક

(૧) યુનીવર્સીટી. આખા શહેર જેવો એરીયા હિન્દુસ્તાનના મોટા લોકો રાજા રજવાંડાઓના નામની કોલેજો, બોર્ડીંગો, પ્રયોગશાળા રોડ, ક્લબ, હોસ્ટેલ. ઇ. બાંધેલાં છે. નવીન પધ્ધતિનું મોટું શહેર જોઈ લો. બીરલા મંદિર ત્યાં છે. જૈન ધર્મના ૧૦૦મા ભાગનું નથી, પણ રાજાએ માની રાણી, ઈમારત મોટી દરેક ધર્મની તર્થોના સંગ્રહસ્થાન જેવું.

(૨) ભગવાન મહાવીરના સમયનો નકશો, વિશ્વકર્માનું મંદિર અંગ્રેજી કોઠી જ્યાં હાલ જૈન મંદિર છે, ઉપાશ્રય-ધર્મશાળા હતી તે સરકારને સ્કૂલ બાંધવા માટે ભાડે આપી છે તે કબજો છોડતા નથી, સાધુ-સાધ્વીને તથા શ્રાવકોને ઉતરવાની બહુ અડચણ પડે છે ઠઠેરી બજારમાં. અંદાજ આઠ લાખની વસતિ છે. હીરાચંદ ગોરજીનું મંદિર છે. ત્યાં જવાનો રસ્તો ઘણો ખરાબ.

દુર્ગાકુંડ-સારનાથ બૌધ્ધોનું મોટું મંદિર કાશીવિશ્વનાથ દુર્ગામંદિર-ચીનાઓનું બૌધ્ધ મંદિર રાત્રે મહીલા મારકેટમાં સ્ત્રીઓનાં બનાવટી શણગાર-રમકડાં વ. મળે છે. એવોના મારકેટ, હાથવણાટ ખરાજરના બનારસી અંબર તથા સાડીઓ વી.નો સાંજે બજાર ભરાય છે. રાત્રે સ્ટેશન પર આવ્યા ડબામાં બેઠા કે ગાડી ઉપડી, તે સીધો ડબો ફૈજાબાદ છૂટયો.

(અપૂર્ણ)

---

(અનુસંધાન પાન ૯૨૩નું ચાલુ)

છતાંય આપણને સંભળાવતો, પરમાત્મા શ્રી અજિતનાથ સ્વામીનો વિશાલકાય પ્રાસાદ એક વિધ્વંસક રાજાની વિધ્વંસ લીલાથી બચી ગયો.

આ પ્રસંગ, તીર્થ રક્ષાના પ્રસંગે સંઘના અધિનાયકો, પોતાના મોભા અને દરજ્જાને પણ ગૌણ કરીને, એક સામાન્ય વ્યક્તિને ઘેર જવામાં જરાય નાનમ નથી અનુભવતા અને તીર્થની રક્ષા કેવી રીતે કરી લે છે, તેનો ખ્યાલ આપે છે.

આજે પણ આપણી સામે કપરા પ્રસંગો આવી રહ્યા છે, તીર્થો એક નહિ તો બીજી રીતે ખતરામાં મૂકાતાં ચાલ્યા છે, આ સ્થિતિમાં આપણા પરસ્પરના વિવાદાસ્પદ પ્રશ્નોને ક્ષણાર્ધ માટે બાજુ પર મૂકી, આપણા તન, મન અને ધનને તીર્થરક્ષાના કામે લગાડી, ભગવાન મહાવીરના નિમકહલાલ પુત્રો તરીકે આપણે બહાર આવીએ અને શ્રી મેઘાણીના શબ્દોને નજીવા ફેરફાર સાથે સતત યાદ રાખીએ કે,–

'નથી જાણ્યું અમારે પંથ શી આફત ખડી છે.
ખબર છે એટલી કે તીર્થની હાકલ પડી છે.'


## ચારૂપ તીર્થની યાત્રાયે પધારો !

પાટણથી ૪ ગાઉ ઉપર મહાન પ્રભાવક તથા પ્રાચીન ચારૂપ તીર્થ આવેલું છે. પાટણથી બે વખત રેલ્વે ત્યાં જાય છે. સ્ટેશન નજીક વિશાલ ધર્મશાળા છે ભોજનશાળાની વ્યવસ્થા સુંદર છે. હવા-પાણી અનુકૂળ છે. યાત્રાનો જરૂર લાભ લો !

નિવેદક : **શ્રી બાલુભાઇ ચુનીલાલ ઝવેરી**
ટ્રસ્ટી : **ચારૂપ તીર્થ કમિટિ.**
ઝવેરીબજાર-**પાટણ** (ઉ. ગુ.)

## ભેટ મળે છે :

**શ્રી વર્ધમાનતપની ૫૦ મી ઓળી કે તેથી અધિક ઓળી કરનારને**

**શ્રી વર્ધમાનતપ મહાત્મ્ય** નામનું લગભગ ૪૦૦ પાનાનું પુસ્તક શેઠ **શ્રી જેચંદભાઇ કેવળદાસ** અમદાવાદવાળા તરફથી ભેટ મળશે. પુસ્તક મંગાવવાની સાથે કેટલામી ઓળી ચાલે છે? તે જણાવવું જરૂરી છે. સીરનામું પુરેપુરું લખશો. પુસ્તક મંગાવવાનું સ્થળ: **કલ્યાણ પ્રકાશન મંદિર**-વઢવાણ શહેર.

# જૈનદર્શનનું પદાર્થ વિજ્ઞાન

અધ્યાપક : શ્રી ખુબચંદ કેશવલાલ શાહ (વાવવાળા) શિરોહી

જૈનદર્શનના દ્રવ્યાનુયોગની મીમાંસાભરી વિચારણા કરતી-કરાવતી આ લેખમાળાનો લેખાંક પાંચમો (જે ભૂલથી તે લેખમાં ચોથો છપાયેલ છે) ગત પર્યુષણા પર્વ વિશેષાંક ઓગસ્ટ-૬૪; વર્ષ ૨૧ : અંક ૬ માં પ્રસિધ્ધ થયેલ છે, તેનાં અનુસંધાનમાં આ છઠ્ઠો લેખાંક અહિં પ્રસિધ્ધ થાય છે. જૈનદર્શનના પદાર્થ વિજ્ઞાન વિષે સચોટ તથા સરલ શૈલીયે આ લેખમાં ઘણી ઉપયોગી હકીકતો આલેખાયેલી છે, જે વાંચવા-વિચારવા સર્વ કોઈને વિનંતિ છે.

દ્રવ્યાનુયોગ એટલે વૈજ્ઞાનિક ભાષામાં તેને પદાર્થવિજ્ઞાન કહેવાય. આ દ્રવ્યાનુયોગના વિષયમાં ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, પુદ્‌ગલાસ્તિકાય, જીવાસ્તિકાય અને કાળ એમ મૂળ પદાર્થ છ કહ્યા છે. આ છ દ્રવ્યો તે કોઇ અન્ય દ્રવ્યના મિશ્રણથી બનેલ નથી. પરંતુ તેનું અસ્તિત્વ તો અનાદિ અને શાશ્વત છે. જેમ સોનાનો એક દાગીનો ભાંગી તેજ સોનામાંથી અન્ય દાગીનો બનાવતાં દાગીનાનો આકાર યા નામસંજ્ઞા બદલાય છે, તેથી કંઇ સોનાનું અસતત્વ તો નાશ પામતું જ નથી. અર્થાત્ દાગીનાના થતા પલ્ટામાં સોનું મટીને પીત્તળ યા અન્ય ધાતુ બની જતી નથી. તેવી રીતે કોઈ પણ દ્રવ્યના પર્યાયોનું વૈસ્રસિકપણે યા પ્રાયોગિકપણે ઉત્પાદન અગર વિનાશ થવા માત્રથી તે મૂળદ્રવ્ય, અન્ય મૂળદ્રવ્યપણાને પ્રાપ્ત નહિં કરતાં તે તે મૂળદ્રવ્યપણે જ શાશ્વત રહે છે.

દરેક દ્રવ્ય અનંતા પર્યાયોને પામવાની યોગ્યતાવાળું છે પરંતુ સાથે સાથે એટલું સમજી લેવું જરૂરી છે કે એક વિવક્ષિત મૂળદ્રવ્યમાં જે પર્યાયો પામવાની યોગ્યતા હોઇ શકે છે, તે જ પર્યાયોને પામવાની યોગ્યતા અન્ય પાંચ દ્રવ્યમાં પણ હોઈ શકે તેવું નથી. જેમ દરેક સ્વતંત્ર છે, તેમ દરેક દ્રવ્યના પોતપોતાના ગુણ અને પર્યાયો પણ સ્વતંત્ર છે. જે ગુણ કે જે પર્યાય જે જાતિના મૂળદ્રવ્યમાં હોઈ શકતો હોય, તે ગુણ કે તે પર્યાય તે જાતિના જ મૂળદ્રવ્યમાં હોઇ શકે. અન્ય જાતિના મૂળદ્રવ્યમાં હોઇ શકે નહિં. જેમકે જીવના જે ગુણ અને પર્યાયો છે, તે જીવદ્રવ્યમાં જ હોઇ શકે. અને પુદ્‌ગલના જે ગુણ અને પર્યાયો છે તે, પુદ્‌ગલદ્રવ્યમાં જ હોઇ શકે.

પદાર્થવિજ્ઞાન તે જગતમાં બે પ્રકારનું વર્તે છે. (૧) સર્વજ્ઞ-આવિષ્કારિત અને (૨) છદ્મસ્થ આવિષ્કારિત.

પદાર્થવિજ્ઞાન જાણવામાં જેઓ બિલકુલ ઇન્દ્રિયાધીન નહિં હોતાં, ઇન્દ્રિયોની અપેક્ષા વિના સર્વ રૂપી અરૂપી પદાર્થવિષયને સંપૂર્ણપણે અને ત્રિકાલ અબાધિત રીતે આત્મસાક્ષાત્ જાણી રહ્યા છે, તેઓ શ્રી વીતરાગ સર્વજ્ઞ કહેવાય છે. પદાર્થ વિષયને જાણવામાં ઇન્દ્રિયાધીન હોવાથી જેઓની જ્ઞાનશક્તિનો વિકાસ રૂપી પદાર્થ પૂરતો જ સીમિત છે, તેવાઓ છદ્મસ્થ કહેવાય છે.

છદ્મસ્થ મનુષ્યની આવિષ્કારશક્તિ તે ઇન્દ્રિયગ્રાહ્ય પદાર્થવિજ્ઞાન સુધીની જ છે. જે પદાર્થ આંખથી દેખી શકાય, યા કાનથી સાંભળી શકાય, યા જિહ્વાથી આસ્વાદી શકાય, યા નાસિકાથી સૂંઘી શકાય, યા શરીરથી સ્પર્શી શકાય તેવા પદાર્થવિજ્ઞાનને જ છદ્મસ્થ જીવો પ્રયોગ દ્વારા આવિષ્કારી શકે છે. ઇન્દ્રિયગ્રાહ્ય પદાર્થો તે રૂપ, રસ, ગંધ અને સ્પર્શયુક્ત જ હોય. એવા પદાર્થોને જ રૂપીપદાર્થ કહેવાય. દરેક રૂપીપદાર્થો માત્ર રૂપયુક્ત જ, યા ગંધયુક્ત જ, યા રસયુક્ત જ, યા સ્પર્શયુક્ત જ નહિં હોતાં રૂપાદિ ચારેય યુક્ત હોય. આવા રૂપીપદાર્થોના પણ સંપૂર્ણ અને અબાધિતપણે આવિષ્કારક તો વીતરાગ સર્વજ્ઞો જ હોઈ

શકે. છદ્મસ્થ મનુષ્યોની તો રૂપીપદાર્થ અંગેની પણ આવિષ્કારક શક્તિ અપૂર્ણ હોય છે. માટે રૂપીપદાર્થની સ્વરૂપવિચારણા પણ સર્વકથિત આગમ અનુસારેજ અહિં કરવાની છે.

દરેક રૂપીપદાર્થમાં, વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ ચારે હોવા છતાં દરેક વસ્તુઓમાં વર્ણાદિ ચારેનું અસ્તિત્વ સરખા અંશયુક્ત જ હોય, કે દરેક રૂપી-પદાર્થો અન્યોન્ય એક જેવા જ વર્ણાદિવાળા અગર સમાન અંશયુક્ત વર્ણાદિવાળી હોય એવું નિયત નથી. જૈનદર્શન તો કહે છે કે જગતમાં વર્ત્તતા અનેકાનેક રૂપીપદાર્થના અણુઓમાં અને સ્કંધોમાં વર્ણાદિ ચારેયનુ અસ્તિત્વ ષટ્ગુણ હાનિવૃદ્ધિ રૂપે હોય છે.

કેટલાક પદાર્થો એવા પણ હોય છે કે તેના વર્ણાદિ ચારેમાંથી કોઈ એક યા બે યા ત્રણ અને કોઈકના તો ચારે પણ ઇન્દ્રિયગમ્ય બની શકતા નથી. વર્ણાદિ ચારે હોવા છતાં પણ ઇન્દ્રિયગમ્ય નહિં બની શકવાનું કારણ તે તે વિષયાંશોની ન્યૂનતા છે.

વર્ણાદિને જાણી શકવાનું સાધન ઇન્દ્રિયો છે. માટે ઇન્દ્રિયો જાણી શકે તેટલા જથ્થા પ્રમાણ જ વર્ણાદિ વિષયાંશો હોય તો જ તે વિષયને જાણી શકાય છે. વર્ણાદિ વિષયાંશોને જાણવામાં ઇન્દ્રિયોની તાકાત દરેક પ્રાણિઓને એકસરખી હોઈ શકતી નથી. કેટલાક પ્રાણિઓની અમુક ઇન્દ્રિયો વધુ સતેજ હોવાથી શબ્દાદિ વિષયાંશો ન્યૂન પ્રમાણ-વાળા હોવા છતાં પણ તે વિષયોને તે પ્રાણિઓ જાણી શકે છે. એટલે કોઈ પ્રાણિને અમુક ઇન્દ્રિય સતેજ હોય છે, તો કોઇ પ્રાણિને અન્ય ઇન્દ્રિય સતેજ હોય છે. જેને જે ઇંદ્રિય સતેજ હોય તે પ્રાણિ તે ઇન્દ્રિમના વિષયને સહેલાઈથી અને ઝટ સમજી શકે. ઇન્દ્રિયોની તાકાત ન્યૂન હોવાથી ન્યૂન અંશપ્રમાણ શબ્દાદિ વિષયોને કોઈ ન જાણી શકે તેટલામાત્રથી તે પદાર્થમાં તે તે વિષયો નથી એમ કહી શકાય જ નહિં.

કેટલાંક જાનવરો ગંધથી જે વસ્તુને ઓળખી શકે છે, તે વસ્તુમાં રહેલ ગંધને આપણે સમજી પણ શકતા નથી. તેમ થતાં તે વસ્તુમાં ગંધ નથી એમ આપણાથી કહી શકાશે નહિ. જો ગંધ નથી તો તે વસ્તુને તે જાનવરે નાસિકાથી કેવી રીતે જાણી? માટે તેમાં ગંધ તો છે પણ તે ગંધના અંશો એટલા બધા ઓછા પ્રમાણમાં છે કે તેને જાણી શકવાની તાકાત આપણી નાસિકામાં નથી.

હરણો એક વિશેષ પ્રકારના ગંધની સહાયતાથી એક બીજાની નિકટ રહે છે. હરણ જ્યારે ઘાસ ખાય છે ત્યારે પોતાનાં નસકોરામાંથી ગંધ છોડે છે. તે ગંધને સૂંઘીને ભટકતા હરણો રસ્તાનો પત્તો લગાડે છે, અને પોતાના સમૂહ ભેગા થઇ શકે છે. કુતરાં એક બીજાને ગંધથી ઓળખી લે છે. તે સૂંઘ્યા બાદ જ એક બીજાથી પ્રેમ કરે છે. તે સૂંઘવા દ્વારા જાણી લે છે કે તે આપસમાં પોતાના વંશના છે કે બીજાના વંશના છે. વળી સાંભળવાની ઇન્દ્રિય પણ કુતરાને બહુ તેજ હોય છે. એક કુતરૂં તે મનુષ્યની અપેક્ષા દશગણું અધિક દૂરથી સાંભળી શકે છે. કેટલેક ઠેકાણે ચોરોના સગડ, હોંશિયાર પગીદ્વારા પણ નહિં મેળવી શકાતાં ગુન્હાહિત જગ્યા પર કુતરાને લઇ જવાય છે. તે જગ્યાને તે કુતરૂં પોતાની નાસિકા વડે સૂંઘી લે છે. અને ગંધને સૂંઘતો સૂંઘતો તે કૂતરો, ગુન્હેગાર જ્યાં હોય છે ત્યાં સુધી પહોંચી ગંધ વડે તે ગુન્હેગારને ઓળખી લઈ આપણને બતાવી દે છે. આ રીતે હમણાં જ જાન્યુઆરી સન ૧૯૬૪માં 'ડોર્મન પ્રિન્સર જાતની જર્મન વંશની કુતરી બ્લેકીએ રતલામ–ગોધરા વિભાગ રેલ્વે લાઈનના પાટાની ફિશપ્લેટો કાઢનારને સફળતા-પૂર્વક શોધી કાઢયો છે.' આ કુતરી મુંબઇ રેલ્વે પોલીસખાતા પાસે છે. આ સમાચાર અમદાવાદથી નીકળતા દૈનિક પત્ર સંદેશમાં પ્રગટ થયા હતા.

આ ઉપરથી સ્પષ્ટ સમજાય છે કે કેટલાક પદાર્થોમાં રહેલ વર્ણાદિને આપણે જાણી શકતા નહિ હોવા છતાં અન્ય પ્રાણીઓ કે જેને જે ઇંદ્રિય જે વિષયગ્રાહ્યમાં વધુ સતેજ હોય છે, તેને તે વિષય જલ્દી ઇંદ્રિયગ્રાહ્ય બને છે.

વાયુ આપણા શરીરને સ્પર્શે છે, ત્યારે તેના શીત યા ઉષ્ણ સ્પર્શનો આપણને ખ્યાલ આવે છે. પણ તેના રૂપનો આપણને ખ્યાલ આવી શકતો નથી. વાયુનું રૂપ એટલું બધું સૂક્ષ્મ છે કે આપણી ચક્ષુમાં તેને જોવાનું સામર્થ્ય નથી. તો પણ વાયુમાં રૂપ નથી જ એમ તો કહી શકાય જ નહિ.

સાયન્ટીફીક પદ્ધતિથી હાઇડ્રોજન અને ઓકસીજન વાયુનું મિશ્રણ થવાથી તે વાયુને પાણી સ્વરૂપે આપણે સ્પષ્ટ જોઈએ છીએ આ બન્ને વાયુના મિશ્રણપણાથી જ પાણી બન્યું હોવાથી તે પાણીમાં અણુઓ તો વાયુના જ છે. તે અણુઓ બન્ને વાયુરૂપે ભિન્ન ભિન્ન હોય છે તે ટાઇમે તે અણુઓનું રૂપ, સૂક્ષ્મ હોવાથી આપણે જોઈ શકતા નથી. ભિન્ન ભિન્ન વાયુમાં રહેલ અણુઓનું મિશ્રણ થવાથી તે અણુઓ સૂક્ષ્મપણાથી પલ્ટો પામી સ્થૂલપણાને પામ્યા. અને આપણી ચક્ષુઇંદ્રિય ગ્રાહ્ય બન્યા.

વિશ્વમાં એવા પણ પુદ્ગલ પદાર્થની વિદ્યમાનતા છે કે જેના રૂપ, રસ, ગંધ અને સ્પર્શ એ ચારે પૈકી એકનો પણ ખ્યાલ ઇન્દ્રિયો દ્વારા કોઈપણ પ્રાણિને પામી શકાતો નથી. તેનું કારણ એ છે કે તે પદાર્થમાં રહેલા રૂપાદિ ચારે વિષયાંશોનું પ્રમાણ એટલું બધું અલ્પ છે કે ગમે તેવી સતેજ ઇંદ્રિયો દ્વારા પણ તેનો ખ્યાલ આવી શકતો નથી. તેમ છતાં તેવા પદાર્થોની થતી સામુહિક ક્રિયાઓ દ્વારા તે પદાર્થો દૃષ્ટિગોચર સ્વરૂપને પામી શકતા હોવાથી તેના દૃષ્ટિઅગોચર સ્વરૂપનું અસ્તિત્વ પણ સિદ્ધ થાય છે. આકાશમાં ફેલાતાં વાદળાંને એકઠાં થતાં અને બિલકુલ વિખરાઇ જતાં પણ આપણે જોઇએ છીએ. આકાશમાં જે અણુઓ વાદળ સ્વરૂપે જોવાયાં તે કયાંથી આવ્યાં? શું! તે અણુઓની ઉત્પત્તિ નવી થઇ? બિલકુલ અદ્રશ્ય થયાં ત્યારે કયાં ગયાં? શું! તે અણુઓનો નાશ થયો?

પ્રાણિઓના જન્મ થયા બાદ શરીરના પ્રમાણ અને વજનમાં વધારો થતો જાય છે. તો વૃદ્ધિ પામતાં તે અણુઓ શરીરમાં કયાંથી આવ્યાં? શું! તે અણુઓની ઉત્પત્તિ નવી થઇ? અહિં ઉત્પત્તિ કે વિનાશ નથી. કારણ કે ભારતીય મહર્ષિઓનું કથન છે કે:-

**नासतो विद्यते भावो, ना भावो विद्यते सतः ।**
**उभयोरपि दृष्टोऽन्तस्त्व-नयोस्तत्त्वदर्शिभिः ॥**

સત્ અને અસત્ તત્ત્વ અંગે જ્ઞાની પુરૂષો દ્વારા જોવાયું છે કે અસત્ વસ્તુનું અસ્તિત્ત્વ નથી અને સત્નો અભાવ નથી.

માટે માનવું પડશે કે વાદળાં અને શરીરમાં દેખાતા અણુઓની ઉત્પત્તિ કે નાશ નથી. તે અણુઓ તો શાશ્વતપણે વિશ્વમાં સદા વિદ્યમાન જ છે. વાદળ અને શરીર તે તો સામુહિક ક્રિયાસ્વરૂપે પુદ્ગલ અણુઓનું અસ્તિત્વ છે. સામુહિક ક્રિયા દ્વારા તે અણુઓના સંઘટ્ટન પહેલાં અને વિઘટ્ટન પછી તે અણુ સમુહો સૂક્ષ્મસ્વરૂપે વર્તતા હોવાથી કોઈપણ પ્રાણિને દ્રષ્ટિગોચર થઇ શકતા નથી. છતાં તેનું અસ્તિત્ત્વ તો છે જ.

આ રીતે કોઈ પદાર્થના વર્ણાદિ ચારે વિષયોમાંથી કોઇપણ વિષય આપણને ઇંદ્રિયગમ્ય ન થાય તેથી કરીને તે તે વિષય તે પદાર્થમાં નથી એમ આપણાથી કહી શકાય નહિ. વળી વર્ણાદિ ચારેય વિષયમાંથી એકેય વિષય આપણને ઇંદ્રિયગોચર ન થાય તેથી કરીને વર્ણાદિયુક્ત તે પદાર્થનું જગતમાં અસ્તિત્વ જ નથી એમ પણ ન કહી શકાય. માટે ઇંદ્રિયગમ્ય ન થઇ શકે એવા પણ રૂપી પદાર્થોનું અસ્તિત્વ આ જગતમાં હોઇ શકે છે.

જૈનદર્શન પ્રરૂપિત મૌલિક છ દ્રવ્યોમાં પાંચ દ્રવ્ય અરૂપી છે. અને પુદ્ગલદ્રવ્ય જ એક રૂપી છે. પુદ્ગલ શબ્દનો વ્યવહાર માત્ર જૈનદર્શનમાં જ પ્રચલિત છે. અન્ય કોઈ દર્શનમાં કદાચ તે શબ્દ પ્રચલિત હશે તો કોઇ અન્ય અર્થરૂપે હશે. પણ જે અર્થરૂપે જૈનદર્શનમાં પ્રચલિત છે, તે અર્થરૂપે અન્ય દર્શનમાં તો નથી જ. પુદ્ગલ શબ્દ જૈન પારિભાષિક હોવા છતાં વ્યુત્પત્તિક છે. 'पूरणात् पुत् गलयतीति गल' અર્થાત્ પૂર્ણ સ્વભાવથી પૂત્ અને ગલન સ્વભાવથી ગલ, એ બે અવયવોના મેળથી પુદ્ગલ શબ્દ બન્યો છે. પૂરણ અને ગલનનું હોવાપણું પુદ્ગલમાં કેવી રીતે ઘટી શકે તે હકિકત આગળ વિચારાઈ ગઈ છે.

આધુનિક વિજ્ઞાન જેને મેટર (MATTER) કહે છે, તે મેટર શબ્દનો પર્યાયવાચી શબ્દ પુદ્ગલ કહી શકાય. આજનું અણુ વિજ્ઞાન તે જૈન પારિભાષિક શબ્દથી કહીયે તો 'પુદ્ગલ–વિજ્ઞાન'જ છે. આધુનિક વિજ્ઞાન જેને મૌલિક તત્ત્વો કે મિશ્રિત તત્ત્વો કહે છે, તે બધા પદાર્થ જૈનદર્શનની દૃષ્ટિએ એક માત્ર પુદ્ગલદ્રવ્યના જ પર્યાય સ્વરૂપે છે. તે બધામાં મૂળ દ્રવ્યરૂપે તો પુદ્ગલદ્રવ્ય જ છે.

જ્ઞાની પુરૂષોએ દરેક રૂપી પદાર્થ (પુદ્ગલ)ને વર્ણ, ગંધ, રસ, અને સ્પર્શ એ ચારે યુક્ત કહ્યા છે તે બરાબર છે. છદ્મસ્થ મનુષ્યો દ્વારા થતા પદાર્થ વિજ્ઞાનના આવિષ્કારો માત્ર પુદ્ગલ દ્રવ્યના જ હોઈ શકે. તેમાં પણ ગમે તેવી સતેજ ઇંદ્રિયોવાળા પ્રાણિને પણ બિલકુલ ઇંદ્રિયગ્રાહ્ય ન થઈ શકે તેવા અતિ ન્યૂન વર્ણાદિયુક્ત અવસ્થા સ્વરૂપે વર્ત્તતા પુદ્ગલદ્રવ્યને આવિષ્કારિત કરવાની શક્તિ છદ્મસ્થ મનુષ્યોમાં હોઈ શકતી નથી. અને તેથી જ દૃશ્ય જગતનું ઉપાદાન કારણ, સર્વજ્ઞદર્શન સિવાય અન્ય કોઈ દર્શનમાં કે છાદ્મસ્થિક વિજ્ઞાનમાં ઉપલબ્ધ થઇ શકતું નથી. તો પછી અરૂપી પદાર્થોના વાસ્તવિક અને સંપૂર્ણ સ્વરૂપના ખ્યાલને તો સર્વજ્ઞદર્શન સિવાય કયાંથી પ્રાપ્ત કરી શકાય? અહિં આ કથન સર્વજ્ઞદર્શન પ્રત્યેના દૃષ્ટિરાગથી નથી. પણ સત્યની ગવેષણા પૂર્વકનું અને બુદ્ધિગમ્ય છે. જૈનદર્શનના દ્રવ્યાનુયોગની આ લેખમાળાને પૂર્વગ્રહના ત્યાગ પૂર્વક સાદ્યંત વાંચનારને તે અવશ્ય સમજાશે.

દૃશ્ય જગતનું ઉપાદાન કારણ પરમાણુ હોવા છતાં પણ ફક્ત એક જ પરમાણુ ઉપાદન કારણ બની શકતો નથી. કેટલી સંખ્યાપ્રમાણ અણુ સમુહ સ્વરૂપે બની રહેલ પુદ્ગલ પદાર્થ, દૃશ્ય જગતનું પ્રારંભિક ઉપાદાન કારણ હોઇ શકે તેની વિસ્તૃત સમજ સર્વજ્ઞદર્શનમાં કહ્યા મુજબ આ લેખમાળામાં આગળ વિચારાશે, પરંતુ છદ્મસ્થ પ્રાણિઓને ઇંદ્રિયગમ્ય બની શકતી પુદ્ગલ અવસ્થાનું સ્વરૂપ વિચાર્યા પછી, દૃશ્ય જગતના પ્રારંભિક ઉપાદાન કારણરૂપ પુદ્ગલ–અવસ્થાને વિચારાશે.

ગમે તેવી સતેજ ઇંદ્રિયો પણ જેના વર્ણાદિ ચારેને બિલકુલ ગ્રાહ્ય ન કરી શકે તેવા રૂપીપદાર્થ સ્વરૂપ અંગે પ્રથમ જે કહેવામાં આવ્યું છે, તેવા સ્વરૂપે વર્ત્તતા પુદ્ગલોમાંથીજ કેટલાંક પુદ્ગલો, દૃશ્ય જગતનું પ્રારંભિક ઉપાદાન કારણ બની શકે છે.

જગતમાં પુદ્ગલદ્રવ્ય બે રીતે રહેલું છે. અણુસ્વરૂપે અને સ્કંધસ્વરૂપે. અણુ એટલે અવિભાજ્ય અંશ, અને સ્કંધ એટલે પરસ્પર જોડાયેલ–એકમેક બની રહેલ અણું સમુહ. પરસ્પર સ્પર્શેલ માત્ર હોય તો સ્કંધ ન કહેવાય.

સ્વતંત્રરૂપે (અન્ય અણું સાથે સંયોજિત થયા વિના) અવિભાજ્ય અંશસ્વરૂપ અણું અનંતસંખ્યા પ્રમાણ આ જગતમાં સદા વિદ્યમાન હોય છે. વળી અણું સમુહસ્વરૂપ સ્કંધો પણ કોઇ દ્વિપ્રદેશ યુક્ત, કોઇ ત્રિપ્રદેશયુક્ત, યાવત્ અનંત પ્રદેશયુક્ત, એમ વિવિધ પ્રકારે અને તે દરેક પ્રકાર પણ અનંત સંખ્યા પ્રમાણ આ જગતમાં સદા વિદ્યમાન હોય છે. અણું સ્વરૂપે રહેલ સર્વ પુદ્ગલના રૂપ–રસ–ગંધ અને સ્પર્શ તો ગમે તેવી સતેજ ઇંદ્રિયને પણ ગ્રાહ્ય થઇ શકતા નથા. અને સ્કંધ સ્વરૂપે રહેલ પુદ્ગલોમાં કેટલાક સ્કંધોના રૂપાદિ ચારે ઇંદ્રિયને અગ્રહ્ય છે, કેટલાકના તે ચારે ગ્રાહ્ય છે, અને કેટલાકના તો ચારે ગ્રાહ્ય નહિ બની શકતાં એકાદિ ન્યૂન ગ્રાહ્ય બની શકે છે.

જગતમાં નાના મોટા જે પદાર્થ નેત્રદૃશ્ય છે, તે જૈનદર્શનની દૃષ્ટિએ તો સ્કંધ જ છે.

સ્કંધની બાબતમાં એક વાત ખાસ યાદ રાખવી જરૂરી છે કે જેમ એક કરતાં વધુ એવી કોઇ પ્રકારની સંખ્યા પ્રમાણ પરમાણુંના એકીભાવને સ્કંધ કહેવાય છે, તેમ વિવિધ સ્કંધોના પણ એકી ભાવને તથા સ્કંધોમાંથી એક કરતાં અધિક એવી ગમે તે સંખ્યા પ્રમાણ એકીભાવ પરમાણુંવાળા જેટલા ટુકડા ત્રુટી જઇ અલગ પડે છે તે સર્વને પણ સ્કંધ કહેવાય છે. આધુનિક વિજ્ઞાન જેને અણું, પરમાણું, પ્રોટોન, ન્યૂટ્રોન અને ઇલેક્ટ્રોન કહે છે તે સર્વ જૈનદર્શનની માન્યતાનુસાર તો સ્કંધ જ કહેવાય છે. (ક્રમશઃ)

# અનુભવની એરણ પરથી

## શ્રી ધનંજય

સંસાર અનેક પ્રકારની વિષમતા તથા વિચિત્રતાથી ભરેલો છે. કર્મની વિવશતાથી, પૂર્વભવના સંબંધોથી જે અદ્ભુત તથા ચમત્કારિક હોય તેવું પણ બને છે; તેમજ આપણે જેને આશ્ચર્યકારી કહીએ તેવું પણ બને છે. તેવા બનાવો હકીકતો પ્રસિધ્ધ સામયિકો, પત્રોમાં સત્તાવાર રીતે જે પ્રગટ થયેલ હોય તે 'કલ્યાણ'ના વાચકોને રસપ્રદ, પ્રેરક તથા ઉપયોગી બને તે દૃષ્ટિયે અમે અહિં પ્રસિધ્ધ કરેલ છે. આ વિભાગ સંકલિત કરીને અમને પૂ. પં. મ. શ્રી કનકવિજયજી ગણિવરશ્રીએ મોકલેલ છે. તે માટે અમે તેમના ઋણી છીએ. (૧) આજે ભારતમાં કસાઇખાનાનો તથા પશુહત્યાનો પ્રચાર ચાલે છે, તે માટે પહેલો પ્રસંગ બોધક છે. (૨) પશુ પ્રાણીની વફાદારીને કહેતો બીજો પ્રસંગ. (૩) પૂર્વભવના ક્ષયોપશમ ને પૂર્વભવની સાબિતી આપતાં ૩-૫-૬ સુધીના પ્રસંગો આપણને આત્મા તથા પરલોકના અસ્તિત્વની પ્રતીતિ કરાવે છે, ને (૪) ને ૭મો પ્રસંગ વર્તમાનકાલે પણ સંસારની વિચિત્ર ઘટનાને જણાવવાપૂર્વક એ સૂચવે છે કે યૂરોપમાં પણ કાકા-ભત્રીજીના દેહ સંબંધો નિષિધ્ધ મનાયા છે, એક ગોત્રીય લગ્નનો સબંધ દૂષિત છે.

### ૧ : અદ્ભુત પશુપ્રેમ

ઇંગ્લેંડના વાલ્સોલ નામક પરગણાંનાં વુલ્વરહેમ્પ્ટન રોડ પર પોતાના આઠ એકરના ખેતર પાસે રહેતાં શ્રીમતી રોઝ કોક્ષને ફરમાન મળ્યું છે કે તેમનું 'ઘરડા-ઘોડા-ઘર' દૂર ખસેડી લેવું, કેમકે ત્યાં સોસાયટી ચણવાની યોજના છે. એ-ઘરડું ઘોડાઘર આપણે ત્યાંની પાંજરાપોળો જેવું છે. ત્યાં અશક્ત ઘોડાઓને શ્રીમતી કોક્ષ પોતાના ખર્ચે રાખે છે અને જીવન બક્ષે છે.

શ્રીમતી કોક્ષ પ્હો ફાટતાં ઘોડાઓની ખાતર બરદાસ્તમાં ડૂબી જાય છે. અને મોડી રાતે ઘર ભેગાં થાય છે.

શ્રીમતી કોક્ષનું આ 'ધરમનું કામ' શરુ થયું ૧૯૪૩ની ઓગસ્ટની એ ૧૭મીની ખુશનુમા સવારે. તેમના દૂધવાળાના ગાડામાં જૂનો ઘોડો જૂતેલો એ દિવસે તેમણે ન જોયો. એટલે પૂછતાં ખબર મળ્યા કે તેને તો કસાઇખાને મોકલ્યો છે. મૃદુ સ્વભાવનાં કોક્ષનું દિલ રડી ઊઠયું. એ ઘોડો ૪૦ પાઉન્ડ આપી પાછો મેળવ્યો અને આખા દેશમાં અજોડ એવું 'વૃદ્ધ ઘોડા ઘર' શરૂ થયું.

પણ રખે કોઈ વ્હેમાઈ જાય કે શ્રીમતી કોક્ષ કોઈ પૈસાપાત્ર સન્નારી છે અને બીજું કાંઈ ન સૂઝતાં આ ધંધામાં પડયાં છે, એમનાં પતિ કોઈ જગ્યાએ કારકુન છે !

શ્રીમતી કોક્ષને તેમના માતા ગુજરી ગયા ત્યારે ૧,૨૦૦ પાઉન્ડ ભાગે મળ્યા. તેમણે આ નાણું અશક્ત ઘોડાઓની સાર-સેવા માટે વાપરવા વિચાર્યું. પતિને અને પુત્રીને એ ન ગમ્યું. જો કે આજે તો એ સૌ જાણી ગયા છે કે શ્રીમતી કોક્ષ માટે સેવાનો લ્હાવો કેટલો કિંમતી છે. આજે એમની છત્રછાયા હેઠળ ૧૬૮ બુઢા-ઘોડા-ઘોડીઓ છે.

પોતાનાં શોર્ટહીથ ગામનાં એક તબેલા પર રાખેલા ૩૧ અશક્ત અશ્વો માટે ખાવા-પીવામાં વર્ષે ૨,૫૦૦ પાઉન્ડ જેટલું ખર્ચ આવે છે. આમાં અમુક પૈસા તો દાનેશ્વરીઓ પુરા પાડે છે. બાકી વધતાઘટતા પોતાનાં બચાવેલા ફંડ-માંથી કાઢે છે.

મા આવી નિખાલસ સેવાભાવથી કાર્યરત રહે અને એની પુત્રી પાછળ રહે ?

શ્રીમતી કોક્ષ કહે છે કે એમને એ નથી સમજાતું કે પ્રાણી તો હમેશાં પોતાનાં કુટુંબીજન જેટલું જ હળી જતુ હોય છે, અને માલિક સાથે માયા પણ ખરી બંધાઇ જાયજ. એ મરી જાય

તો કુટુંબના સૌને ખાવાનું ન ભાવે. તો પછી આમ કતલખાને કેમ આપી આવતા જીવ ચાલે? એ અબોલ પ્રાણી અને અવાચક થઇ મૃત્યુને આરે ઊભેલાં માનવ–પ્રાણીઓમાં શો ફેર? મનુષ્ય ભલેને ઘડપણમાં સાંભળી ન શકે, બોલી ન શકે, હલી–ચલી ન શકે, છતાં પ્રાણીઓની જેમ 'મર્સી કીલીંગ' નથી થતું. તો ઘોડાં કેમ ભારે પડે? એ તો માનવતાથી ઘણાં છેટા ચાલ્યા ગયા કહેવાઇએ, એમ શ્રીમતી કોક્ષ માને છે.

તેમનો સૌથી 'બુઢ્ઢો' ઘોડો છે ૪૨ વર્ષનો ડાર્કી. હમણાંજ નિદ્રાવસ્થામાંજ તેણે પ્રાણ છોડ્યા. હવે સિનિયોરિટીમાં આવે છે ૩૭ વર્ષનો પ્રિન્સી બોય. એ બધા નિવૃત્તિનો આનંદ લે છે અને રે ઝકોક્ષને આંખો વડે મૂક–આશીર્વાદ દે છે.

મિસ એની, મિસ બર્મિંગહામ' 'મિસ ગ્રીક લાર્ઇન' 'મિસ વોલ્સોલ' બની આજે 'બ્યુટી ક્વીન' ગણાય છે. એ કહે છે કે પોતામાં આવી ધર્મ–ભાવના અને પ્રાણીપ્રેમનો સંચાર કરવા બદલ તેનાં માતાની તે ઋણી છે. શ્રીમતી કોક્ષે તો છેલ્લાં ૨૯ વર્ષથી એક દિવસ પણ આરામ નથી કર્યો કે નથી એમની પરોઢથી રાતની દિનચર્યામાં જરીકે ફેર પડયો. એની એમ કહે છે કે જ્યાં સુધી તેની માતા ઘોડાઓને પીઠ થાબડીને ખવરાવે નહિ ત્યાં સુધી એ નિમકહલાલ પ્રાણી અનાજને અડતાં નથી !

(૧૨–૧૦–૬૪–સંદેશ)

## ૨ : ઘોડાની અજબ વફાદારી

કાલાવડ તાલુકાના ગામ ખાનકોટડાના સરપંચ, શ્રી ચુનીલાલ લક્ષ્મીચંદનું તાજેતરમાં ખૂન થયું તે પ્રસંગે ઘોડાની વફાદારીનો એક કિસ્સો બહાર આવ્યો છે.

બનાવને દિવસે શ્રી ચુનીલાલ પોતાના ઘોડા પર જઈ રહ્યા હતા ત્યારે વચમાં, વાટ જોઇને બેઠેલા હુમલાખોરો તેમના પર ધારીયા, છરી, લાઠી તથા કુહાડી સાથે તૂટી પડયાં હતાં અને ઓગણીસ ઓગણીસ ઘાથી તેમને વેતરી નાખ્યા હતા.

આ હંગામી દરમિયાન તેમનો ઘોડો ભાગી છૂટયો અને વીજળી વેગે સરપંચના ઘરે પહોંચ્યો.

અસવાર વિનાના અને પરસેવે રેબઝેબ ઘોડાને જોઇને કુટુંબીઓને કાંઈ સમજણ પડે તે પહેલાં ઘોડો હણહણાટી કરીને કુટુંબના એક સભ્યના ખમીસની બાંય ખેંચી પોતાની સાથે આવવા જાણે ઈશારો કરતો રહ્યો.

કુટુંબીઓ ઘોડાની પાછળ પાછળ ગયા અને લોકવાર્તાઓમાં આવતી ઘોડાની વફાદારી તથા બુદ્ધિની વાતોની યાદ તાજી કરાવતો હોય તેમ ઘોડો તેમને એ જગ્યાએ દોરી ગયો. જ્યાં એના સ્વારનો દેહ લોહીના ખાબોચીયામાં રગદોળાતો પડયો હતો. (૯–૧–૬૪–મુંબઈ સમાચાર)

## ૩ : વિશિષ્ટ ગણિતશાસ્ત્રી કુ. શકુંતલા

'કોમ્પ્યુટર'થીયે વિશેષ શક્તિ ધરાવનાર કુમારી શકુંતલાદેવી ગણિતના અત્યંત મુશ્કેલ દાખલાઓના જવાબ આંખના પલકારામાં કઈ રીતે આપી દે છે? શકુન્તલાદેવી શું કોઈ દૈવીશક્તિ ધરાવે છે? કે પછી સતત પ્રયાસ, પરિશ્રમ અને એકાગ્રતા દ્વારા કેળવાયેલી યાદદાસ્ત ધરાવે છે?

### રહસ્યમય પ્રશ્નો

કુ. શકુંતલાદેવી વિશ્વમાં જ્યાં પણ જાય છે ત્યાં આ રહસ્યમય પ્રશ્નો તેમની આસપાસના વાતાવરણમાં ઘુમરીઓ લેવા માંડે છે. શકુંતલાદેવીની અદ્‌ભુત માનસિક શક્તિ વિષે અનેક કલ્પનાતીત વાતો વહેતી થય છે.

કુમારી શકુંતલાદેવીએ 'ગુજરાત સમાચાર'ને આપેલી એક ખાસ મુલાકાતમાં તેમની અદ્‌ભુત શકિત પાછળનું કારણ જણાવી આ રહસ્યનો અંત લાવી દીધો છે.

કુ. શકુંતલાદેવીનાજ શબ્દોમાં કહીએ તો 'ગણિતના મુશ્કેલમાં મુશ્કેલ દાખલા પળવારમાં હલ કરવાની મારી શકિત, એકાગ્રતા અને આદતને જોરે કેળવેલી કુદરતી બક્ષીસ છે.'

એક પ્રશ્નના જવાબમાં કુ. શકુંતલાદેવીએ જણાવ્યું હતું કે, તેમની આ શકિતનું ભાન તેમને

પાંચ વર્ષની વયે થયું હતું. છ વર્ષની વયથી તેમણે પ્રયોગો કરવાની શરૂઆત કરી દીધી હતી.

અત્યાર સુધીમાં કુ. શકુંતલાદેવીએ વિશ્વના જુદા જુદા દેશોમાં કુલ પાંચ હજાર ઉપરાંત પ્રયોગો કર્યા છે અને સામાન્ય માનવી તો ઠીક, ખુદ ગણિતજ્ઞોને પણ આશ્ચર્યમાં ગરકાવ કરી દીધા છે.

### સામ્યવાદી દેશોમાં જશે

ઓગણત્રીસ વર્ષની વયનાં કુ. શકુંતલાદેવી હવે સામ્યવાદી દેશોના પ્રવાસે જવાની ખેવના રાખે છે.

સામ્યવાદી દેશોના માનવીઓ, જે સામાન્ય રીતે માનવીનું દીમાગ પણ ભૌતિક સ્વરૂપ હોવાનું માને છે. તેઓ કુ. શકુંતલાદેવીની શકિત કુદરતી બક્ષીસ હોવાનું માનશે ખરા?

'માનવ-કોમ્પ્યુટર' તરીકે વિશ્વભરમાં ખ્યાતિ મેળવનાર કુમારી શકુંતલાદેવીએ અમદાવાદ જુનીઅર ચેમ્બરના સભ્યો સમક્ષ, કોઇપણ સાધનની મદદ લીધા વિના, ૫૮ આંકડાની બનેલી એક ખુબ લાંબી રકમનું ઘનમૂળ માત્ર અડધી મીનીટમાં શોધી આપી શ્રોતાજનોને આશ્ચર્યચકિત કરી દીધા હતા.

સામાન્ય માનવીને તો વાંચતાં પણ ખાસી એક મીનીટ લાગે એવડી આ ૫૮ આંકડાની રકમનો જવાબ માત્ર અડધી મીનીટમાં આપી કુ. શકુંતલાદેવીએ ચમત્કારીક શકિતનો પરચો આપ્યો હતો એટલું જ નહિ પરંતુ નવો વિક્રમ પણ સ્થાપ્યો હતો. આ પહેલાં બેંગ્લોરમાં તેમણે ૫૨ આંકડાની રકમનું ઘનમૂળ શોધી આપ્યું હતું.

વિશેષ આશ્ચર્યની બીના તો એ હતી કે વ્યવહારમાં કદી પણ જોવા ન મળતી હોય એવી ૫૮ આંકડાની રકમનો શકુંતલાદેવીએ આપેલો જવાબ સાચો છે કે નહિ તેની ચકાસણી કરવાની પણ કોઇએ તૈયારી બતાવી ન હતી કારણ કે કાગળ પેન્સીલ લઇને તાળો મેળવવામાં પણ ખસ્સો અડધો કલાક વીતી જાય.

કુ. શકુંતલાદેવીને જે રકમનું ઘનમૂળ શોધવાનું કહેવામાં આવ્યું તે રકમ આ હતી.

૧૩૭૧૭૪૨૧૧૨૪૮૨૫૫૩૨૨૩૫૫૨૮૧૨૦૭–૬૩૩૦૫૮૭૮૪૯૧૦૮૭૭૯૧૪૯૫૧૯૮૯૦૨૬૦૬૩૧.

જવાબ : ૧૧૧૧૧૧૧૧૧૧૧૧૧૧૧૧૧૧૧

(૧૯ એકડા) (ગુ. સમા. ૧૧–૧–૬૪)

### ૪ : દશ વર્ષની વયે કોલેજમાં

દશ વર્ષની વયના માઇકલ ગ્રોસ્ટ નામના એક કિશોરે મીશીગન સ્ટેટ યુનિવર્સિટીમાં અભ્યાસ શરૂ કર્યો. તેની સાથેના વિદ્યાર્થીઓની સરેરાશ વય કરતાં માઈકલની ઉંમર ૮ વર્ષ ઓછી છે. કોલેજમાં નોંધાયેલાં વિદ્યાર્થીઓમાં માઇકલ સૌથી ઓછી વયનો વિદ્યાર્થી છે.

કોલેજમાં દાખલ થવાં માટે આ વર્ષની શરૂઆતમાં કોલેજ તરફથી કુદરત વિજ્ઞાનના અભ્યાસક્રમ માટે ૩૪૦૦ વિદ્યાર્થીઓની પરિક્ષા લેવામાં આવી હતી તેમાં માઈકલ નવમા ક્રમાંકે ઉત્તીર્ણ થયો હતો.

ગણિતશાસ્ત્ર, કુદરત વિજ્ઞાન અને માનવ વિજ્ઞાન એ વિષયોનો માઇકલના અભ્યાસના વિષયોમાં સમાવેશ થાય છે.

માઈકલ મનોરંજન માટે શેરલોકહોમ્સ નેનશી, અને ઓગણીસમી સદીના તત્ત્વવેત્તા થોમસ એકવેનશના પુસ્તકો વાંચે છે.

(૧૨–૧૦–૬૪ લાઇફ)

### ૫ : આંખોની અદ્ભુત શકિત!

જામનગરની શેઠફળીમાં રહેતા અગિયાર વર્ષના બાળકે આજે જામનગરના નાગરિકોને પોતાની અદ્ભુત શકિતનો પરચો દેખાડીને બધાને આશ્ચર્યચકિત કરી મૂકયા છે

આ અગિયાર વર્ષનો બાળક હસમુખ હાલમાં ગુજરાતી ચોથીમાં અભ્યાસ કરે છે.

આ બાળકમાં કોઇ એવી અદ્ભુત શકિત છે કે તે આશરે ૨૦૦થી ૩૦૦ વાર દૂરથી આવતા વાહનો જેવાં કે રીક્ષા, મોટર, ખટારા સ્કુટર, લેમ્બ્રેટા, અને બસના નંબરો કહી આપે છે. એટલું જ નહિ પરંતુ એકની પાછળ એક એમ એક પાંચ વાહનો આવતાં હોય તો તે બધાં જ વાહનોના નંબરો એકદમ કહી દે છે. આ નાનકડા

બાળકમાં આ કઈ જાતની શક્તિ છે તે સમજી શકાતું નથી. ઘણા માને છે કે આ બાળકને કોઈ સિદ્ધિ પ્રાપ્ત થઈ છે. જ્યારે કેટલાક તેની આંખોની શક્તિ ખૂબ જ હોવાથી તે દૂરની વસ્તુ જોઇ શકે છે તેમ કહે છે. તેની આંખોની પરીક્ષા ડૉક્ટર પાસે કરાવતાં તેમાં કંઇ નવીનતા હોવાનું જણાતું નથી.

નવાઇની વાત તો એ છે કે એટલી જલ્દીથી આ નંબરો કહી દે છે કે તે લખતા કે સમજતાં આપણને જેટલી સેકન્ડ થાય છે તેટલી વાર તેને થતી નથી.

ત્રંબકભાઈ પરમારના કંસારા જ્ઞાતિના આ બાળકને અંગ્રેજી 'એ. બી. સી. ડી.' કે અંગ્રેજી આંકડાઓ આવડતા નથી છતાં તે વાહનોના નંબરો કહી દે છે. (જયહિંદ ૧૯-૭-૬૩)

## ૬ : લાખોના લેખા મોઢે ગણતો આઠ વર્ષનો વિદ્યાર્થી

મોટા આંકડા ગામના છગન જીવાભાઇ વઘાસીયાના આઠ વર્ષની ઉમરના પ્રાથમિક શાળાના બીજા ધોરણમાં અભ્યાસ કરતા પરબત નામના પુત્ર ઉપર મા સરસ્વતી રીઝયા છે. નાનકડો પરબત ગણિતના લાખોના હિસાબ મનમાં કરીને તુરત જ જવાબ આપી શકે તેવી આશ્ચર્યકારક શક્તિ ધરાવે છે.

પરબતની આ અલૌકિક શક્તિ વિષે તેનું કુટુંબ એવો અભિપ્રાય ધરાવે છે કે તેમના ગુરુની કૃપાને કારણે બાળક પરબતને આ શક્તિ પ્રાપ્ત થઇ છે.

પરબતની શક્તિનું માપ કાઢવા માટે ચલાળા હાઇસ્કુલના શિક્ષક શ્રી ચંદ્રશંકર પંડ્યા તા. ૧૪ મીના રોજ મોટા આંકડીયા ગયા હતા. પરબત સાથેની શ્રી પંડ્યાની મુલાકાતનો અહેવાલ શ્રી. પંડ્યાના શબ્દોમાં જ નીચે મુજબ છે.

આઠ માસ અને આઠ વર્ષનો અભણ બાળક ગણિતના અતિ કઠિન કોયડાઓને ઝડપથી કાગળ પેન્સીલની મદદ વિના મનમાં હિસાબો ગણીને મોઢેથી જ કહી આપે ત્યારે તેની સત્યતા વિષે શંકા રહે. પરંતુ આ લખનારને સ્વાનુભવ હોવાથી આ સત્ય આપ સૌની આગળ રજુ કરવાની તક લઉં છું.

તા. ૧૪-૭-૬૩ના રોજ હું મારા બે મિત્રો સાથે અમરેલીથી પાંચ માઇલ દૂર આવેલા મોટા આંકડીયા ગામે ગયેલો. આ બાળક આંકડાશાસ્ત્રની પ્રસંશા તો સાંભળેલી જ એટલે તેની મુલાકાત લેવાની ઇચ્છા થઇ. નાના પરબતને મળ્યો. આઠ વર્ષ અને આઠ માસની નાની ઉમરના પરબતે દેશી પાણકોરાના કપડાં પહેર્યાં હતા. તેની અલૌકિક શક્તિનું જાણે તેને ભાન જ ન હોય તેમ તે વર્તતો હતો.

તેની સાથેની વાતચીતમાં તેને કઠીનમાં કઠીન દાખલાઓ પૂછ્યા; ત્યારે એ અભણ બાળક પાસેથી કરોડો રૂપિયાના હિસાબોનો એક મિનિટના ચિંતન બાદ જવાબો સાંભળી અમે સહુ આશ્ચર્યમાં ગરકાવ થઇ ગયા હતા.

અમે પૂછેલા સવાલો અને આપેલા જવાબો નીચે મુજબ છે.

પ્રશ્નો:- (૧) એક મણ શીંગના ૨૯ રૂપિયા તો ૪૧ ખાંડીના કેટલા ?

(૨) ૧ શેર શાકભાજીના ૩ આના તો ૨ મણ ૯ શેરના કેટલા ?

(૩) ૪૨૨૫૨ રૂ.ના ન. પૈ. કેટલા ?

(૪) ૧ લીંબડાને ૮૫૦૫૦૦ પાંદડા છે તો ૨૦ લીંબડાને કેટલા ?

પ્રથમ પ્રશ્નના ઉત્તરમાં તેની શૈલીમાં-જવાબ આપ્યો કે 'ત્રેવીસ હજાર આઠસોહમાં વીશ ઓછા' (૨૩૭૮૦ રૂ.) એક મિનિટમાં આટલા મોટા હિસાબની તેની ગણતરીથી અમો મંત્રમુગ્ધ બન્યા. તેમ જ બીજા પ્રશ્નોના જવાબો પણ ઝપાટાબંધ આપેલા તે બધા ખરા જ નિકળ્યા તે કાગળ પેન્સીલની મદદ વડે. અમે લાંબી ગણતરી બાદ નક્કી કર્યું

આપણે પૂછીએ કે આ ઉકેલ કેમ આણ્યો ? તો તે વિગતવાર કહી બતાવે ૨૯×૨૯, ૭૮×૭૮ અને લાખો અને કરોડોનો ગુણાકાર મોઢેથી કહી બતાવે ત્યારે એવો ભાસ થાય કે આ કોઇ આંકડાનું જીવતું ચિત્ર છે કે શું ?

# મૃત્યુ વિષે મનન

શ્રી માણેકલાલ છગનલાલ મહેતા. અમદાવાદ

મૃત્યુ-મોતને અંગે કેટલીક વાતો સમજાવવા-જણાવવા પૂર્વક મૃત્યુની અનિવાર્યતા માટે મોતનો ડર મૂકી તેનો સામનો કરવામાં મર્દાનગી છે, એ હકીકત આ લેખમાં અનેક દાખલા-દલીલોથી લેખકે રજૂ કરી છે.

પ્રાણીમાત્રને મોત જેવી કોઇ ભયંકર ચીજ નથી. તેમ જ તેવી અમર ચીજ પણ નથી. કારણ મૃત્યુ એ નીર્માણ ચીજ છે. ભલે પછી એ દેવ યા દાનવ, માનવ, પંખી કે પશુ હોય પણ મોત પ્રાણી માત્રને ચોક્કસ છે. દુનિયા મોતથી ડરે છે પણ ખરેખર મૃત્યુ એ કાંઇ ડરવા જેવી ચીજ નથી. કારણ કે જેને જન્મ નથી તેને મૃત્યુ નથી. માટે જન્મ થાય તેને માટે ડરવાનું છે. માટે હે માનવ! જન્મ કેમ ફીટે, જન્મ જ ન થાય તેવી તું કોશીષ કર! અથવા મોક્ષને સાધી લે. માનવી વિશ્વનો પ્રવાસી છે. એ પ્રવાસ જલદી પુરો કરી, તેના આત્માના મુળ ઘર-અક્ષય ધામમાં તેણે પહોંચી જવું જોઇએ. અને તે પાઠ મૃત્યુ જ શીખવે છે.

આજનો માનવી મોતને સાથે બગલમાં લઇ ફરે છે. કઇ પળે મૃત્યુ થશે એ નક્કી નથી પણ મૃત્યુ થશે એ તો નક્કી જ છે; જેમકે ભયંકર રોગ, મોટર-રેલ્વે, એરોપ્લેન, હાર્ટફેઈલ, કેળાં-પપૈયાની છાલ પગમાં આવતાં લપસી પડીને, આપઘાત, ખૂન, ધન ગુમાવવાથી એવાં અનેક અકસ્માત્ કારણે મોતને સગવડ ને સવલત આપી રહેલાં છે. એટલે માનવ આયુષ્ય પુરૂં કરીને રીતસર મરવા કરતાં, ઉપલાં કારણોથી આજના જીવનમાં વહેલો ખતમ થાય છે. છતાં ખુલ્લી આંખોથી આવું જોતો માનવી પાપથી ડરતો નથી. જો મનુષ્યની અમુક ઉંમરે (જેમ ગાય, બકરીને ગળા ઉપર જીભ થાય છે તેમ) તેની છાતીમાં સોનાની લગડી સર્જાતી હોત તો માનવ (જે વગર લગડીએ

---

આપણે પૂછીએ કે આ કેમ આવડયું તો કહે કે, 'સબ' (તુરત જ) ત્યારે જાણવું છે કેટલું? તો જવાબ આપે 'ઠેઠ લગન'

પરબતના પિતામહ શિક્ષક હતા. અને તે પણ વિદ્વાન ગણિતશાસ્ત્રી હતા તેમ કહેવાતું. તેમના ગુરૂની ભકિતને કારણે આ બાળક શ્રી પરબતને આ કૃપા મળી છે તેમ તેઓનું કુટુંબ માને છે.

અમુક સમય પહેલા ઉચ્ચ કક્ષાના માણસોએ અમરેલી બોલાવેલો ત્યારે તેણે તેના વાલિના સાનિધ્યમાં અમરેલી જીલ્લાના કલેકટરશ્રીને આપેલ જવાબોથી તેઓશ્રી અને બીજાઓ પણ આશ્ચર્ય મુગ્ધ બનેલા. (જયહિંદ તા. ૨-૭-૬૩)

### ૭ : ખબર પહેલા પડી હોત!

લગન થઈ ગયા બાદ એક નવ દંપતીના જીવનમાં ભારે કરૂણા છવાઈ ગઇ ...!

પતિ-પત્નીને આ લગન પછી એવી ખબર પડી કે તેઓ બન્ને કાકા-ભત્રીજીના સંબંધમાં હતા અને તેમની વચ્ચેનું લગ્નબંધન અમુક મર્યાદાને લોપતું હતું...

વિચારના તોફાનને અંતે, નવપરિણીત પત્નીએ ઝેરનો પ્યાલો ગટગટાવ્યો અને પતિએ પોતાના શરીર પર આગ ચાંપી.

'સાઇગોન પોસ્ટ' અખબારે જણાવ્યા પ્રમાણે, આ નવદંપતીને બચાવી લેવા સગાસંબંધીઓએ તુરત પ્રયાસો કર્યા, પરંતુ, જેનો દેહ અગ્નિમાં બળીજળી ગયો હતો એ પતિ અહીંથી ૫૦ માઇલ દૂર આવેલા પોતાના વતન ખાતેની ઇસ્પીતાલમાં ગંભીર હાલતમાં છે. મોતનો પડછાયો એની આજુબાજુ સ્થિર થયો છે!!

(ટાઈમ ૪-૭-૬૪)

ફાડી નાખે છે) માનવને ફાડી નાંખ્યા વગર રહેત ખરો? કહ્યું છે કે, 'ઊત્થાય ઊત્થાય બોધવ્યમ્, મહાન્ ભય ભયમ્ ઊપસ્થિત; મરણ-વ્યાધિ શોકાનામ્ કિમ્ અદ્યનિપતિષ્યતિ' પ્રભાતમાં ઊઠતાં, ઊઠતાં જ સમજવું જોઇએ કે મરણ-વ્યાધીને શોકના ભયંકર ભય ઊભા છે. તેમાંથી કયો ભય આજે મારા ઉપર આવી પડશે? અર્થાત્ તેનાથી બચવા, કેમ બચું તેની સાવધાની રાખવી. મોતના દુતોને લાંચ, રૂશ્વત આપી, મોત ટાળી ના શકાય તેવું અટળ છે.

સ્વર્ગમાં પણ કર્મબંધન દેવો કર્યાં કરે છે ત્યાં પણ કજીઓ-કલેશ-મારામારી-તોફાન, દેવીહરણ વગેરે ચાલુ જ હોય છે. એટલે કર્મથી છૂટાય તેવું સ્વર્ગ નથી. પણ દેવોની શક્તિ આપણને લોભ કરાવે છે. પણ એ લોભમાંથી, લોભ એવો પછાડે છે કે દેવગતિમાંથી છૂટી, સીધો તે પત્થર કે ખાણમાં એકેન્દ્રી જીવયોનીમાં જન્મે છે. હવે તેવી દેવગતિનો વિચાર કરી લ્યો કે જ્યાં ધર્મ ઘણો જ અલ્પ, ને વિલાસ ભારોભાર બધનમાં નાંખનારો હોય છે. ૧. દેવો ભૂમિ પર પગ મૂકતા નથી. ૨. તેઓ માતાના ગર્ભમાંથી જન્મતા નથી. એટલે તેમની કાયામાં માનવ જેવાં માંસ, રૂધીર, ખાદ્ય પદાર્થોથી ભરેલાં જેવાં પેટ હોતા નથી. ૩. તેઓ સ્વયં ફૂલ શય્યામાંથી જન્મ લે છે. ૪. તેમને મરવાનું તો હોય છે જ. તેમના ગળામાં કાયમ લીલી (ના કરમાય તેવી) ફૂલની માળા રહે છે. તે મરણ સમયે, છ મહિના અગાઉ કરમાવા માંડે છે. ૫. મરતી વખતે જો ત્યાંના હીરા-મોતી-માણેક-પન્ના વગેરેમાં વાસના રહી જાય તો ખાણમાં પૃથ્વીકાયમાં જન્મે. ૬. તેમના શરીરમાંથી દુર્ગંધ નીકળતી નથી, ૭. તેઓ માનવ માફક હબડક, હબડક આહાર બીલકુલ લેતા નથી. માત્ર ઇચ્છા અને મનતૃપ્તીથી આહાર તૃપ્તી થાય છે. ૮. એટલે માનવો ભેગા તે રહી શકે નહિ ને માનવ જે કાયમ અશુદ્ધ હોય છે તેને તેમના ભેગો રાખે નહિ. કોઈ કહે કે સદેહે સ્વર્ગમાં ગયો તો તે તદ્દન ગલતી છે. મુવા વિના દેવલોક મળે જ નહિ. માટે તો સર્વ ધર્મમાં સામાન્ય રીતે જ કહેવાય છે કે 'આપ મુવા વિના સ્વર્ગે જવાય નહિ. None can go to heaven unless he dies.' ત્રીશંકુને પણ દેવલોકમાંથી ફેંકી દીધો હતો. ૯. તેમને નિદ્રા પણ હોતી નથી. મોક્ષ સીવાય દરેકને દેહ ધારણ કરવાનો જ હોય છે. ને જ્યાં દેહ છે ત્યાં જરૂર મૃત્યુ છે જ. માટે આત્માને દેહ ધરવાના કારણોમાંથી મુક્ત કરવો એ જ સાચો પુરૂષાર્થ છે.

એટલે મોત સિવાય સ્વર્ગમાં જવાતું નથી. સ્વર્ગમાં જવા મોતની જરૂર છે. તેટલી મોક્ષમાં જવા મોતની જરૂર છે. એટલે જુઓ કે મોતની કેટલી જરૂર છે! એવી એ ચીજ છે! સર્વે શાસ્ત્રો એક બીજા સ્વરૂપમાં મોક્ષ જરૂર માને છે. અંગ્રેજો પણ તેને Permanent Release યા Eternal Bliss અથવા Salvation કહે છે. એટલે મોક્ષમાં ગયા પછી જન્મ નથી. કારણ સંસારભ્રમણ કરાવનાર કર્મો તેનાં નાશ પામ્યા છે એટલે પછી જન્મ જ નથી. મોત છે જ એમ જાણ્યા છતાં, પાપનો કે પ્રભુનો ડર રહેતો નથી, તો પછી મોત ના હોત તો ઈશ્વરને કે પાપને કોણ ઓળખત? અને માનવ કેવો બન્યો હોત? મોત જ દુષ્ટતા ઉપર અંકુશ રાખી રહેલ છે. દેહ મરે છે. આત્મા તો મરતો જ નથી. કર્મ હોય ત્યાં સુધી કર્માનુસાર જુદા જુદા દેહ ધારણ કરતો જ હોય છે. મૃત્યુ ના હોત તો પોતાની જીંદગીની અંદરની સારી-નરસી કાર્યવાહીનું ભાન કોણ કરાવત? મૃત્યુ એ જીવનમાં કાયમની લાલ બત્તી ધરનારી ચીજ છે.

એક બંધ વાડીના ફળ ખાવા, એક ગધેડો અને એક શીયાળ અંદર પેઠાં, પણ શીયાળે પેસતાં પહેલાં (ઝાંપો બંધ થાય તો) પાછા નીકળવાનો માર્ગ તેના જેટલો જોઇ રાખ્યો. શીયાળે થોડું ખાધું. ગધેડાએ પેટ ભરીને ખાધું. તે તર થઇ જતાં તેને ગાવાનું મન થયું. શીયાળે ના કહ્યું કે, 'વાડીવાળો જાગશે તો બેઉ માર ખાઈશું.' પણ સમજે તો ગધેડો કેમ કહેવાય? મમત ઉપર

ચઢી ગાવા લાગ્યો. તેના ભુંકવાથી વાડીવાળો જાગ્યો, શીયાળ તો જોઈ રાખેલા માર્ગેથી ગયું. પણ ભાઈસાહેબ–ગધેડાભાઇ માર ખાઇ અધમુઆ થઇ ગયા.' સારાંશ કે: તેમ આપણે આ સંસાર વાડીમાં પેઠા પછી તેમાંથી નીકળવાનો સુલભ માર્ગ (દેહ ત્યાગ કરતાં પહેલાં) શોધી રાખવો જોઇએ જેથી કર્મોનો માર ખાવો પડે નહિ. જીવન કદાચ સો વર્ષ નભે, મોત તો પલકારામાં આવે. એકનું મોત, પોતાને અને બીજાને સારા પાઠ શીખવે છે.

એક સંતને એક સંસારીએ–ખટપટીઆએ પૂછ્યું કે, 'આપ શી રીતે આટલી શાંતિ ભોગવો છે? હું બહુ જ અશાંત રહું છું. મને તમારા જેવી શાંતિનો માર્ગ બતાવો!' સંતે કહ્યું, 'હમણાં મને સ્વપ્નું આવ્યું હતું કે તમારૂં અશાંતિમાં જ ૧૫ દિવસમાં મૃત્યુ થશે. હું તમને કહેવ આવું તે પહેલા જ તમે આવી ગયા.' પેલો સંસારી ચમકયો! હાય લાગી! જેટલું પાપ ઓકી નંખાય ને જેટલું શુભ કાર્ય થાય તેટલું કરવા (બધું છોડી) તત્પર થયો. સંસાર ભૂલી, મૃત્યુ સુધરે તે માટે સારાં કામકાજ જલદી કરી પ્રભુરટનમાં પડયો, પશુતામાંથી પ્રભુતામાં આવી પડયો. સૌની સાથે સમાધાન કર્યા સૌની માફી માગી. સર્વ જીવોની માફી માગી. પછી સંત આવ્યા ને પૂછયું, 'કેમ છે?' પેલો પહેલાનો ખટપટીઓ કહે છે કે, 'અપૂર્વ શાંતિ ને આનંદ છે.' સંત કહે, 'શાંતિનો પાઠ શીખવવા જ મૃત્યુનો ય મેં દેખાડયો હતો. માટે હવે ૧૫ દિવસમાં જેવાં કાર્યો કર્યાં તેવા મૃત્યુ સામે રાખી બાકીના જીવનમાં કરજો ને ઘણું જીવજો.' મૃત્યુ જ ઉપદેશ બન્યું! એટલું જ નહિ પણ જીવનને શુભ પુણ્ય માર્ગે પલટાવી નાંખ્યું. ને સંસારના વિલાસોનો તે કડક વિરોધી બન્યો.

મૃત્યુ એટલે દેહનો દગો. એવા દગાખોર મૃત્યુએ, દેહે સંઘરી રાખેલા આત્માને અસંખ્યવાર ફેંકી દીધો છે. પણ આત્માને દેહનો કયાં ટોટો છે? કારણ એવા દેહ તો અનેક તેણે ધારણ કર્યાં છે. એવા મૃત્યુમય દેહને પોષાને પંપાળવો શો? માટે સેવાભાવી આત્માઓ મૃત્યુની કીંમત ના કરતાં કહે છે:–

'જો મરણ એ જીંદગાની છે ખરી આખર દશા, તો પરાર્થે અર્પવામાં આ જીવનના મોહ શા?'

જેમ માણસને રાત–દિવસની એક સરખી લાંબી મુસાફરીમાં સ્ટેશન ઉપર ઉતરવા હરવા ફરવાની ઇચ્છા થાય છે, નહીં તો અકળાઇ જાય છે, તેમ જીંદગાનીની મુસાફરીમાં, મોત એટલે અમુક આયુષ્યનું સ્ટેશન કરતો જાય છે. 'કોણ વસ્યું ને કોણ વસે. ધરતી તે જોઈ જોઇ હસે' હોંશથી એક મકાન બંધાવનાર ઉપર ધરતી હસે છે કે આને ખબર નથી કે તે ધરતી ઉપર તે મકાન રહેશે ને તે ભોગવશે કે નહિ અને એ ધરતી ઉપર એના જેવા કેટલાએ વસ્યા ને ગયા અને જશે! શાને દીલમાં ઊભરાય છે? મોટી આલીશાન નગરીઓના પણ આજે નામ નિશાન નથી. યુધિષ્ઠિરને એક વખત પૂછવામાં આવ્યું કે, 'સૌથી મોટી નવાઇ કઇ?' તેમણે જવાબ આપ્યો કે, 'કેટલાંઓને મરતાં જોનાર માણસ સમજતો નથી કે મારે મરવાનું છે અને અકાર્ય કરે છે તેનાથી વિશેષ નવાઇ શું?' સીકંદરને મૃત્યુએ અંત વખતે સુધાર્યો. અને તેણે પોતાના મૃત્યુથી દુનિયાને શીખવ્યું કે, 'મહાન સીકંદર ખાલી હાથે જાય છે. સાતમા હેનરી રાજાએ પોતાના અંતીમ વખતે Declare જાહેર કર્યું હતું કે સંપત્તિમાં જ આપત્તિ અને ભારાભાર અશાંતિ ભરેલી છે.' Uneasy lies the head that wears the Crown 'શાંતિ વગરનું જીવન એ જીવન નથી. શીખવાવાળો મૃત્યુમાંથી શાંતી શીખી લે છે.'

માનવી મોટામાં મોટી ભૂલ એવી કરે છે કે 'હું આત્મા નથી પણ શરીર છું એમ શરીરને આત્મા માને છે.' એટલે અમર કોણ છે એ ભુલી જાય છે. દેહ તો આત્માનું વસ્ત્ર છે. તે આત્મા કર્મવશ બદલ્યાં કરે છે તેને આપણે મોત કહીએ છીએ. આત્મા જ અમર છે. Soul is immortal ઉપરાંત મીરાં કહે છે તેમ સમજુ, દેહને આત્માનું ઘર માને, મીરાં કહે છે 'હંસલો નાનો ને મારૂં

દેવળ તો જુનું રે થયું.' મીરાં દેહને પેટ જેવી ગંદકી ભરવાની ગટર ને ભોગ ભોગવવાની વસ્તુ નથી ગણતી. આત્માને રહેવાનું ઘર તે મંદીર જ હોવું જોઇએ ને!

એક પુત્ર મરી જતાં તેનો બાપ ખૂબ આક્રંદ કરે છે. પુત્ર દેવલોકમાં ગયો. ત્યાંથી બાપને રૂદન કરતો જોઇ, બ્રાહ્મણ રૂપમાં તેના આંગણે આવી રૂદનનું કારણ પૂછે છે ત્યારે તે પુત્રનું મરણ કહે છે. બ્રાહ્મણ (પુત્ર) કહે છે 'તે પુત્ર તો તેનો આત્મા લઈને આવ્યો હતો. માત્ર તમે માતપીતાએ દેહ આપ્યો. હવે તે દેહની તેને જરૂર નથી લાગી ત્યાં સુધી રાખી, તે પોતાનો મૂળ આત્મા લઈ જઇ, તમે આપેલો દેહ તમને જ પાછો સોંપી–આપી તે ગયો છે. તમારૂં તમને પાછું દીધું અને તેનું તે લઈ ગયો પછી શાને રડો છો? તમે બેવકૂફ કે તે દેહને તમે બાળી નાંખ્યો ને હવે રડો છો?'

એક માણુસ પોતાના પુત્રના અવસાન માટે વિલાપ કરતો હતો. શરીર સોસવી નાંખ્યું. અને રસ્તે જતાં એક સ્ત્રીને અથડાઈ પડયો તે સ્ત્રીના માથા ઉપરથી ઘડો પડી ભાંગી ગયો. તેથી તેણે તે માણસને ઘડો આખો કરી આપવા કહી તકરાર કરી. તેણે જવાબ આપ્યો, 'હે! કમ અક્કલ! તું કહે તો સોના રૂપાનો ઘડો ઘડાવી આપું. પણ ફુટેલો–તુટેલો કોઇનાથી પણ આખો ન થઈ શકે" સ્ત્રીએ કહ્યું કે ત્યારે તું તારા મરનાર બેટા માટે શા સારૂ–પેલા ફૂટેલા ઘડાની માફક–અહર્નિશ ચિંતા કરે છે?' તે ઉપરથી તેને મોતની અનીવાર્યતા સમજાણી.

જીંદગી દરમીઆન માનવને મોત, નોટીશ ને સમન્સ ઘણી વખત આપે છે. આપોઆપ મળે છે. છતાં મરનાર, ઈશ્વરને મારનાર કહી ઈશ્વરના માથે દોષ મૂકે છે. કર્મરાજા કહે છે કે, તને નોટીસ આપી–પછી તને ચેતવણીની જરૂર હતી. વાળ સફેદ થયા, પછી દાંત પડી ગયા, આંખોનું તેજ ગયું. કાને બ્હેરાશ આવી મોઢા ઉપરની ચામડી દદડી. પગ લથડતા, પ્રત્યેક વેળા મારી નોટીસ હતી. ઉપરાંત તારી ૯૦ વર્ષ સુધીની વયમાં, તારા કરતાં નાના કેટલાઓને સમશાનમાં સુવાર્યાં! વગેરે હોવા છતાં તારી બુદ્ધિ અને વૃત્તિઓ ના સુધરી!' આવી બેદરકારીથી આપણે આપણું મોત બગાડી, બીજી નવી જીંદગાની પણ બગાડીએ છીએ. અમરતાના વરદાન કોઇને ફળ્યાં નથી. જેટલું મૃત્યુથી માનવ ડરે છે તેટલું મોત માટે તૈયારી કેમ કરતો નહિ હોય? એ આશ્ચર્ય છે! શું મોત જીવનને સુધારી શકતું નથી? મોતે ઘણાને સુધારી દીધા છે. અને તેવાઓને જોનાર પણ સુધરે છે. મોતનું નિવારણ કરવા કરતાં મોત સુધરી જાય એવો પ્રયાસ કરવો જોઇએ. 'વૈદના મરે નહિ ને જોષીના રાંડે નહિ' એવું બન્યું છે? પોતાની પુત્રીનું સૌભાગ્ય કાયમ રહે એવું મુહુર્ત કાઢવાથી જોષીનો જમાઈ મરતોજ નથી? ઔરંગઝેબ, કીંગ મીડાસ ને સીકંદર, થોમસ વુલ્સી જેવા અનેકને મોતે સુધાર્યાં છે.

ઇન્સાનની જીંદગી એક મુસાફરી છે તેમાં હરૂો નાખી પડયા પાથર્યા પડી રહેવાની એ જગ્યા નથી. એક ફકીર એક રાજાના મહેલમાં પેઠો. ચોકીદારે અટકાવ્યો. ત્યારે તેણે કહ્યું કે, 'એક ધર્મશાળા સમજી હું તો પેઠો છું.' ત્યાં રાજા આવ્યો ત્યારે રાજાના પ્રશ્નમાં તેણે કહ્યું કે, 'અહિંઆ પહેલું કોણ હતું?' રાજા કહે–'મારા માતાપિતા.' 'તે પહેલાં' 'મારા પિતામહ?'

'હવે પછી કોણ?' જવાબ 'મારો પુત્ર રાજ્ય કરશે તે.' જે ઘરમાં આટલી આવજા થઈ ને થશે તેને કોઈ ધર્મશાળા સમજે તો તેમાં ખોટું શું? તેવું આખું ખલક–જગત એક મુસાફરખાનું છે. માટે આ મુસાફરી કેમ અટકે? મોત અટકે તોજ. તો મોત અટકાવવાને તું કોશીષ કર! જન્મ લેવા ને દેહ ધરવાનાં બંધનો તું તોડી નાખ. પછી જે પેદા થાય તે સાચું અજર–અમર પદ છે. ત્યાં મોત તને સ્પર્શી શકે તેમ નથી. હવે તને સમજાયું કે મોત શું ચીજ છે? મોત કોઇનો ભેદભાવ કે વગ વસીલો કે રૂશ્વતને નભાવતું નથી. એક કંગાળની પથારી ઉપર શ્રીમતને સમશાનમાં સુવાડે છે. અને એજ શ્રીમંતની પથારી પર એક શ્રમજીવી મજુરને પણ સુવાડે છે. ત્યાં ગરીબ કે ગરવા–કોઇનો આંતરો નથી. મોત એ નકારી શકાય તેવી ચીજ નથી તેમ જ તે નકારવા જેવી ચીજ પણ નથી! મોત–કે મૃત્યુ એવી ચીજ છે. 'મૃત્યો બિભેષિકિમ્ હે બાલ!' બાલ! તું મૃત્યુથી કેમ ડરે છે? જે ડરે છે તેને મૃત્યુ છોડતું નથી. તે તું શું નથી જાણતો? તો પછી મોતથી ડરવું એ શું મૂર્ખાઇ નથી? સાચું તો એ છે કે મૃત્યુનો સામનો કરવો. એમાં તારી મર્દાનગી છે.

# * હીરા બતાવનારા પશાભાઈઓ ! *

**શ્રી ગુણવંતરાય આચાર્ય**

આજે ભારતમાં અન્નની અછત તથા જીવનની જરૂરિયાતની વસ્તુઓમાં દિનપ્રતિદિન વધતી જતી વિષમ પરિસ્થિતિ કે જે અંધાધૂંધી કોંગ્રેસના ૧૭-૧૭ વર્ષના રાજતંત્રમાં સર્જાઈ રહી છે. તેને અંગે કેટલીક વેધક મર્મસ્પર્શી તેમજ પ્રેરક વાતો મહાગુજરાતના સુપ્રસિદ્ધ લેખક જે અહિં જણાવે છે, તે જરૂર વિચારણીય છે, વર્તમાન રાજકારના નિષ્કર્ષરૂપે 'કલ્યાણ'ના વાંચકોને જરૂર તે બોધક બનશે.

એક હતો વાળંદ. એ પરદેશ ગયો. પરદેશમાંથી ધન કમાઈ લાવ્યો.

એને થયું કે વાળંદની નાતમાં નામ રહી જાય એવું કરવું. પણ એવું શું કરવું ? ઘર તો ઘણાય વાળંદોએ બાંધ્યાં છે. નાત પણ ઘણા વાળંદોએ જમાડી છે. ઘણાના ઘર વખણાઈ ગયા છે. ને ઘણાની નાતો ય વખણાઈ ચૂકી છે.

તો પછી નાતમાં ડંકો વાગે કેમ ?

કોઈએ ન કર્યું એવું કરવું જોઈએ.

બહુ વિચાર કરીને એને થયું કે વાળંદની નાતમાં આજ પહેલાં ઘણાએ ઘણું કર્યું છે. પણ કોઈએ મોટા રાજારજવાડા કે શેઠિયાની જેમ આંગળીયે હીરો પહેર્યો નથી. જો આંગળીએ હજાર બે હજારનો હીરો પહેર્યો હોય તો આખી નાત જુએ. આખું ગામ જુવે ને બધા કહે.

'ના. પણ પશવો કમાઈ પણ આવ્યો ને નાતમાં પૈસાદાર થયો ને ડંકો વગાડ્યો ખરો.

એટલે પરદેશની કમાણીમાંથી પશવાએ હીરાની વીંટી લીધી. પહેરીને પોતાને ગામ આવ્યો.

સહુ ખબર અંતર પૂછવા આવ્યા. ખેમકુશળ પૂછી ગયા. દેશ પરદેશની વાતો કરી ગયા. પણ પશવાને મનમાં કાંટો રહી ગયો કે કોઈએ હીરાનું તો પૂછ્યું જ નહિ.

કોઈએ હીરાની તો જરા સરખીય નોંધ જ ના લીધી. આવો સરસ આબદાર બે હજારનો હીરો ને કોઈએ પૂછ્યું જ નહિ. કોઈનું ધ્યાન ત્રીજી આંગળી ઉપર ગયું જ નહિ.

હવે કેમ થાય? લોકોનું આ ત્રીજી આંગળી ઉપરના હીરા ઉપર ધ્યાન જાય કેમ ? ઘણા નૂસખા કર્યા પણ લોકો જાણે આંધળા ભીંત. જેમ પશવો હીરો દેખાડવાનું કરે તેમ લોકો જાણે વધારે આંધળા થાય.

આખરે પશવાએ પોતાના ઘરમાં ઘાસછાંટીને આગ લગાડી.

ઘર ભડભડ બળવા લાગ્યું આગ જાણીને ગામલોક ભેગું થયું.

ને હીરા વાળી ત્રીજી આંગળી સીધી રાખીને પશવો સહુને બતાવતો જાય; આંહી લાગી. આગ આંહી લાગી. આંહીથી પછી ત્યાં ગઈ. ત્યાંથી પછી તેમ ગઈ....

ઘણાને લાગ્યું કે આગ લાગી એમાં પશવો ગાંડો થઈ ગયો છે.

આખરે એક ચતુર માણસ નીકળ્યો. એણે પશવાની હીરાવાળી આંગળી પકડીને પૂછ્યું :

પશાભાઈ આ હીરો સરસ છે હોં. ક્યાંથી લીધો ? ઉંચા માંહેલો લાગે છે.

અને તરત પશાભાઈ આગની કહાણી ભૂલીને હીરાના વખાણે ચઢી ગયા.

અન્નની અછત અને ભાવનિયમનની અત્યારની કટોકટીના સમયે જનતાની હૈયાની હોળીને સમયે જ્યારે જ્યારે હડતાળો, સરઘસો, ઉપવાસો દેખાવો, ઠરાવો, વગેરેની વાતો છાપામાં વાંચુ છું ત્યારે મને આ લોકકથાનો

પશો વાળંદ યાદ આવે છે. લાગેલી આગ હોલવવાના પ્રયાસો તો તમામ કરે છે. પણ આંગળીનો હીરો બતાવવાની તક પશાભાઈ જવા શેના દે?

અન્નનો સવાલ કોઈ રાજકીય પક્ષનો નથી. કોઈ રાજકીય પક્ષની હયાતિની વાસ્તવકતા પૂરવાર કરવાનો નથી. એ તો મૂળભૂત પ્રશ્ન છે. એને ને રાજકારણ સાથે કશો સંબંધ નથી. કયા પ્રશ્નને રાજકારણ સાથે સંબંધ છે. ને કયા પ્રશ્નને સંબંધ નથી એની કસોટીની સીધી સાદી આવી છે. રાજપક્ષને સત્તાસ્થાનેથી અલગ કરીને એને સ્થાને વિરોધ પક્ષને મૂકી જૂઓ તો રાજ્ય પક્ષની અપેક્ષાએ વિરોધ પક્ષ શું કરી શકે? શું કરે? જો તમને એમ લાગે કે રાજ પક્ષ કરતાં વિરોધ પક્ષ તત્કાલ પરિણામ લાવશે તો રાજ્ય પક્ષ ખોટો ને વિરોધ પક્ષ સાચો. ને લાગે છે એ કાંઈ પરિણામ લાવી શકે એમ નથી. તો જાણવું કે વિવિધ પક્ષ કેવળ પોતાના આંગળીના હીરા જ બતાવવા માગે છે.

ઘણા કારણો છે. આજની અન્નની કપરી દશાનાં. પરદેશમાં પાર વિનાની નિકાશ કરવાની પ્રવૃત્તિ, ભોમમાં વરસો ને યુગોથી વસવાટ કરતા નાગરિકોની ત્યાંથી ફરજીયાત હિજરત, ને જેમાં રાજકીય પક્ષના અનુયાયીઓની સાથે વિરોધપક્ષના અનુયાયીઓ પણ સરખેસરખા પૂરા ગુનેગાર છે એવી ઓછું ને ઓછું અનાજ ને વધારે ને વધારે રોકડ પાક વાવવાની વૃત્તિઓમાં અલબત્ત રાજ્યપક્ષની બ્રિટિશ અમલની અમલદારી ગતાનુગતિકા નામની રાખવાની સુસ્તી પણ જવાબદાર છે. જળસંગ્રહ ને જળવિતરણનાં કામો થાય છે ને એની જોરશોરથી જાહેરાતો પણ થાય છે. પણ અનાજ ખેતી ને જળસંગ્રહનાં જુદાં જુદાં એક બીજાથી સ્વતંત્ર ખાતાઓ એકબીજાના કામમાં ઉમેરો કરવાને બદલે સામસામી કાપાકાપી કરે છે.

પંચવર્ષીય યોજનાની બધી જાહેરાતો કેવળ પૈસાની પરિભાષામાં જ થાય છે. આટલું બજેટ ને આટલા કરોડ ખર્ચ્યા, સરકાર પોતે જ પોતાની જાહેરાતોથી લોકોને લોકોપકારક પરિણામ પૈસાની મહત્તા જ શીખવે છે. અને પછી લોકો પૈસા પાછળ પાગલ થઈને દોડે ત્યારે, ત્યારે સરકાર પોતે પણ પૈસા પાછળ દોડવા માંડે છે!

ગામઝાંપે ગામ ખરચે ફાલીફૂલેલા એ સેવકજીઓ ચૂંટણીમાં જો નેતાને મદદ કરે તો પછી પાંચ વરસ એમના ઘી કેળાં સાચાં. સદંતર નવરા ને પારકી પંચાતમાં રાચનારા, સવાલો ના હોય ત્યાં સવાલો ઉભા કરનારા, ક્લેશ ના હોય ત્યાં ક્લેશ ઉભા કરનારાઓ, સરકારી ગ્રાન્ટો ને જાહેર ફંડફાળા ઉપર નભનારાઓ, રાજકારણને માટે ચૂંટણીને બદલે ચૂંટણીને માટે રાજકારણ ખેલનારાઓ....જ્યાં સુધી આ ધર્માદા ખાનારા સેવકજીઓનો સંપ્રદાય આ દેશમાંથી નાબૂદ થશે નહિ ત્યાં સુધી આ દેશનો કોઈ ઉદ્ધાર થવાનો નથી.

આવી રીતે રાજકીય જાહેર સેવાનો ધંધો બંધ થવો જોઈએ. કોઈ કરતાં કોઈ માણસને જાહેર સેવાને નામે કાંઇ વેતન કે ભથ્થું મળવું જોઈએ નહિ. ચેરીટી કમીશનરની પરવાનગી વગર ને એના સીધા અંકુશ વગર કોઇને ફંડફાળા કરવાની છૂટ હોવી જોઇએ. ને જે માણસ પોતે નિયમિત બની વ્યવસાયીઓની જેમ વ્યવસાય ના કરતો હોય ને પોતાની ને પોતાના કુટુંબની રોજી જાતમહેનતથી કમાતો ના હોય, જેઓ પોતાની જાતમહેનત અને પુરૂષાર્થથી જીવનનિર્વાહ ન ચલાવતા હોય તેમને જાહેર સેવામાં પડવાનો અધિકાર ન હોવો જોઈએ. હવે ભારતભરમાં સેવાના અખાડા ને સેવાના ધંધા એટલા તો વધી ગયા છે કે દરેક માણસ પોતે પહેલાં પોતાનું સંભાળે એ વાતનો મહિમા સ્થપાવો જોઈએ.

જો આમ થશે તો હડતાલો, સરઘસો વગેરેનો રોગ આપમેળે બંધ થશે ને લોકોને પોતાના પ્રશ્ન એના યથાવત્ સ્વરૂપમાં સમજવામાં ઘણી સવલત થશે.

# પ્રયોગશાળાનાં હતભાગી પ્રાણીઓ

શ્રી સારથિ

માનવહિતના નામે આજે યૂરોપ તથા એશીયાની પ્રયોગશાળાઓમાં જે રીતે નિર્દોષ અબોલ તથા અશરણ દીન પ્રાણીઓને ક્રૂરતા પૂર્વક રીબાવવામાં આવે છે. તે ખરેખર કરૂણ અને ઘોર નિર્ઘૃણ કાર્ય છે, પ્રયોગશાળામાં ચાલતા એ વૈજ્ઞાનિક પ્રયોગોની કેટલીક હકીકતો અહિં રજૂ થઇ છે, જે વાંચતાં-વિચારતાં આપણને જરૂર થઇ જશે કે, કેવી નિર્ઘૃણ અને ક્રૂરતાપૂર્વકની બિચારા પ્રાણીઓની યાતના !

વૈજ્ઞાનિક પ્રયોગોના આધારે માણસે ઘણી પ્રગતિ સાધી છે. અનેક સમસ્યાઓનું નિરાકરણ કર્યું છે, પરંતુ એ પ્રયોગોમાં જે અસંખ્ય પ્રાણીઓએ અનેક પ્રકારની પીડા અને યંત્રણાઓ સહન કરી છે, પોતાના જીવનનું બલિદાન આપ્યું છે, એમની તરફ ભાગ્યે જ કોઈનું ધ્યાન ખેંચાયું છે. પ્રયોગો દરમ્યાન આ પશુઓને મારવા, ભૂખ્યાં રાખવાં, દઝાડવા, ઠંડીમાં ઠરવા દેવા, તેમની આંખો ફોડી નાંખવી, પાણીમાં ડુબાડી દેવા, થાકીને મરી ન જાય ત્યાં સુધી એમને તરવા કે દોડવાની ફરજ પાડવી, સુવા ન દેવાં, ચામડી ઉતરડી નાંખવી તથા હંમેશાં નવી નવી રીતે એમને પીડાં આપવી એ તો સાવ સામાન્ય બાબતો છે. એ તો ઠીક, પણ પ્રયોગો પૂરા થયા પછી પણ એ બિચારા મૂંગાં, ગરીબડાં પ્રાણીઓની કંઇ સાર સંભાળ લેવાતી નથી. ઘણી વખત એવું જોવામાં આવે છે કે આ પ્રાણીઓને પાંચ–દસ વર્ષના લાંબા ગાળા માટે અત્યંત અગવડભર્યા સાંકડાં પાંજરામાં પૂરી રાખવામાં આવે છે, જેમાં આરામથી બેસવાની કે સૂવાની પણ જગ્યા નથી હોતી.

અમેરિકાની હાર્વર્ડ યુનિવર્સિટીમાં કરવામાં આવેલ એક પ્રયોગમાં કૂતરાઓને જબરદસ્તીથી આગના ભડકામાં ધકેલી દેવામાં આવ્યા હતા અને એ પ્રયોગ પૂરો થયા પછી દિવસો સુધી એ કૂતરાઓની સાર સંભાળ લેવાઈ નહોતી. એમની એ દયામણી–દયાજનક હાલતમાંથી એમને મૃત્યુ દ્વારા પણ છૂટકારો આપવાનું કોઇએ વિચાર્યું નહિં.

કોલંબિયા યુનિવર્સિટીમાં ઉદ્વેગની ઉત્પત્તિ વિશેનાં એક પ્રયોગમાં કૂતરાઓના પગ પર હથોડી વડે હજારો ઘા મારવામાં આવ્યા હતા. એ પ્રયોગ કરનાર શોધકોએ કહ્યું કે, 'ઘા સહન કરીને પણ છેલ્લે સુધી જે ત્રણ કૂતરા બચી ગયા હતા તેમને બીજા દિવસે ફરી પ્રયોગશાળામાં લાવતાં તેઓ મરી ગયા.' 'જોન હોપકિન્સ યુનિવર્સિટી'ના સંશોધકો ઈ. સ. ૧૯૨૮ થી બિલાડીઓમાં ક્લેશના વિભિન્ન પ્રગટ રૂપ, રોષ, ભય વગેરે ઉત્પન્ન કરવામાં રોકાયેલા છે. એ વિષે એમણે જે વાતો રજૂ કરી છે તે અનુસાર તેઓ બિલાડીઓના પગ, કાન તથા પૂછડી ઝાટકા મારીને ખેંચે છે. પીઠની ઢીલી ચામડીથી ઉંચકી બિલાડીઓને હવામાં વીંઝે છે, તેમને ખૂબ માર મારે છે, અને આ બધાની એમના પર થનારી પ્રતિક્રિયાનું સૂક્ષ્મ અધ્યયન કરે છે. આ બધી પીડાકારી ક્રિયાઓના પ્રત્યુત્તરમાં તેઓ બિચારી ફક્ત કરૂણ સ્વરમાં મ્યાંઉ મ્યાંઉ કરીને રહી જાય છે.

એક વખત એક બિલાડીની પૂછડીને કોઈ ડોકટરી સાધન વચ્ચે પકડી એટલી હદ સુધી દબાવવામાં આવી કે લોહી ફૂટી નીકળ્યું અને જોરથી આક્રંદ કરતાં એણે પોતાને છોડાવવાનો પ્રયત્ન કર્યો હતો. જીવનના શેષ ૧૩૯ દિવસોમાં દર બીજા કે ત્રીજા દીવસે તેના પર આવા નિષ્ઠુર પ્રયોગો કરવામાં

આવેલા. આ પ્રયોગો સંબંધમાં એક મોટી મુશ્કેલી એ છે કે પ્રયોગો કરતી બધી જ સંસ્થાઓ એકમેકથી તદ્દન જ સ્વતંત્ર રહેવા ઇચ્છે છે. આથી તેમની વચ્ચે પરસ્પરની શોધો વિષે કોઈ આદાન–પ્રદાન તો નથી થતું, એ વિશે એમને સાધારણ માહિતી પણ મળતી તથી. આ મનોવૃત્તિને પરિણામે જ 'ક્રેટન યુનિવર્સિટી'માં કેટલાક કૂતરાઓને એક પ્રયોગ નીચે પૂરા પાંસઠ દિવસ સુધી ભૂખ્યા રાખવાને લીધે મરી ગયા, ત્યારે ખબર પડી કે ત્રણ વર્ષ પહેલાં એ જ સંસ્થામાં એ પ્રયોગ થઈ ચૂક્યો હતો. હમણાં જ અમેરિકન સરકારની 'વોલ્ટર રીડ' ઇસ્પિતાલમાં વાંદરાઓને થતી પીડાના ભાનના અધ્યયનની વ્યવહારિક પ્રણાલિકા જાણવા માટે એક પ્રયોગ કરવામાં આવ્યો હતો. આ પ્રયોગમાં નવ વાંદરાઓને બેહોશ કરી શસ્ત્રક્રિયાની મદદથી એમના મગજમાં પીડાનું ભાન કરાવનાર સ્થાન પર વિદ્યુત્ યંત્ર ગોઠવવામાં આવ્યાં હતાં. કેટલાંક દિવસો પછી એ વાંદરાઓને પૂર્ણ ચેતન અવસ્થામાં લોખંડની ખુરશીઓ પર બેસાડી એમના મગજમાં વીજળી પ્રવાહિત કરવામાં આવી. મળેલી માહિતી અનુસાર વીજળીના આંચકાથી થતી ભયાનક પીડાથી એ વાંદરાઓનાં મોં વિરૂપ થઈ ગયાં હતાં. બંને આંખો તેમણે જોરથી બંધ કરી દીધી હતી અને મોટે મોટેથી ચીસો પાડી હતી. યંત્રથી જકડાયેલ અસહાય પ્રાણી બીજું શું કરી શકે? એ વાંદરાઓમાં વિદ્યુત્ પ્રવાહ રોકવા માટે એક બટન દબાવી શકવા જેટલી ચતુરાઈ હોત તો તેઓ આ પીડામાંથી છૂટકારો મેળવી શકત. એકધારા છ કલાક સુધી ભયાનક દર્દ સહન કરીને કેટલાંક વાંદરા તો પેલું બટન દબાવવાનું શીખી ગયા હતા. પણ એના દંડ તરીકે નિર્દય સંશોધકે તેમને ભોજન, પાણી અને આરામથી વંચિત રાખીને એમની પર એકધારા ચોવીસ કલાક સુધી પ્રયોગો કરી એમને વળી વધારે યાતના આપી, પાછળથી આવા અમાનુષિક કૃત્યો માટે સરકારી પ્રયોગશાળાઓને દોષિત જરૂર ગણવામાં આવી. પણ ચિકિત્સા તથા શોધખોળ સંબંધી સંસ્થાઓના એટલાં જોર અને ધાક છે કે ત્યાં કંઈ પણ બને છતાં એ બાબતમાં શંકા ઉઠાવવાનું સાહસ કોઈનામાં નથી. (સંકલિત)

*

# ❋ પ્રસન્ન પળો ❋

### સં૦ : શ્રી મફતલાલ એફ. શાહ, બોરસદ

બીજાને પીડા આપવામાં જે આનંદ આવે છે તે સાચો આનંદ નથી હોતો, પણ દુઃખ ખરીદવાનો એક પ્રયોગ જ હોય છે.

ગર્વ, અહંકાર, સ્વાર્થ, લોભ, ક્રોધ, અજ્ઞાન આ બધાં એવાં તત્ત્વો છે કે પ્રત્યેક માનવીના પ્રાણમાં ઓછે વત્તે અંશે રહેતાં હોય છે જેના પ્રાણમાં આ તત્ત્વો વિશેષ હોય છે તે અવિચારના અંધકારમાં જ આથડતા હોય છે. પછી નારી હોય કે પુરૂષ હોય !

કર્મનો પ્રભાવ તો પ્રત્યેક પ્રાણીને ઝીલવો પડે છે. શું માનવી, શું દેવ કે શું તિર્યંચ....કોઇ પણ જીવ જગતમાં એવો નથી કે જે કર્મની અસર તળે ન હોય.

સગા, વહાલા, શિષ્યો, ભક્તો વગેરે દરેક વાતમાં ભાગ લઈ શકે છે. પરંતુ કર્મસંપત્તિનો ભાગ કોઈને આપી શકતો નથી કે કોઇ લઈ શકતું નથી.

જેના પ્રાણમાં કરૂણા હોય છે, તે ગમે તેના દુઃખને પોતાનું જ દુઃખ માની લે છે. ભક્તો, સંતો, મહાત્માઓ અને સત્ત્વશીલ આત્માઓ એથી જ કરૂણાના સાગર કહેવાય છે.

પૂ. વિજય દાનસૂરીશ્વરજી જ્ઞાન ભંડાર

# કલિકાલ સર્વજ્ઞની સાહિત્ય સુખડી

**પૂ. મુનિરાજ શ્રી મહાપ્રભાવિજયજી મહારાજ બોરસદ.**
**(પૂ. મુનિરાજ શ્રી દેવભદ્રવિજયજી મ.ના શિષ્યરત્ન)**

વિ. સં. ૧૧૪૫ની સાલમાં ધંધુકાનગરમાં કાર્તિકી પૂર્ણિમાના ઉજ્વલ મંગલ દિવસે જગતમાં એક તેજસ્વી રત્ન જન્મ ધારણ કરે છે, ને પોતાની દિવ્ય શક્તિ દ્વારા સમસ્ત સંસારમાં જે સંયમ, સાધુતા તથા શૌર્યની, જ્ઞાન, તપ, અને ત્યાગની તેજરેખા ફેલાવી વિશ્વજ્યોત બની ગયેલ છે, તે જ્યોતિપૂંજ મહાન જ્યોતિર્ધર કલિકાલ સર્વજ્ઞ આચાર્ય ભગવંત શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજના અપાર સાહિત્યસાગરને અવગાહન કરવાનો વિનમ્ર પ્રયત્ન લેખક પૂ. મહારાજશ્રીએ અહિં તે મહાપુરૂષ પ્રત્યેની પરમભક્તિથી કર્યો છે. સર્વ 'કલ્યાણ'ના વાચકો જરૂર આ લેખને વાંચે ને જ્યોતિર્ધર મહાન સૂરિદેવનાં વ્યક્તિત્વને ભાવભરી વંદના કરે !

વિશ્વની કાતીલ કાલિમાને કાપવાને પોતાના દૂધ શા ધવલ કિરણોથી આભ અને ધરતીને શુભ્રતાથી ભરી દેતા, તાપ તથા સંતાપથી સંતપ્ત સંસારને શાન્તિ સમર્પવાને ચંદન સરખા શીતલ પ્રકાશથી વસુંધરાને વિલેપન કરતા, નિલગગનમાં રહી નિજના ગુલાબી હાસ્ય વડે ચરાચર જગતને હસાવતા કાર્તિકી પૂર્ણિમાના શાન્ત સુધાકરના જ્યારે જ્યારે દર્શન થાય છે ત્યારે ત્યારે સ્વકીય સ્વાદિષ્ટ સાહિત્ય સુખડીની ઉદારતાથી લહાણી કરતા એક વિદ્વાન વિરાગી વિભૂતિ સસ્મિત વદને ઊભેલા દેખા દે છે, જેથી અકથ્ય આનંદની અનુભૂતિ કરતો આત્મા સાહિત્યભક્તિના ઉન્નત શિખરોની સહેલગાહે ઉપડે છે. નયનો સેંકડો વર્ષ પુરાણી તેજસ્વી તવારીખના પાને પાને પહોંચી જઈ એ દિવ્ય વિભૂતિના દર્શનમાં ધન્યતા અનુભવે છે. મન મતિ ને રસના એ સુખડીને સ્વાદવા તલસાટ કરે છે, હસ્તયુગલ દાન લેવા લંબાતાં વેંત જ શ્રુતિમધુર ટહુકાર શ્રવણ કરે છે. 'લો !....જગત અને જીવનનું જતન કરનાર આ મારી સાહિત્ય-સુખડી સર્વજનહિતાય ગ્રહણ કરો આને ખાઇ વાસનાની ભૂખને ભગાડી દેજો.'

પૂર્ણ સુધાકરના દર્શન થાય છે ત્યારે અનુભવાતાં આ અમર્યાદ આનંદનું કારણ....વિ. સં. ૧૧૪૫ ની એક પવિત્ર પૂર્ણમા (કાર્તિકી)ના ધન્ય દિવસે જન્મેલ ભારતના મહાન જ્યોતિર્ધર કલિકાલ સર્વજ્ઞ ભગવાન આચાર્ય શ્રી હેમચંદ્ર-સૂરીશ્વરની જીવન સ્મૃતિને તાજી કરાવતોપ્રતિ પુનમનો ચંદ્ર પ્રતીક બની રહે છે, એમહા-માનવે શિશુવયમાં જ સાધુજીવન સ્વીકારીને સ્વજીવનને ગુણો વડે મઘમઘતું કર્યું. અનેક દિવ્ય સિદ્ધિઓ હાંસલ કરીને સંસ્કૃત, પ્રાકૃત સાહિત્યના અઠંગ ઉપાસક બન્યા. સિદ્ધરાજ જયસિંહ તથા કુમારપાલ એ બે સોલંકી યુગના સમ્રાટ રાજવીઓને પોતાની વિરાટ વિદ્વત્તા અને વિશુદ્ધ ચારિત્ર દ્વારા પ્રભાવિત કર્યા. જયસિંહના સન્માન્ય વિશ્વાસુ મિત્ર બની કુમારપાલના પૂજાર્હ ધર્મગુરુ બનીને ગુજરાતમાં સાહિત્ય સંસ્કાર અને સત્ય ધર્મની આજીવન રેલમછેલ કરી એ સમર્થ સાહિત્યકાર સૂરિદેવે. બક્ષેલી કમનીય કૃતિઓ આજે પણ વિશ્વ-તખ્તા ઉપર ભારત–જૈનસંઘ–ગુજરાતની ગૌરવ ગાથા ગાઈ રહી છે.

**શ્રી સિદ્ધહેમ શબ્દાનુ શાસન** (વ્યાકરણ) સંસ્કૃત અને પ્રાકૃતાદિ ભાષાની જાણકારી

માટેનું મુખ્ય વાહન છે. આઠ અધ્યાયમાં સમાપ્ત થતા આના પ્રતિ અધ્યાયમાં ચાર ચાર પાદો અને પ્રતિ પાદને અંતે સિદ્ધરાજ સુધીના સોલંકી રાજાઓની યશોગાથા ગાતાં એક એક શ્લોક છે. સાતે અધ્યાયના સંસ્કૃત સૂત્રોની ઉણાદિ સૂત્રો સહિત કુલ સંખ્યા ૪૫૭૨ ની છે. પ્રાકૃતાદિ ભાષાના આઠમા અધ્યાયની કુલ સૂત્રસંખ્યા ૧૧૧૯ ની છે. આ સૂત્રોને સ્પષ્ટ સ્પષ્ટતમ સમજાવતું સવા લાખ શ્લોક પ્રમાણ વિવેચન છે.

સિદ્ધરાજની પ્રેરણા અને સહકારથી આચાર્ય ભગવંતે તે સમૂયના સર્વવ્યાકરણોના દોહન રૂપે સરલ, સુબોધ ને સુકુમાર નવીન વ્યાકરણની રચના કરી એ રાજયોગી અને આત્મયોગીની એકત્ર સ્મૃતિના સંગ્રહ કાજે સમયજ્ઞસૂરિશ્રીએ તેનું શુભ નામ સિદ્ધહેમ અંકિત કર્યું. ભૂપતિ સિદ્ધરાજે ભારે ભક્તિભાવથી તેને પૂજ્યું સન્માન્યું અને પોતાના રાજ્યમાં તેનો ધૂમ પ્રચાર કર્યો.

સત્તાશોખીન છતાં સંસ્કારપ્રિય એક રાજવીની રાષ્ટ્રભક્તિએ તથા સાધુતાના શોખીન છતાં પરોપકારપ્રિય એક જૈનાચાર્યની ધર્મભક્તિએ દૂધમાં સાકરની જેમ એક બીજામાં સમાઇ જઈ આ વિરાટ વ્યાકરણનું સર્જન કરીને તો ૧૧૯૩ ની વિશ્વ તવારીખમાં અજોડ અને અજેય વિક્રમ નોંધાવ્યો છે.

**લિંગાનુશાસનમાં** પુ. સ્ત્રી. અને નપુંસક શબ્દોના લિંગોનો નિર્ણય કરવામાં આવ્યો છે.

**કાવ્યાનુશાસનમાં** સૂત્ર પદ્ધતિથી કવિત્વ માટે પ્રતિભાની આવશ્યકતા, સાધનો, કવિઓના સિદ્ધાંતો, કાવ્યોના ગુણદોષ, અલંકારો અને રસો આદિની ચર્ચા છે. આજ વિષયનું વિશદીકરણ કરતી અલંકાર ચૂડામણિ ટીકા અને ટીકા ઉપર પણ વિવેક નામક વૃત્તિ છે.

**છંદાનુશાસનમાં** વક્તાએ નિજના વક્તવ્યને વહેતું કરતાં પહેલાં તેને શાર્દુલવિક્રીડિત, વસંત તિલકા, માલિની આદિ છંદોથી ગુંથી લઇ શાન્ત મધુર અને પ્રસન્ન ભાષામાં રજુ કરવું જોઈએ તેનું બ્યાન છે.

**વાદાનુશાસન** પ્રાયઃ નષ્ટ થઇ ગયું હોય તેમ લાગે છે.

**ધાતુપારાયણમાં** ભિન્નભિન્ન પ્રત્યયો લગાવીને ધાતુ ઉપરથી સિદ્ધ કરવામાં આવેલ શબ્દોના સમૂહને દર્શાવવામાં આવ્યો છે.

**અભિધાન ચિંતામણિ** અને દેશી નામ માલામાં અનુક્રમે સંસ્કૃત તથા પ્રાકૃત-અપભ્રંશ ભાષાના શબ્દોનો વિશાળ વારિધિ ઘૂઘવી રહ્યો છે.

**સંસ્કૃત દ્વ્યાશ્રય અને પ્રાકૃત દ્વ્યાશ્રયમાં** શ્રી સિદ્ધહેમથી સિદ્ધ કરાયેલા વેરવિખેર પડેલા શબ્દોને મનોહર માલા રૂપે ગુંથી લઈ–મધુર ભાષામાં સાર્થક કરવાની સાથે સાથે બન્ને વિભાગોમાં અનુક્રમે ધારાવાહી પદ્ધતિએ મૂલરાજથી સિદ્ધરાજ સુધીના અને કુમારપાલ સુધીના ચૌલુક્ય અવનિપતિઓનો યશસ્વી ઈતિહાસ આલેખાયેલો છે.

આ પ્રબંધમાં કુમારપાલ સિવાયના સર્વ રાજાઓ શૈવધર્મી હોવા છતાં આચાર્ય શ્રી એ સ્યાદ્વાદની ભવ્ય દૃષ્ટિથી તેઓને નીતિના પ્રવર્તક, રક્ષક ઉદાર પુણ્યશાલી નિરખી જે વિશેષણોથી બિરદાવ્યા છે, ઉદાર ઉપમાઓથી અલંકૃત કર્યા છે, તે તો જૈન ધર્મના આચાર્યોની વિશાળ દૃષ્ટિ અને ગુણાનુરાગનો ખ્યાલ આપે છે આ મહા કાવ્ય ઇતિહાસ અને વ્યાકરણ એમ બંનેના આશ્રય આધાર રૂપ હોવાથી દ્વ્યાશ્રય નામથી વિભૂષિત બન્યું. આના ઉપર શ્રી જિનેશ્વરસૂરિના શિષ્ય અભયતિલક ગણિવર્યે પ્રજ્ઞા પૂર્ણ સરલ ટીકા લખી છે. સિદ્ધ હેમનો અભ્યાસી ઉપર્યુક્ત સર્વ કૃતિઓનું જો અધ્યયન કરે તો જરૂર તેની પ્રતિ અને પ્રાતભા જબ્બર ઝળકી ઉઠે.

**ત્રિષષ્ટિ શલાકા પુરૂષ ચરિત્રમાં** ૨૪ તીર્થંકરો, ૧૨ ચક્રવર્તીઓ ૯ બલદેવો, ૯ વાસુદેવો, ૯ પ્રતિવાસુદેવો, ૬૩ મહા પુણ્યશાલીઓના જીવનનું કીર્તન તથા રામાયણ મહા-

ભારત આદિ અંતર્ગત થતી અનેક નાની મોટી રસિક કથાઓનું આલેખન છે, આના અનુસંધાનમાં એક પરિશિષ્ટ પૂર્વ છે. જેમાં મહાવીર પરમાત્મા પછી થઈ ગયેલા વજ્રસ્વામી સુધીના પ્રસિધ્ધ પ્રભાવક આચાર્ય ભગવંતોના ચમત્કારિ ચરિત્રોનું આલેખન છે

આ ઉદાર કાવ્યમાં શ્લોકે શ્લોકે અદ્વિતીય ઉપમાઓ, સુંદર અલંકારો, બોધદાયક કહેવતો અને જૈન તત્ત્વજ્ઞાનનો વિપુલ સંગ્રહ ભવ્ય ભાષામાં કંડારાયેલો છે, સામાન્ય જનો પણ હસતા હસતા વાંચન કરી શકે તેવો સરળ અને રોચક આ ગ્રંથ રચી સૂરિશ્રી સફલ સાહિત્યકાર તરીકે આગળ તરી આવે છે. લાખ્ખો વર્ષના ઇતહાસનો તાગ પણ આમાંથી સુલભ છે.

**યોગશાસ્ત્ર**માં સાધુજીવનના પંચ મહાવ્રત, શ્રાવકના સમકિત સહિત બારવ્રત દિનચર્યા, કષાય જય, મનો જય ભાવનાઓ, આસનો આદિ લોકોત્તર યોગો તથા પર શરીરપ્રવેશ, વાયુરોધ, નાડી સંસાર આદિ લૌકિક યોગોનું પદ્યની સુગમ ભાષામાં વિસ્તારથી સંકલન છે.

ધર્મજિજ્ઞાસુ કુમારપાલ ભૂપાલની વિનંતિથી આચાર્યશ્રી એ સિદ્ધાંતમંથનથી પ્રાપ્ત ધર્મ—નવનીતને આ શાસ્ત્રમાં ભરી દીધું છે. આનું અધ્યયન જીવનમાં પથરાયેલા અંધારપટોને ઉલેચી સત્ય માર્ગનું દર્શન કરાવે છે.

**મહાદેવ સ્તોત્ર**માં ભવબીજાંકુર સમા રાગાદિ દોષોથી રહિત ગુણોના ધામ- સમા પરમાત્માના વિશુદ્ધ સ્વરૂપની પ્રાર્થના છે.

**વીતરાગ સ્તોત્ર**માં પરમ તારક શ્રી તીર્થંકર દેવોની લોકત્તરતા પૂજ્યતા ઉપકારિતા, નિર્દોષતા, પુણ્યપુષ્ટતા, દેશના, દક્ષતા, મુક્તિદાયકતા આદિને નવાજવામાં આવ્યા છે. આ સ્તુતિમાં વિદ્વાન સૂરિદેવે બાલકના જેવી નિર્દોષતાથી વિનમ્ર બનીને ગદ્‌ગદિતહૈયે ભક્તિની ભાગીરથી વહાવી છે.

**અયોગ વ્યવચ્છેદિકા** ન્યાય, વૈશેષિક, સાંખ્ય, બૌદ્ધ, ચાર્વાક આદિ દર્શનોએ માનેલા તત્ત્વોમાં હિતબુદ્ધિથી ક્ષતિઓને દર્શાવતી અને સત્યમય સ્યાદ્વાદ તત્ત્વોનું અવગાહન કરવાનું ઉપદેશવાની સાથે સાથે શ્રી વર્ધમાન સ્વામીની સત્યવાદિતાની સ્તુતિ કરતી પહેલી દ્વાત્રિંશિકા છે. આના ઉપર શ્રી મલ્લિષેણ નામના આચાર્ય ભગવંતે સ્યાદ્વાદ મંજરી નામક સચોટ અને સુંદર ત્રણ હજાર શ્લોક પ્રમાણ ટીકા લખી છે. આ ટીકા ગ્રંથ આજે પણ જૈન ન્યાય ગ્રંથોમાં મૂર્ધન્ય સ્થાન ધરાવે છે.

**અન્યયોગ વ્યવચ્છેદિકા** વિવિધ વિશેષણોથી શ્રી વીરને સ્તવતી બીજી દ્વાત્રિંશિકા છે. આ બંને સ્તુતિઓમાં ઘણા દાર્શનિક વિષયો છે.

**પ્રમાણ મીમાંસા**માં અનેક દાર્શનિક વિચારોની ધારાઓ વહી રહી છે. પાંચ અધ્યાયમાં વહેંચાયેલા આ સૂત્રગ્રંથનો આજે દોઢ અધ્યાય જ મલે છે.

વર્તમાનમાં પ્રાપ્ત થતા આ ગ્રંથોની શ્લોક સંખ્યા નીચે પ્રમાણે છે.

(૧) સિધ્ધહેમ શબ્દાનુશાસન લઘુવૃત્તિ ૬૦૦૦, મધ્યવૃત્તિ ૯૦૦૦, બૃહદ્‌વૃત્તિ ૧૮૦૦૦, બૃહન્યાંસ ૮૪૦૦૦ ( પણ આજે આનો ૦૧ ભાગ પ્રાપ્ય છે )

અષ્ટમ અધ્યાય પ્રાકૃતવૃત્તિ ૨૨૦૦૦, ઉણાદિવૃત્તિ ૩૨૫૦, (૨) સટીક લિંગાનુશાસન ૩૬૮૪, (૩) કાવ્યાનુશાસન (બંને ટીકા સાથે) ૭૩૦૦, (૪) છંદોનુશાસન (સટીક) ૩૦૦૦, (૫) ધાતુ પારયણ (સવિવરણ) ૫૬૦૦, (૬) અભિધાન ચિંતામણિ (સટીક) ૧૦૦૦૦, અભિધાન. પરિશિષ્ટ ૨૦૪, અનેકાર્થ કોશ ૧૮૨૮, નિઘંટુ કોશ ૩૯૬, (૭) દેશીનામમાલા ૩૫૦૦, (૮) સંસ્કૃત દ્વ્યાશ્રય ૨૮૨૮, પ્રાકૃતદ્વ્યાશ્રય ૧૫૦૦, (૯) વેદાંકુશ ૧૦૦૦, (૧૦) ત્રિષષ્ટિ (પરિશિષ્ઠ સહિત) ૩૬૦૦૦, (૧૧) યોગશાસ્ત્ર (સટીક) ૧૨૭૫૦,

(અનુ. પાન ૯૫૩ ઉપર )

# જ્ઞાન ગોચરી

શ્રી ગવેષક

વિવિધ સામયિકો, પુસ્તકો તથા અન્યત્ર પ્રસિદ્ધ થયેલું, ઉપયોગી મનનીય, હળવું તથા જાણવા જેવું સાહિત્ય 'કલ્યાણ'ના આ વિભાગમાં અવાર-નવાર પ્રસિદ્ધ થતું રહે છે. જે માટે તે તે લેખકો, પ્રકાશકો ને સંપાદકોના આભાર સહ 'કલ્યાણ'ના વાચકોને જગતના અન્ય જાણવા જેવા અવનવા સાહિત્યથી પરિચિત રાખવાના અમારા આ પ્રયત્નમાં વાચકો અવશ્ય રસ લેતા રહે, ને જાણવા જેવું અમને જણાવે તે અમે વિનમ્ર ભાવે નિવેદિત કરીએ છીએ!

⊙

## ૧ : લુંટાઇ રહેલું ભારતનું રહ્યું સહ્યું ધન

હવે તો ભારતીય નટ-નટીઓ પણ હોલીવુડની નટીઓની જેમ નગ્ન પોઝ આપવા આતુર છે અને દિવસે દિવસે ખુલ્લા અંગોપાંગના વધુ ને વધુ દૃશ્યો આપ્યે જાય છે. નટીઓ માને છે કે આમ કરવાથી તેમને વધુ પ્રખ્યાતી તેમ જ નાણું મળશે. આવી ફીલ્મોને બહુ આવકાર મળશે એવી ખાત્રી છે. મતલબ જનતા તેને વખાણશે, તેવી ફીલ્મોની પાછળ ગાંડી બનશે, તેવી આશા ફીલ્મી કલાકારો, નિર્માતાઓ તેમ જ અન્ય સર્વ ફીલ્મ ઉદ્યોગ સાથે સંકળાએલા રાખે છે. જનતા, જનતાના આગેવાનો, વિચારક લોકો કે સત્તાવાળા કોઇ જ આવી ફીલ્મોનો વિરોધ કરતું નથી. અંદરખાને કોઈ કોઇને આવા દૃશ્યો અયોગ્ય લાગતા હશે તો પણ જાહેરમાં વિરોધ કરવાની કોઇ હિમ્મત કરતું નથી. રખે આપણે જમાનાની પાછળ ગણાઇ જઇશું, રખે આપણે નિરસ અને જુનવાણી ગણાઈશું. મોટા ભાગની જનતા વિરોધ ન કરતી હોય, એટલે વિરોધવાળાનો વિરોધ શમી જાય છે, તેની પાછળ ઘસડાય છે. પાંચ કોલેજીઅન મિત્રો હોય કે ઓફીસના સહકાર્યકરો હોય, તેમાંથી ચાર જણા ફિલ્મ જોવાનો નિર્ણય કરે તો પાંચમાને અંદરખાને ઈચ્છા ન હોય તો પણ સાથે જોડાવું પડે, જોડાય. આવા ચિત્રો ખુબ જ આકર્ષણ જમાવે છે અને જનતા તેને જોવા માટે ખુબ જ આતુર હે છે. આવા ચિત્રની એક એક મહિના અગાઉથી ટીકીટો ખરીદાઇ જાય છે અને મહિનાઓ સુધી ચાલે છે. તેના ગીતો ગવાય છે. રેકર્ડો વાગે , એટલું જ નહિ પણ યુવાન મિત્રોમાં તેની જ ચર્ચા થા છે.

ધર્મશાસ્ત્રો કહે છે કે, સ્ત્રીએ પુરૂષના અને પુરૂષે સ્ત્રીના અંગોપાંગ નીરખવાથી, રસપૂર્વક જોવાથી કામવાસના જાગ્રત થાય છે અને વિકારી ભાવો પેદા થાય છે. અરે જોવાથી શું, એકવાર જોએલું હોય તેનું ચિંતન કરવાથી પણ વિકાર પેદા થાય છે. માટે કામ વધે તેવી કોઈ સ્મૃતિ મન ઉપર તાજી કરવી નહિ. આજે તો મારા મિત્રો ચિત્રો જોઇ આવ્યા બાદ અંદરોઅંદર તેની ચર્ચા કરતા હોય છે. આજે સદાચારનો લોપ અને માનસિક, વાચિક, અને કાયિક વ્યભિચાર વધવા પામ્યો હોય તો તેનું એક કારણ ચલચિત્રો છે, એમ કહેવું અતિશયોક્તિભર્યું નથી. પર પુરૂષ અથવા પર સ્ત્રીના અતિશય પરીચયથી શું પરિણામ આવે છે તે આપણે જોઈએ છીએ.

અગાઉના આપણા પહેરવેશો મર્યાદાવાળા હતા, જેનાથી સ્ત્રીઓના કે પુરૂષોના અંગોપાંગ ઢંકાઇ રહે છે. શ્રમજીવી વર્ગની સાઠ વર્ષની બાઈ હોય તો પણ પૂરતો અંગોપાંગ ઢંકાય તેવો વેષ પહેરે પછી ભલે ચીંથરેહાલ હોય. આજે તો સીનેમાની રીતીઓ વ્યવહારમાં આવે છે. તેવા પોષાકો બનાવવા માટે દરજીઓને ફીલ્મમાં લઈ જવાય છે. ટુંકા, આછા, આરપાર દેખાય તેવા પહેરવેશો વધારે પસંદ કરાય છે, તે મર્યાદા ભંગ છે. આપણા દેશમાં જ નહિ, અગાઉ પરદેશમાં પણ મર્યાદાવાળા પહેરવેશો હતા. રાણી વિક્ટોરીયાના વખતમાં ત્યાં ઘણો મર્યાદાવાળો પોષાક હતો.

રાણીનું પોતાનું જ ચિત્ર જુઓ તો જણાશે કે પગથી માથા સુધી ઢાંકેલો પોષાક હતો. એકલો પહેરવેશ જ નહિ, પરતુ વર્તનમાં જે મર્યાદાનો ભંગ દેખાય છે તે ચલચિત્રોનું અનુકરણ નથી તો શું છે?

ભારતનું આ રહ્યું સહ્યું ધન લુંટાઇ રહ્યું છે. આર્થિક દૃષ્ટિએ ભારત ગરીબ છે, ઔદ્યોગીક દૃષ્ટિએ પછાત છે. બીજા ઘણા દુષણો, અસ્વચ્છતા, આળસ વ. ભારતના લોકોમાં ઘર કરી ગયા છે, કેટલાક ગરીબીને કારણે પણ હોય. વ્હેમ અને અજ્ઞાનતાના જાળા હજુ પૂરેપૂરા તુટ્યા નથી. પરંતુ ભારતના લોકોના શીલ, સદાચાર, ગૃહસ્થ-જીવનની મર્યાદાઓ ઉચ્ચ કક્ષાએ જળવાઇ રહી હતી. તે થોડા વર્ષોમાં નીચે આવતી જાય છે. જો તે તરફ દુર્લક્ષ સેવવામાં આવશે તો ભાંગીને ભૂક્કો થઈ જશે. દેશનેતાઓ પણ નટ–નટીઓને માનપત્ર આપે છે અને બહુમાન કરે છે. અને સમારંભોમાં પ્રમુખપદ શોભાવે છે. તેઓ કળાને ઉત્તેજન આપવાનો સંતોષ લે છે, પણ તે ખરેખર ઇચ્છનીય નથી. ભારતીય સંસ્કૃતિ અનુસાર નટ–નટીઓનો વ્યવસાય હલકો વ્યવસાય છે, કારણ ભારતીય સંસ્કૃતિ શરીરની સુચારૂતા, આર્થિક સદ્ધરતા, તેમજ બીજી કોઈ ચીજ કરતા સદાચારના સંસ્કારને ઉત્તમ ગણે છે.

**શ્રી ચીમનલાલ મણિલાલ** (દશાશ્રીમાળી)

❈

## ૨ : સામાન્ય અમેરિકન સ્રીનું જીવન

એક અમેરિકન આંકડાશાસ્ત્રીએ અમેરિકાની સામાન્ય સ્ત્રીઓના જીવન વિષે માહિતી એકઠી કરી, તેની નીચે મુજબ તારવણી પ્રગટ કરી છે :

સામાન્ય અમેરિકન સ્ત્રી પોતાના જીવનનાં ચાર વર્ષો નૃત્ય કરે છે.

૩ વર્ષ, ૮ મહિનાનો સમય ટેલીફોન પર વાતચીત કરવામાં ગાળે છે.

૫ વર્ષ પડોશીઓ સાથેની વાતચીતમાં વિતાવે છે.

સામાન્ય રીતે ૨૪મા વર્ષે લગ્ન કરે છે અને મહિનામાં બે વખત પતિ સાથે ઝઘડે છે.

આખી જીંદગીમાં તે ૩૦૨૭ વખત સિનેમા જુએ છે.

વરસમાં ઓછામાં ઓછી આઠ વખત પોતાની માને ત્યાં (પિયર) જતા રહેવાની ધમકી આપે છે, પણ એકે ય વાર જતી નથી!

અરેરે! આના કરતાં તો બીજા કોઈ યુવાનને પરણી હોત તો આના કરતાં તો સો દરજ્જે વધારે સુખી થઇ હોત! એવો વિચાર તે અસંખ્ય વાર કરે છે!

૪૮૨૭ જોડા અને મોજા ફરી ફરીને સાંધી સંધાવીને તે વાપરે છે.

એક વખત ઓછામાં ઓછું આંગળી પર હથોડી વગાડ્યા વિના તે ભીંતમાં ખીલો ઠોકી શકતી નથી અને છતાં પણ પોતે એક નંબરની સુગૃહિણી હોવાનો દાવો કરે છે!

❈

## ૩ : વિવિધ દેશના પ્રમુખોના પગારો

અમેરિકાના પ્રમુખને દર વરસે ૧૭.૫ લાખ ડોલર મળે છે.

પશ્ચિમ જર્મનીના ચાન્સેલરને દર વરસે ૩૦,૦૦૦ ડોલર મળે છે.

બ્રિટનના વડા પ્રધાનને દર વરસે ૨૭,૫૦૦ ડોલર મળે છે.

ડચ સરકારના વડાને ૧૫,૫૦૦ ડોલર મળે છે.

ઇટલીના વડા પ્રધાનને ૧૪,૭૫૦ ડોલર મળે છે. (આ ઉપરાંત ભથ્થું પણ મળે છે.)

દુનિયામાં સૌથી વધુ પગાર ફ્રાન્સના પ્રમુખને મળે છે. ફ્રાન્સની સરકાર તેમના પ્રમુખ ચાર્લ્સ દગોલ પાછળ દર વર્ષે ૪૧ લાખ ડોલર ખરચે છે.

❈

## ૪ : 'તમને કહી તેણે મને પણ કહી'

જુવાનજોધ દીકરીને લઇ ડોસી પરગામ જવા નીકળી. ગામ થોડું આઘું હતું. વૈશાખના દિવસો હતાં. ધરતી તાપથી ધમધમી ઉઠી હતી. 'લુ' વાતી હતી. આવા સમયે ડોસી એકની એક દીકરીને લઇ પરગામ જતી હતી.

માર્ગમાં દીકરીને કાંટો વાગ્યો. એણે ચીસ પાડી, ઘરડી માતા પહેલાં તો કંઈ સમજી નહિ, એટલે 'ઓ બેટી; તને શું થયું?' બોલી તેને વળગી પડી. પણ ખરી વાત જાણી ત્યારે તેણે એક ઝાડને ઓથે છોકરીને બેસાડી તેના પગમાંથી કાંટો ખેંચી કાઢયો. કાંટાની સાથે લોહીનાં બે-ચાર ટીપાં પણ નીકળી આવ્યાં.

ડોસી છોકરીને લઈ ઝાડ નીચે વિસામો ખાવા બેઠી. એટલામાં દૂરથી બે-ત્રણ ઘોડેસ્વારો આવતા દેખાયા. ડોસીને વિચાર આવ્યો. 'છોકરીને ઘોડા પર બાજુના ગામે મોકલી આપું તો કેમ? એ ખુબ થાકી ગઈ છે પગમાં પીડા પણ થઈ છે. બાજુના ગામે જઈ એ મારી વાટ જોશે. હું તો પાકટ કહેવાઉં, પણ આ છોકરીથી પીડા સહેવાશે નહીં.'

આમ વિચાર ચાલતો હતો એટલામાં તો ઘોડેસ્વારો પાસે આવી ગયા. ડોસીએ તેમને અટકાવીને પૂછયુ : 'ભાઇલા! કયાં જવું છે?'

'વેજપુર.'

'મારે પણ ત્યાં જવું છે.' ડોસીની આંખોમાં ચમક આવી. પછી તેણે કહ્યું : 'આ ડોસીનું કાંઈક સાંભળશો?'

'શું કહેવું છે?' એક જણે પૂછયું.

'અમે બહુ થાકી ગયાં છીએ. મારી તો ચિંતા નથી. હું તો ચાલી નાખીશ, પણ આ છોકરીને પગમાં કાંટો વાગ્યો છે, તેથી એને તમારી સાથે ઘોડા પર વેજપુર લઈ જાવ. ગામને પાદર ઉતારી મૂકજો, એના માસીનું ઘર પાસે જ છે ત્યાં એ ચાલી જશે. એટલામાં હું પણ આવી પહોંચીશ.'

ઘોડેસ્વારોએ એકબીજા સામે જોયું. ઘોડા થાકી ગયાં છે અને સખ્ત તાપ છે એમાં વળી આ ભાર કયાં ઉપાડવો?' એમ વિચારી ઘોડેસ્વારોએ 'ના' પાડી દીધી અને આગળ ચાલ્યા.

થોડેક ગયા પછી એક સ્વારના મનમાં વિચાર આવ્યો. 'છોકરી જુવાન છે. કોઈની સાથે પરણાવી દઇશું તો પણ પાંચસો-હજાર મળી જશે. આપણે ના શા માટે કહી?'

તેણે પોતાનો વિચાર બીજાઓને જણાવ્યો, તેમને પણ લાગ્યું. 'વાત સારી છે. કમાવાની તક મળી છે તો શા માટે ગુમાવીએ? છોકરીને ગુમ કરી દઈશું તો ડોસી શું કરશે? અરે એનું માનશે પણ કોણ?'

ઘોડેસ્વારોનાં મનમાં આ દુષ્ટ વિચાર આવતાં જ તેમણે પોતાનાં ઘોડાં પાછાં વળ્યાં. ડોસી પાસે હવે તેઓ મારતે ઘોડે આવવા લાગ્યા.

આ દરમ્યાન ડોસીના મનમાં પણ વિચાર આવ્યો : 'હું તે કેવી મુર્ખી છું કે મેં મારી છોકરીને આ જુવાનો સાથે મોકલવાની વાત કરી? જુવાનજોધ છોકરીને કોઇ અજાણ્યા સાથે મોકલાય ખરી? તેઓ એને ઉપાડીને કયાંક લઈ જાય તો?' ડોસીએ પ્રભુનો ઉપકાર માન્યો, કે તે એક મોટી આફતમાંથી ઉગરી ગઇ.

ઘોડેસ્વારો ડોસી પાસે આવી પહોંચ્યાં. એક જુવાને કહ્યું : 'ડોસીમા, તમારી વાત અમારા માનવામાં આવી છે. અમારાં ઘોડાં થાકી ગયાં છે, પણ હરકત નહિ. અમારામાંનો એક ચાલતો જશે. તમારી દીકરીને ઘોડા પર બેસાડી લઈ જઇશું. બેસી જા છોકરી આ ઘોડા પર...' એક સવારે કહ્યું.

'ના, ભાઈ. તમે તમારે સુખેથી જાઓ. અમે અમારૂં ફોડી લઈશું. વેજપુર હવે આઘું પણ કયાં છે? સાંજ સુધીમાં તો પહોંચી જઈશું.' ડોસીએ જવાબ આપ્યો.

'માજી, આ તો અમને તમારી દયા આવી એટલે પાછા આવ્યા. હવે તો અમે આ ચાલ્યા...'

'તો જાવની. હું કેટલી મૂર્ખી કે, તમને આવી વાત કરી? જુવાનજોધ છોકરીને કોઇ અજાણ્યાને સોંપાય ખરી? આજના જમાનામાં આવો ભરોસો ન થાય. એ એને વેચી પણ નાખે....!' અને ડોસી અટકી ગઇ.

ડોસીના આ શબ્દોથી ઘોડેસ્વારો ચમકી ગયા. તેમને નવાઇ લાગી, કે અમારા મનની વાત ડોસી કેવી રીતે જાણી ગઈ! તેમનામાંના એકે પૂછયું : 'માજી! અમારા મનની વાત તમે શી રીતે જાણી ગયાં? તમને કોણે કહી.'

ડોસીએ હસીને કહ્યું : 'તમને જેણે કહી તેણે જ એ વાત મને પણ કહી.'

આ સાંભળીને ઘોડેસ્વારો ચૂપ થઈ ગયા.

હૃદય-મન એ કેવો અજબ અને દૈવી અરીસો છે તે સત્ય આ પ્રસંગ પરથી સાબીત થાય છે.

## ૫ : ઊંચી ઇમારત

દુનિયામાં સૌથી ઊંચું બાંધકામ ૧૬૧૦ ફૂટ ઊંચો ટેલિવીઝન ટાવર છે. તે અમેરિકાના ન્યુ મેક્સિકો રાજ્યમાં રોસવેલ શહેરમાં આવેલો છે.

### બીજી ઊંચી ઇમારતો

| નામ | સ્થળ | ઉંચાઈ (ફુટમાં) |
|---|---|---|
| ૧ એમ્પાયર સ્ટેટ | ન્યુયોર્ક યુ. સ્ટેટ.. | ૧૪૭૨ |
| ૨ ટેલિવિઝન ટાવર | ટોકિયો, જાપાન | ૧૦૮૨ |
| ૩ ક્રિસ્લર | ન્યુયોર્ક યુ. સ્ટે. | ૧૦૪૨ |
| ૪ એફિલ ટાવર | પેરિસ, ફ્રાન્સ | ૯૮૪ |
| ૫ વોલ ટાવર | ન્યુયોર્ક યુ. સ્ટે. | ૯૫૦ |
| ૬ મેનહટન બેંક | ન્યુયોર્ક યુ. સ્ટે.. | ૯૨૭ |
| ૭ પ્રુડેન્શિયલ | શિકાગો, યુ. સ્ટે. | ૯૧૪ |
| ૮ આરસીએ | ન્યુયોર્ક, યુ. સ્ટે. | ૮૫૦ |
| ૯ એઝમાનહટન | ,, ,, | ૮૧૩ |
| ૧૦ ૫ન એમ | ,, ,, | ૮૦૮ |
| ૧૧ વુલવર્થ | ,, ,, | ૭૯૨ |
| ૧૨ સિટી બેંક | ,, ,, | ૭૪૧ |
| ૧૩ યુનિયન કાર્બાઇડ | ન્યુયોર્ક યુ. સ્ટે. | ૭૨૦ |
| ૧૪ ટર્મિનલ ટાવર | ક્લિવલેન્ડ ,, | ૭૦૮ |
| ૧૫ મેટ્રોપોલિટન | ન્યુયોર્ક ,, | ૭૦૦ |
| ૧૬ ૫૦૦ ફિફ્થ એવન્યુ | ન્યુયોર્ક ,, | ૭૦૦ |

## દુનિયાની વસતી વિશે જાણવા જેવું

વસતી વધારા વિરૂદ્ધ ગમે તેટલા જોરશોરથી પ્રચાર કરવામાં આવે તો પણ દુનિયા ભરની વસતી કૂદકે ને ભૂસકે વધી રહી છે. સંયુક્ત રાષ્ટ્ર-સંઘ તરફથી બહાર પાડવામાં આવેલા છેલ્લા આંકડાઓ પ્રમાણે દુનિયામાં દર વર્ષે ૬ કરોડ ને ૩૦ લાખ જેટલો એટલે કે ૨.૧ ટકાનો વસતી વધારો થાય છે. ૧૯૬૨ની સાલમાં, આ આંકડાઓ પ્રમાણે, દુનિયાની વસતી ૩,૧૩,૫૦.૦૦,૦૦૦ હતી.

### ભારત માટે સાંત્વનરૂપ

આમાંના કેટલાક મુદ્દાઓ એવા છે કે જેથી વસતી વધારાના હાઉથી ભડકતા ભારતના હૈયામાં હરખના શેરડા પડે. દુનિયામાં સૌથી વધુ ઝડપી વસતી વધારો ભારતનો નથી પરંતુ મધ્ય અમેરિકાના દેશોનો છે અને ભારતના પણ વસતી વધારાનું પ્રમાણ એશિયાના અન્ય દેશોની સરખામણીમાં ઊતરતું છે. મધ્ય અમેરિકામાં ૧૯૫૮ થી દર વર્ષે ૨.૯ ટકાના હિસાબે વસતી વધારો થતો આવ્યો છે. ભારતના પડોશી દેશોમાં એ આંક અફઘાનિસ્તાનનો ૩.૧ ટકા, સિલોનનો ૨.૭ ટકા પાકિસ્તાન ૨.૬ ટકા અને ભૂતાનનો ૧.૯ ટકા છે.

વસતીની ગીચતાના પ્રમાણમાં પણ ભારતનો નંબર ઘણો પાછળ છે. એ દૃષ્ટિએ પહેલો નંબર યુરોપમાં સ્વીટ્ઝરલેન્ડ પાસે આવેલા મોનાકોનો આવે છે. એના રાજ્યના બે ચોરસ કિલોમીટરના વિસ્તારમાં (એટલે કે ૧૦ ચોરસ ફર્લાંગ અથવા તો આખા અમદાવાદના ૩૦ મા ભાગના નાના વિસ્તારમાં-અમદાવાદના એક વોર્ડ કરતાં પણ અર્ધા વિસ્તાર) ૨૨,૨૯૭ લોકો વસે છે! એ પછીના ક્રમમાં આવે છે ચીનના કિનારે આવેલો પોર્ટુગલનો ટાપુ મકાઓ ( ૨ ચોરસ કિલોમીટર ૧૦૬૮૮), આફ્રિકામાં આવેલું સ્પેનનું મીલીલ્લા (દર ચો. કિ. ૬,૬૬૭), પશ્ચિમ જર્મની (૪,૫૩૨), સ્પેનીશ ઉત્તર આફ્રિકા (૪,૮૭૫) અને હોંગકોંગ (૩,૩૦૪) ભારતમાં વસતીની ગીચતાનું પ્રમાણ દર ચોરસ કિલોમીટરે ૧૪૮ છે.

### મુંબઈ પાંચમું અને ૧૧ મું

દુનિયામાં સૌથી મોટા શહેરોમાં ભારતના મુંબઈ અને કલકત્તાનું સ્થાન હજી પણ જળવાયેલું રહ્યું છે. એ રીતે દુનિયાના સૌથી મોટા શહેરોમાં ૪૪,૨૨,૧૬૫ ની વસ્તીવાળું મુંબઈ શહેર પાંચમું સ્થાન ધરાવે છે. એની પહેલાંના ચાર શહેરોમાં

પ્રથમ ટોકિયો (૮૬,૧૩,૦૦૦). અને તે પછી ન્યુયોર્ક (૭૭,૮૧,૯૮૪), શાંઘાઇ (૬૯,૦૦,૦૦૦) અને મોસ્કો (૬૩,૧૭,૦૦૦) છે. પણ આમાં પરાંઓના વિસ્તાર સાથે ગણતરી કરતાં કલકત્તાનો નંબર ૧૦ મો આવે છે. અને મુંબઇનો ૧૧ મો આવે છે. એ સવાય સૌથી મોટા શહેરમાં ન્યુયોર્કનો નંબર પહેલો (૧ કરોડ કરતાં વધારે) આવે અને પછીમાં ટોકિયો. લંડન, પારીસ, આર્જેન્ટીનાનું બ્યુનોસ એરીઝ, શાંઘાઈ, લોસ એન્જીલસ, મોસ્કો અને શિકાગો આવે છે.

### આપઘાત

આપઘાતના બનાવો ભારતમાં અને ખાસ કરીને ગુજરાત-સૌરાષ્ટ્રમાં વધુ બને છે. એ ખરૂં પરંતુ અન્ય દેશોમાં એ પ્રમાણ પણ ઘ વધારે છે. એ હિસાબે હંગેરીનો ક્રમ પહેલો આવે છે. દર ૧ લાખ વ્યક્તિએ ૨૪.૯ માણુસ એ પછીના ક્રમમાં (૨) ઓસ્ટ્રીઆ (૩) ફીન્લેન્ડ. (૪) ઝેકોસ્લાવેકીયા. (૫) પશ્ચિમ જર્મની. (૬) સ્વીટ્ઝરલેન્ડ (૭) જાપાન (૮) સ્વીડન. (૯) ડેન્માર્ક (૧૦) ફ્રાન્સ (૧૧) બેલ્જીયમ. (૧૨) દક્ષિણ રોડેશિયા. (૧૩) બ્રાઝીલ (૧૪) ઓસ્ટ્રેલિયા અને (૧૬) સિલોન આવે છે.

શહેરોની દૃષ્ટિએ સૌથી વધારે આપઘાતનું પ્રમાણ પશ્ચિમ બર્લિનમાં છે ૩૯.૫, મુંબઇમાં એ પ્રમાણ ૦.૫ છે.

દુનિયાની વસતીનો ૨૦ મો ભાગ એકલા ચીનમાં જ વસે છે. ત્યાંના જો કે સત્તાવાર આંકડાઓ ઉપલબ્ધ નથી પરંતુ એવી ગણતરી કરવામાં આવે છે કે ચીનમાં ૬૮ કરોડ કરતાં વધુ વસતી હશે.

સૌથી વધુ વસતીવાળા દેશોમાં એ પછી ભારતનો ક્રમ આવે છે. એની વસતી ૧૯૬૨ માં ૪૪,૯૦,૦૦.૦૦૦ હતી. ત્યાર પછી રશિયા (૨૨,૧૦,૦૦,૦૦૦) અમેરિકા (૧૮,૭૦,૦૦,૦૦૦) ઈન્ડોનેશિયા (૯,૮૦,૦૦,૦૦૦) પાકિસ્તાન (૯,૭૦,૦૦,૦૦૦) જાપાન (૯,૫૦,૦૦૦૦૦) બ્રાઝીલ (૭,૫૦,૦૦,૦૦૦) પશ્ચિમ જર્મની (૫,૫૦,૦૦,૦૦૦) અને બ્રિટન (૫,૩૦,૦૦,૦૦૦)નો ક્રમ આવે છે.

દુનિયાની કુલ વસતીનો એ તૃતીયાંશ ભાગ આ ૧૦ દેશોમાં જ વસે છે.

### અન્ય દેશોમાં હિન્દુઓ

ભારતની બહાર ૨૧ દેશોમાં થઇને કુલ ૧,૧૨,૮૬,૪૫૫ હિંદુઓ વસે છે. એમાં સૌથી વધુ (૧,૦૦,૦૧,૪૭૪) હિંદુઓ પાકિસ્તાનમાં વસે છે. એ સિવાયના દેશોમાં મોરેશીયસમાં ૩,૩૨,૮૫૭ ટ્રીનીડાડ અને ટોબાગોમાં ૧,૯૦,૪૦૩, બ્રિટિશ ગિયાનામાં ૧,૮૭,૪૩૨, ફીજીમાં ૧,૩૭,૨૩૨, યુગાન્ડામાં ૫૧,૦૩૩ ટાંગાનિકામાં ૩૪,૭૫૨ દક્ષિણ આફ્રિકામાં ૩૧,૧૬૫, કેનેડામાં ૧૧,૬૧૧, ઉત્તર રોડેશિયામાં ૫,૪૯૦, એડનમાં ૪,૭૮૬, મોઝામ્બિકમાં ૪,૭૫૧, થાઇલેન્ડમાં ૩,૪૮૩, દક્ષિણ રોડેશિયામાં ૩,૩૧૦, ન્યાસાલેન્ડમાં ૩,૦૧૦, ન્યુઝીલેન્ડમાં ૧,૫૯૭. જમૈકામાં ૧૮૧ અને ભુમધ્ય સમુદ્રમાં આવેલા સીસીલીમાં ૧૭૬ હિન્દુઓ રહે છે. (સંદેશ)

---

(અનુસંધાન પાન ૯૪૭નું ચાલુ)

(૧૨) વીતરાગ સ્તોત્ર ૧૮૮ (૧૩) મહાદેવ સ્તોત્ર ૪૪, (૧૪) અયોગ વ્યવચ્છેદિકા ૩૨, (૧૫) અન્યયોગ. ૩૨, (૧૬) પ્રમાણ મીમાંસા (અપૂર્ણ) ૨૫૦૦ આ સર્વ સાહિત્ય સૂરિશ્રીની સ્વયંભૂ રચના છે, અન્ય પણ અનેક કૃતિઓ તેઓશ્રીએ લખી હતી કિન્તુ કાલબળે તે વિનાશ પામી. આપણે તેના સ્વાદથી વંચિત રહ્યા.

કલિકાલ સર્વજ્ઞની શેષ રહેલી આ સાહિત્ય સુખડીને આસ્વાદી વાચક મિત્રો અંતરમાં ધર્મના પ્રકાશને પામો. શૌર્યશાલી ધર્મ પ્રભાવકો આચાર્યશ્રીની સમયજ્ઞતાનું દર્શન કરી ભૌતિકતાની ભીષણ આગ ભણી દોટ મૂકી રહેલા વર્તમાનના સત્તાસ્વામીઓને પોતાની મહાન વિદ્વત્તા અને ચારિત્ર દ્વારા દોડતા થોભાવી દે તેવું અધિકાધિક શૌર્ય પામો એ મંગલ કામના.

# —: સમતાભાવનું મૂલ—કર્મવાદનું ગણિત :—

શ્રી વસંતલાલ કાંતિલાલ ઇશ્વરલાલ—મુંબઇ

જ્યારે કોઇપણ વ્યક્તિ તરફથી આપણને દુઃખ પ્રાપ્ત થાય, ત્યારે આપણે સમજવું જોઇએ કે, મેં કોઇને દુઃખ આપ્યું હશે, તેનું જ આ પરિણામ છે, તેમ માનીને સમતાભાવમાં રહેવું જોઇએ એ હકીકતને અનુલક્ષીને ભ. શ્રી મહાવીરદેવના કઠપૂતનાના ઉપસર્ગનો પ્રસંગ લેખક કર્મવાદના ગણિતની શૈલીપૂર્વક અહિં ઘટાવે છે.

માઘ મહિનાની ઠંડી ભાલા અને ખંજરની તિક્ષ્ણ ધાર જેમ પ્રાણી માત્રને છોલી રહી હતી. ઉજ્જડ ચૈત્યના એક નિર્જન છેડામાં મધરાતે ભગવાન ધ્યાન શ્રેણીએ અવનવા સોપાન ચડી રહ્યાં હતાં. દ્રવ્ય, ગુણ, અને પર્યાયમાં રમમાણ હતાં.

ત્યાં તો ઉપર કાળા આકાશમાં વિકરાળ કઠપૂતના વ્યંતરીની લાલ બે આંખો ધુમકેતુની પૂંછડી જેમ ચમકી રહી. કઠપૂતના વ્યંતરી-ભગવાનના ખૂલ્લા દેહ પર વૈરભાવથી માઘ મહિનાની ઠંડીમાં પણ હિમ જેવા જળનો છંટકાવ કર્યો. એ છંટકાવ વધતો વધતો ચોધાર વૃષ્ટિમાં ફેરવાયો. ખૂલ્લો દેહ, માઘની અસહ્ય ઠંડી અને આ હિમવર્ષા! સહનશિલતાની કઈ ટોચ પર ભગવાનના પગલા હતા? ભગવાનના હોઠ પર એજ પ્રસન્નતાનું હાસ્ય, નેત્રોમાં એજ સમભાવ.

ખરેખર સમભાવ માત્ર શાસ્ત્રોમાં શબ્દો-રૂપે નથી, માત્ર મોટાઓની વાતો રૂપે જ નથી. જીવનની પ્રત્યેક ક્ષણમાં સમભાવ માટેની તક છે. જ્યાં જીવનની કઠીનતા વિશેષ ત્યાં સમભાવની તક વિશેષ. ભગવાનનું જીવન સમભાવનો મહાન પદાર્થ પાઠ છે. કોઈ તમને કનડશે. કોઈ પજવશે, કોઈ મુંઝાવશે,કોઇ તમને કચડી નાખવા આવશે. પણ મહાવીર કહે છે સમભાવ છોડતા નહીં. પ્રકૃતિના સર્વ બળો તમારા સમભાવને તોડી નાખવા આવશે પણ મહાવીર કહે છે પ્રકૃતિને તમારૂં હીર બતાવો, તમારી ધાતુ બતાવો. તમો મહાવીરની ધાતુના છો, જીતનારની ધાતુના છો.

કઠપૂતના વ્યંતરીનો એ શીત પરિષહ ભગવાને અવિચળ શાંતિથી અને અટલ આત્મ-બળથી શાંત કર્યો. એ આનંદઘનતા તૂટી નહીં. કારણ ભગવાન મહાવીર વર્ધમાન હતા. સતત વિકાસશીલ હતા. સિદ્ધ શિલા સિવાય તેમને કોઈ વિરામ સ્થાન ન હતું.

ભગવાનના સમભાવના મૂળમાં હતું કર્મ-વાદનું આ ગણિત! આ કઠપૂતના વ્યંતરી થોડાક પૂર્વભવ પહેલા ભગવાનની અણમાનીતી રાણી હતી. ભગવાને વિચાર્યું હશે કે અણ-માનીતી રાણીને મેં કેટલું દુઃખ દીધું હતું! તેના કોમળ હૃદયમાં ઈર્ષ્યાના કેટલા અંગારા મેં ચાંપ્યા હતા. માનીતી રાણીઓ પ્રત્યેની મારી પક્ષપાત ભરી વર્તણુકથી એ અણ-માનીતીની કેટલી નિદ્રાઓ મેં ચોરી હતી. કેટલી વાર તેની આંખોમાંથી અશ્રુઓ નિચોવ્યા હતા. એક કાળે મેં તેનું સુખ ચોર્યું હતું. આજે મારું સુખ ચોરવાનો તેને અધિકાર છે. તેને મેં દુઃખ આપ્યું હતું. આજે તેણે મને દુઃખ આપવાનો અધિકાર છે. પ્રકૃતિના વિરાટ રાજતંત્રમાં કોઈનું સુખ કોઇએ છીન-વાનો અધીકાર નથી. કોઈને પણ દુઃખ આપવાનો ય અધિકાર નથી.

કઠપૂતના વ્યંતરીની એ નિર્દય હિમવર્ષા મને પવિત્ર કરે છે પૂર્ણ કરે છે.

આ વિશ્વ એક વિરાટ પ્રયોગશાળા છે. જેમાં પ્રતિપળ શુદ્ધીકરણની મહા પ્રક્રિયા ચાલુ જ છે. એ પ્રયોગશાળાનું ધ્યેય છે, સર્વ જીવોને પવિત્ર અને પૂર્ણ બનાવવાનું. ભગ-વાનનો સમભાવ પરાકાષ્ઠાએ પહોંચતો ગયો. તેમને લોકાવધિજ્ઞાન ઉત્પન થયું. જ્ઞાન બહાર કયાંય નથી. નથી પુસ્તકોમાં, નથી બહારની વ્યક્તિઓમાં કે નથી વિશ્વના જડ પદાર્થોમાં! જ્ઞાન બહાર કયાંય નથી. જ્ઞાન છે, તમારા સ્તત્વના મધ્યબિંદુમાં! જ્યાં સમભાવની શીતળ શાંતિ છે. એકવાર અંતર ચક્ષુ ખોલો! અંતરદર્શન કરો! અંતર દ્વાર ખુલશે અને અને કોટિ કોટિ સૂર્ય સમા આત્મપ્રકાશમાં ત્રિલોક અને ત્રિકાળનું સર્વ રહસ્ય ખુલ્લુ થશે.

# સૌભાગ્ય કંકણ

**લેખક: મોહનલાલ ચુનીલાલ ધામી**

'કલ્યાણ'ની ચાલુ ઐતિહાસિક વાર્તા

**પૂર્વ પરિચય :** રત્નાકર શેઠના મુનિમ દેવદત્તની સૂચનાથી મંગલપુરના જિનદત્તશેઠનો પુત્ર જિનશેખર પોતાની બ્હેન શીલવતીનું સગપણ નક્કી કરવા નંદનપુર આવે છે, ને રત્નાકરશેઠના પુત્ર અજિતકુમાર સાથે શીલવતીનો વિવાહ સંબંધ જોડાય છે, ત્યારબાદ યોગ્ય દિવસે અજિતસેન જાન લઇને ર જઇ શીલવતી સાથે પાણિગ્રહણ કરે છે, ને જાન નંદનપુર પાછી વળે છે. શ્રીદેવી પોતાની પુત્રવધૂ શીલવતીને કુળ સૈભાગ્ય કંકણ પહેરાવે છે, ને શુભાશિષ આપે છે. **હવે વાંચો આગળ.**

## પ્રકરણ ૪ થું
## એક મધરાતે !

સૌભાગ્ય કંકણ ધારણ કર્યા પછી શિલવતીના હૈયામાં બળ ઉભરાયું, વદન પર તેજ પથરાયું અને નેત્રોમાં ચમક છલકાણી.

ધારણ કરેલાં સૌભાગ્ય કંકણ કલા અને રત્નોની દૃષ્ટિએ તો મૂલ્યવાન હતાં જ....પરંતુ કુળદેવીના સ્પર્શ વડે એ જેની કિંમત ન આંકી શકાય એવાં બની ગયાં હતાં.

શેઠના ભવનની બે પરિચારિકાઓ શિલવતીને આદરપૂર્વક ઉપરના મજલે આવેલા એક શયનગૃહમાં લઇ ગઇ.

હજી અજીતસેન મિત્રો વચ્ચે બેઠો હતો. આવા પ્રસંગે મિત્રો અનેક રસભરી વાતો કરતા હોય છે...કોઇ પરણેલા મિત્રો સ્ત્રી સાથે કેવી રીતે વર્તવું એ અંગેની શિખ પણ આપતા હોય છે...અને પોતાના જીવનની પ્રથમ રજનીનો મીઠો અનુભવ પણ કહેતા હોય છે.

જેમ બાળક જન્મે ત્યારે તેનું સહજ જ્ઞાન પણ સાથે જ જન્મતું હોય છે અને ક્ષુધાની નિવૃત્તિ અર્થે સ્તન્યપાન કરતું હોય છે...જેમ જેમ બાળક મોટું થાય તેમ તેમ તેનું સહજ જ્ઞાન પૂર્વના સંસ્કારોને અંગે વૃદ્ધિ પામતું જાય છે અને આ જીવે અનંત ભવથી ભવભ્રમણ કરેલું હોવાથી નરનારના સહજીવનનું જ્ઞાન પણ એને સહજ ઉપલબ્ધ થયેલું હોય છે.

અજીતસેનના એક મિત્રે શિખામણ દેતા કહ્યું : 'અજીત, સુંદર પત્નીને સંભાળવી એ સહજ કામ નથી. કેવળ પ્રેમ રાખવાથી સ્ત્રી જાતિને સંભાળી શકાતી નથી...કંઈક કડપની પણ જરૂર હોય છે.'

તરત જ બીજા એક મિત્રે કહ્યું : 'હવે ગાંડીયો થા મા. સ્ત્રી પ્રત્યે જેટલા કડક બનીએ તેટલી જ તે કઠોર અને મનચલી બને છે. સ્ત્રીને વશમાં રાખનારૂં વશિકરણ કેવળ માર્દવતા જ છે.'

ત્રીજા મિત્રે તરત આ વાતને ટેકો આપતાં કહ્યું : 'સત્ય વાત છે...કામશાસ્ત્રકારે પણ માર્દવ ભાવને જ વશિકરણ માન્યું છે. જે સ્ત્રી પોતાનું સર્વસ્વ પોતાના સ્વામીના ચરણમાં બિછાવતી હોય તે સ્ત્રી કોઇ પણ સંયોગોમાં તિરસ્કાર, તાડન કે ઉપેક્ષાને યોગ્ય નથી જ. જો પુરૂષ સ્ત્રી પ્રત્યે મમત્વ ન રાખે અથવા ઉપેક્ષાભાવ રાખે તો નારીનું સમર્પણ નિષ્ફળ જાય છે અને નારીના પ્રાણનું માધુર્ય વિકૃત બને છે.'

આ રીતે વિવિધ પ્રકારની વાતો સાંભળી રહેલો અજિતસેન મનમાં નવવધૂને મળવા માટે ખૂબ જ ઇંતેજારી સેવી રહ્યો હતો....પરંતુ ગુંદરીયા મિત્રો જાય ત્યારે શયનગૃહ તરફ જઈ શકાય ને !

અને આવા પ્રસંગે જો મનોભાવ કળાઇ જાય તો મિત્રો દુરાગ્રહી બનીને વાતોમાંને વાતોમાં રાત વિતાવી દે.

રાત્રિના બીજા પ્રહરની બે ઘટિકા વીતી ગઈ એટલે અજિતસેનની માતા શ્રીદેવી આ બેઠકમાં

આવ્યાં અને બોલ્યાં : 'કેમ અજિત....હજી જાગે છે ?'

એક મિત્રે ઉભા થઇને કહ્યું : 'આવો મા, અમે જરા વાતો કરીએ છીએ.'

'તમારી વાતોનો તો કદીયે અંત નહિં આવે....અને પ્રવાસનો શ્રમ હોવાથી સહુએ આરામ લેવો જરૂરી છે.' માતાએ આડકતરૂં સૂચન કર્યું.

તરત મિત્રો પણ ઉભા થયા અને માની હાજરી હોવાન કારણે વિનોદ-વ્યંગને મનમાં રાખી વિદાય લઇને ચાલતા થયા.

અજિતસેન પણ ઉભો થયો અને મિત્રોને દ્વાર સુધી વોળાવી કોઇ ન જાણે એ રીતે ધીરે ધીરે મેડી પર જવા સોપાન શ્રેણી ચડવા માંડ્યો.

શ્રીદેવી અન્યત્ર ચાલ્યાં ગયાં. એમના મનમાં પુત્રને કંઇક કહેવાની ભાવના થઈ હતી પરંતુ તેઓ કશું બોલ્યાં નહિં....કારણ કે તેઓને એક વાતનો વિશ્વાસ હતો કે પોતાનો પુત્ર શાંત, વિનયી અને સમજદાર છે !

શયનખંડના દ્વાર અટકાવેલાં હતાં....અંદર એકલી શિલવતી બેઠી હતી....પરિચારિકાઓ વિદાય થઇ ગઇ હતી અને નૂતન જીવનના મંગલાચરણ કેવાં થશે...જેમને કદી જોયા નથી એવા સ્વામીનો સ્વભાવ કેવો હશે....વગેરે અનેક વિચારો વચ્ચે શિલવતી એક ગાદી પર બેઠી હતી.

અજિતસેને આસ્તેથી દ્વાર ઉઘાડયું....રાહ જોઇ રહેલી શિલવતીએ તરત જ રત્નકિનારવાળી સાડીનો ઘુમટો ખેંચ્યો....

અને અજિતસેન જેવો ખંડમાં દાખલ થયો અને તેણે શયનગૃહનું દ્વાર અંદરથી બંધ કર્યું... કે તરત શિલવતી ગાદી પરથી ઉભી થઈ ગઇ....

અજિતસેને પ્રવાસના સમયમાં અને અહીં આવ્યા પછી પત્ની સાથે અનેક વાતો કરવાના તરંગો વિચાર્યાં હતા...ઉત્તમોત્તમ સંબોધનો પણ કંઠસ્થ કરી રાખ્યાં હતાં...પરંતુ ખંડમા ઘુમ્મટ વચ્ચે ચંદ્રવદન છૂપાવીને ઉભેલી પત્નીને જોતાં જ તેના બધા તરંગો જાણ્યે વાયુના કોઇ વંટોળ વચ્ચે સપડાઇને વેરાઇ ગયા.

તે પત્ની સામે મુગ્ધ નજરે જોઈ રહ્યો...લજ્જાના કારણે વદન પર સાડીનું આવરણ આવી ગયું હતું...પણ આ આવરણ અત્યારે વધારે આકર્ષક લાગતું હતું. પ્રિયાનું વદન નિહાળવાની તમન્નાને જાગૃત કરનારૂં આ આવરણ જાણ્યે ગાર શાસ્ત્રનું જ એક અંગ હોય એમ દેખાતું હતું.

થોડી પળોના મૌન પછી અજિતસેન કોઇ નવું સંબોધન યાદ કરી શકયો નહિં એટલે મૃદુ સ્વરે માત્ર એટલું જ બોલ્યો : 'શિલ...'

ઉત્તરમાં શિલવતી કશું બોલી નહિં પણ નજીક આવી સ્વામીના ચરણમાં નમી પડી.

તરત અજિતસેને કંઈક ધ્રુજારી અનુભવતાં પત્નીના બંને હાથ પકડી લીધા અને તેને ઉભી કરતાં કહ્યું : 'પ્રિયે, હું તારૂં હૃદય-મનથી સ્વાગત કરૂં છું.'

શિલવતી પંડિતા હતી....પક્ષીઓની ભાષા અને તિર્યંચના કેટલાક પ્રાણિઓની ભાષા પણ જાણતી હતી...આમ છતાં લજ્જાવશ તે કશું બોલી શકી નહિં.

તેની સખીઓએ તો ઘણી ઘણી વાતો કરી હતી અને પોતે પણ મનથી ઘણી વાતો ગોઠવી રાખી હતી...પરંતુ એ સમયે તેને કલ્પના નહોતી આવી કે પ્રથમ મિલનની મધુરતાને લજ્જાનું આવરણ રમાડવા આવતું હોય છે !

અજિતસેને અંબરની લાજ ઉંચી કરતાં કહ્યું : 'તારૂં સુંદર વદન નિહાળીને જ મને ધન્ય બનવા દે...'

શિલવતીએ સહજ ભાવે જરા મુખ ફેરવ્યું... પરંતુ તે પહેલાં જ અંબર ખસી ગયું હતું અને પોતે સ્વામીના ભુજબંધમાં સમાઈ ગઇ હતી.

પ્રિયાના અધર પર અધર ચાંપીને અજિતસેને કહ્યું : 'પ્રિયે, આપણે બંને એકબીજાથી સાવ

અપરિચિત છતાં આજ જીવનનો સથવારો કરીએ છીએ.'

શિલવતી કંઇ બોલી શકી નહિં...સ્વામીના અંકમાં મોઢું છૂપાવીને ઉભી રહી.

અજિતસેને પત્નીના વદનને પોતા સામે ફરતાં કહ્યું : 'મધુર વાણી સંભળાવીને મને ભીંજવવો નથી ?'

'આજ તો....

'કહે...લજ્જાનું કોઈ કારણ નથી.'

'આજ તો હું જ આપની મધુરવાણી સાંભળવા માગું છું.'

'આવ ત્યારે આપણે બેસીએ અને મન ખુલ્લું મૂકીને વાતો કરીએ' અજીતસેને કહ્યું.

બંને ગાદી પર બેસી ગયાં.

અજીતસેને પત્નીનો કંચનવરણો કોમળ હાથ પોતાના હાથમાં લઇને કહ્યું : 'મેં સાંભળ્યું છે કે તારો અભ્યાસ ઘણો ઉત્તમ છે.'

'આવું અસત્ય આપે ક્યાંથી સાંભળ્યું ?'

'તું આને અસત્ય કહે છે ?'

'હા...ઉત્તમ નહિં...એક સ્ત્રીને જેટલો જરૂરનો હોય તેટલો અભ્યાસ કર્યો છે.' મૃદુ મધુર સ્વરે શીલવતીએ કહ્યું.

'ખરેખર ઉચ્ચ અને સંસ્કારી આત્માઓ જ્ઞાનનો કદી ગર્વ કરતા નથી....'

'મેં પણ સાંભળ્યું છે કે આપે વ્યાપાર, કલા, શસ્ત્ર અને ધર્મશાસ્ત્રનો અભ્યાસ કર્યો છે.'

'નહિં પ્રિયે, એક વેપારીના પુત્રને જેટલો જરૂરનો હોય તેટલો જ અભ્યાસ મેં કર્યો છે. પણ મેં તો તારા માટે ખૂબ સાંભળ્યું હતું.'

'શું ?'

'તું પંડિતા છે..'

'પછી ?'

'ચતુર અને બુદ્ધિમતિ છે.'

'બીજું ?'

'સુંદરતામાં અપૂર્વ છે..'

'બહુ ખોટું...જે ગુણ આપનામાં છે તે જ આપને મારામાં દેખાયા છે. ગુણીજનો બીજાના અવગુણ સમે દૃષ્ટિ પણ કરતા નથી. આપ પણ એ રીતે મને મહત્વ આપી રહ્યા છો. પરંતુ હું તો કેવળ આપની દાસી જ છુ.

'નહિં શિલ, તું મારી હૃદયેશ્વરી છે...મારી પ્રિયતમા છે....મારી પાંખ છે...મારા જીવનની માધુરી છે...'

વચ્ચે જ શિલવતી બોલી ઉઠી : 'હાં....હાં.... તમે તો કવિ બની ગયા !'

'તને જોઇને કોણ કવિ ન થાય ?' કહી અજીતસેને પત્નીને પુન: એક ચુંબન ચાંપ્યું.

નવપરિણિતની પ્રથમ રજની ઊર્મિ, વાતો, ઉલ્લાસ અને મસ્તીમાં ક્યારે વીતી જાય છે તેની કલ્પના નવપરિણિતોને ભાગ્યેજ આવતી હોય છે.

રાત્રિનો ત્રીજો પ્રહર પુરો થઈ ગયો હતો. શિલવતીએ મધુર સ્વરે કહ્યું : 'ગવાક્ષ તરફ નજર તો કરો.'

'કેમ ?'

'રાત્રિનો ત્રીજો પ્રહર પુરો થઇ ગયો લાગે છે....કાંત્યસ કેટલો નીચો ગયો છે...? પછી...'

'જ્ઞાન સ્વયં પ્રકાશિત હોય છે. શિલ, ખગોળશાસ્ત્રનો પણ તેં અભ્યાસ કર્યો લાગે છે.'

શિલવતી તરત પડખું ફરી ગઇ.

અજિતસેને પ્રિયાને પોતા તરફ વાળતાં કહ્યું : એમાં શરમ શા માટે ?'

અને વળી નવી વાતો ઉભી થઇ.

અંતે શિલવતીએ કહ્યું : 'હવે આપ સૂઇ જાઓ...મારે તો હમણાં જ નીચે જવુ પડશે.'

અજિતસેને ગવાક્ષ તરફ જોયું અને કહ્યું : 'એહ ! હવે તો મારાથી પણ સૂઈ શકાશે નહિં.'

'કેમ ?'

'પ્રાત:કાર્ય આટોપીને મારે મંદિરમાં જવું પડશે.'

'સારૂં....' કહી શિલવતી પલંગ પરથી નીચે ઉતરી...

અને થોડીવાર પછી તે બહાર આવી.

હજી ભવનથી તે અજાણ ...પરંતુ એક પરિચારિકા ઉભી હતી. તે આદરપૂર્વક શિલવતીને નીચે લઈ ગઈ.

ઉષાઃના અજવાળાં ઉદય પામ્યાં હતાં.

જેમ પર્વનાં દિવસો સાંકડા ગણાય છે તેમ પ્રણયની રાતો પણ ટૂંકી થઇ પડે છે,

અને પાંચ પંદર દિવસ નહિ પણ મહિનાઓ વીતે છતાં નવજવાન હૈયાને કલ્પના જ નથી આવતી કે કેટલો સમય પસાર થઈ ગયો હશે !

શિલવતી અને અજિતસેનના લગ્ન પર છ છ માસના વહાણા વીતી ગયાં. ચોમાસાનાં દિવસો પુરા થયા અને શરદની સમીર લહરીઓ પૃથ્વી પર રમવા માંડી.

પત્નીથી અજિતસેન તો સંપૂર્ણ સુખી અને ભાગ્યશાળી બની ગયો હતો. એમ જ માનતો હતો કે સંસારનું શ્રેષ્ઠ નારીરત્ન પુણ્યોદયના યોગ વડે પોતે પ્રાપ્ત કરી શક્યો છે.

રત્નાકર શેઠ અને શ્રીદેવીના હૃદ પણ શિલવતી પ્રત્યે પ્રસન્ન રહેતાં હતાં. શ્રીદેવી તો એમ જ માનતી હતી કે કુળદેવીના પ્રસાદરૂપ સૌભાગ્ય કંકણની મર્યાદા શિલવતી બરાબર જાળવશે.

ઘરમાં વહુ અતિ રૂપવતી આવી હોય ત્યારે ઘરનાં બધા સભ્યોને હર્ષનો પાર રહેતો નથી.... એમાંય સાસુના પોરહનો તો છેડો જ આવતો નથી. ઉત્તમ કુળની કન્યા પ્રાપ્ત કરવી અને તે પણ રૂપ ગુણ અને વિનયથી સમૃદ્ધ બનેલી મેળવવી એ કંઇ નાનીસૂની વાત નથી.

શિલવતી પણ પોતાના શાંત, વિનયી અને પ્રેમાળ સ્વભાવથી સાસુનું હૈયું જીતવામાં ભાગ્યશાળી બની શકી હતી, તે હંમેશ વહેલી ઉઠતી... ઘરમાં દાસ દાસીઓ હોવા છતાં સાસુ માટેના પ્રાતઃકાર્યની સઘળી તૈયારી તેજ કરતી અને બંને વખત સાસુ સાથે પ્રતિક્રમણ કરવા બેસતી. એ સિવાય થોડા જ દિવસોમાં તેણે રસોઇગૃહની જવાબદારી સંભાળી લીધી હતી. સાસુએ કહ્યું હતું : 'બેટા, ઘેર રસોયા છે....માણસો છે તારે શા માટે આ શ્રમ કઠાવવો જોઇએ ?'

શિલવતીએ જવાબ આપેલો : 'બા, જે મમતાથી હું કાર્ય કરી શકું તે મમતા પાકશાસ્ત્રીઓમાં કયાંથી હોય ? વળી જો કંઈ કામ ન કરૂં તો પ્રમાદ આવે અને કાયા નબળી પડી જાય.

શ્રીદેવીએ વહુની આ વાતને ભાવપૂર્વક સ્વીકારી લીધી હતી.

એ સિવાય શ્રી જિનમંદિરના જળની, કાજાની અને બીજી વ્યવસ્થા પણ શિલવતીએ જ સંભાળી લીધી હતી, આ વખતે પણ શ્રીદેવીએ કહ્યું હતું : 'શિલ આ બધું કામ તો ગોઠી અને માણસો કરે જ છે.'

'ના બા...આવું કામ તો પુણ્યના યોગે જ પ્રાપ્ત થાય...આ કાર્યમાં આપ મને રોકશો નહિ.'

શિલવતીની આવી ભાવના જોઇને શ્રીદેવી અતિ પ્રસન્નચિત્ત બની ગઈ હતી.

આ રીતે આનંદ, ઉલ્લાસ અને હર્ષમાં છ માસ વીતી ગયા હતા....શરદના મંડાણ થઇ ગયાં હતાં....આસો માસનો કૃષ્ણપક્ષ ચાલતો હતો.

કૃષ્ણપક્ષની એક રાતની વાત છે. મધરાતનો સમય થયો છે. અજિતસેન થોડીવાર પહેલાં જ નિદ્રાધિન થઇ ગયો છે. આજ અષ્ટમી હોવાથી શિલવતી અલગ શય્યામાં સૂતી છે.

નીચેના બેઠક ખંડમાં રત્નાકર શેઠ સૂઇ રહેતા હતા અને બીજા અલગ ખંડમાં શ્રીદેવી, શેઠની વૃદ્ધ બહેન અને એક પરિચારિકા સૂઈ રહેતાં હતાં.

શિલવતીના શયનગૃહનું વાતાયન ખુલ્લું હતું. શિલવતી એકાએક ચમકીને જાગી ગઈ હતી. તેના કાન પર કંઈક દૂરથી આવતો શિયાળવા જેવો અવાજ અથડાઈ રહ્યો હતો. તે આસ્તેથી ઉભી થઇ અને વાતાયન પાસે ગઈ. સ્થિર મનથી તે અવાજ સાંભળવા માંડી...કેટલીક પળો પસાર થઈ... અને શિલવતી પોતાની પથારીમાં ન જતાં પહેરેલાં વસ્ત્રો સરખાં કરીને કોઈ જાગી ન જાય એટલી કાળજીપૂર્વક શયન ખંડનું દ્વાર ઉઘાડી બહાર નીકળી અને ખંડનું દ્વાર આસ્તેથી અટકાવી દીધું.

અરે, શિલવતી પ્રિયતમને સૂતા મૂકીને તું ક્યાં જાય છે?

પણ આવો સવાલ તેને કોઈ કરે એમ નહોતું... દાસદાસીઓ પોતપોતાના સ્થાને સૂઇ ગયાં હતાં...

શિલવતીએ ચારે તરફ નજર કરી....ત્યાર પછી સંભાળપૂર્વક અવાજ ન થાય તે રીતે સોપાન શ્રેણિ ઉતરવા માંડી.

સોપાનશ્રેણીના છેલ્લા પગથીયે બે પળ ઉભા રહીને તેણે ચારે તરફ નજર કરી.

નીરવ શાંતિ હતી...ભવનમાં સહુ પોઢી ગયા હતા...

નીચેનો બેઠક ખંડ અર્ધો ખુલ્લો હતો...પરંતુ રત્નાકર શેઠ સૂતા હતા...શિલવતીએ સાસુના ઓરડા તરફ નજર કરી....તે ઓરડો તો બંધ જ હતો. બે દાસીઓ ઓસરીમાં ઘસઘસાટ ઉંઘતી હતી.

શિલવતી સીધી પાણિયારા તરફ ગઇ. તેણે એક ખાલી ઘડો ઉઠાવ્યો અને....

પણ ઘડો ઉઠાવતી વખતે હળવો સંચર–અવાજ થયેલો અને એ અવાજ આજે અનિદ્રામાં અથવા તો પેઢીના કોઇ પ્રશ્નના વિચારમાં જાગતા શેઠના કાન પર અથડાયો. તેઓ ચમકયા...કોણ હશે?

તેઓ શય્યામાંથી બેઠા થયા. ખંડમાં તો દીપક હતો જ નહિ....બુઝવી નાખવામાં આવ્યો હતો પણ ઓસરીમાં એક દીપક ટમટમતો હતો અને તેનો આછો પ્રકાશ ફેલાઇ રહ્યો હતો.

શેઠ દ્વાર પાસે આવતાં જ ચમકીને ઉભા રહ્યા. શિલવતીને તેઓ ઓસરીના પગથીયાં ઉતરતી જોઇ શકયા. શેઠના મનમાં થયું અત્યારે મધરાત વીતી ગઇ લાગે છે ને શિલવતી હાથમાં ઘડો લઇને ઓસરીથી નીચે કેમ ઉતરી રહી હશે?

કૂતુહલને વશ થઇ શેઠ ખૂબ જ ધારીધારીને શિલવતી તરફ જોવા માંડયા.

શિલવતી ઉપવનની મુખ્ય રસ્તે ન જતાં ભવનના પાછળના ભાગ તરફ ચાલવા માંડી.

આ જોઇને શેઠના આશ્ચર્યનો પાર ન રહ્યો. તરત તેઓ બેઠક ખંડના વાતાયન પાસે ગયા.... જે વાતાયન ભવનના પાછળના ભાગમાં પડતું હતું.

શેઠે જોયું....કોઇ પ્રકારનો ભય કે ગભરાટ અનુભવ્યા વગર શિલવતી ભવનના ઉપવનના પાછલા ભાગમાં આવેલા એક નાના રસ્તા તરફ જઇ રહી છે.

શેઠના મનમાં થયું...બૂમ મારૂં અથવા પડકારો કરૂં....પણ કુતૂહલતાને વશ થયા હોવાથી તેઓ વાતાયનથી દૂર ખસી શકયા નહિ કે કશો અવાજ કરી શકયા નહિ.

અને જ્યારે રત્નાકર શેઠે જોયું...પાછળનો નાનો ઝાંપો આસ્તેથી ખોલીને શિલવતી બહાર નીકળી ગઇ છે ત્યારે તેમના આશ્ચર્યનો અને સંતાપનો પાર ન રહ્યો.

આવી રાતે શિલવતી કયાં ગઈ હશે? ઘડો લઇને શા માટે ગઇ હ ? શું કોઇનો સંકેતધ્વનિ સાંભળીને કોઈ પ્રેમીને મળવા હશે?

આ પ્રશ્ન મનમાં આવતાં જ શેઠને યાદ આવ્યું થોડી વાર પહેલાં કોઈ શિયાળ બોલતું હોય એવો અવાજ આવ્યો હતો. આ રીતે શિયાળની લારી શું કોઇ પુરુષે કરી હશે? શું શિલવતી આટલી સુંદર, અને શાંત હોવા છતાં અંતઃકરણમાં આટલી મેલી હશે?

અડધી રાતે એક જુવાન કુળવધૂને આ રીતે બહાર નીકળવાનું કોઈ બીજું કારણ સંભવતું નથી. અને જો કોઈ બીજું કારણ હોય તો ઘરમાં દાસદાસીઓ ઘણા છે.... શલવતી ગમે તેને જગાડીને તેને કામ ચીંધી શકે છે....અને વધારે શંકાસ્પદ વાત તો એ છે કે ભવનના મુખ્ય દ્વારેથી ન જતાં શિલવતી અવાવરા ઝાંપાના માર્ગે બહાર નીકળી ગઇ છે! બરાબર છે....જો તે મુખ્ય દ્વારેથી જાય તો ત્યાં બે રક્ષકો જાગતા જ બેઠા હોય છે... આમ ચુપચાપ જવા પાછળ બીજો કોઇ હેતુ સંભવતો નથી.

શેઠના હૃદયમાં આવા અનેક વિચારો આવવા માંડયા અને તેઓ શિલવતી કયારે પાછી ફરે છે તે જાણવા માટે વાતાયન પાસે જ ઉભા રહ્યા.

તેમની નજર પાછળના નાના ઝાંપા તરફ સ્થિર બની ગઇ હતી અને સમય પસાર થઇ રહ્યો હતો. (ક્રમશઃ)

# મનન મધુ

શ્રી પ્રકર્ષ

⊙

પોતાના જીવનનો ભાર બીજા પર નાંખીને જીવવાનું શીખવે એ સાચી કેળવણી નથી.

જીવનની હરકોઈ પરિસ્થિતિમાં મનની સમતુલા ગુમાવે નહિ એજ સાચો વિદ્યાવાન.

શક્તિની સમૃદ્ધિ આત્મામાં છે, દેહમાં નહિ.

વિધિનાં વિધાન ગહન છે. રંકને રાય ક્યારે બનાવે છે અને રાયને રંકની પાયરીએ ક્યારે ઉતારી દે છે એની લીલાને કોઈ પહોંચી શક્યું નથી.

મોટામોટા ઋષિમુનિઓ પણ ભાવિનો તાગ લઈ શક્યા નથી. વિધાતાના લેખ પર કોઇથી મેખ મારી શકાતી નથી.

જે ઘરમાં સાસુ અને વહુ વચ્ચે સુમેળ હોય છે એ ઘર સાચું નંદનવન બને છે.

અજ્ઞાનરૂપી ભયાનક નદી તરવા માટે સત્સંગ એક નાવડી જેવી છે, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ એ બધાયનું ભાથું એમાંથી મળી રહેશે.

સંયોગ અને વિયોગ એ પરસ્પર સંકળાયેલાં છે. અને એના નિયમ પર તો આ જગતનો ક્રમ ચાલી રહ્યો છે.

માનવીના આલોક અને પરલોક સુધારનાર ભક્તિમાર્ગ છે. એ રાહ પર ડગ ભરનાર પ્રવાસી અટવાતો નથી. સીધો પ્રભુના સાન્નિધ્યમાં પહોંચી જાય છે.

માનવજીવન તો તડકી-છાંયડીથી ભરેલું છે. સુખ આવે ત્યારે છકી ન જવું અને દુઃખ આવે ત્યારે હિંમત ન હારવી એ જ્ઞાનીનું લક્ષણ છે.

જન્મ-મરણના ફેરામાંથી છૂટવું હોય તો સાચું શરણું પ્રભુનું શોધવું રહ્યું. સ્વર્ગનું સુખ પણ એની પાસે તુચ્છ છે.

ભવસાગર તરવા માટે તો માનવદેહ રૂપી નાવડી મળી છે. સદ્ગુરૂને જે નાવિક બનાવે છે, અને પ્રભુનામ સ્મરણના સઢ જે છૂટા મૂકી દે છે એનો બેડો પાર થઈ જાય છે.

માનવદેહ પ્રાપ્ત કર્યાં છતાં જે સંસારના જન્મ-મરણ તરવાનો પ્રયત્ન નથી કરતો એના અત્યાર સુધીના બધા ય જન્મો મિથ્યા છે.

જીવ પર ભક્તિનો રંગ ચઢાવવો હોય તો સત્સંગના પ્રવાહમાં એને ઝબકોળવો જોઇએ. તો જ જન્મોજન્મથી જીવને લાગેલો માયાનો રંગ દૂર થશે.

સામાને ખોટું ન લાગે અને એને અણગમતી વાત આનંદપૂર્વક એના ગળે ઉતારી દેવી એ ય એક વિશિષ્ટ પ્રકારની કળા છે.

સ્વભાવનું ઓસડ નથી. પૂર્વજન્મના સંસ્કાર અનુસાર બુદ્ધિનું ઘડતર થાય છે. સારૂં થવાનું હોય તો સદ્બુદ્ધિ એને પ્રેરણા આપે છે. ખરાબ થવાનું હોય તો કુબુદ્ધિ વિનાશ તરફ ઘસડી જાય છે.

સંતને મન માન-અપમાન બંને સરખાં હોય છે પોતાના નિંદકોને પણ એ એટલા જ પ્રેમથી ચાહતા હોય છે.

ચોરાશી લાખ યોનિમાં ભટકયા પછી આવો દુર્લભ માનવદેહ, પ્રાપ્ત થયો છે. સંતો જ એનો ઉપયોગ કરી જાણે છે. જીવન જીવવાની સાચી કલા સંતોએજ સાધી છે.

સદા ય સ્વાર્થમાં રચ્યા-પચ્યા રહેતા દુર્જનોનાં હૈયાં અશાન્તિની આગમાં શેકાતાં હોય છે.

'આત્મા સો પરમાત્મા.' આપણો અંતરાત્મા જાગ્રત હશે તો એ આપણને

આડા માર્ગે જતાં પળે પળે રોકશે, અંધારઘેરા વિકટ માર્ગમાંય અંતરાત્માનો અવાજ પ્રકાશ કેડી પાથરે છે.

**માયા** જ સઘળાં દુઃખનું કારણ છે એમ સમજનારા જ્ઞાનીઓ સહેજે આ સંસાર તરી જાય છે.

**શુભ** અને અશુભ કર્મના તાણુવાણુ વચ્ચે અટવાયેલો જીવ એ તાણુવાણુ વચ્ચે વધુ ને વધુ ગુંચવાતો જ જાય છે.

**આ** સંસાર તો ભાતભાતના લોકોથી ભરેલો છે. એમાં સંતો પણ છે. અને અસંતો પણ છે. વિવેકબુદ્ધિથી એમને પરખી લઇ એમની સાથે વ્યવહાર કરવો.

**સં**સાર-સાગર તરીને પ્રભુપ્રાપ્તિની મંઝિલે પહોંચવા માટે જ માનવતાનો પૂલ રચાયો છે.

**માન**વશરીર એ જ પ્રભુના પ્રદેશમાં પ્રવેશવાનો દરવાજો છે.

**મહા**પુરૂષોના ચરિત્રો સાંભળવા જેનું હૈયું દ્રવતું નથી એ પાષાણહૃદયી છે. આવા માણસો કેવળ ધરતીને બોજારૂપ જ હોય છે.

**સાચું** સુખ તો નિજાનંદની મસ્તીમાં છે. વિષયસુખ એ અંતે તો મનકલેશ પમાડનારાં મહાદુઃખ જ છે

**જીવન** સમસ્તમાં એક જ વાર આવતું યૌવન અસંયમી ઉપભોગ દ્વારા વેડફી દેવું નહિ, સંયમ દ્વારા જીવન-ભાતું ભરી લેવાની તક આપવા માટે આવે છે.

**કોઇની** ય સાથે વેર બાંધ્યા વિના, કોઇનાય ઉરને આંચ આપ્યા વિના, નિર્મળ, કોમળ અને સરળ જીવન જીવી જવું એ પણ એક અદ્દભુત જીવન કલા છે.

**જીવ**નની અસહ્ય વેદનાને હળવી બનાવવાનો એકમાત્ર ઉપાય આ છે :

હસતાં હસતાં સહેવું ને સહેતાં સહેતાં હસવું.

**અહં**કારની આંધિમાં અટવાશો તો, સાતમા આસમાને પહોંચ્યા હશો તોય ભોંય પછડાશો.

**મન**ના ઉકરડાને સુવિચારના પાવડાથી દૂર કરીએ તો જ સુઘડતા, સ્વચ્છતા અને સ્વસ્થતા સ્થપાય.

**અહં**ની વૃદ્ધિ હોય ત્યાં બુદ્ધિની શુદ્ધિ કે જીવનની સંશુદ્ધિ ન હોય.

**વ**ખત અને વસ્તુનો સમજભર્યો સદુપયોગ સંસારને સ્વર્ગ બનાવે.

**‘આજે** છું એના કરતાં કાલે વધુ સારો થઇશ.’ એવો સંકલ્પ કરીને જ જીવનડગ ભરજો.

---

## --: પ્રસન્ન પળો :--

**જે** જીવને ધર્મ પ્રત્યે ભાવના હોય છે તે જીવને ધર્મચર્ચામાં ઘણો જ આનંદ પડે છે. જ્યાં ધર્મચર્ચા હોય ત્યાં વિતંડાવાદ કે મારા તારાના પૂર્વગ્રહો હોતા જ નથી. કારણ કે ધર્મ એ એક વ્યાપક તત્ત્વ છે, અને એ તત્ત્વ દ્વારા જ જ્ઞાનનો પ્રકાશ પ્રાપ્ત કરી મુક્તિની માર્ગરેખા અંકિત કરી શકાય છે,

**માન**વી ભૂલ કરી નાંખે છે, પરંતુ ભૂલને સમજ્યા પછી સજ્જનો ભૂલનું સંશોધન જ કરે છે, અને પશ્ચાતાપથી જીવનને ભૂલ વગરનું નિર્મળ બનાવવાનો પ્રયત્ન કરે છે.

**સં**સારમાં કોઈ પણ સમજદાર પ્રાણીએ વૈરભાવ ન રાખવો જોઇએ. એવો સંસ્કૃતિનો આદર્શ હોવા છતાં માનવી જ્યારે ઈર્ષા અને વૈરના ઘરમાં પગ મૂકે છે ત્યારે તેનું હૃદય સંસ્કૃતિના પ્રકાશને જોઈ શકતું નથી.

**દ**રેક માનવી પાસે બે બળ હોય છે, આત્માનું અને દેહનું. જે માણસો માત્ર દેહના બળને જ ધ્યેય માનતા હોય છે તે માણસો કદી પણ પરમ સુખ માણી શકતા નથી અને જે માણસો આત્માના બળને ધ્યેય માનતા હોય છે. તેને દેહનાં કે બીજાં કોઈ દુઃખો સ્પર્શી શકતાં નથી. તેને તો દુઃખમાં પણ પરમ સુખની જ અનુભૂતિ પ્રાપ્ત થતી રહે છે.

સં૦ **શ્રી મફતલાલ એફ. શાહ બોરસદ**

# અનોખું બલિદાન

## શ્રી મુક્તિદૂત

જ્યારે આજે ભારતમાં ચોમેર હિંસના ઘોર તાંડવો નાચી રહ્યા છે, ત્યારે અહિંસાના ભવ્ય આદર્શ કાજે નિર્વંશપણાના શ્રાપનો સહર્ષ સ્વીકાર કરી, પોતાના પુત્રનું હર્ષપૂર્વક સ્વેચ્છાયે મૃત્યુ અમંત્રનાર કુલથી નીચ પણ હૃદયથી ઉંચ એવા માનવના મૂક અને અનોખા બલિદાનની સત્ય કથા ગુજરાતના એક ઉગતા કલાકાર ને લેખકની ભવ્ય શૈલીયે 'કલ્યાણ' માટે ખાસ લખાયેલી કથા અહિં આલેખાઇ રહી છે. કથાનો બીજો હપ્તો આગામી અંકે પ્રસિદ્ધ થશે.

ખારાપાટ મેદાનો છે.

વચ્ચે થોડું મોટું કહેવાય એવું એક ગામ છે. ગામની વચ્ચે એક ચોક છે, ને ચોકની જમણી બાજુ એક નાની એવી ગલી છે.

ગલીની વચ્ચે એક જુનો પુરાણો પીપળો છે.

પીપળાની નીચે એક ચોતરો છે. ને ચોતરા પર એક દેરી છે.

એ નાની એવી દેરીમાં ભારે જોરાળી એક દેવી બેઠી છે. લોકો એને 'મેલડી મા'ના નામે ઓળખે છે.

ન હિન્દુ ને ન મુસલમાન ગણાય એવી કામળીયા નામની જાત!

એ દેવીને પૂજે ને શબને દફનાવે. એમની આ ઉપાસ્ય દેવી!

કામળીયા જાતનો વિઠલ પૂજારો એનો ભૂવો. દેવી પર એને ભારે આસ્થા. રોજ સાંજે દેરીમાં ધૂપ કરે....દીવો કરે....ને દેરીને એ સાફસૂફ રાખે.

નવરાત્રિમાં નવ દિવસ દેવીની સામે હોમ હવન કરે. નવે દિવસ ધૂણે. એ વખતે એના શરીરમાં 'મેલડી મા'નો પ્રવેશ થાય. કેંકના ભૂત ભવિષ્ય ભાખે. આવું આવું કેટલુંય કર્યા કરે.

વિધાતાએ જાણે અષાઢના કાળા ભમ્મર વાદળના એક દળમાંથી નીર્મ્યો ન હોય એવો કાજળના પુંજ જેવો કાળો વિઠલાનો દેહ! પાછો જેવો કાળો તેવો જ કદરૂપો, રંગને રૂપ બેયનો મજાનો સુમેળ!

રાતના અંધારામાં એ ભેટી ગયો હોય તો એના કાળા ડિબાંગ દેહને જોઇને કોઈ અજાણ્યો તો એને ભૂત જ સમજી લ્યે.

વિઠલ પૂજારીના રૂપરંગ ભલે કાળા હતા. કદરૂપા હતા....પણ એનું અંતર તો ભારે રૂપાળું હતું. એનું હૃદય માખણના પિંડમાંથી ન બનાવ્યું હોય એવું પોચું હતું.

સ્વભાવનો સ્હેજ આકરો, પણ નિખાલસ હતો....ભોળો હતો, અને દિલનો દયાળુ હતો. કોઈ દિવસ કોઈને પણ વગર કારણે ન પીડે.

એનાં અંતરનું એ સુંદર રૂપ એની પત્ની ન પારખી શકી. પણ વિઠલનો શ્યામ ભયંકર દેખાવ....કુત્સિતરૂપ કાંટાની જેમ એનાં હૃદયને ચૂભી જતું. એની આંખોને કણાની જેમ ખૂચી જતું.

વિઠલો એની પત્ની ઉપર અત્યંત પ્રેમ રાખતો....ઘણું વ્હાલ દેખાડતો, પણ એની પત્નીને તો એ કદરૂપો પતિ દીઠો યે ન ગમતો. એના અંતરમાં વિઠલા માટે જરાયે પ્રેમ ન્હોતો.

**એનાં અંતરનું એ સુંદર રૂપ એની પત્ની પારખી ન શકી,**

## એ નારીના હૃદયમાં રમતા કુટીલ ભાવને ન જોઈ શકયો.

હા! બહારથી તો તે ખૂબ જ પ્રેમ દેખાડતી હતી.

અને ભોળો ભાલો વિઠલો....! એ એના બનાવટી પ્રેમને ન પારખી શકયો. એ નારીના હૃદયમાં રમતા કુટીલ ભાવને ન જોઈ શકયો.

એ તો બિચારો પોતે જેવો હૃદયથી સાચો પ્રેમ કરતો હતો, તેનું જ પ્રતિબિંબ પત્નીના પ્રેમમાં જોતો હતો.

જ્યારે એની પત્ની....?

એ તો એનો ઘાટ ઘડી નાંખવાનો વિચાર કર્યા કરતી હતી.

નાતરિયા જાત એટલે ધણી મરે તો બીજી જગ્યાએ નાતરૂં થઇ શકે....અને એટલે જ વિઠલાની પત્ની એને પુરો કરી નાખવાનો લાગ શોધતી હતી.

એને આ કદરૂપો ધણી ગમતો ન્હોતો. એને તો કળાયેલા મોર જેવો રૂડો રૂપાળો વર જોઇતો હતો.

અને ?

એક દિવસ વિઠલાનો અંત કરવાની એક યોજના એણે ઘડી કાઢી, એના અમલ માટે અનુકુલ સમયની તે પ્રતીક્ષા કરવા લાગી.

(૨)

ગ્રીષ્મઋતુના અંતિમ દિવસો હતા. વર્ષાઋતુના આગમનને હવે વધારે સમય ન હતો.

ગગનના માર્ગે વાદળની વણઝાર ચાલવા માંડી હતી. પાણીની પોઠો ભરી ભરીને જાણે દૂર દૂરના પ્રવાસે ન નીકળી હોય ?

બપૈયા જલની આશાએ ડોક ઉંચી કરીને કાતર સ્વરે જલની યાચના કરતા હતા. મોરના વૃન્દ ટેહૂંક!!! ટેહૂંક!!! કરીને જાણે એ વણઝારનું સ્વાગત કરી રહ્યા હતા.

ખેડુતો ખેતર ખેડવા જઈ રહ્યા હતા. બળદોનાં ગળામાં બાંધેલી ઘંટડીઓ આમથી તેમ ડોલતી હતી....પરસ્પર અથડાઇને હવામાં મધુર રણુકાર પેદા કરી રહી હતી. અને જાણે જગતને કહી રહી હતી :

'તમે સંસારના સંઘર્ષોમાં અથડાઓ તો પણ અમારી જેમ મધુર રણકાર કરજો. વાતાવરણમાં આનંદની લહેરો પેદા કરજો. પણ કલેશને કંકાસના બસૂરા તાલ ન બજાવશો.'

વિઠ્ઠલ પૂજારાને પણ ઘરે ખેતી હતી. તેથી એ પણ ખેતી કરવા વ્હેલી સવારે ખેતર ખેડવા ઉપઠી જતો. અને રોજ એની પત્ની બપોરે ભોજન ટાણે ભાત લઈને ખેતરે જતી.

આ તો દરરોજનો સ્વાભાવિક ક્રમ હતો.

થોડા દિવસ થયા. અને એક દિવસ લાગ જોઈને વિઠલાની સ્ત્રીએ પોતાની યોજના અમલમાં મૂકી.

વિઠલો તો વ્હેલે પરોઢીએ ખેતરે ઉપડી ગયો હતો. ઘરમાં એ એકલી હતી. એની યોજનામાં અંતરાય કરનાર કોઈ ન હતું.

કેવી હતી એ યોજના....?

યોજના સીધી સાદી છતાં અતિ ક્રૂર હતી....અસહ્ય યાતનાપૂર્ણ હતી....એણે વિઠલાના ભાતમાં કાચનો ભૂક્કો ભેળવવાનું નક્કી કર્યું હતુ.

ઝેર ભેળવે તો શરીરના ફેરફારથી કદાચ કોઈ બીજો પણ જાણી જાય. અને પોતે પકડાઈ પણ જાય....

....જ્યારે કાચ....! એની ખબર તો બીજાને કયાંથી પડે? ખાનારનાં આંતરડાં અંદરથી જ ચીરાઈ જાય.....અલ્પ સમયમાં જ ક્રૂર અસહ્ય યાતના ભોગવીને માણુસ મૃત્યુની

**વિઠલાનો અંત કરવાની એક યોજના એણે ઘડી કાઢી.**

ગોદમાં પોઢી જાય. મૃત્યુનું ખરૂં કારણ તો જે જાણતો હોય એજ જાણે.

અને વિઠલો કાંઈ મોટો માણસ ન્હોતો કે એના શરીરનું પોસ્ટમોર્ટમ થાય....એકસ રે તપાસ થાય....જેથી મૃત્યુનું ખરૂં કારણ પકડાઈ જાય. વિઠલાની સ્ત્રી પોતાની ચતુરાઈ પર મનમાં મલકાઈ ઉઠી.

ઓહ ! કેવી ભયંકર નારી !

જેણે ઉરના અમૃત પાયાં છે. જે પોતાના ઉપર અત્યંત સ્નેહ રાખી રહ્યો છે. જેણે અનન્ય વિશ્વાસથી એને પોતાનો સમસ્ત સંસાર સોંપી દીધો છે. જે એ નારીને જ પોતાનું સર્વસ્વ સમજી બેઠો છે. તેનો....તે પતિનો જ નાશ....સર્વનાશ કરવા એ આજે તૈયાર થઈ હતી. પોતાના ક્ષુદ્ર સ્વાર્થ ખાતર એના જીવન સાથે જુગાર ખેલી રહી હતી.

અને એનો નાશ કરવા માટે એ કેવી ભયંકર રીત અખત્યાર કરી રહી હતી....કેવો અસહ્ય યાતનાપૂર્ણ માર્ગ અપનાવી રહી હતી. માતાનાં રૂપમાં વાત્સલ્યનાં અમી રેલાવતી....અને પ્રિય પત્નીનાં રૂપમાં શિરીષ-પુષ્પના પુંજથી પણ મૃદુ....વ્હાલી બ્હેનનાં રૂપમાં અત્યંત પ્રેમાળ લાગતી....સુકુમાર નારી શું આટલી હદે જઈ શકે ? આવી ક્રૂર બની શકે ?

હા. નારીના અંતરમાં જ્યારે સ્વાર્થની વાસનાની આગ જાગે છે. ત્યારે તેનો એ વાત્સલ્યનો પ્રવાહ સૂકાઈ જાય છે. ગ્રીષ્મ ઋતુમાં પહાડ પરથી વ્હેતા નાનકડા ઝરણની માફક ! એની મૃદુતા....કોમળતા....સહનશીલતા....બધું યે નાજુક પુષ્પવેલડીઓની માફક નષ્ટ થઈ જાય છે....બળી જાય છે. અને રહે છે. એ આગથી શ્યામ બનેલું ....લોહખંડ જેવું સાવ કઠોર....દવદગ્ધ પહાડના જલવિહીન ઝરણાં જેવું શુષ્ક હૈયું.

વિઠલાની સ્ત્રીનુ હૈયું આવું જ બની ગયું હતું. એના અંતરમાં સ્વાર્થની....વાસનાની, આગ ભડભડી રહી હતી. અને એમાં તે પોતાના પતિની જ આહૂતિ કરવા ઉદ્યત થઈ રહી હતી.

સ્વાર્થની કહો કે અણદીઠ વાસનાની, એ આગથી તપ્ત બનેલી તે સારાસારનો વિચાર, વિવેક. મર્યાદા બધું યે વિસરી ગઈ હતી. અને નિષ્ઠુર થઈ ગઈ હતી.

એ કયાંકથી થોડો કાચ લઈ આવી. એનો ઝીણો ભુક્કો કરી નાંખ્યો, અને શેર લોટમાં એ ભુક્કો મેળવી દઈ, લોટના બે-ચાર સરસ રોટલા ઘડી નાંખ્યા....મશાલેદાર શાક બનાવ્યું....છાશની દોણી લીધી અને બપોર થતાં તો ઝટપટ ખેતરે ભાત દેવા ઉપડી.

એના પગે બાંધેલા ઝાંઝર આજે જોરથી રણકી રહ્યા હતા. એના તાલે તાલે વિઠલાનો કાળ જાણે તાલબદ્ધ નૃત્ય કરી રહ્યો ભાસતો હતો.

પણ....!

વિઠલાનું ભાગ્ય ? એ એના પક્ષમાં છે કે નહિ ? એ એને બચાવવાની પેરવી કરી રહ્યુ છે કે નહિ ?

હા. કરી રહ્યું છે.

હજી વિઠલાનું ભાગ્ય પરવારી ગયું નથી. એક પુણ્ય કાર્ય માટે....એક આદર્શ માટે પોતાના જીવનનું બલિદાન કરવા લાંબું જીવવાનું છે.

આવી સ્વાર્થને વશ થયેલી કંગાલ નારીના તુચ્છ સ્વાર્થ માટે નષ્ટ થવા એનું જીવન સર્જાયેલું નથી. એનું જીવન તો એક મૂક છતાં ભવ્ય બલિદાન માટે સર્જાયેલું છે.

અને એટલે જ કુદરત એના જીવનને બચાવવા માટે એક દિવ્ય પ્રસંગ ઉભો કરી દે છે. એના જીવનને રક્ષવા એક અકલ્પ્ય દાવ ખેલે છે.

કેવો હશે એ દાવ ? (અપૂર્ણ)

**એના અંતરમાં સ્વાર્થની...વાસનાની આગ ભડભડી રહી હતી. એમાં તે પોતાના પતિની જ આહૂતિ કરવા ઉદ્યત થઈ રહી હતી.**

રામાયણની રત્નપ્રભા (ખંડ ચોથો)

# અયોધ્યાપતિ

(કલ્યાણની ચાલુ વાર્તા.) શ્રી. પ્રિયદર્શન.

**પૂર્વ પરિચય :** મગધની રાજધાની રાજગૃહી પર આક્રમણ કરવાની યોજના મહારાજા દશરથ કૌતુકમંગલમાં રહીને યોજી રહ્યા છે, ને તેના પ્રથમ પ્રસ્થાનરૂપ અયોધ્યાના મહામાત્ય શ્રીષેણ રાજગૃહીમાં ગયા; ને અયોધ્યાના સુભટો એ રાજગૃહીમાં ધીરે ધીરે પ્રવેશ કરવા લાગ્યા. આમ હજારો અયોધ્યાના સૈનિકો રાજગૃહીને ગુપ્ત રીતે ઘેરી વળ્યા : **હવે વાંચો આગળ.**

## ૬ : રાજગૃહી તરફ :

ગુરુ ગૌડપાદને વંદના કરી વીરદેવ અને અંજલિના અશ્વોએ રાજગૃહીનો રસ્તો પકડયો. સહુથી આગળ વીરદેવનો અશ્વ હતો. તેની પાછળ અંજલિનો અશ્વ દોડી રહ્યો હતો અને તેની પાછળ પાંચ સુભટોના અશ્વો ગતિશીલ હતા.

ત્રણ કલાક સુધી સતત અશ્વો દોડતા રહ્યા. વીરદેવે અશ્વને થાબડયો. અશ્વે ગતિ ધીમી કરી. તેની પાછળ સહુની ગતિ ધીમી થઈ. અંજલિએ અશ્વને વીરદેવના અશ્વની હરોળમાં લીધો. થોડો સમય બંનેના અશ્વો સાથે ચાલતા રહ્યા. અંજલિએ વીરદેવને પૂછયું :

'વીરદેવ, આપણા પ્રવાસનું પ્રયોજન શું છે?'

'આપણે રાજગૃહીમાં અયોધ્યાના મહામાત્ય શ્રીષેણને મળવાનું છે. પછી તેઓ જેમ સૂચન કરે તે પ્રમાણે કરવાનું છે.' વીરદેવે અંજલિ સામે જોતાં કહ્યું.

'તો શું અયોધ્યાના મહામાત્ય રાજગૃહીમાં છે?'

'હા.'

'પ્રગટ કે પ્રચ્છન્ન?'

'પ્રગટ!'

'એકલા?'

'ગુપ્ત વેષમાં એક હજાર અયોધ્યાના સુભટો રાજગૃહીમાં છે!'

'મોટું સાહસ!'

ઉત્તરમાં વીરદેવ માત્ર હસ્યો.

'આપણે જલ્દી પહોંચી જવું જોઈએ.' અંજલિએ ગંભીર બની કહ્યું.

'કેમ?'

'તારા જવાથી મહામાત્યને મોટી સહાય મળી જશે...'

'મારા જેવા બીજા ચાર હજાર સુભટો મગધભૂમિ પર પહોંચી ગયેલા છે.'

'સુભટો હશે પરંતુ તારા જેવા નહીં. તારૂં પરાક્રમ અદ્વિતીય છે...'

'તેં કયાં જોયું મારૂં પરાક્રમ?' વીરદેવ અંજલિ સામે જોઈ રહ્યો.

'તારા મુખ પર!'

'નહીં...'

'તારા વજ્રમય બાહુમાં.'

'નહીં....'

'તારા વિશાળ વક્ષઃસ્થળમાં.'

'નહીં....'

'તો તું જ કહે!'

'આમાં!' વીરદેવે મ્યાનમાંથી લપકતી...ચમકતી લાંબી તલવાર ખેંચી કાઢી હવામાં ઘુમાવી.

અંજલિ હસી પડી. હસતાં હસતાં તેણે કહ્યું :

'વીરદેવ, તલવારને મ્યાન કર...તારા પરાક્રમમાં મને વિશ્વાસ છે.'

મધ્યાહ્નનો સમય થઈ ગયો હતો. વીરદેવે વિશ્રાંતિ માટે યોગ્ય સ્થાન શોધવા ચારેકોર દૃષ્ટિ દોડાવી. થોડે દૂર એક ઘાસની કુટિર જેવું દેખાતું હતું.

'અંજલિ, પેલી તૃણ-કુટિરમાં વિશ્રામ કરીએ તો?'

'ના.'

'કેમ ?'

'એ તૃણ-કુટિર રાજમાર્ગ પર આવેલી છે. આપણે એવા સ્થાનમાં રહેવું જોઇએ કે જે રાજમાર્ગથી દૂર હોય.'

'ડરે છે ?'

'ડરવાનું ન હોય, સાવધાની રાખવી જોઈએ.'

'ભલે ! તારી યોજના પર ચાલવાનું છે ને !' વીરદેવ અશ્વ પરથી નીચે ઉતરી ગયો અને અશ્વની લગામ પકડી તે ચાલવા લાગ્યો. રાજમાર્ગથી પચાસ હાથ દૂર એક ઘટાદાર વૃક્ષોનું ઝુંડ હતું. સહુ એ તરફ વળ્યા. સ્થાન સુંદર હતું. સહુએ અશ્વોને બાંધી દીધા અને વૃક્ષની છાયામાં બેઠા. સુભટોએ સાથે લીધેલું શંબલ લાવીને અંજલિ સામે મૂક્યું. અંજલિએ પાંચ સુભટોને શંબલમાંથી તેમને યોગ્ય ભોજન આપ્યું અને પોતે વીરદેવની સાથે ખાવા લાગી.

ભોજન કરી વીરદેવ એક વૃક્ષ નીચે જઇને, વ્યાઘ્ર-ચર્મ બિછાવીને સૂઇ ગયો. સુભટો એક બાજુ જઇને આડા થયા અને વાતે વળગ્યા. અંજલિ વૃક્ષને અઢેલી આડી થઈ.

દિવસનો ચોથો પ્રહર શરૂ થયો. અંજલિએ વીરદેવને હાક મારી. વાતો કરતાં કરતાં ઉંઘી ગયેલા સુભટો પણ જાગી ગયા. અશ્વો તૈયાર કરવામાં આવ્યા; અને ઝડપથી સહુ ત્યાંથી નિકળી પડયા.

'બે પ્રહર સુધી સતત પ્રયાણ કરીશું ત્યારે અંતર કંઈક કપાશે.' અંજલિએ કહ્યું.

સતત બે પ્રહર સુધી પ્રયાણ કરતા તેઓ એક અટવીમાં જઇ પહોંચ્યા. અશ્વો પણ થાકી ગયા હતા. રાત્રીના અંધકારમાં હવે આગળ વધવું પણ ઉચિત ન હતું. અટવીમાં તેમણે પડાવ નાંખ્યો. સુભટોએ આજુબાજુમાં પાણીની તપાસ કરી. થોડે દૂર પાણીનું એક નાનું સરોવર મળી ગયું. અશ્વોને પાણી પાયું અને ચારા માટે લીલું ઘાસ નીર્યું.

એક પછી એક સુભટે જાગતા રહી ચોકી કરી. રાત્રીના અંતીમ પ્રહરમાં પુનઃ પ્રયાણ આરંભાયું. ત્રણ દિવસની મુસાફરીના અંતે તેમણે મગધ-ભૂમિમાં પ્રવેશ કર્યો.

'વીરદેવ, હવે સાવધાનીથી આપણે આગળ વધવું પડશે.'

આપણે પ્રતિ પળ સાવધાન જ છીએ !'

'હવે આપણે શત્રુના ઘરમાં પ્રવેશ કર્યો છે.'

'શત્રુ ભલેને ભેટી જાય !'

અંજલિ વીરદેવના તેજસ્વી ચહેરા સામે જોઈ રહી. વીરદેવે પાસેની એક ધર્મશાળામાં રોકાવાનો પ્રસ્તાવ મૂકયો. અંજલિએ માથું હલાવીને અનુમતિ આપી. વીરદેવે અશ્વને ધર્મશાળા તરફ વાળ્યો. તેણે જોયું તો ધર્મશાળામાં પાંચ-સાત પુરુષો બેઠેલા દેખાયા. અશ્વોના હણહણાટથી તેમનું લક્ષ આ બાજુ દોરાયું. વીરદેવ નિકટ પહોંચ્યો. સામેથી અવાજ આવ્યો :

'કોણ છો ?'

'મુસાફર.'

'ક્યાંના ?'

'ઉત્તરાપથના.'

'કયાં જશો ?'

'તમારા ઘેર....'

વીરદેવ ચિઢાયો. તેનો હાથ કમર પર લટકતી કટારી પર ગયો. પાછળ અંજલિ આવી પહોંચી. વીરદેવના ખભે હાથ મૂકયો. પાછળ પાંચ સુભટો પણ આવી ઉભા રહ્યા. ધર્મશાળામાં બેઠેલા માણસોએ મશાલ સળગાવી અને આગંતુકોની પાસે એક માણસ આવ્યો. મશાલના પ્રકાશમાં અંજલિએ ધર્મશાળાનું નિરીક્ષણ કરી લીધું. પેલો માણસ આવીને ધારી-ધારીને વીરદેવ, અંજલિ વગેરેને જોવા લાગ્યો. અંજલિને જોઈ તે ચમકયો.

'અરે, માલ સારો આવ્યો છે !' તેણે પોતાના સાથીદારો સામે વળી બૂમ પાડી...પરંતુ બૂમ પાડીને મોં બંધ કરે તે પહેલાં તો વીરદેવની તલવાર તેના ગળા પર ફરી વળી અને તેનો દેહ ધરતી પર ઢળી પડયો. તેણે ચીસ પાડી ને પ્રાણ નિકળી ગયા. ધર્મશાળામાં બેઠેલા બાકીના છ માણસો તલવાર અને ભાલા સાથે ધસી આવ્યા

પાંચ સુભટોને લઈ સહુ બહાર આવ્યા. પેલા મુક્ત કરેલા માગધ સૈનિકને વીરદેવે પૂછ્યું :

'મિત્ર, તારૂં નામ?'

'સંબલ'

'હવે તારે અમારૂં એક કામ કરવાનું છે.'

'એક નહીં અનેક.'

'કરીશ?'

'જરૂર.'

'તો વીરદેવ તારૂં યોગ્ય સ્વાગત કરશે.'

'નાયકનો ઉપકાર.'

ધર્મશાળામાં સુભટોને બેસાડી વીરદેવ, અંજલિ અને સંબલ એક વૃક્ષ નીચે જઈને બેઠાં.

'સંબલ રાજગૃહીનો ટૂંકો માર્ગ પકડવો છે.'

'સેવક બતાવશે.'

'કાલે સવારે અહીંથી નિકળીએ?'

'ટૂંકા રસ્તે દિવસ કરતાં રાત્રીનો સમય જ અનુકૂળ રહેશે.'

'તો આજે મધ્ય રાત્રીએ નિકળી જઈએ.'

'બરાબર છે. પરંતુ સાવધાની ખુબ રાખવી પડશે,'

'સાવધાની...મારી તલવાર રાખશે!' વીરદેવે રક્તરંગિત તલવારને ઉંચી કરી.

'રસ્તામાં મગધ સૈનિકો ઠેર ઠેર ગોઠવાઈ ગયા છે. તે છતાં આપણે એવો રસ્તે લઈશું કે જેથી વચ્ચે વિશેષ વિઘ્નો ન આવે.'

'ઠીક છે. તો હવે બે કલાક આરામ કરી લઈએ.' વીરદેવે અંજલિ સામે જોયું.

'અત્યારે આરામ કરવો ઠીક નથી.' અંજલિએ કહ્યું.

'તો?'

'આજની રાત જાગતા જ રહેવું પડશે.'

'ભલે!'

પશ્ચિમનો શિતળ વાયુ વહી રહ્યો હતો. વન્ય પશુઓના સ્વરો અવાર–નવાર સંભળાઈ રહ્યા હતા. સંબલ થોડે દૂર જઈ આડો પડયો. અંજલિએ વીરદેવને કહ્યું. 'પેલા કેદી સુભટોને મળીને જાણવા યોગ્ય માહિતી મેળવી લઈએ.

'ચાલો.

બને ઉઠીને ધર્મશાળામાં આવ્યાં. સાથેના પાંચ સુભટોને ધર્મશાળાની ચારે કોર ફરતા રહેવાનું સૂચન કરી, વીરદેવ અને અંજલિ કેદી સુભટો પાસે ગયાં.

'મહામાત્યના કોઈ સમાચાર છે?'

'હાજી. મગધ સમ્રાટે મહામાત્ય શ્રેષેણુ પર ચાંપતી દૃષ્ટિ રાખવા માંડી છે. તેમને ગંધ આવી ગઈ છે કે શ્રેષેણુ કોઈ નવી ચાલ રમી રહ્યા છે.'

'તમને કોઈ સૂચન મળ્યું છે?'

'હા, એ સૂચનાનુસાર તો અમે અહીં આવેલા...પરંતુ અમારા પહેલાં મગધ–સૈનિકો અહીં આવી ગયેલા....'

'શું સૂચન હતું?'

'વીરદેવ આવતાંની સાથે મહામાત્યને સમાચાર પહોંચાડવાના હતા.'

'તો તમે કેવી રીતે સમાચાર પહોંચાડશો?' વીરદેવે પૂછ્યું.

પાંચમાંથી એક સુભટ વીરદેવની નિકટ આવ્યો, ને તેના કાનમાં વાત કરી.

'તો હવે વિના વિલંબે તમે તમારૂં કામ કરો.'

'આપ?'

'અમે આજથી ત્રીજા દિવસે રાજગૃહીમાં આવી જઈશું.'

પાંચમાંથી બે સુભટો પુનઃ ધર્મશાળાના એ ઓરડામાં ગયા, ઓરડામાં ડાબી બાજુના ખુણામાં જઈ એક પથ્થર પર પગ દબાવ્યો. પાસેની ભીંત ખસવા લાગી. એક દરવાજો પ્રગટ થયો બે સુભટોએ તેમાં પ્રવેશ કર્યો અને પુનઃ ભીંત ખસવા લાગી. તટસ્થ બની ગઈ.

આ બાજુ સંબલે આવીને વીરદેવને પ્રયાણ માટે તૈયાર થવા કહ્યું. સહુ તૈયાર થઈ ગયા. પૂર્વના ત્રણ સુભટો પણ સાથે જોડાયા. તેમણે જરૂરી શસ્ત્રો સાથે લઈ લીધા હતાં.

ધર્મશાળામાં એક માત્ર મગધ સૈનિક બંધનમાં જકડાયેલો પડયો હતો. ચાલતાં ચાલતાં

અંજલિની દૃષ્ટિ તેના પર પડી. તેણે શંબલને હાક મારી:

'શંબલ આ તારા સાથીદારનું શું?'

'તેને પડયો રહેવા દો અહીં જ!' વીરદેવે ઉપેક્ષા કરતાં કહ્યું.

'ના, તે આપણને ખતરનાક નિવડી શકે.' અંજલિએ કહ્યું.

'તેને પણ આપણા સાથે જ લઈ ચાલીએ...' શંબલે કહ્યું. વીરદેવને શંબલની વાત ઠીક લાગી. શંબલે તેનાં બંધન ખોલી નાંખ્યાં અને તેને સાથે લીધો. વીરદેવે તેના પાસે કોઈ પણ શસ્ત્ર ન રાખ્યું. શંબલને શસ્ત્રસજ્જ કરી લીધો હતો.

સાત અશ્વારોહી અને પાંચ પદાતીનો કાફલો મધ્યરાત્રીએ રાજગૃહી તરફ રવાના થયો. શંબલ સહુથી આગળ ઝડપથી ચાલી રહ્યો હતો. તેની પાછળ વીરદેવ અને અંજલિના અશ્વો ચાલી રહ્યા હતા. તેમની પાછળ ચાર પદાતી અને તેમના પાછળ પાંચ અશ્વારોહી હતા.

રાતભર પ્રયાણ ચાલુ રહ્યું. સૂર્યોદય થયો. શંબલે એક સ્થાને પડાવ નાંખવાનું કહ્યું. આખો દિવસ ત્યાં વ્યતીત કરી પુનઃ રાત્રીમાં પ્રયાણ આરંભ્યું...પ્રયાણમાં કોઈ વિઘ્ન ન નડયું. પરતુ શંબલે વીરદેવને કહ્યું હતું કે રાજગૃહીના નિકટના પ્રદેશમાં વિઘ્ન આવી શકે.

ત્રીજી રાત્રીનું પ્રયાણ શરૂ થયું. આજે વીરદેવ અને અંજલિ ચકોરતા રાખતાં આગળ વધી રહ્યાં હતાં, શંબલ પણ પુરી સાવધાનીથી માર્ગનું દિગ્દર્શન કરતો હતો. રાત્રીના બે પ્રહર તો સુખરૂપ નિકળી ગયા.

ત્રીજા પ્રહરનો પ્રારંભ થયો ત્યાં થોડે દૂર ઝાડીમાં પગરવ સંભળાયો. શંબલે ઈશારો કર્યો. વીરદેવે અશ્વને થભાવી દીધો અને મ્યાનમાંથી તલવાર ખેંચી કાઢી. અંજલીએ પણ પોતાની કટારી સંભાળી લીધી. ત્યાં તો સામેથી સરરરર...કરતું એક તીર આવ્યું...વીરદેવના કાન પાસેથી પસાર થઇ ગયું. વીરદેવે તલવારને કમરે લટકાવી દીધી અને બાણ પર તીર ચડાવ્યું...સરરરર...કરતું તીર છુટયું....ને સામે કારમી ચીસ સંભળાઇ...વીરદેવે બીજું તીર ચઢાવ્યું ત્યાં સામેથી વીસ-પચીસ સુભટો નીકળી આવ્યા. વીરદેવ અને અંજલિએ તીરોનો મારો ચલાવ્યો. જ્યારે સાથેના સુભટો નગ્ન ખડગો સાથે તૂટી પડયા. શંબલે પણ પોતાનું ખમીર બતાવવા માંડયું. તેણે શત્રુ-સુભટોમાંથી બેને યમસદનમાં પહોંચાડી દીધા. જ્યારે શત્રુ-સુભટોએ પણ વીરદેવના ચાર સુભટોને જમીન પર ઢાળી દીધા. વીરદેવ અશ્વ પરથી નીચે કૂદી પડયો અને બે હાથમાં બે તલવારો લઇ શત્રુઓ પર તૂટી પડયો. ચાર પાંચને જોતજોતામાં કાપી નાંખ્યા. તે છતાં શત્રુઓ પ્રબળ વેગથી વીરદેવ અને એના સુભટો સાથે લડી રહ્યા હતા અંજલિ વીરદેવના અશ્વને લઇને દૂર એક સુરક્ષિત સ્થાને ઉભી હતી અને ત્યાંથી તીરોનો મારો ચલાવી રહી હતી. શંબલ અંજલિ પાસે દોડી ગયો અને કહ્યું :

'દેવી. શત્રુઓની સંખ્યા મોટી લાગે છે હજુ તેઓ ઝાડીમાંથી આવી રહ્યા છે. આપણે અહીંથી છટકી જવું જોઇએ.'

શંબલ વાત કરે છે ત્યાં તો વીરદેવની ચીસ સંભળાઈ. તેની પીઠમાં એક તીર ખુપી ગયું હતું. અને તે ચારેકોરથી ઘેરાઇ ગયો હતો. અંજલિને ત્યાં જ રાખી શંબલ બે તલવારો સાથે દોડયો...શત્રુઓ વીરદેવને છોડી શંબલ તરફ વળ્યાં. વીરદેવના શરીર પર ઘણા ઘા પડી ચૂકયા હતા. તે જમીન પર પડી ગયો. અંજલિએ એ દૃશ્ય જોયું. તે વિજળી વેગે દોડી અને વીરદેવને ઉઠાવ્યો. ઉઠાવીને તેણે ઘોડા પર નાંખ્યો; અને પોતે પણ ઘોડા પર ચઢી ગઇ....ઘોડા દોડાવી મૂકયા,

શંબલે શત્રુઓ સાથે સંતાકુકડી રમવા માંડી. રાત્રીનો અંધકાર તેને સારો સહયોગ આપી રહ્યો હતો. તેને ખ્યાલ હતો કે અંજલિ વીરદેવને લઇને ભાગી છૂટી છે. શંબલ તેમને મળી જવા માંગતો

(અનુસંધાન માટે જુઓ પાન ૯૭૬મું)

મુંબઇના આંગણે મળી ગયેલી 'યુકેરિસ્ટીક પરિષદ'

અને

# ખ્રીસ્તીઓએ ફેલાવેલી ભ્રામક જાળ

**વૈદરાજ શ્રી મોહનલાલ ચુનીલાલ ધામી.**

હમણાં તાજેતરમાં મુંબઇ ખાતે 'યુકેરીસ્ટીક-પરિષદ ખ્રીસ્તીઓની પરિષદ' ભરાઇ ગઈ. જેમાં ભાગ લેવા લાખ્ખો લોકો દેશ-પરદેશથી આવેલ. જેની પાછળ ક્રોડો રૂ. નું ખર્ચ થયેલ. ને ભારતના વડાપ્રધાન, પ્રમુખ, ઉપપ્રમુખ ઈત્યાદિ ઠેઠ દીલ્હીથી દોડીને આ પરિષદ માટે મુંબઇ આવેલ. એક બાજુ ભારતને 'બિન-સાંપ્રદાયિક' દેશ કહીને ઓળખાવનારા આ બધા કોંગ્રેસી મહારથીઓ આમ ક્રિશ્ચિયન ધર્મને આટ-આટલી રીતે પ્રચારવા માટે દોડધામ કરી રહેલ છે, પણ તે લોકો આ ખ્રીસ્તી ધર્મના પ્રચારકોની ભ્રામક જાળમાં જે રીતે અટવાઈ રહ્યા છે, તેને અંગે ભારતીય સંસ્કૃતિમાં માનનારા સુજ્ઞ અને શાણા વર્ગે શું કરવું જોઈએ તે મહાગૂજરાતના સુપ્રસિધ્ધ વિચારક અને લેખક શ્રી ધામી જે રીતે સ્પષ્ટપણે અહિં પોતાની વિચારધારા રજૂ કરે છે, તે સર્વ કોઈ 'કલ્યાણ' પ્રેમી વાચકો અવશ્ય વાચે ને વિચારે !'

તાજેતરમાં આપણા દેશમાં મુંબઈ નગરી ખાતે યુકેરિસ્ટિક પરિષદ ભરાઇ ગઈ. આ પરિષદમાં વિદેશમાંથી હજારો ખ્રીસ્તીઓ મિશનરીઓ ભાગ લેવા આવ્યા હતા. અને ખ્રિસ્તી ધર્મગુરૂ શ્રી. પોપ પણ આવ્યા હતા.

આ પરિષદ પાછળ લાખો રૂપિયાનો ખર્ચ થયો. આપણી બીન સાંપ્રદાયિક સરકારે પણ સ્વાગત પાછળ સારો એવો ખર્ચ કર્યો એમ વર્તમાન પત્રોમાં આવેલા સમાચારો પરથી જાણવા મળે છે.

આ પરિષદ સામે હિન્દુ પ્રજાના ઘણા હિતસ્વીઓ ચિંતા સેવી રહ્યા છે. એનું મુખ્ય કારણ એ છે કે સમગ્ર વિશ્વમાં ખ્રીસ્તી ધર્મનો યેનકેન પ્રકારેણ પ્રચાર કરવો અને વટાળ પ્રવૃત્તિને છૂપી રીતે ચલાવવી તે ખ્રીસ્તી મિશનરીઓનો આજ સુધીનો એક હેતુ રહ્યો છે. આ હેતુને વેગ આપવા ખાતર તેઓ કરોડો રૂપિયા ખર્ચે છે, અને બહુ જ ધીમી ગતિએ પરંતુ અતિ દૃઢ કદમ ભરીને અન્ય ધર્મોના વિનાશની ચિનગારીઓ મૂકતા જાય છે.

આ હેતુ આજ કાલના નથી પણ આ દેશમાં જ્યારથી ખ્રીસ્તીઓએ પગ માંડયો છે અથવા તો જે જે દેશમાં પગ માંડયો છે ત્યારથી આ કાર્ય થતું આવ્યું છે.

આ રીતે વિશ્વને ખ્રીસ્તી બનાવવાના સ્વપ્નમાં રાચતી એક સાંપ્રદાયિક સંસ્થાનો આપણા દેશ ખાતે ભવ્ય સમારોહ થઈ ગયો. જે શ્રી. પોપ વેટિકન સીટીમાંથી કદી પણ આવા કાર્ય માટે બહાર નીકળ્યા નથી તેઓ પોતાની પરંપરાની રીત છોડીને પણ ભારતમાં આવી ગયા.

શા માટે ?

ભારતમાં કંઇ એટલા વિશાળ પ્રમાણમાં ખ્રીસ્તીઓ નથી કે આવી પરિષદ ભરવાનું સહજ બને.

જે કંઈ ખ્રીસ્તી પરિવારો છે તે મોટે ભાગે ખ્રીસ્તી પ્રચારનો શિકાર બનીને વટલાયેલા છે....બીજા ઘણા દેશો એવા છે કે જેમાં ખ્રીસ્તી-સંપ્રદાયનું પ્રમાણ સવિશેષ છે. છતાં આ પરિષદ ભારતમાં યોજાઇ રહી છે તે એક

સૂચક બીના છે. કારણ કે એશિયાના મોટા દેશોમાં ભારત અગ્ર છે અને એ રીતે સમગ્ર એશિયા પર પોતાના સંપ્રદાયનો પ્રભાવ પાડવાનું કામ આ પરિષદ કરવા માગતી હોય તો તે બનવા જોગ છે.

ખ્રીસ્તી ધર્મના પ્રચારકોએ આજ પર્યંત જ્યાં જ્યાં વટાળ પ્રવૃત્તિને વેગ આપ્યો છે, ત્યાં ત્યાં પ્રજાજીવનની કેટલીક નબળાઇઓનો લાભ લીધો છે.

દાખલા તરીકે :–

૧ ગરીબીમાં બેહાલ બનેલાઓને મદદ કરીને તેઓને પોતા તરફ વાળ્યા છે.

૧ બેકાર લોકોને વિવિધ પ્રકારની નોકરી કે એવું કાંઈ આપીને એમને વટલાવ્યા છે.

૩ સાધન સંપન્ન દવાખાનાઓ ઉભા કરી એ દ્વારા રોગીઓની સેવાના અંચળા પાછળ પણ પોતાનો પ્રચાર ચાલુ રાખ્યો છે.

૪ અદ્યતન પ્રકારની અને સારામાં સારૂં શિક્ષણ અપાય એવી શાળાઓ, કોલેજો સ્થાપીને તે દ્વારા પણ તેઓએ લોકજીવન પોતા તરફ વાળ્યું છે.

૫. અપંગો અને પતનાં દર્દીઓના માનવ સેવાના કેન્દ્રો ઉભાં કરી તે દ્વારા પણ વટાળ પ્રવૃત્તિને પ્રસરાવી છે.

૬. આદિવાસીઓ, અજ્ઞાનીઓ અને જેમને પોતાના ધર્મનું પણ જ્ઞાન નથી રહ્યું એવા ભોળા અને અભણ લોકોને તેઓએ આજ પર્યંત પોતાની જાળમાં ફસાવ્યા છે. નાગા પ્રદેશ એનો એક સબળ પુરાવો છે....એટલું જ નહિ પણ ધર્મ પરિવર્તન કરાવવાના આ ઉદ્દેશ પાછળ તેઓની રાજકીય ચાલ ગુપ્ત રીતે કામ કરતી જ હોય છે. દાખલા તરીકે નાગ પ્રદેશ ભારતનો જ એક ભાગ હોવા છતાં ત્યાંની વિપુલ પ્રાકૃત્તિક સંપત્તિ પર પોતાનો અધિકાર સ્થાપવાના પ્રયત્નો આજ ખુલ્લા પડી ગયા છે અને આ નાગ પ્રદેશ આજ આપણી સરકાર માટે એક મસ્તક શૂળ બની ગયેલ છે.

આ પ્રવૃત્તિ આજકાલની નથી. અંગ્રેજો આવ્યા ત્યારથી ચાલુ છે અને સમગ્ર ધર્મ સંપ્રદાયોમાં પોતે શ્રેષ્ઠ છે એવું તેઓ અવારનવાર કહેતા હોય છે અને પોતાની આ માયાજાળનાં બીજ પણ તેઓએ રાજકીય દૃષ્ટિએ એટલાં ઉંડા નાખ્યાં છે કે આપણે અવાક બની જઇએ. આપણે એ ઉંડા બીજ જોઈએ :–

૧. ખ્રીસ્તીઓ જ્યાં જ્યાં ગયા છે ત્યાં ત્યાં માનવ સેવા, વિશ્વ પ્રેમ, વિશ્વ ધર્મ, ભાઇચારો વગેરે મોટા મોટા આદર્શોની વાતો કરીને ત્યાંના સંસ્કાર, ધર્મો અને મૂળ પ્રજાઓનો નાશ કર્યો છે. દાખલા તરીકે અમેરિકા.

૨. આપણા દેશની જનતા પોતાના ધર્મ સંસ્કાર અને પરંપરામાં અતિ દૃઢ હતી....આ દૃઢતા ન તૂટે ત્યાં સુધી ભારતમાં વ્યાપક સ્વરૂપે ખ્રીસ્તી ધર્મની પ્રતિષ્ઠા થઇ શકે એમ નહોતી. એટલે તેઓએ આપણા ક્રિયાકાંડો, દેવદેવીઓ વગેરેની વ્યંગાત્મક ટીકાઓ શરૂ કરી અને વહેમ. જડતા, રૂઢીવાદ વગેરેની વાતો ચગાવીને લોકોને પોતાના માર્ગ પરથી ચલાયમાન કરવાના પ્રયત્નો કર્યાં.

૩. આ પ્રયત્નો સફળ કરવા ખાતર અંગ્રેજોએ આ દેશમાં કેળવણીનો પાયો જ એવી રીતે નાંખ્યો કે જેથી ધીરે ધીરે ભાવિ પ્રજાના માનસ વિકૃત બનતાં જાય અને પોતાના રિવાજો, વ્યવહારો અને સંપ્રદાયો પ્રત્યે નફરત કરતા જાય.

૪. અને તેઓને આ કાર્યમાં પુરેપુરી સફળતા મળી. કારણ કે આપણા જ્ઞાની પુરૂષોએ સંસ્કૃતિની રક્ષાની કરેલી મજબૂત દિવાલો તોડવા માટે ઘરના જ ઘાતકો ન મળે ત્યાં સુધી એ તૂટી શકે એમ નહોતી. બુધ્ધિશાળી ખ્રિસ્તીઓએ આ દેશમાં લોર્ડ મેકોલેના માનસ પુત્રોનો એક ગંજ ખડકી દીધો અને નવા વિચારો, નવી દૃષ્ટિ, નૂતન સમાજ રચના, ક્રાંતિ, સમાજવાદી નવ નિર્માણ વગેરે ભ્રામક માયાજાળ ઉભી કરી અને પોતનું પુરૂં ન

જાણનારા અને ખ્રીસ્તીઓની આ પ્રક્રિયાનો ઉદ્દેશ ન સમજનારા લોકો આ માયાજાળમાં ખેંચાવા માંડયા.

૫. ભારતની પ્રજાને પાયાની કેળવણી-માંથી જ એવું વિષપાન કરાવવું શરૂ કર્યું કે તે મોટો ઈજનેર, દાકતર, વકિલ કે વહીવટકર્તા થાય પણ એના મનમાં ધર્મ, સંસ્કૃતિ અને આર્યોના રીત રિવાજો પ્રત્યે કોઈ પ્રકારનું પોતાપણું કે માન ન રહે.

૬. આજ સ્વરાજ પ્રાપ્ત થયું હોવા છતાં આપણી કેળવણી તો ખ્રીસ્તી સંપ્રદાયને જ સહા-યક બની રહે છે અને આપણા આદર્શોને નષ્ટ કરનારી અપાઈ રહી છે. દાખલા તરીકે નાના બાળકો સમક્ષ વિજ્ઞાનની વાતો કરીને એક મોટું અજ્ઞાન અને અશ્રધ્ધા ઉભી કરવામાં આવે છે.

૭. લોર્ડ મેકોલેના માનસ પુત્રોમાંથી સર્જાયેલા દાકતરો દૃષ્ટિના અભાવે કેવળ અહિતકર દ્રવ્યોનો જ પ્રચાર કરતા હોય છે અને સેવા ભાવનાના પાટીયા પર બેઠેલા હોવા છતાં હિંસા, અધર્મ અને ખાનપાનના અવિવેકનો જાણ્યે અજાણ્યે પ્રચાર કરતા હોય છે. આમ રાજકીય, સાંસ્કૃતિક ઔષધિક દૃષ્ટિએ આપણા મહાન દેશ પર ખ્રીસ્તી સંપ્રદાયે ફેલાવેલી માયાજાળ બરાબર કાર્યસાધક બની ચૂકી છે અને આ ભૂમિકા તૈયાર કરવા પાછળ ખ્રીસ્તી સંપ્રદાયે સૈકાઓ સુધી ધૈર્યપૂર્વક મહે-નત કરી છે.

આ ભયંકર પુરૂષાર્થનું ફળ પ્રાપ્ત કરવા અર્થે તૈયાર કરેલી ભૂમિમાં પુષ્કળ પ્રમાણમાં બીજ વાવી શકાય એ ગણત્રી રાખીને ખ્રીસ્તી સંપ્રદાયના આગેવાનોએ આજ આપણી ધરતી પર યુકેરિસ્ટિક પરિષદ ભરી અને શ્રીમાન પોપ પણ આવી ગયા.

આ સંયોગો સામે ધાંધલ કરવી કે ગાળો દેવી કે એવા કોઈ પણ પગલાં લેવાં ત ખ્રિસ્તીઓના નિશ્ચયને કદી પણ ડગાવી શકશે નહિ....કારણ કે તેઓની પાછળ સંસારની મોટી ખ્રિસ્તી સત્તાઓનું પીઠબળ છે. કરોડો રૂપિયાની હુંફ છે અને એનો સીધો સામનો કે એવું કંઈ કરવા જતાં એનો જ પ્રચાર વધારવાનું કાર્ય આપણા જ હાથે થશે.

આ સિવાય આપણા કહેવાતા બિન સંપ્ર-દાયિક રાજ્ય તરફથી પણ સારો એવો સાથ અપાશે અને માનવતાનાં, સમાનતાના મૈત્રી-ભાવનાં અને એવાં અનેક લલચામણા સૂત્રો ઉભા કરવામાં આવશે.

ઉજળાં દેખાતાં પણ અંદરથી હળાહળ ઝેરથી ભરેલાં આકર્ષણો આ વિશ્વમાં ઓછાં નથી. ભોળા, અજ્ઞાન અને પોતાના આચાર વિચારથી ચલિત થયેલા માણસો આવા આક-ર્ષણોનાં આરાધક બનવામાં ગૌરવ સમજી બેસતા હોય છે.

આ પરિસ્થિતિ લક્ષ્યમાં રાખીને જો આ દેશને તેની ભવ્ય આધ્યાત્મિક સંસ્કૃતિના વિનાશથી બચાવવો હોય તો બીજું કંઇ પણ ન કરતાં હિન્દુ, મુસ્લીમ, પારસી, જૈન વગેરેએ નીચેની હકિકતનો અમલ કરવો :—

૧ કોઇએ પણ પોતાના આચારો વિચા-રોથી વિચલિત થવું નહિ.

૨ સહુએ પોતપોતાના ધાર્મિક ક્રિયાકાંડને મજબૂતપણે વળગી રહેવું, લોર્ડ મેકોલેના માનસ પુત્ર જુનવાણી કહીને નિંદા કરે તો ભલે કરે....આપણા મહાપુરૂષોએ જે માર્ગ હજારો વર્ષથી નિર્માણ કર્યો છે તે માર્ગને જ આપણો આદર્શ માનવો.

૩ આપણા ધાર્મિક ઉત્સવો આપણી ધાર્મિક મર્યાદાઓ, આપણા ધાર્મિક સંસ્કારો, ત્રિકાલ સંધ્યા, સ્તુતિ, પૂજા, સ્વાધ્યાય, અહિંસા, આપણી પરંપરાગત પ્રથાઓ, આપણા સાત્વિક અને કોઇને અડચણ રૂપ ન થતા વ્યવહારો, રીત રિવાજો વગેરેને આપણા જ વૈજ્ઞાનિક આદર્શો માનીને શ્રધ્ધાપૂર્વક એને જીવન સાથે ઝકડી લેવા.

(જુઓ અનુ. પાન ૯૭૯ ઉપર)

(અનુ પાન ૯૭૫ નું ચાલુ)

ભારતની જનતા જો આ રીતે દૃઢ બનીને પોતાના આદર્શોને મડાગાંઠ માફક વળગી રહેશે અને ઈષ્ટદેવ પ્રત્યે એક વિનમ્ર આરાધક અને શ્રદ્ધાળુ ભક્ત બની રહેશે તો ખ્રિસ્તીઓની પરિષદ સૈકાઓ સુધી માથા પટકયા કરશે તો પણ આપણા સુરક્ષિત ગઢની એક કાંકરીને ય તોડી શકશે નહિ.

અને એ લોકોએ પાથરેલી જાળમાં આપણે સામે ચાલીને પડીશું તો પોતાના ધર્મનું રક્ષણ ન લેનારાઓ અવશ્ય નષ્ટ થાય છે એમાં કોઈ સંશય નથી.

---

(અનુસંધાન પાન ૯૭૧નું ચાલુ)

હતો. વીરદેવના બીજા સુભટો ખતમ થઈ ગયા હતા. શંબલ અંધકારનો લાભ ઉઠાવી ભાગી છૂટયો, જંગલના અટપટા માર્ગોએ થઈને તે વીરદેવને ભેગો થઈ જવા દોડવા માંડયો.

માગધ-સુભટોએ જોયું કે શત્રુ ભાગી ગયા, તેમણે પીછો કર્યો. પરંતુ તેમણે વિચાર્યું કે શત્રુ રાજગૃહી તરફ ભાગી રહ્યા છે, તેમને આશ્વાસન મળ્યું. આગળ પુનઃ તેઓ પકડાઈ જશે, એમ મન મનાવી તેઓ પાછા વળ્યા.

અંજલિ અશ્વને પુરા વેગથી દોડાવે જતી હતી.. શંબલ પણ પાછળ દોડી રહ્યો હતો. શંબલને પુનઃ આપત્તિનાં એંધાણ વરતાયાં તેણે અંજલિને બુમ પાડી...બુમ પાડીને જ્યાં દશ કદમ આગળ વધ્યો, તેણે જોયું તો, અંજલિની બે બાજુએથી લગભગ પચાસ-સો સુભટો મશાલો સાથે આવી રહ્યા હતા. (ક્રમશઃ)

જીવનના ઝંઝાવાતોની વચ્ચે તમને જીવન-સાથીની જેમ માર્ગદર્શક બની શકે તેવું
માસિક 'કલ્યાણ'
આજે જ ગ્રાહક બનો!
વા. લ. પોસ્ટેજ સાથે રૂા ૫-૫૦ ન. પ.
કલ્યાણ પ્રકાશન મંદિર વઢવાણ શહેર (સૌ.)

## રેશમી અબોટીયા-ખેશ

બનાવનાર તથા વેચનાર
**કે. મહેન્દ્ર સીલ્ક ફેબ્રીકસ**
બોઘાની વાડી, સ્ટેશન સામે,
**સુરત**

—:મળવાનાં ઠેકાણાં:—
**સુરત.** સંઘવી ઘેલાભાઈ રાયચંદ
જરી તથા કપડાના વેપારી
ગલેમંડી, ગોળશેરી, સુરત
**મુંબઇ.** ધનરાજ લલ્લુભાઈ સુખડીયા
૫૧-૫૩ મીરઝાસ્ટ્રીટ ૩જે માળે, મુંબઇ-૩
સોમચંદ ડી. શાહ પાલીતાણા.

## જાહેરાત

જૈનના દેરાસરોમાં ભગવાનની આંગીમાં વપરાતું ચાંદીનું રૂપેરી તથા સુનેરી બાદલુ ચાંદી લઈ મજુરીથી બનાવી આપશું તેમજ ભગવાનની આંગીનાં સફેદ તથા રંગીન દરેક જાતનાં કતોરાં પણ મજુરીથી બનાવી આપશું. તમારી જરૂરીઆત માટે,
લખો યા મળો -
**ગોપાળદાસ નારણદાસ જરીવાળા**
ગોપીપુરા, મોટીછીપવાડ, સુરત-૨
ફોન નં. ૭૬૯.

જાહેરાત માટેનાં
અસરકારક, ટકાઉ,
ઉઠાવદાર અને
આકર્ષક રંગોમાં **બ્લૉક**
બનાવવા માટે સંપર્ક સાધો:
**મોના આર્ટ કૉર્નર**
પ્રખ્યાત મોના સીલ્ક બેનર્સ બનાવનાર
લાલભુવન, પાછીઆની પોળ,
રીલીફ રોડ, અમદાવાદ.

### ૩૯ ક્રોડ ડોલરનું અનાજ :

તાજેતરમાં એ સમાચાર પ્રાપ્ત થયા છે કે, 'આગામી ૬૫ ની જુન ૩૦ સુધીમાં અમેરિકા ભારતને ૩૯ ક્રોડ ડોલરનું અનાજ મોકલશે, જેમાં ૧૪ ક્રોડ ૭૦ લાખ (રતલ) બુશલ ઘઉંનો આટો તથા ૬૦ ક્રોડ બુશલથી વધુ ચોખા ને ૧૬ ક્રોડ ૫૦ લાખ રતલ સોયાબીન કે કપાસીયાનું તેલ મોકલશે.' આજે ભારતને આઝાદ થયે ૧૭-૧૭ વર્ષ ઉપર થવા છતાં અનાજની બાબતમાં પણ ભારત હજુ પરદેશથી આયાત કરાયેલ અનાજથી નિર્વાહ કરી રહેલ છે, એ દેશની કેવી કમનશીબી ! જે દેશમાં જમીનની વિપુલતા છે, ખેતીપ્રધાન દેશ છે, છતાં વહિવટીતંત્રની જડતાના કારણે પ્રજા આજે પરદેશી અનાજથીજ પોતાનું પેટ ભરી રહેલ છે, તે દેશ પોતાને માટે કઇ બાબતમાં ગૌરવ લઇ શકે તેમ છે. આટ-આટલા બંધો, નહેરો તથા ખાતરોના કારખાનાઓ કરીને ક્રોડો-અબજો રૂા. ભારતમાં દર વર્ષે ખર્ચાવા છતાં પરિણામે તો હજુ પાંચ વર્ષ સુધીમાં અર્થાત્ ભારતને સ્વતંત્ર થયા બાદ બે દશકા સુધીમાં અનાજની બાબતમાં ભારત કેવળ પરદેશ તરફ મીટ માંડીને રહેશે તેમ લાગે છે.

### નિર્વાસિતો પાછળ રૂા. બે અબજ :

દેશના ભાગલા બાદ પૂર્વ પાકીસ્તાનથી આવેલા નિર્વાસિતોના પુનર્વસવાટ માટે અત્યાર સુધીમાં ભારત સરકારે રૂા. બે અબજ ખર્ચ કરેલ છે, ને જે હજુ પણ ચાલુ છે. તે રીતે કાશ્મીરની પાછળ ભારત સરકાર દરરોજનું લાખ્ખોના હિસાબે અત્યાર સુધીમાં અબજોનું ખર્ચ કરી વળેલ છે, છતાં નથી નિર્વાસિતોના પ્રશ્નમાં સંતોષકારક પ્રગતિ કે નથી કાશ્મીરના પ્રશ્નમાં સંતોષકારક પ્રગતિ: આજે ૧૭ વર્ષના વહાણા વીતી જવા છતાં તથા ક્રોડો રૂા. આ બધા પ્રશ્નોની પાછળ આંખો મીંચીને ખર્ચવા છતાં પરિણામે શૂન્ય સિવાય કશું જ નથી. એ કેવી વિચિત્રતા કહેવાય !

### પુરથી ૧૦ હજાર માણસોના મોત :

ગત નવેંબરમાં દ. વિયેટનામમાં પાણીના તોફાની પુરમાં ૧૦ હજાર માણસો માર્યા ગયા છે, ને લાખો માણસો નિરાધાર બની ગયા છે, ને કેટલેક સ્થળે તો ગામડાના ગામડા સદંતર ભૂંસાઇ ગયા છે. શું યૂરોપ કે શું એશીયા: કોઇપણ દેશ કે પ્રદેશ: કર્મની સત્તાનું તાંડવ ખરેખર બેશરમપણે ભલ-ભલાને પજવે છે. કેવળ ભારતમાંજ કર્મ કે ભાગ્યની રમત પોતાના દાવ ખેલે છે તેવું કશું જ નથી. વિયેટનામ જેવા દેશમાં પણ આ રીતે આજે લાખો માણસોને વિનાશના મુખમાં બેશરમપણે ધકેલી દેતાં અચકાતી નથી, માટે જ માનવો ! કદિ કોઇ બાબતનો ગર્વ કરશો નહિ ! ક્યારે તમારી કઇ દશા થશે તે જ્ઞાની સિવાય કોણ કહી શકે ?

### જ્યારે ક્રુશ્ચોવના ફોટા હટાવી લેવાય છે.

તાજેતરમાં એક એવા સમાચાર છાપાઓના પાના પર ચમકી ગયા છે કે, રશિયાના ભૂતપૂર્વ વડા પ્રધાન ક્રુશ્ચોવની સ્મૃતિ કે તેમના નામને પણ પ્રજાની યાદદાસ્તમાંથી ભૂંસી નાંખવાની તમામ પ્રવૃત્તિઓ ત્યાંના વર્તમાન શાસકો કરી રહ્યા છે. છેલ્લા લગભગ ૧૨-૧૪ વર્ષથી રશિયામાં સર્વત્ર સ્વતંત્ર સત્તા ભોગવનાર ને રશિયાની ૨૨ ક્રોડની પ્રજા પર એકચક્રી સામ્રાજ્ય સ્થાપનાર ક્રુશ્ચોવે પોતાના શાસનકાળ દરમ્યાન કેટલીક વખતે સત્તાના નશામાં અંધ બનીને જે તુમાખીભરેલું વર્તન કરેલ, તેનું પરિણામ આજે તેમને તેમનાં જીવનમાં કમને ભોગવવાનો અવસર આવેલ છે. સ્ટાલિનના મૃત્યુ પછી સત્તા હાથ કરી રહેલ ક્રુશ્ચોવે સ્ટેલીનની કબરને પણ ક્રેમલીનના મકાનોમાંથી જમીન ખોદીને બહાર કઢાવી જે સત્તાશાહી પગલું ભરેલ, તેનું પરિણામ આજે જીવતાં હોવા

છતાં ને ૧૨-૧૨ વર્ષથી એક સરખી રીતે રશિયામાં લોકચાહના મેળવનાર, ક્રુશ્ચોવના પદચ્યુત થયા પછી આજે રશિયામાં તેમના ફોટાઓ ખસેડાઇ રહ્યા છે, તથા પાઠયપુસ્તકોમાંથી તેનું નામ પણ ભૂંસી નાંખવામાં આવે છે. માટે જ જ્ઞાની પુરૂષો વારંવાર ફરમાવી રહ્યા છે કે, સત્તા, સંપત્તિ કે સંસારની કોઇ પણ વસ્તુ શાશ્વત નથી, ક્ષણિક છે; તેનો ગર્વ કરવો કે તેની આંધીમાં અટવાઈ જવું તે ખતરનાક છે. સઘળું ક્ષણિક છે, સમજીને જાગતા રહેવું ને તેના મોહમાં ભાનભૂલા નહિ બનવું એ જ જીવનનો સાર છે.

### પ્રત્યેક વર્ષે ૭૫૦ ક્રોડ ડોલરનું ખર્ચ :

આજે વિજ્ઞાન જેમ જેમ વિકસતું જાય છે, તેમ તેમ તે ખરેખર વિનાશની કબર ખોદી રહેલ છે. યૂરોપના દેશો વિજ્ઞાનના ઘેનમાં એક-બીજાના ગળા કાપવા તથા એકબીજાને દમદાટી દેવાના કાર્યોમાં પડી ગયા છે. સામ્યવાદી દેશોમાં પણ ભારેલા અગ્નિની જેમ અંદરથી ધીખી રહેલો દેશ ચીન જે ભારતની પાડોશનો દેશ છે, તેણે તાજેતરમાં દિવાળીના દિવસોમાં અણુબોંબનો ધડાકો કરી હોળી સળગાવેલ છે. આ બધી શસ્ત્રાસ્ત્રોની હરિફાઈ ભારે ખતરનાક છે, તે હકીકત આજે સહુ શક્તિશાળી દેશો પણ ન છૂટકે કબૂલી રહ્યા છે. તાજેતરમાં અણુધડાકો કરીને પશ્ચિમના દેશોને મૂંઝવી મારનાર અને આ બધા ધડાકાઓ પાછળ વધુ ને વધુ નાણાં એકઠા કરવા સમગ્ર રાષ્ટ્રવ્યાપી આર્થિક ઝૂંબેશ શરૂ કરી છે. એક વખતે વિજ્ઞાનના સમગ્ર ખાતા માટે ૭૦ લાખ ડોલરનું અંદાજપત્ર રાખનાર ચીન, આજે કેવળ અણુધડાકા માટે ૭૫૦ ક્રોડ-એટલે ૭ અબજ ડોલર ઉપરાંતનું ખર્ચ દરવર્ષે કરવા તૈયાર થાય છે, ખરેખર આજે વિશ્વના પ્રત્યેક સત્તાધીશો કેવળ શસ્ત્રોની ભયાનક દોટ પાછળ અબજો રૂ. ખરચીને વિશ્વના સમગ્ર પ્રજાને અશાંતિ, દુઃખ તથા ભય ને દૈત્યની તિરસ્કાર તથા વૈર-ઝેરની પરંપરા જ ભેટમાં આપવા ઈચ્છે છે, જેનું પરિણામ વિનાશની મહાભયંકર આંધી સિવાય કાંઇ જ આવશે નહિ તે ચોક્કસ છે.

### જૈન ધર્મ વિષેની ખોટી રજુઆત :

મુંબઇની હાઇકોર્ટમાં તાજેતરમાં એક કેસનો ચૂકાદો આવેલ છે, કે જે ચૂકાદામાં હાઇકોર્ટમાં અરજદારની હકીકતનો જવાબદાર તરફની દલીલનો હવાલો આપીને જે રજૂઆત કરાઇ છે, તે વિષે સમગ્ર જૈનસંઘોએ ધ્યાનપૂર્વક તેનો પ્રતિકાર કરવો જરૂરી છે. હકીકત એ છે કે, મુંબઇ રહેતા પાટણ નિવાસી ઝવેરી શ્રી અમીચંદ વલમજી આદિએ ભારત સરકારના સુવર્ણધારાને પડકારતી રીટ અરજી મુંબઇની હાઇકોર્ટમાં કરેલી, જેમાં જણાવાયેલ કે, 'જૈનધર્મના દેવ શ્રી તીર્થંકર ભગવંતની મૂર્તિઓ માટે ભક્તિ નિમિત્તે સોનાનાં આભૂષણો તથા સોનાના વરખ આદિથી પૂજા કરવાના અમારા અધિકાર ઉપર આ 'ગોલ્ડ કંટ્રોલ રૂલ્સ'થી દખલ થાય છે.' જેને ચૂકાદો આપતાં હાઇકોર્ટે આ રીટ અરજી કાઢી નાંખેલ છે, ને તે ચૂકાદામાં હાઈકોર્ટે બીજી કેટલીક બાબતોની સાથે ચૂકાદામાં અરજદારોની સામે જવાબદારો તરફથી જે દલીલો કરવામાં આવેલ, તેનો ઉલ્લેખ કરેલ છે. આ કેસમાં જવાબદાર તરીકે ગોલ્ડ બોર્ડના પ્રમુખ જી. બી. કોટક, બોર્ડના બીજા ત્રણ સભ્યો, ને એકસાઈઝ કલેકટર તથા ભારત સરકાર હતા. જવાબદારો તરફથી તેમના ધારાશાસ્ત્રીઓએ આ કેસમાં એ દલીલ કરેલી કે 'જૈન ધર્મ ઇશ્વરની હયાતિમાં માનતો નથી, જૈન ધર્મ ઈશ્વરનું અસ્તિત્ત્વ સ્વીકારતો નથી. તેથી અરજદારો કહે છે તેમ કોઇ દેવને શુદ્ધ સોનાનાં ઘરેણાં ધરવાનો તેમના ધર્મમાં રિવાજ હોઇ શકે નહિ.' આજે દુનિયામાં આટ-આટલું વિજ્ઞાન આગળ ધપેલ હોવા છતાં, ને આટ-આટલા સાધનો વિશ્વમાં એક-બીજાને એક બીજાની નજીકમાં લાવનારા ને એક-બીજાને એક બીજાની ઓળખાણ કરાવનારા હોવા છતાં આ કેસમાં ભારત સરકારના ધારાશાસ્ત્રીઓ કેવી વિચિત્ર ને અસંગત જરીપૂરાણા બાવા-આદમના જમાનાની દલીલો કરે છે તે

ખરેખર કોંગ્રેસી સત્તાને ભારતમાં આજે ૧૭--૧૭ વર્ષથી શાસન પર આવ્યા છતાં આ થઇ રહ્યું છે, તે કેવું હાસ્યાસ્પદ કહેવાય ! જૈનધર્મ ઇશ્વરને નથી માનતો એવું કયા જૈનધર્મના ધર્મ ગ્રંથોનો ભારત સરકારના ધારાશાસ્ત્રીઓએ અભ્યાસ કરીને તારવણુ કાઢેલ છે, તે અમે જાણવા માંગીએ છીએ. જૈન ધર્મ તો ઇશ્વરને જે રીતે માને છે તે દુનિયાના કોઇપણ ધર્મમાં ઇશ્વરનું સ્વરૂપ ન દર્શાવાયું હોય તેવા શુદ્ધ નિર્દોષ ને સર્વજ્ઞ વીતરાગ ઇશ્વરને માને છે. જૈનોના પાલીતાણા, આબુ, ગીરનાર તથા સમેતશિખરજી જેવા સ્થલોમાં જે ક્રોડોના ખર્ચે તૈયાર કરાયેલા તીર્થસ્થાનો આજે ભારત તથા ભારતની બહારના હજારો પ્રવાસીઓને આકર્ષી રહેલ છે, તે જ કહી આપે છે કે, જૈનો તો ઇશ્વરને માનનારા પ આસ્તિકો છે. માટે જ અમારી હજુ પણ એજ એક વિનંતિ છે કે, હાઇકોર્ટમાં ચાલી ગયેલ આ કેસમાં જવાબદાર ભારત સરકાર તરફથી તેમના ધારાશાસ્ત્રીઓએ કરેલી દલીલોને હાઇકોર્ટના (રેકર્ડમાંથી તથા તેના ચૂકાદામાંથી રદબાતલ કરાવવા મુંબઇના જૈન સંઘના નયકોએ તથા ત્યાં બિરાજમાન પૂ. પાદ જૈનશાસન પ્રભાવક આચાર્યદેવોએ પ્રયત્ન કરવો જરૂરી છે. આવા પૂરાવાઓ કે દલીલો જતે દિવસે આપણા માટે રેકર્ડમાં હોય તે ઘણી ઘણી રીતે નુકસાનકારક બનશે તેથી સહુને અમારૂં નમ્ર નિવેદન છે કે, બની શકે તે રીતે આ કેસના જવાબદારો તરફથી અર્થશૂન્ય તથા અસંગત દલીલો હાઇકોર્ટમાં કરાઈ છે, તે હાઇકોર્ટમાં ચાલી ગયેલા આ કેસના રેકર્ડમાં ન રહે તે રીતે સક્રિયપણે પ્રયત્નો થવા જરૂરી છે.

**જૈન મહામંડળની સાંપ્રદાયિક મનોવૃત્તિ :**

જૈનસમાજમાં ત્રણે ફીરકાઓને સાંકળી લઇને પરસ્પર ભાતૃભાવ વધે, ઐક્ય સંગઠન તથા ખેલદિલી વધે તે માટે 'જૈન મહામંડળ' નામની ત્રણેય ફીરકાની–અર્થાત ત્રણેય સંપ્રદાયના પ્રતિનિધિત્વવાળી એક સંસ્થા આજે વર્ષોથી પ્રવૃત્તિ કરી રહી છે. પણ હમણાં તેની પ્રવૃત્તિ વધુ ને વધુ વિસ્તૃત થતી જાય છે. ગત વર્ષમાં સાંગલી મુકામે કલકત્તા નિવાસી સોહનમલજી દુગડના પ્રમુખપદે તે મહામંડળનું સંમેલન યોજાયેલ. જેમાં જો કે રાત્રીના ૯ થી ૧૦ વાગ્યા સુધામાં ભોજન સમારંભો ચાલ્યા હોવાના સમાચારો છાપાઓમાં પ્રસિદ્ધ થયેલા. વાસ્તવિક રીતે તો આ મહામંડળની પ્રવૃત્તિઓ મોટે ભાગે ધાર્મિક કરતાં રાષ્ટ્રીય વિશેષ રીતે હોય છે. છતાં બહારથી કોઇપણ સંપ્રદાયની નહિ ગણાતી આ સંસ્થાના મુખ્ય મુખ્ય નાયકો પોતાના સંપ્રદાયની વાતમાં કેટ–કેટલા કટ્ટર પૂરવાર થયેલા છે. શ્વેતાંબર સમાજ જેમ ઢીલો છે. તેમ દિગંબર સંપ્રદાય કટ્ટર ને કેટલીક વખતે તો ઝનૂની બને છે. તાજેતરમાં સમેતશિખરજી તીર્થના પ્રશ્નમાં આ જૈન મહામંડળ સંસ્થાના અગ્રગણ્ય કાર્યકરોએ બિહાર સરકાર પાસે ડેપ્યુટેશનરૂપે જઇને તીર્થનો કબ્જો શ્વેતાંબર સંપ્રદાયને ન મળવો જોઇએ ને શેઠ આ. ક.ની પેઢી કે શ્વે. જૈનો સમસ્ત જૈન સમાજનું પ્રતિનિધિત્વ ધરાવતા નથી, માટે તીર્થ વિષે કંઇ પણ કરતાં પહેલાં દિગંબર જૈનોને પણ સાથે રાખવા જોઇએ તેમ નિવેદન કરી આવેલ છે. એક બાજુ સાંપ્રદાયિક બાબતોથી અલિપ્ત રહેવાની ને ત્રણેય સંપ્રદાયોનું સંગઠન સધાય તેવી પ્રવૃત્તિઓમાં રસ લેવાની વાતો કરનારા મહામંડળના સંચાલકો, માત્ર અવસર આવે શ્વે. જૈન સમાજ વર્ષોથી માલિકી હક્ક જે તીર્થનો ધરાવે છે, તે તીર્થની બાબતમાં બિહાર સરકારના હસ્તક્ષેપને આવકારવા તૈયાર થાય છે, એટલું જ નહિ પણ શ્વે. જૈનોના અત્યાર સુધી ચાલી આવતા માલિકી હક્કમાં ડખલ ઉભી કરવા, ને બિહાર સરકારને બન્નેના ઝઘડામાં લવાદી તરીકે લાવવા પ્રયત્નો કરી રહેલ છે, ત્યારે થાય છે કે ભારત જૈન મહામંડળના સંચાલકોની આ કેવી દ્વિમુખી કાર્ય પદ્ધતિ !

**અનાજની આયાત પાછળ ૧ અબજ વધુ :**

ભારતમાં અનાજની પરિસ્થિતિ દિનપ્રતિદિન વધુ ને વધુ કથળી રહી છે. ઘઉં, ચોખા, મગ, ચણા, તુવેર, બાજરી, જુવાર ઈત્યાદિની અછત

તથા મોંઘવારી પાર વિનાના છે. ભારત પર પરદેશી સત્તાને વિદાય થયે આજે ૧૭-૧૭ વર્ષ થવા છતાં ભારતની પ્રજાને ઘઉં, ચોખા, ગોળ, તથા તેલ ને ખાંડ જેવી જીવનની પ્રાથમિક જરૂરીયાતવાળી વસ્તુઓમાં આજે જે વલખા મારવા પડે છે, છતાં કોઇ જાતનો સંતોષ નહિ. આટ-આટલા કરવેરા લેવા છતાં, ને દુનિયાના કોઈપણ દેશમાં નહિ હોય તેવું આકરૂં કરવેરાનું માળખું ભારત સરકારનું હોવા છતાં, દિન-પ્રતિદિન ભારતમાં અન્નની કારમી અછત સર્જાઇ રહી છે, તે વાસ્તવિક હકીકત છે. પહેલાના જમાનાને હસી કાઢનારાઓ જરા બુદ્ધિને ઠેકાણે રાખીને સમજે કે, પહેલા ભલે સડકો ન હતી, ને મોટરો કે ઇલેકટ્રીકના દીવાઓ ન હતા. પણ જે મજબૂત શરીર, દૃઢ મનોબળ ને આંખોના તીવ્ર તેજ હતા. તેમાં.યે ચોકખા અન્ન ઘી, દૂધને તેલની રેશમછેલ જે રીતે હતી તેમાંનું આજે સ્વપ્ન પણ છે? પછી ભલેને નાયલોન, ટેરીલીન, ટ્રાંઝીસ્ટર રેડીયો, તાર, ટપાલ વાયરલેસ, ને ટેલીવીઝન ઈ૦ બધું દિન-પ્રતિદિન નવી જ રીતે વધતું રહેતું હોય, છતાં અન્ન, ઘી. દૂધ, તેલની કારમી ને ભીષણ કંગાલીયતથી પ્રજાના લગભગ ક્રોડોની વસ્તિની છતીના પાટિયા જે રીતે ભીંસાઈ રહ્યા છે તેનું શું? એ પણ એક જમાનો હતો, કે અકબરશાહના સમયમાં એક મણ ઘઉં જૂના ૩૮ પૈસામાં મળતા, આજે જુના ૧૦૨૦ પૈસામાં યે મળતા નથી. તેમાંયે સારામાં સારા ઘઉં ૪૦૦૦ પૈસામાં મણ મળે છે. ચોખા ૨૦૦ પૈસાનાં મણ મળતા, આજે સામાન્ય ચોખા ૨૫૦૦ પૈસામાં, ને સારા ૫ હજાર પૈસામાં મણ, બાજરો ૨૨ પૈસામાં મણ મળતો હતો, તે મણ બાજરો આજે ૨૦૦૦ પૈસામાં, તેલ ૩૦૦ પૈસામાં મણ મળતું હતું. તે આજે ૪ હજાર પૈસે મણ મળે છે. ચણા અકબરના કાલમાં ૨૨ પૈસે મણ મળતા હતા, તે આજે ૩ હજાર પૈસે મણના ભાવે મળે છે. આ પરિસ્થિતિ ક્યાં સુધી ચાલશે તે જ્ઞાની જાણે! આટ-આટલી જમીન હોવા છતાં કેવળ શેકડીયો પાક ખેડૂતો ઉતારે, ને સરકાર તે માલ પરદેશ ચઢાવી હુંડીયામણ મેળવે, પણ અનાજ પરદેશથી મંગાવવું પડે તેનું શું? તાજેતરમાં લોકસભામાં ખોરાક ખાતાના એક અધિકારીએ જાહેર કરેલ છે કે, ભારતમાં અનાજની આયાતને પહોંચી વળવા ચાલુ વર્ષના અંદાજપત્રમાં રૂા. એક અબજનું ખર્ચ વધુ થશે. એક બાજુ ઉદ્યોગ ખાતાના પ્રધાન કહે છે કે 'જેમ નિકાસ વધુ તેમ દેશનો વિકાસ વધુ' તે રીતે પોકારો કરીને શેકડીયો પાક પરદેશ ચઢાવી, અબજોનું અનાજ દેશમાં મંગાવીને તેમ જ નકામી પડી રહેનારી લોખંડની મશીનરી મંગાવીને દેશમાં અનાજની બાબતમાં કેવળ પરદેશ તરફ મોઢાં માંડીને રહેવાની વર્તમાન ભારત સરકારની નીતિ ખરેખર સામાન્ય બુદ્ધિના માણસના પણ મગજમાં ન ઉતરે તેવી તદ્દન વિસંવાદી છે.

**ખતમ કરવો હતો સગાભાઇને પણ!:**

સૌરાષ્ટ્રના બોટાદ શહેરની બાજુમાં રાજપરા ગામમાં તાજેતરમાં વીતી ગયેલો આ બનાવ છે, રાજપરા ગામમાં બે કોળી ભાઇઓ રહે. મોટા પાસે દોમ દોમ સાહ્યબી, પણ તેને ઘેર કોઇ ખાનાર નહિ, જ્યારે નાનાને ઘેર દીકરો ખરો પણ ચપટી ધાનના યે સાંસા. આ પરિસ્થિતિમાં નાના ભાઇના પેટમાં પાપ પ્રવેશ્યું. મોટા ભાઇને કોઈ વારસદાર નહિ હોવાથી તે મરી જાય તો એની સંપત્તિ પોતાને મળે તે દૃષ્ટિયે નાનાભાઇએ મોટાભાઇ જ્યારે મધરાતના નસકોરાં બોલાવતા સૂઇ રહ્યા છે, ત્યારે તેમનું ગળું જોરથી દબાવી દીધું, ને કાયા સહેજ તરફડી અને થોડી જ ક્ષણોમાં પ્રાણ વિનાનું કાયપિંજર ઢીલું ઢફ થઇને ઢળી પડ્યું! પણ પાછળથી નાનાભાઇએ દીવો કરીને જોયું, ત્યારે તેની કાયા કંપી ઉઠી, તેના હાજાં ગગડી ગયા. તે પથારીમાં સૂઇ રહેલ મોટાભાઈ ન હતા, પણ નાનાભાઇનો પોતાનો સગો એકનો એક દિકરો હતો. અંધારામાં ભૂલથી એણે મોટાભાઇને બદલે પોતાના દિકરાનું જ ગળું ટુંપી દીધું હતું. કર્યા કર્મ કોઇને છોડતા નથી. લે કર! ને જો! બીજાનું ભૂંડું કરનારનું પોતાનું જ ભૂંડું થઇ રહ્યું છે, તે ઉક્તિ ખરેખર આ પ્રસંગે યથાર્થ

બને છે. માટે જ જ્ઞાનીઓ ફરમાવે છે કે, બની શકે તો બીજાઓનું ભલું કરશે ને તે ન બને તો કોઇનું બૂરું કરવામાં મન, વચન કે કાયાથી દૂર રહેજો.'

## હડહડતો કલિયુગ!

જૈનશાસ્ત્રોમાં પાંચમા આરાનું જે ભાવિ ફરમાવેલ છે, તે ધીરે ધીરે આજના કાલમાં દૃષ્ટિગોચર થઇ રહ્યું છે. પાંચમા આરાના છેલ્લા કાળમાં તો ૧૬ વર્ષની સ્ત્રી, પુત્ર-પૌત્રાદિના પરિવારથી સહિત વૃદ્ધતાની હદે આવી જશે. તે ભાવિનો જાણે સાક્ષાત્કાર કરાવતો હોય તેવો પ્રસંગ તાજેતરમાં પેરૂ (યૂરોપ) રાજ્યમાં દક્ષિણ લીમાનીમાં બનેલ છે. ત્યાં ૯ વર્ષની એક બાળાએ ગર્ભધારણ કરેલ છે, જે થોડા મહિના બાદ બાળકનો જન્મ થાય તેવો સંભવ છે. આ બાળાના કહેવાતા પિતા કે જેની વય ૪૬ વર્ષની છે, તેની પોલીસે ધરપકડ કરી છે. ૧૯૩૯ માં આજ પેરૂ શહેરમાં પાંચ વર્ષને ૭ મહિનાની વયમાં લીનામદીના નામની એક બાળાને પેટ ચીરીને શસ્ત્રક્રિયા વડે પ્રસૂતિ કરાવવામાં આવેલ, ને બાળા તથા તેનું બાળક આજે પણ જીવે છે. ખરેખર આહાર, તથા કામસંજ્ઞા એવી સંજ્ઞા છે કે, ભલ-ભલાને તે નચાવે છે, હજી આહાર સંજ્ઞાને જીતનારા મળી જશે, પણ કામ સંજ્ઞાને જીતનારા જવલ્લે જ મળશે. આજનું વિકારી વાતાવરણ, વિલાસી હવા સ્વચ્છંદી જીવન તથા રહેણી કરણીમાં મોહક ને ઉચ્છંખલ સ્વૈરવિહાર આ બધાયના કારણે યૂરોપ, એશીયા ને ભારતમાં છેલ્લા ૨૫ વર્ષથી દિન-પ્રતિદિન એવી વિનાશક આંધી ફેલાઇ રહી છે, કે જેના પરિણામે કેવળ એશઆરામ, મોજશોખ તથા કામવૃત્તિ દિન-પ્રતિદિન બહેકી રહી છે, તેમાં સીનેમા, નાટક, ચેટક, ને ભાંડ-ભવાઇની લીલાએ તો માઝા મૂકી છે. રેડીયો સંગીતના નામે સીનેમાના ગાયનોએ તો સવારથી માંડી સાંજ સુધી ઘેર-ઘેર તેનો કબ્જો લઇ લીધો છે, જેનું પરિણામ આ જ આવે તેમાં નવાઇ શી? માટે જ હવે આજની ઉગતી પ્રજાને કહેવું પડે છે કે, 'હવે રૂક જાવ!

## દર વર્ષે ૭૫ હજાર મોટરોની જલસમાધિ

વિશ્વની આ તે કેવી વિચિત્રતા છે! કર્મની તો આ કેવી કરૂણ છતાં કઠોર લીલા છે, કે જ્યાં ખાવાનું છે ત્યાં દાંત નથી, ને દાંત છે ત્યાં ખાવાનું નથી. કોઇને ખાવાનું મેળવતાં ફાંફાં મારવા પડે છે, તો કોઇને ખાવાનું ખાતાં ફાંફાં મારવા પડે છે. ભારતમાં મોટરો મેળવવા માટે લોકોને વલખા છે. આજે ઓર્ડર આપે, ને બે-ત્રણ વર્ષે ઓર્ડર પાસ થાય ને મોટર મળે! જ્યારે અમેરિકા, સ્વીડન જેવા દેશોમાં મોટરો એટલી બધી સસ્તી પડે છે કે, તેમને નવી મોટરો આવ્યા પછી જૂની મોટરો રાખવી મોંઘી પડે છે, એટલે દર વર્ષે આ દેશોમાંથી ઓછામાં ઓછી ૭૫ હજાર જેટલી મોટરોને દરિયામાં પધરાવીને આ લોકો રાહત મેળવે છે. છે ને વર્તમાનની વિશ્વની વિચિત્રતા!

## પોપના સન્માન માટેનો પ્રબંધ

તાજેતરમાં ડીસેંબરની ૨ જીના મુંબઇના આંગણે પગ મૂકનાર કેથોલિક સંપ્રદાયના વિશ્વના સૌથી વડા ધર્મગુરૂ શ્રી પોપના સન્માનાર્થે ભારત સરકારે તથા મુંબઈ સરકારે કશી જ જાતની કરકસર રાખી ન હતી. આમ પોતાના રાજ્યને બિનસાંપ્રદાયિક તરીકે જાહેર કરનાર કોંગ્રેસી સરકાર જૈનો માટે, તથા હિન્દુઓ માટે તેમના ધર્મના અનુષ્ઠાનો કે ધર્મગુરૂઓના યા ધાર્મિક સમારંભોમાં ભાગ લેવાથી દૂર રહે એટલું જ નહિ, પણ કોઇ પણ પ્રકારની વિશિષ્ટ સગવડો આપવી હોય તો તે પણ આપવાની આનાકાની કરે. જ્યારે પોપના આવાગમન પ્રસંગે મુંબઈ સરકારની ૪ હજાર પોલીસો ૨૪ કલાક માટે કામ પર રહેતી હતી. બીજા ૧૬ હજાર પોલીસના માણસો વ્યવસ્થા માટે બોલાવવામાં આવેલ. ૩૩ રાષ્ટ્રોમાંથી આ પ્રસંગે ૬ લાખ વ્યક્તિઓ આવેલ તેમની સગવડ કરેલ. ભારતીય રેલ્વે દ્વારા આઠ દિવસ સુધી ૬૭ વધા-

શની ટ્રેનો દોડાવવામાં આવેલ. મુંબઈમાં પણ સવારના ૪ થી રાતના બે વાગ્યા સુધી ટ્રેનો દોડતી રહેલ. ભારતના ઉપરાષ્ટ્રપતિ ઝાકીરહુસેન, ને રાષ્ટ્રપતિ ડો. રાધાકૃષ્ણન્ ખાસ આ સમારંભ માટે દીલ્હીથી આવેલ. આ રીતે ભારતમાં આજે સેંકડો વર્ષો બાદ યુકેરિસ્ટીક કોંગ્રેસ ભરાઈ ગઈ. ને તે દ્વારા ભારતીય લોકોએ ખ્રીસ્તી ધર્મના પ્રચારને મૂકપણે ટેકો આપ્યો! આજે નહિ ને આવતી કાલે ભારતના શાણા તથા વિચક્ષણ પુરૂષે તે સમજાશે કે, આજની આ યુકેરિસ્ટીક કોંગ્રેસના અધિવેશનના પગરણથી ભારતમાં કઇ આંધી ભાવિમાં સર્જાશે, તે માટે ભાવિ જ કહી દેશે. આજે તેને અંગે યથાર્થ ભાવિ કહેવું, તે કદાચ વધારે પડતું કહેવાશે, પણ આજે જેઓ ભારતના ભાગ્ય વિધાતા કહેવાય છે, તેમણે કરેલી આ ગંભીર ભૂલનું પરિણામ આવતી કાલ કહેશે!

### કલ્યાણ રાજ્યનું કરૂણ ચિત્ર!

તાજેતરમાં ગંતૂર ખાતે મહાસમિતિની બેઠક મળી તેમાં ૮૦ લાખ રૂા. ખર્ચાયા; ને હવે દુર્ગાપુર ખાતે કોંગ્રસનું અધિવેશન ભરાશે; જેમાં ક્રોડો રૂા. ખર્ચાશે; એક બાજુ આ રીતે કલ્યાણ રાજ્યની વાતો કરનારી કોંગ્રેસ સરકારના તંત્રમાં આજે અધિકારી વર્ગ લાખ્ખો રૂા.ના ક્રોડો કરવા બેઠા છે; કાશ્મીરમાં શેખના ગયા પછી બક્ષી સરકારે ૮ ક્રોડ રૂા. ભેગા કર્યા; ઓરિસ્સામાં પટનાયક, તથા બિરેન મિત્ર, તેમજ પંજાબમાં કેરોન આ બધાયે ક્રોડો ભેગા કર્યાં; છતાં ન કોઈ તેમના માટે જાહેર તપાસ, કે ન તેમની સામે કશી કાર્યવાહી; જ્યારે વ્યાપારીઓ માટે ન્હાની-ન્હાની વાતોમાં જાહેરમાં ભાંડણવૃત્તિ; ને તેમને કેવલ ઉતારી પાડવા સિવાય કશું નહિ. સરકારે પોતાનાં હસ્તક વ્યાપાર લીધા પછી કેટ-કેટલાયે ખાતાઓમાં નુકશાની કરી છે. તેમજ કેટ-કેટલાયે ગેરવહિવટ થયેલ છે. છતાં ન દાદ કે ન ફરિયાદ; વ્યાપારી સામે ફરિયાદ કર્યા પછી ને શિક્ષા કર્યા પછી તેને અપીલ કરવાનો હક્ક નહિ. જ્યારે ખૂનીને પોતાની સજા સામે અપીલનો હક્ક કાયદેસર. આ છે આજના તંત્રની વ્યાપારીઓ પ્રત્યેની મનોવૃત્તિ! તાજેતરમાં કલ્યાણ રાજ્યનું એક કરૂણ ચિત્ર જાહેર છાપાઓમાં પ્રસિદ્ધ થયેલ છે કે, જે દુર્ગાપુર ખાતે કોંગ્રેસ અધિવેશન ભરાનાર છે, તે જ બંગાળના મુખ્ય શહેર કલકત્તામાં ચાર બાલકો ધરાવતી અને જેનો પતિ ક્ષયનો દર્દી છે, તેવી એક કમનશીબ બાઇને ગેરકાયદે દારૂ રાખવા બદલ આરોપી ઠરાવી કલકત્તાની અદાલતમાં રજૂ કરાઇ હતી. બાદ એ બાઇએ પોતાનો ગુન્હો કબુલી જણાવ્યું કે 'પોતાના કુટુંબ નિભાવ માટે દારૂ ગાળવાની ફરજ પડી હતી' ન્યાયાધીશે તેને સજા કરવાના બદલે છોડી મૂકવાનો હુકમ કરીને જણાવેલ કે, 'આવી કમનશીબ મહિલાઓના નિભાવ માટે આપણા કલ્યાણ રાજ્યે કેટલીક જોગવાઈ કરવી જોઇએ.' આ રીતે ન્યાયાધીશે જણાવીને તે બાઇનો તથા તેના કુટુંબનો નિભાવ સરકારના ખર્ચે કરવાનો હુકમ કરેલ, જે ભારતમાં આજે પ્રધાનો, અધિકારીઓ તથા સરકારી ખાતાઓમાં લાખ્ખો રૂા. દિન-પ્રતિદિન કેવળ તેમની એશ-આરામની ખાતર ખરચાઈ રહ્યા હોય, ને ભારતમાં બીજી બાજુ પ્રજાના ક્રોડો લોકો કારમી દશામાં જીવન વ્યતીત કરતા હોય તે કેવી કમભાગી પરિસ્થિતિ કહેવાય! માટે જ વારંવાર કહેવું પડે છે કે, ભારતનું વર્તમાન રાજ્યતંત્ર જ્યારે આધ્યાત્મિકતાને જીવનમાં જીવશે, તેમજ સ્વાર્થત્યાગ, સેવા તથા સાદાઇને જીવનમંત્ર બનાવશે, ને પ્રમાણિકતા, પરોપકાર તથા ખેલદિલીને અપનાવશે તો જરૂર ભારત સાચા અર્થમાં સર્વ દેશોમાં શ્રેષ્ઠ સ્થાને બિરાજશે એ નિઃશંક છે. તા. ૮-૧૨ ૬૪

જે કાંઈ થઈ ગયું છે, એનો વિચાર કરો નહિ; તેમાંથી બોધ લઇને જે સમય હાથમાં છે, એનો સદુપયોગ કરવા માટે કામે લાગી જાવ!

# શ્રીમદ્ યશોવિજય જૈન સંસ્કૃત પાઠશાળા

## અને

# શ્રી જૈન શ્રેયસ્કર મંડળ મહેસાણા

સ્વર્ગસ્થ, નરરત્ન, શ્રેષ્ઠીવર્ય શ્રી વેણીચંદ સુરચંદ સંસ્થાપિત ઉપરોક્ત સંસ્થા ૬૭ વર્ષથી એક ધારા રત્નત્રયી પોષક અનેક શાસનોપયોગી કાર્યો કરી રહી છે. અને જેના કાર્યથી ભારતભરનો ચતુર્વિધ સંઘ સુપરિચિત છે. પણ છેલ્લા કેટલાએક વર્ષોથી દિન પ્રતિદિન વધતી જતી અસહ્ય મોંઘવારીને લીધે દર સાલ પર્યુષણ પ્રસંગે પ. પૂ. આચાર્યદેવાદિ મહારાજ સાહેબો, પૂ. સાધ્વીજી મ. સાહેબો અને સંઘના કાર્યકર્તાઓને સંસ્થાનો રીપોર્ટ તથા પત્રિકા મોકલવામાં આવે છે. અને તેથી સંસ્થાને સારો એવો સહકાર મળે છે અને તે મુજબ ચાલુ સાલના પર્યુષણ પ્રસંગે નીચે મુજબ મદદ મળેલ છે.

૭૧૩૬-૦૦ પૂજ્યપાદ આચાર્યદેવાદિ મુનિમહારાજાઓના સદુપદેશથી

૩૩૪૯-૦૦ પૂ. સાધ્વીજી મ. સાહેબોના સદુપદેશથી

૧૨૦૭૮-૦૦ શ્રી સંઘો અને સદ્‌ગૃહસ્થો તરફથી

તેમજ કલકત્તા ભવાનીપુર સંઘના આમંત્રણથી પરીક્ષક શેઠ વાડીલાલ મગનલાલભાઈ પર્યુષણ કરાવવા ગયેલ અને ત્યાં કેનીંગ સ્ટ્રીટમાં બિરાજમાન પ. પૂ. પંન્યાસજી વિનયવિજયજી મહારાજ સા. તથા પ. પૂ. ગુણવિજયજી મ. સા.ના સદુપદેશથી સંઘના પ્રમુખ શેઠ શ્રી સવાઈલાલ કેશવલાલ વિગેરે આગેવાનોના તેમજ સંસ્થાના ટ્રસ્ટી શેઠ મણીલાલ વનમાળીદાસના સહકારથી ટીપ શરૂ કરેલ અને વધુ જરૂર જણાતાં અત્રેથી સંસ્થાના ઓનરરી સેક્રેટરી ડો. મગનલાલ લીલાચંદ તથા કાર્યવાહક ઊંઝાવાળા શેઠ શ્રી પુનમચંદ વાડીલાલ પણ ગએલ અને રૂા. ૮૧૦૦૦) ની રકમ થયેલ.

**તદુપરાંત નવેમ્બર માસમાં નીચે મુજબ રકમ પ્રાપ્ત થયેલ છે.**

| રકમ | નામ | ગામ | કોના સદુપદેશથી આવી. |
|---|---|---|---|
| ૫૦૧-૦૦ | શ્રી રાજકોટ જૈન તપગચ્છ સંઘ | રાજકોટ | પૂ. ગણિ. શ્રી હંસસાગરજી મ. |
| ૧૦૧-૦૦ | શ્રી શાંતિનાથજી જૈન ઉપાશ્રય | મુંબઇ | પૂ. સા. શ્રી વસંતશ્રીજી મ. સા. |
| ૧૦૧-૦૦ | શાહ છોટાલાલ અમુલખદાસ | વેરાવળ | |

૫૧-૦૦ મણીબેન વછરાજ હા. ડા. ધીરૂભાઈ ,

૫૧-૦૦ શ્રી લુણસાવાડાનાં ઉપાશ્રયની બ્હેનો તરફથી અમદાવાદ પૂ. સા. શ્રી મહેન્દ્રશ્રીજી મ. સા.

૫૧-૦૦ ગં. ચંચલબેન બ્ર શા દલભચંદ જીવણદાસ કંથરાવીવાળા પુના કેમ્પ

૫૦-૦૦ શ્રી ગોડીજી જૈન દેરાસર જનરલ ટીપમાંથી મુંબઇ

૧૫૭-૦૦ પરચુરણ આવેલ.

તે દરેકનો સહર્ષ સ્વીકાર સાથે આભાર માનીએ છીએ અને કોઇ પણ પ્રસંગે હરહમેંશ તન-મન અને ધનથી સહકાર આપવા ચતુર્વિધ સંઘને વિનંતી કરીએ છીએ.

આસો માસમાં બે અધ્યાપકો તથા ૧૮ વિદ્યાર્થીઓએ નવપદજીની ઓળીની સુંદર આરાધના કરી હતી.

આસો વદ છઠ્ઠથી વિદ્યાર્થીઓની છ માસિક પરીક્ષા શરૂ થયેલ જેમાં અત્રે બિરાજમાન પ. પૂ. પં ૧૦૦૮ શ્રી મુક્તિવિજયજી મ. સા. આદિ મ. સાહેબોએ દ્રવ્ય-ગુણ-પર્યાયનો રાસ, તત્ત્વાર્થ ભાષ્ય, પ્રાકૃત, મૂળ વિગેરેની, પ. પૂ. પ. ૧૦૦૮ શ્રી ભુવનત્રિજયજી મ. સાહેબે સંસ્કૃત બે બુકની, પ. પૂ. હેમચંદ્રવિજયજી મ. સાહેબે પંચસંગ્રહ તથા ષષ્ઠ કર્મગ્રંથની તેમજ પં. છબીલદાસભાઇ વિગેરેએ સિદ્ધહેમ બૃહદ્દ્વૃતિ આદિ ગ્રંથોની પરીક્ષા લીધેલ. જેનું પરિણામ સો ટકા આવેલ છે.

આસો વદ ૯ ના, સંસ્થાની સ્થાનીક મીટીંગ મળી હતી જેમાં મુમુક્ષુ ભાઈ શ્રી દલપતલાલ ચીમનલાલની માસિક રૂ. ૧૮૦) ના પગારથી પરીક્ષક ખાતામાં નિમણુંક કરવામાં આવેલ. જેમનો હાલ સૌરાષ્ટ્રમાં પરીક્ષા માટેનો પ્રવાસ ગોઠવેલ છે. તેમજ વિદ્યાર્થીઓને હિંદી તથા ઇંગ્લીશ ભાષાજ્ઞાન માટે સારા અનુભવી બે શિક્ષકોની નિમણુંક કરવામાં આવેલ છે.

નાશિક પાસે રાજુર સંઘની માગણીથી ચિ. મહેન્દ્રકુમાર ખેતસીભાઈને શિક્ષક તરીકે ત્યાં મોકલેલ છે.

અત્રે બિરાજમાન પ. પૂ. પન્યાસજી ૧૦૦૮ શ્રી મુક્તિવિજયજી મ સા. વિગેરે તા. ૨૦-૧૧-૬૪ ના રોજ સંસ્થામાં પધારેલ તે વખતે સંસ્થાના ઓ. સે. ડો. મગનલાલ લીલાચંદભાઈ તથા ડો. મફતલાલ જે. શાહ મેનેજર કાંતિલાલભાઈ તથા પ્રાધ્યાપક શ્રી પુખરાજજીભાઇએ મ.શ્રીને સંસ્થાની કાર્યવાહી જણાવેલ અને મ. સાહેબે પણ બે કલાક સુધી બારીકાઇથી સંસ્થાની રત્નત્રયીપોષક કાર્યવાહીનું નિરિક્ષણ કરી સંતોષ વ્યક્ત કરેલ.

# શ્રી મહાવીર જૈન વિદ્યાલયના

# સુવર્ણ મહોત્સવનો અપૂર્વ અવસર

અરધી સદીનું આયુષ્ય; વ્યક્તિ અને સંસ્થા બન્નેના જીવનનો ગૌરવભર્યો ધન્ય પ્રસંગ; તેમાંય વ્યક્તિ માટે તો આયુષ્ય વધે એમ શક્તિ ઓછી થાય, શેષ જિંદગીની અવધિ પણ ઓછી થાય; ત્યારે જે સંસ્થા સંતપુરૂષના આશીર્વાદ અને પ્રેરણાના નક્કર પાયા ઉપર ખડી થઇ હોય એને માટે તો જેમ આયુષ્ય વધતું જાય એમ એની શક્તિ વધતી જાય, સેવા વધતી જાય અને ઊગતા સૂર્યના પ્રકાશની જેમ એનો વિસ્તાર પણ વધતો જાય.

શ્રી મહાવીર જૈન વિદ્યાલય આવી જ બડભાગી શિક્ષણ સંસ્થા છે. અત્યારે એનું સુવર્ણ મહોત્સવ વર્ષ (૫૦મું વર્ષ) ચાલી રહ્યું છે. અમારે મન, સંસ્થા અને સમાજ બન્નેને માટે, આ ગૌરવભર્યો પ્રસંગ છે, સોનેરી અવસર છે, અપૂર્વ અવસર છે. એની ઉજવણી માટે અમે કંઈ કંઇ મનોરથો સેવીએ છીએ. એ મનોરથો છે સંસ્થાને વધુ પગભર બનાવવાના, સંસ્થાના કાર્યક્ષેત્રનો વિસ્તાર કરવાના, શિક્ષણ અને સાહિત્ય પ્રસારના ક્ષેત્રે સમાજની સવિશેષ સેવા બજાવવાના. અમારા એ મનોરથોના સહભાગી બનવા સૌને વીનવીએ છીએ, એમની આગળ અમારી ટહેલ રજૂ કરીએ છીએ—**આવા અપૂર્વ અવસર નિમિત્તે ઓછામાં ઓછા પંદર લાખ રૂપિયાનો ફાળો એકત્ર કરવાની!**

**પૂર્વ વિદ્યાર્થીઓને**—વિદ્યાલયમાં રહીને શિક્ષણ અને સંસ્કારનું પાન કરી જનાર બધા વિદ્યાર્થીઓ જેમ સમાજની ગૌરવભરી સંપત્તિ છે, તેમ વિદ્યાલયની અખૂટ મૂડી છે. વિદ્યાલયને જેમ એમના પર વાત્સલ્યભર્યો અધિકાર છે, એમ આ વિદ્યાર્થીબંધુઓ પણ પોતાની આ માતૃસંસ્થા પ્રત્યે એવો જ મમત્વભર્યો ભાવ રાખે છે. સંસ્થાને પગભર અને સદ્ધર બનાવવામાં આ મિત્રોએ જે સેવા આપી છે તે ખૂબ યશસ્વી છે. સંસ્થાના સુવર્ણ મહોત્સવ પ્રસંગે અમે એમની વિશેષ સેવાઓની આશા રાખીએ છીએ; ટીપે ટીપે સરોવર ભરાય—એ ન્યાયે તેઓ પોતપોતાનો ફાળો આપીને અને પોતાના મિત્રવર્ગને પ્રેરણા કરીને સંસ્થાનું કામ સરળ બનાવી દે!

**વિદ્યાલયના સભ્યોને**—વિદ્યાલયના વિસ્તારનો ઈતિહાસ વિદ્યાલયના સભ્યોની મમતા, ઉદારતા અને સમાજસેવાની ધગશનો ઉજ્જવળ ઈતિહાસ છે. એમના સહકારથી જ વિદ્યાલય ફાલ્યું-ફૂલ્યું છે, અને હજી પણ વિશેષ ફાલવા ફૂલવાનું છે. આ સુવર્ણ મહોત્સવ એ તો એમના પોતાના ઘર-આંગણાના ઉત્સવ જેવો સુઅવસર છે. આવા ઉત્સવમાં પોતાના તન-મન-ધનથી સાથ આપવામાં કોણ પાછળ રહે? જેમણે અત્યાર સુધી સંસ્થાને યશસ્વી રીતે નિભાવી છે, તે વિદ્યાલયના સભ્યો આ સુવર્ણ મહોત્સવ પ્રસંગે સંસ્થાને વિશેષ શક્તિશાળી બનાવવામાં જરાય પાછી પાની નહિ કરે એવી અમને ઉમેદ છે.

**શ્રીમાનોને**—ધર્મકરણી અને સમાજ સેવાની અનેક પ્રવૃત્તિઓ સમાજના ઉદ્ધાર અને ભાવનાશીલ શ્રીમાનોની ઉદારતાથી ચાલતી રહે છે. જે શ્રીમાનોની ઉદારતાનો લાભ વિદ્યાલયને મળવો હજુ બાકી હોય તેઓ આ સુવર્ણ મહોત્સવ પ્રસંગે વિદ્યાલયને સાથ આપવાના યશના ભાગી થાય એવી અમારી પ્રાર્થના છે.

**શિક્ષણપ્રેમીઓને**—સમાજના શિક્ષણપ્રેમીઓને અમારી વિનંતિ છે કે તેઓ આવા અપૂર્વ અવસર પ્રસંગે આગળ આવે, અને આ સુવર્ણ મહોત્સવને સાચો સુવર્ણ મહોત્સવ બનાવવાના અમારા પ્રયત્નમાં સંપૂર્ણ સાથ અને સહકાર આપે!

**શ્રી સંઘને**—બધી સત્પ્રવૃત્તિઓ અને સંસ્થાઓનું સાચું અને સનાતન બળ છે શ્રી સંઘ. શ્રી સંઘની ભાવનાથી એનો પાયો નંખાય છે, શ્રી સંઘની મમતાથી એ નભે છે, અને શ્રીસંઘના સહકારથી એનો વિસ્તાર થાય છે. વિદ્યાલયની પચાસ વર્ષની ઉજ્જવળ કારકિર્દી એ સમસ્ત શ્રી સંઘના લાગણીભર્યા સહકારની અમર કીર્તિગાથા છે. સુવર્ણ મહોત્સવના અપૂર્વ અવસરને સફળ બનાવવા અમે સમસ્ત શ્રી સંઘની મમતા અને હૂંફની માગણી કરીએ છીએ.

મંત્રીઓ : **શ્રી મહાવીર જૈન વિદ્યાલય**
ગોવાળિયા ટેન્ક રોડ. **મુંબઇ-૨૬**

---

**નોંધ** :—સંસ્થાના સર્વ પૂર્વ વિદ્યાર્થીઓને તેમનાં સરનામાં કાર્યાલયને તુરત મોકલી આપવા વિનંતિ છે.

---

**વધતી ઘોર હિંસા** : ભારતમાં દિનપ્રતિદિન હિંસા ઘોર રીતે વધતી જ રહી છે, જેને અંગે કેટલાક જાણવા જેવા આંકડા બહાર પડેલ છે. ૧૯૫૦–૫૧માં ભારતમાં ૨૨ ક્રોડ રૂા નું ગાયનું માંસ, રૂા. ૯ ક્રોડ ૫૦ લાખનું ભેંસનું માંસ, ૪૪ ક્રોડ રૂા.નું બકરીનું માંસ, ૪ ક્રોડ ૭૫ લાખ રૂા.નું સુવરનું માંસ, ૨૦ ક્રોડ રૂા નાં મુરઘી, બતકના ઈંડા, ૮ ક્રોડ રૂા.નું મુરઘીનું માંસ, ને ૩૬ ક્રોડ રૂા.ની માછલીનું માંસ તૈયાર થયેલ. ભારતમાં ૨૧ બંદરો છે, તેમાંથી ફક્ત મુંબઈ, કલકત્તા તથા મદ્રાસ એ ૩ બંદરોમાંથી ૫૬ લાખ ૩૮ હજાર રૂા.ના ગાય, વાછરડા આદિના આંતરડા, જીભ, કાળજું ઈત્યાદિ પરદેશ ખાતે ચઢાવવામાં આવેલ. બીજા બંદરોમાં ચઢેલું હોય તે જુદું. ૧૯૫૫–૫૬માં ભારત સરકારે ૮૦ લાખ ૭૦ હજાર ગાયો તથા વાછરડાઓના ચામડા પરદેશ ચઢાવ્યા. તેમજ ૫૦ લાખ ચામડાના જોડા ભારતમાં બનાવવા માટે ગાયો તથા વાછરડાઓની હત્યા કરવામાં આવી. એટલે ૧ ક્રોડ ૩૦ લાખ ૭૦ હજાર ખાલો માટે બિચારી ગાયો, તથા વાછરડાની હિંસા કરવામાં આવી. આ છે ભારત દેશ જ્યાં ઘેર–ઘેર પ્રાણીરક્ષા તથા જીવદયાના પાઠો ભણાતા હતા, ત્યાં આજે કોંગ્રેસી રાજ્યમાં કેવલ પરદેશી હુંડીયામણુ મેળવવા માટે આ રીતે ક્રોડો જીવોની હત્યા કરવામાં આવે છે, ને છતાં ગાયને દ્રોહીને કૂતરાને પાવા જેવી નીતિ રીતિથી ક્રોડો રૂા. કેવલ ગેરવહિવટ તેમજ લાચ–રૂશ્વત અને બીજા અપ્રામાણિક માર્ગોથી દુર્વ્યય થઈ રહ્યા છે.

# અંજનશલાકા મહોત્સવનાં ભવ્ય સંસ્મરણો.

**શ્રી સુંદરલાલ ચુનીલાલ કાપડીયા એમ. એ. વડોદરા.**

મુંબઇ-માટુંગા ખાતે તાજેતરમાં પૂ. આ. મ શ્રી વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજની પુણ્ય નિશ્રામાં શ્રી ગોવિંદજી જેવત ખોનાએ પ્રભુ પ્રતિષ્ઠા અંજનશલાકા મહોત્સવ ઉજવેલ. અનુપમ શાસન પ્રભાવક તે મહોત્સવ લેખકે સ્વયં ત્યાં નજરોનજર નિહાળેલ હોવાથી, તેના ભવ્ય સુભગ સંસ્મરણો ખાસ 'કલ્યાણ' માટે અહિં આલેખાય છે.

**કા. વદ ૬ મંગળવાર**: મંગળ પ્રભાતે માટુંગા-મુંબઈમાં રાજગૃહીનગરના મહાવિશાળકાય મંડપમાં વીસમા તીર્થપતિ મુનિસુવ્રતસ્વામીના નવ્યનિર્મિત નયનમનોહર મૂર્તિનાં દર્શન કર્યા.

પોણા દશવાગે પૂ. આ. દેવ શ્રીમદ્ વિજયરામચંદ્રસૂરીશ્વરજી મ વ્યાખ્યાન પીઠ પર પધારતા પદ્માવતી ભવનમાં ચ્યવન કલ્યાણકની ઉજવણી શરૂ થઈ. પંચામૃત પૂર્ણકુંડ, ભગવંતનું ગર્ભમાં આગમન. મંત્રોચ્ચાર સાથે વાસક્ષેપવિધિ-સંગીતની સુરાવલી સાથે ધન્યતાનું ઉદ્બોધન. ચલિતાસન સૌધર્મેંદ્રનું શક્રસ્તવ ઈ. દ્રશ્યો દીલ ડોલાવતા હતા.

દિવ્યશૈયામાં માતાને સ્વપ્નદર્શન, માડી તારા સ્વપ્નાના શા કરૂં વખાણું'થી શરૂ થતું ભાવભર્યું ગીત અને પૂ. આ. દેવની અમૃતવાણી.

ચ્યવન કલ્યાણક ઉજવનાર ઉત્કટ ભાગ્યશાળીનું પણ ચ્યવન કલ્યાણક ઉજવાય. છેવટે મોક્ષમાર્ગનું બીજ તો રોપાય જ. સઘળાએ આડંબર કલ્યાણકના બીજ માટે જ છે. ગર્ભમાં પણ પ્રભુશ્રીની અનુપમ નિર્જરા-સાધના ઈ. પ્રસંગે પ્રસંગે અનુપમ આત્મકલ્યાણકર વચનામૃત.

**વ. ૭ બુધવાર**: વિબુધોની દોડાદોડ. ૫૬, દિક્કુમારીઓનો હૂબહૂ ચિતાર. હરિણૈગમેષીનો હર્ષભર્યો ઘંટાનાદ. ૬૪ ઇન્દ્રોએ હર્ષના અતિરેકથી કરેલો જન્માભિષેક અને સુવર્ણવૃષ્ટિ.

સુવર્ણવૃષ્ટિ સાથે જ યાદ આવે છે, પુણ્યશાળી ઉદારચિત્ત શ્રી ખોના શેઠ. શું એ આત્માનું પુણ્યાનુબંધી પુણ્ય. ૬૪. ઇંદ્ર બનેલ દરેક ભાગ્યશાળી આત્માને પૂજાની કૌશેયજોડી. ૫૬ દિક્કુમારીમાં દરેકને દેદીપ્યમાન બાદલુ છાંટેલ સુવર્ણ કીનારીયુક્ત સાડી. જન્મવધામણી દેનાર 'પ્રિયંવદા'ને સુવર્ણહાર, હમેંશા હજારોની સંખ્યાને વિવિધ મીઠાઈ અને શ્રીફળની પ્રભાવના. અને ભક્તિભર્યા સ્વામીવાત્સલ્યમાં ત્રણે ટંક વિવિધ વાનગીઓ. જાણે ઘેર જમાઈ પધાર્યા હોયને ? એકધારી સુંદર સુબોધ વ્યવસ્થા અને વધતી જતી ઉલ્લાસ ભાવના.

**વદ ૮ ગુરૂવાર**: જગદ્ગુરૂનો જન્મકલ્યાણક વરઘોડો. અને પિયૂષવાણી. **વદ ૯ શુક્રવાર.** શુક્રના તારા જેમ ચમકતા ૧૮ અભિષેક યાને આત્માનું શુચિકરણ, નામાભિધાન અને ભગવંત મહાવીર દેવના બિંબની અપેક્ષાએ શાળાગમન, સેવકને અધ્યાપક બનવાનું સાંપડેલ સદ્ભાગ્ય, અને ત્રણ જગતના નાથની વર્ષેલી અમી કૃપા.

**કા. વદ ૯ શનિવાર**: નિકાચિકર્મોનો ઉદય એટલે શનિનો ઉપદ્રવ ને ? નાથના લગ્નનું પુલેકું ! નાથનું પાણિગ્રહણ. નાથનો દિવ્ય સંસાર ! એટલે કર્મનું ભેદન, નરી નિર્જરા, નાથનું સઘળુંએ આશ્ચર્યકારક.

**કા. વદ ૧૧ રવિવાર**: ભાવનાનું તેજ. પુણ્યશાળી શ્રી ખોના યુગલનું બ્રહ્મવ્રત યાવજ્જીવ. સાથે બીજા દશ યુગલ અને દશ છૂટા તપવ્રત ઉચ્ચરનારા. વીસેક જૂદા આરાધ્યપાદ આચાર્યદેવનાં શ્રીમુખે આ લાવાનું ભવ્ય ઉચ્ચારણ. ચતુર્વિધ શ્રી સંઘના આશિર્વાદ-વધામણી. શ્રી ગુરૂપૂજન અને અનેક કાંમળોનું સુપાત્રદાન. શ્રી ચતુર્થવ્રત ઉચ્ચારક દરેક પુણ્યાત્માને કાશ્મીરી શાલો, તપ વ્રતધારી દરેકને રૂા. ૨૧)ની પહેરામણી. જૈન આલમમાં જાણીતા શેઠ શ્રી માણેકલાલ ચુનીલાલનો ઉદારતા ગુણ કેમ જ ભૂલાય ? ઔચિત્યનો ધણી ભવ્ય પ્રસંગનું ઔચિત્ય કેમ જ વિસરે ? હાથ આવ્યો લાભ લે જ લે !

દંપતી ખોના યુગલને સુવર્ણકંઠા નિજ કર-

કમળથી પહેરાવ્યા. પૂજાના પવિત્ર ઉપકરણોથી ઉભરાતા રજતથાળ અર્પ્યા. અને સાલ દૂશાલા અને અંબર તો સાથે જ. શ્રી ચતુર્થવ્રતધારી દરેકને ૧૧]ની પહેરામણીથી ભક્તિ કરી. સાથે જ તપવ્રતીને રૂ.૫]ની ભેટ ધરી.

અત્રે યાદ આવી ગયા પેલા તાજેતર ધર્મરહસ્યને પામેલ શ્રી રતિલાલ શેઠ. ભારે કમાલ ભાઇ! આપણું તો માથું જ નમી જાય. જીવનભર મીઠાઈ અને વનસ્પતિનો ત્યાગ કર્યો છે. કોની પાસે? શ્રદ્ધાના સ્વામી શાસ્ત્રસિધ્ધાંતના રક્ષક, વિરાગના ઉત્પાદક અને સાચા વૈરાગી ને દીક્ષાના દાતા. ઉદાર પ્રસન્નતાના ધણી આરાધ્યપાદ આચાર્યદેવની સાન્નિધ્યતામાં આજે બારમા અઠ્ઠમના પચ્ચક્ખાણે કાસ્કેટ અર્પણ કર્યું પુણ્યશાળીએ પુણ્યશાળીને.

અને પછી. પછી તો અનુમોદના અને ભક્તિના પ્રતિકરૂપ રૂપીયા અને નોટોનો વર્ષાદ જ વર્ષાદ. ભારે ધમાલ ઉત્સાહ અને આનંદ!

ત્યાં તો મધુરો ટહુકો થયો વ્યવહાર સાચવવા કરશો તો કાંઇ નહિ પામો વ્રતતપની ભાવનાએ ભક્તિ તો જાગશે આત્માની શક્તિ. સાચું અંજન આંજ્યું, કંઇકના પોપચા ખીલી ઉઠયાં.

**કા. વદ ૧૨ સોમવાર**: ચદ્રકાંતિ શો શીતળ રાજદરબાર. અભિષેક અને રાજ્યતિલક. મંગળગીત અને નૃત્ય. ત્યાં તો ઝળકયા નવલોકાંતિક દેવો. વર્ષીદાનની ધારા સાથે જ ઉપદેશામૃતની પણ ધારા.

કા. વદ ૧૩: મંગળવારે મંગલમય દીક્ષા કલ્યાણકનો ભવ્ય વરઘોડો અને તેમાં આવેલ સાજન મહાજન અને પ્રભુશ્રીની સુવર્ણસમ દેદીપ્યમાન બગી, મુખ્ય આકર્ષણ બની ગયા, અશોક વૃક્ષ નીચે નાથનો આભરણ ત્યાગ, પંચમુષ્ટિ લોચ, કરેમિ સામાયિમ્-નું ઉચ્ચરણ વિ. ભાવોત્પાદક ક્રિયાઓમાં વિરાટ માનવ મેદની!

માગ. સુ. ૧, શુક્રવારનો સામુદાયિક સ્નાત્ર મહોત્સવ ૬૪ ઇંદ્ર, ૫૬ દિક્કુમારી સાથેનો, અને મેરૂ પરનો ઇંદ્રાભિષેક તો આલ્હાદક અને અનુમોદનીય હતા જ. પણ કલ્યાણદ પરમાત્માના ચરણકમળમાં મૂકાતી ખોબાભરી પુષ્પાંજલી એક વિશિષ્ટ આકર્ષણ હતું.

માગ. સુ. ૧ શનિવાર. ઉજમણા આચારના પાલનરૂપે અનુમોદનાનો ભવ્ય પ્રસંગ ઉજવાયો. માટુંગા શ્રી સંઘ તરફથી અને વ્યકિતગત ભવ્ય ભેટણા ધરાયા. શેઠ માણેકલાલ ચુનીલાલે સ્વાનુરૂપ કરેલું ઔચિત્ય અને સમગ્રને શ્રી ખોના શેઠનો આત્મસ્પર્શી ભૌતિકવાદને પડકારતો જવાબ આજની વિશેષતા હતી.

માગ. સુ. ૨ રવિવાર સવારે ક ૮/૭ મીનીટે અંજનરૂપે કેવળજ્ઞાન કલ્યાણકની ઉજવણી અને પ્રભુશ્રીની સમવસરણમાંથી થએલી દેશનાના સારરૂપે કલિકાળ ભગવંતે ગુંથેલી દેશના પર પૂ. આ. દેવનું વિશદ વિવેચન. તૂર્ત જ કચ્છી જ્ઞાતિ તરફથી થએલ અભિનંદનનો શેઠશ્રીનો આજની કેળવણીને પડકારતો તાજુબી ભર્યો, અજબ હિમ્મત ભર્યો જવાબ આજનું જબ્બર આકર્ષણ બની ગયું. બપોરે ૧૦૮ અભિષેક પૂર્વક નિર્વાણ કલ્યાણકની ઉજવણીમાં પ્રથમ પાંચ કળશાની ઉછામણી રૂા. બત્રીસો થઈ, અને શોભાયાત્રા નીકળી!

માગ. સુ. ૩. સોમવાર. ચંદ્રકિરણશી શીતલ વાણીનઃ અમૃતપાન પછી શ્રી ગિરિવિહારમાં ચર પ્રતિષ્ઠા અને મંડપમાં શાંતિસ્નાત્ર થયા. રોજીંદા ૪ થી ૫ હજાર અને મુખ્ય પ્રસંગોએ ૮ થી ૧૦ હજાર માનવ મેદનીમાં મીઠાઈ અગર શ્રીફળની પ્રભાવના થતી જ હતી, પણ આજ તો સવાર સાંજ શ્રીફળની અને બપોરે એક રૂપીઆની પ્રભાવના કરી ધર્મ—ભાવનાની ઉત્કૃષ્ટતાનો અમલ કર્યો.

'માનવ જીવનમાં પ્રાપ્ત થએલ સર્વશ્રેષ્ઠ શાસનની એક પણ સુંદર તક ખોઈશ ના' એ અમૃત ઉપદેશનો જીવનમાં ઉત્કૃષ્ટ ઉદારતા પૂર્વક અમલ કરી, શ્રી **ખોના** શેઠ સ્વજીવનને ધન્ય બનાવી, આત્મા **રામ** પ્રાપ્ત કરવા તરફ **ચંદ્ર શીતલ** નમ્રતા પૂર્વક, સૂરિપુંરદરોની આજ્ઞામાં, સ્વધર્મપત્ની શ્રી **જયાબહેન** સાથે સમર્પિત થએલ છે, તેના ફળ રૂપે, તે ધર્મનિષ્ઠ યુગલને પરમ પવિત્ર સાધુધર્મની પ્રાપ્ત થાઓ એજ મહેચ્છા.

# સમાચાર સાર

**દહેગામ** : અત્રે પૂ. મુ. શ્રી પૂર્ણાનંદવિજયજી મ.શ્રીનાં દર્શનાર્થ ઉદેપુરનો સંઘ સ્પેશ્યલ મોટર દ્વારા પાલીતાણાની યાત્રાયે જતાં પધારેલ. કા. સુ. ૧૧ ના સંઘ પધારતાં તેમનું સ્વાગત થયેલ. સ્વ. શેઠ શ્રી ધરમચંદ હરજીવનદાસનાં ઘેરથી સામૈયું નીકળેલ ને વરઘોડો તેમને ત્યાં ઉતરેલ. ઉદેપુરથી આવેલ સંઘપતિ શ્રી મનહરલાલજીનું ફુલહાર પહેરાવીને સન્માન કરેલ. શ્રી પુંજાલાલ તથા શ્રી રતિલાલ–બન્ને ભાઇઓએ સંઘને જમણુ આપેલ. સંઘ પૂ. મહારાજશ્રીનાં વંદનાર્થે ઉપાશ્રયમાં આવેલ .સંઘપતિ તરફથી રૂા. ૧૦૧ સાત ક્ષેત્રોની ભક્તિ માટે અર્પણ થયેલ. બાદ સંઘ પાલીતાણા જવા માટે રવાના થયેલ.

**સ્વર્ગારોહણ તિથિ** : વીરમગામ ખાતે પૂ. આ. મ. શ્રી કનકવિમલસૂરીશ્વરજી મ. ની નિશ્રામાં પૂ. આ. મ. શ્રી રંગવિમલસૂરીશ્વરજી મ. ની આસો વદિ ૦)) ના સ્વર્ગારોહણ તિથિ સુંદર રીતે ઉજવાયેલ. વ્યાખ્યાનમાં પૂ. સૂરિ મ.ના ગુણાનુવાદ થયેલ. સંઘ તરફથી પ્રભાવના થયેલ. બપોરે પંચકલ્યાણક પૂજા ભણાવાયેલ. પાંચ દિવસ મહોત્સવ થયેલ. પૂજા. ભાવના દરરોજ રહેતા હતા. વડનગરથી સંગીતકાર રમણલાલ શિવલાલ પ્રભુભક્તિમાં રસ જમાવતા હતા.

**મહેમદપુર** (જી. બનાસકાંઠા) : અત્રેની શ્રી ઋષભદેવ જૈન પાઠશાળાની વર્ષિક સભા તા. ૩૦–૧૦–૬૪ ના મળેલ. પાઠશાળાની કારોબારી સમિતિની સર્વાનુમતે નિમણુક થયેલ પ્રમુખ તરીકે શ્રી કાંતિલાલ બી. મહેતા નિયુક્ત થયેલ. જગદ્‌ગુરૂ વીર વિદ્યોત્તેજક મંડળ–પાલણપુરને અત્રેના શ્રી ભોગીલાલભાઈ તરફથી આમંત્રણ આપવાની ભાવના છે, તેને સંપૂર્ણ સહકાર આપવાનું સંસ્થાએ કબૂલેલ છે. ને યાત્રાની ટુર માટે સંસ્થાએ સમ્મતિ આપેલ છે.

**રાજુર** (મહારાષ્ટ્ર) : પૂ મુ. શ્રી જિતેંદ્રવિજયજી મ. ના સદ્‌પદેશથી અત્રે કા. સુ. ૧૧ ના ધાર્મિક પાઠશાળાનું ઉદ્‌ઘાટન શ્રી છોટાલાલ મુલચંદના હસ્તે થયેલ. શ્રી મહેન્દ્રકુમાર ખેતશીભાઇ વોરા શિક્ષક તરીકે આવેલ છે. અભ્યાસકોની સંખ્યા સારી છે.

**દુઃખદ અવસાન** : અમદાવાદ ધી યંગમેન્સ જૈન સોસાયટીની કાર્યવાહક સમિતિની મીટીંગ તા. ૧૪–૧૧–૬૪–શનિવારના રાત્રે ૮ વાગ્યે શ્રી ચીમનલાલ કેશવલાલ કડીયાનાં નિવાસસ્થાને મળેલ. તે મીટીંગમાં સંસ્થાના માનદ મંત્રી શ્રી અમૃતલાલ જેશીંગભાઇનાં દુઃખદ અવસાન બદલ દિલગીરી દર્શાવતો ઠરાવ પસાર કર્યો હતો. ઠરાવમાં જણાવેલ છે કે 'સંસ્થાના માનદ સેક્રેટરી શ્રી અમૃતલાલ જેશીંગભાઇના સં. ૨૦૨૧ ના કા. સુ. ૮ ના મુબઈ મુકામે થયેલ દુઃખદ અવસાનની આ સભા સખેદ નોંધ લે છે. સ્વ. અમૃતલાલભાઇએ ૨૨ વર્ષ સુધી સંસ્થાને કિંમતી સેવા આપી છે. સ્વ. ના જવાથી સંસ્થાને ન પૂરાય તેવી ખોટ પડી છે. તેમના કુટુંબ પર આવી પડેલી વિપત્તિમાં સમવેદના દર્શાવવા પૂર્વક સભા સ્વ૦ શ્રી અમૃતલાલભાઈના આત્માની ચિરશાંતિ ઇચ્છે છે.'

**શંખેશ્વરજી તીર્થમાં** : જૈન સંઘમાં શત્રુંજય તીર્થ પછી આજે મહાપ્રભાવશાળી શંખેશ્વર તીર્થનો મહિમા પારાવાર થઇ રહ્યો છે દરરોજ સેંકડો યાત્રિકો આ તીર્થધામમાં શંખેશ્વર પાર્શ્વનાથ પ્રભુના દર્શન કરી, પ્રસન્નતા અનુભવી જાતને ધન્ય બનાવે છે. કેટલાયે ભાવિકો અઠ્ઠમની તપશ્ચર્યા કરી, પ્રભુનાં ધ્યાનમાં રહી, આત્મકલ્યાણ સાધે છે. આવા પાવનકારી મહાપ્રભાવક તીર્થમાં, જૈનસમાજમાં છેલ્લા ૧૦ વર્ષથી જે એશઆરામ તથા આનંદ પ્રમોદની હવા સ્પર્શી છે, તે હવા આ તીર્થમાં પણ આવનાર અવિવેકી

યાત્રાળુઓ સાથે લેતા આવે છે. શંખેશ્વરજીમાં આવીને જેમ ભાગ્યવાનો અઠ્ઠમનો તપ કરે છે, ધ્યાન ધરે છે, તેમ કેટલાક વિલાસી હવા લઇને આવનારા આત્માઓ ધર્મશાળામાં આખો દિવસ ટ્રાન્ઝીસ્ટર રેડીયો વગાડીને પ્રભુભક્તિમાં સ્ખલના પહોંચાડે છે, તદુપરાંત; પાનાઓ રમે, પત્તાની જોડથી બાજીઓ ખેલે ને આવા પ્રભાવશાળી તીર્થમાં આશાતનાનું પાપ વહોરીને જાય છે. આ વર્ષે દિવાળી તથા બેસતા વર્ષના દિવસોમાં શંખેશ્વરજી તીર્થમાં આવેલા અમદાવાદ આદિ, સ્થળોના યાત્રિકોએ ધૂમ દારૂખાનું ધર્મશાળાના કંપાઉંડમાં ફોડીને પાપનું કારખાનું કર્યું હતું. મોટરો લઈને આવનારા આ બધા ભાગ્યવાનોને પેઢીનો સ્ટાફ કશું કહી શકે નહિ, ને કહે તો પોતાની શ્રીમંતાઈના ઘેનમાં રાચનારા આ બધા કોઇનું કશું સાંભળે પણ નહિ. લગભગ ૧૫૦૦ થી ૨ હજાર રૂા. નું દારૂખાનું દિવાળીના દિવસોમાં શંખેશ્વરજી તીર્થમાં ફોડવામાં આવેલ, તેમ આધારભૂત સાધનો દ્વારા અમને જાણવા મળેલ છે. માટે આ તકે, અમે ખાસ ભારપૂર્વક શંખેશ્વરજી તીર્થની પેઢીના મુખ્ય સંચાલક શ્રી અરવિંદભાઇને વિનમ્રભાવે જણાવીએ છીએ કે, 'તમે ખૂબ કડક બની, ધટતી કાળજી લઇ, શંખેશ્વરજી જેવા મહા પ્રભાવશાળી તીર્થસ્થાનમાં અવિવેકી આત્માઓ તરફથી થતી આ બધી આશાતનાઓને રોકવા સક્રિય બનો!'

**પંચાસરાજીના પહેરગીર :** પાટણ ખાતે શ્રી પંચાસરાજીના દેરાસરજીમાં છેલ્લા ૪ વર્ષથી પહેરગીર તરીકે પ્રભુજીના જિનાલયની ચોકી કરનાર ગ્વાલીયરના રજપુત શ્રી ગુલાબસિંગજી, જૈનેતર હોવા છતાં જૈનધર્મ પ્રત્યેની શ્રદ્ધા તેઓ ધરાવે છે. પર્યુષણાપર્વમાં તેઓ તપશ્ચર્યા કરે છે, તેમણે ૮,૧૨ ઉપવાસો કરેલ છે, આ વખતે પર્યુષણાપર્વમાં તેમણે ૧૬ ઉપવાસની તપશ્ચર્યા કરી હતી. તેમના ઘરમાંથી તેમના ધર્મપત્નીએ ૮ ઉપવાસની તપશ્ચર્યા કરી હતી. ગુલાબસિંગજી દરરોજ રાત્રે ચોવિહાર કરે છે. ને સવારે નવકારશીથી ઓછું પચ્ચક્ખાણુ તેઓ કરતા નથી. પાંચ તિથિઓમાં દર મહિને તેઓ આયંબિલ કરે છે. વર્ધમાન તપની આજે તેમને ૧૫ ઓળીઓ થઇ છે. જૈન દહેરાસરજીમાં નોકરી કરે છે, છતાં ફળ નૈવેદ્ય કે બીજી કોઈ દેરાસરજીમાં ભગવાનને ચઢાવેલી વસ્તુઓને તેઓ લેતા નથી. સાત વ્યસનોનો તથા કંદમૂળનો તેમને જીંદગીભર માટે ત્યાગ છે, આજે કેટલીક વખતે જૈનો ન પાળી શકે તેના વ્રત-નિયમો તેઓ સાચવે છે. પાંચમ તથા ચૌદશના તેઓ ઉપવાસ નિયમિત કરે છે. પૂર્વના દઢ સંસ્કારોનું પરિબલ શું કામ કરી શકે છે તે શ્રી ગુલાબસિંગજી તથા તેમના કુટુંબમાં આજે જણાઈ આવતી ધર્મભાવના તથા ધાર્મિક પ્રવૃત્તિ આપણને કહી આપે છે. તેમણે ૨૦૧૮ ની સાલમાં બન્નેએ ચતુર્થવ્રત અંગીકાર કરેલ છે, ને ખૂબ સંતોષભાવે સેવાવૃત્તિથી તેઓ પંચાસરાજી પાર્શ્વનાથ દાદાની નિષ્ઠાપૂર્વક ભક્તિ કરે છે.

**સિદ્ધપુર :** પૂ. મુ. શ્રી ધનપાલવિજયજી મ. આદિની શુભ નિશ્રામાં અત્રે ચાતુર્માસમાં તપ, જપ ઈ. થયેલ. વર્ધમાન તપની ઓળીના પાયા નંખાતા ૧૪ ભાઈ-બહેનો જોડાયેલ. તેમને ચરવલા તથા બીજી પણ પ્રભાવનાઓ થયેલ. તેમનું ચાતુર્માસ પરિવર્તન શેઠ કેશવલાલ પુનમચંદને ત્યાં થયેલ. વ્યાખ્યાન બાદ તેમના તરફથી પ્રભાવના થયેલ. રાત્રે પાઠશાળાની બાળાઓએ દાંડીયા, રાસ આદિ કાર્યક્રમો ભજવેલ. શેઠ કેશવલાલભાઇ તરફથી તેમને પવાલાની પ્રભાવના થયેલ. સિદ્ધગિરિજીના પટનાં દર્શને સંઘ ગયેલ. શ્રી રતિલાલ ત્રિભોવનદાસ તરફથી લાડુનું ભાતું અપાયેલ. કા. વદિ ૨ ના પૂ. મહારાજશ્રીનો વિહાર થતાં લોકો વળાવવા ગયેલ. પ્લોટમાં નવાગંજમાં શ્રી દોલતરામ વેણીચંદને ત્યાં પૂ. મહારાજશ્રી પધાર્યા હતા ત્યાં વ્યાખ્યાન થયેલ, ને પ્રભાવના થયેલ. ત્યાંથી ઉબરૂ પધાર્યા હતા. સિદ્ધપુરથી સવાસો ભાઇ-બહેનો ત્યાં ગયેલ. ઉંઝાથી વિહાર કરી પૂ. મુ. શ્રી મહા-

પ્રભવિજયજી મ. ઠા. ૨ પધાર્યા હતા. તેઓશ્રી અધા મેત્રાણા થઇ પાટણ તરફ પધાર્યા છે.

**સાસવડ :** પૂ. મુ. શ્રી જયપદ્મવિજયજી મ. અત્રે પધારતાં તેઓશ્રીના ઉપદેશથી ઉપાશ્રય તથા દેરાસર માટે ૪૧૧૧ રૂ.નો ફાળો થયેલ. સંઘમાં હર્ષ ફેલાયો હતો. પૂ. મહારાજશ્રીએ દક્ષિણ તરફ વિહાર લંબાવેલ છે.

**મેત્રાણા :** અત્રે કા. સુ. ૧૫ના ૮૦૦થી૯૦૦ યાત્રિકો આવેલ. તે દિવસે સાધર્મિક વાત્સલ્ય મજાદરવાળા શ્રી મુલચંદ પ્રેમચંદ તરફથી પૂજા તથા આંગી રચાયેલ. કા. વદિ ૩ ના પૂ. મુ. શ્રી ધનપાલવિજયજી મ. આદિ પધારતાં સામૈયું થયેલ. સિદ્ધપુરથી ૧૨૫ ભાઈ-બ્હેનો પણ બસ દ્વારા આવેલ. પૂ. મુ. શ્રી મહાપ્રભવિજયજી મ. ઠા. ૨ પણ આ પ્રસંગે પધાર્યા હતા. કા. વદિ. ૬ના ઉમતાથી સંઘ આવેલ. સામૈયું થયેલ. સંઘ અહિંથી ભિલડીયાજી જવા રવાના થયેલ.

**દુઃખદ અવસાન :** સાવરકુંડલા નિવાસી સ્વ. શેઠ બાઉચંદ ગોપાલચંદજીના સુપુત્ર ભાઇ શ્રી અનંતરાયનું ૩૩ વર્ષની વયે દુઃખદ અવસાન કા. સુ. ૩ની સાંજે મુંબઈ ખાતે થયું છે. સાવરકુંડલાના શેઠ કુટુંબમાં અગ્રગણ્ય ગણાતા શેઠ બાઉચંદભાઈ ધર્મપરાયણ અને ધાર્મિક મનોવૃત્તિવાળા હતા. તેમણે વર્ષો સુધી મુંબઈ વર્ધમાન તપ ખાતું તથા નવપદ આરાધક સમાજમાં કિંમતી સેવા આપેલ. તેઓ વિ. સં. ૨૦૧૨માં સ્વર્ગવાસ પામેલ. બાદ તેજ વર્ષમાં તેમના સુપુત્રો સ્વ. શેઠ હરગોવનભાઇ તથા સ્વ. અનંતરાયે ૮-છોડનું ઉજમણું કરાવેલ. વિ. સં. ૨૦૧૫માં હરગોવનભાઈનો સ્વર્ગવાસ થતાં, સમગ્ર કુટુંબનો ભાર સ્વ. શેઠ અનંતરાય પર આવેલ. તેઓ સંસ્કારી તથા ધાર્મિક મનોવૃત્તિના હતા. તેમના માતુશ્રી વિજ્યાબેનની ધર્મભાવનાના સંસ્કારોનો તેમના પર સારો પ્રભાવ પડેલો. તેમણે સાવરકુંડલા ખાતે જૈન વિદ્યાશાળાનું મકાન શ્રી સંઘને ધાર્મિક અનુષ્ઠાનોની આરાધના માટે સમર્પણ કરેલ. આવા આશાસ્પદ યુવાનભાઈ શ્રી અનંતરાયનું આમ અકસ્માત્ દુઃખદ અવસાન થવાથી સાવરકુંડલા જૈન સમાજને, શેઠ કુટુંબને, તથા તેમના પરિવારને જરૂર ન પૂરી શકાય તેવી મોટી ખોટ પડી છે. તેમના માતુશ્રી વિજ્યાબેનને પણ આ આઘાત જરૂર અસહ્ય બને તે સ્વાભાવિક છે. તેમના વિશાળ કુટુંબ પર આવી પડેલી આ વિપત્તિ પ્રત્યે અમે સમવેદના વ્યક્ત કરીએ છીએ. ને સ્વ.ના આત્માને ચિર શાંતિ મળો તેવી શાસનદેવને પ્રાર્થના કરીએ છીએ।

**ભવ્ય મહોત્સવ :** પાટણ ખાતે પૂ. પં. મ. શ્રી કનકવિજયજી ગણિવરશ્રીની શુભ નિશ્રામાં અખંડ ૮૦૦ આયંબિલની મહાનપ્રભાવક તપશ્ચર્યા કરનાર પૂ. સાધ્વીજી શ્રી માર્ગોદયાશ્રીજીની તપશ્ચર્યાના ઉધાપનરૂપે નગીનભાઈ જૈન પૌષધશાળાના વિશાળ હોલમાં શાંતિસ્નાત્ર સહિત-અઠ્ઠાઇ મહોત્સવ કા. વ. ૩ થી શરૂ થયો હતો. પૌષધશાળાના વિશાલ હોલને ધજા-પતાકા, રેશમી પડદાઓ ઈત્યાદિથી સુશોભિત કરવામાં આવેલ. પ્રભુજીને પધરાવીને ત્યાં ભવ્ય મંડપ કરેલ. જુદા-જુદા ભાવિકો તરફથી દરરોજ પૂજાઓ ભણાવાતી હતી, પ્રભાવનાઓ થતી હતી, ને રાત્રે ભાવના બેસતી હતી. પ્રભુજીને ભવ્ય વિવિધ પ્રકારની આંગીઓ થતી હતી. મહોત્સવની સઘળી વ્યવસ્થા ફોફલીઆવાડાના ઉત્સાહી યુવકો તનતોડ મહેનત લઈને કરતા હતા. મહોત્સવ પ્રસંગે ખાસ ઝીંઝુવાડાથી વિહાર કરી તપસ્વી સાધ્વીજી શ્રી માર્ગોદયાશ્રીજીના ગુરૂણીજી પૂ. સાધ્વીજી શ્રી ત્રિલોચનાશ્રીજીના ગુરૂણીજી પૂ. પ્રવર્તિજી સાધ્વીજી શ્રી દર્શનશ્રીજી પોતાના વિશાળ પરિવાર સહ પધાર્યા હતા. કલકત્તા, સાવરકુંડલા, નવસારી, મોરબી, અમદાવાદ, મુંબઇ, ઝીંઝુવાડા આદિ સ્થળોયેથી સારી સંખ્યામાં મહેમાનો આવેલ. પૌષધશાળા કમિટી તરફથી પાંચ દિવસ રસોડું હતું. કુંડલાના મહિલામંડળની બાળાઓ, બહેનો સારી સંખ્યામાં આવેલ. વદિ ૧૦ ના નવગ્રહ પૂજન થયેલ. ૧૧ ના સવારે તપસ્વી પૂ. સાધ્વીજી સાથે પૂ. પં. મહારાજશ્રીની સાન્નિ-

ધમાં સંઘવી નગીનદાસ કરમચંદ તરફથી ચૈત્યપરિપાટિનો ભવ્ય વરઘોડો નીકળેલ. મહેતાના પાડામાં વિશાળ ને મનોહર મંડપમાં પૂ. મહ.-રાજશ્રીનું તપધર્મ પર મનનીય પ્રવચન થયેલ. શેઠ નગીનદાસભાઈ તરફથી પેંડાની પ્રભાવના થયેલ. તપસ્વી પૂ. સાધ્વીજી મ.ના સંસારી ભાઈ-બ્હેનો તથા પરિવાર તરફથી જ્ઞાનપૂજન થયેલે ને કપડા-કાંબળી આદિ પૂ. મહારાજશ્રીને વહોરાવેલ. શેઠ નગીનભાઇના મુનીમ શ્રી મણિભાઇ ભાટીયાએ જ્ઞાનપૂજન તથા ગુરૂપૂજન કરી પૂ. મહારાજશ્રીને તથા પૂ. સાધ્વીજીને કાંબળો વહોરાવવાનો લાભ લીધેલ. બપોરે શાંતિસ્નાત્ર ભવ્ય ધામધૂમપૂર્વક ભણાવાયેલ. શહેરના અગ્રગણ્ય ભાઇઓની હાજરી સારી હતી. હજારો ભાઈ-બ્હેનોએ આ પવિત્ર ક્રિયાનો લાભ લીધેલ. પૂ. મુ. શ્રી મહાપ્રભવિજયજી, પૂ. મુ. શ્રી ધનપાલવિજયજી આદિ ઠા. ૫ આ પ્રસંગે વિહાર કરીને પધાર્યા હતા. પૂજા તથા ભાવનામાં નવસારીવાળા સંગીતકાર શ્રી નટવરલાલ તથા અમદાવાદના સંગીતકાર શ્રી રસિકલાલ પોતાના સાજ સાથે આવ્યા હતા. વિધિવિધાનો માટે અમદાવાદથી શ્રેષ્ઠીવર્ય શ્રી રમણલાલ શાહ પોતાની મંડલી સાથે આવેલ. યુવકવર્ગનો ઉત્સાહ તથા પૂ. મુનિરાજ શ્રી મહિમાવિજયજી મહારાજની દોરવણીથી મહોત્સવ ખૂબ જ સુંદર તથા ભવ્ય રીતે અભૂતપૂર્વ અદ્ભુત રીતે ઉજવાઇ ગયેલ. જેની પ્રશંસા લોકો શતમુખે કરતા હતા.

**અમદાવાદ** : પૂ. મુ. શ્રી ગુણચંદ્રવિજયજી મ. (ડહેલાવાળા) આદિ ઠા. ૨ની નિશ્રામાં અમદાવાદ-આંબલી પોળના ઉપાશ્રયે ચાતુર્માસમાં ધર્મારાધના ઉલ્લાસપૂર્વક થયેલ. કા. સુ. ૧૫ ના લહેરીયા પોળના ભાઇઓની વિનંતિથી સવારે ૭ાા વાગે ચાતુર્માસ પરિવર્તન થયેલ. ગંહુલિઓ વ. થયેલ. પોળમાં પ્રવેશતાં અક્ષતોથી વધાવવામાં આવેલ. વ્યાખ્યાન થયેલ. બાદ પ્રભાવના થઇ હતી. બાદ ૯ાા વાગ્યે પટનાં દર્શનાર્થે ગયેલ. સાંજે પ્રતિક્રમણમાં શા. કલ્યાણજીભાઇ તરફથી શ્રીફળની પ્રભાવના થયેલ. બાદ બીજે દિવસે પોળના ભાઇઓના આગ્રહથી પૂ. મહારાજશ્રીનું જાહેર પ્રવચન થયેલ. ને પ્રભાવના થઈ હતી. બપોરે ઉપાશ્રયે પધાર્યા હતા. વદિ ૭ ના પૂ. મહારાજશ્રી વિહાર કરી હઠીભાઈની વાડીએ પધાર્યા હતા.

**ધર્મપ્રભાવના** : પૂ. આ. મ. શ્રી વિજય લક્ષ્મણસૂરીશ્વરજી મ. આદિનું ચાતુર્માસ પરિવર્તન શેઠ રસિકલાલ વોરાની વિનંતિથી અમદાવાદ-શાંતિનગર ખાતે તેમને ત્યાં પધાર્યા હતા. બેન્ડ ઇ. પૂર્વક ભવ્ય સ્વાગત થયું હતું. ઘણી મોટી જનમેદની જમા થઇ હતી. છેલ્લે શ્રીફળની પ્રભાવના થઈ હતી. ત્યાંથી શેઠ લાલભાઈ સારાભાઇની આગ્રહભરી વિનંતિથી શહેરમાં પધારતાં રીલીફરોડથી બેન્ડ સહ ભવ્ય સામૈયું થયેલ. જનસમૂહ ઘણી મોટી સંખ્યામાં હતો. સ્થળે સ્થળે ગહુલિયો થઇ હતી. સોના-રૂપા તથા મોતીથી સૂરિજીને વધાવવામાં આવ્યા હતા. શ્રી લાલભાઇએ સોનામહોરથી ગુરૂપૂજન કર્યું હતુ. ટુંક પ્રવચન બાદ શ્રીફળની પ્રભાવના તેમના તરફથી થઇ હતી. શ્રી લાલભાઇએ સજોડે ચતુર્થવ્રત અંગીકાર કરેલ. લાડુની પ્રભાવના થઇ હતી. બપોરે તેમના તરફથી સિદ્ધચક્ર પૂજન ભણાવાયેલ, ને પ્રભાવના થયેલ. પૂજા, ભાવનામાં સંગીતકાર ગજાનનભાઇએ સારો રસ જમાવેલ. રવિવારે સવારે પૂ. આ. મ. શ્રીનું વ્યાખ્યાન થયેલ. ને બપોરે પૂ. પં. શ્રી કીર્તિવિજયજી ગણિવરનું જાહેર પ્રવચન થયેલ. અનેક જૈન-જૈનેતર જનતાએ સારો લાભ લીધેલ.

**પાટણ** : પૂ. પં. મ. શ્રી કનકવિજયજી ગણિવરશ્રી તથા તેઓના શિષ્યરત્ન પૂ. મુ. શ્રી મહિમાવિજયજી મ. આદિની નિશ્રામાં નગીનભાઈ જૈન પૌષધશાળામાં ચાતુર્માસમાં સુંદર ધર્મારાધના થયેલ. કા. સુ. પૂર્ણિમાના દિવસે ચાતુર્માસ પરિવર્તન પૂ. મુ. શ્રી મહિમાવિજયજી મ.ના સંસારી બ્હેનો શ્રી જાસુદબેન તથા શ્રી સરસ્વતીબેન તરફથી મહાલક્ષ્મીના પાડે બેન્ડ સાથે થયેલ. વરઘોડામાં લોકોનો સમૂહ સારો થયેલ. ઠેર-ઠેર ગંહુલિયો થયેલ. પૂ. મહારાજશ્રીનું પ્રવચન થયેલ. બાદ

તેમના તરફથી પેંડાની પ્રભાવના થયેલ. બપોરે શત્રુંજય પટનાં દર્શને બેન્ડ સાથે સકલસંઘ સમુદાયની સાથે પૂ. મહારાજશ્રી પધાર્યા હતા. પૂ. સા. શ્રી ત્રિલોચનાશ્રીજી આદિ સાધ્વીસમુદાયનું ચાતુર્માસ પરિવર્તન તેમના તરફથી થયેલ.

**જાહેર વ્યાખ્યાનો** : પૂ. આ. મ. શ્રી વિજય લક્ષ્મણસૂરીશ્વરજી મહારાજ તથા પૂ. પંન્યાસપ્રવર શ્રી કીર્તિવિજયજી ગણિવરશ્રી અમદાવાદ-ઉજમ ફઇની ધર્મશાળાના ટ્રસ્ટીઓની વિનંતીથી કા. વ. ૪ સોમવારે ત્યાં પધાર્યા હતા. ને પ્રવચન આપ્યું હતું. અંતે લાડુની પ્રભાવના થઈ હતી. શામળાની પોળના મંડળના ઉપક્રમે યોજાયેલી વ્યાખ્યાનમાળામાં બીજા દિવસે પૂ. પં. મ. શ્રી કીર્તિવિજયજી ગણિવરનું જાહેર વ્યાખ્યાન થયેલ. માનવમેદની ચિકાર હતી. મહાવીર વિદ્યાલય-પાલડીમાં પૂ. પં. મ.શ્રીનું જાહેર પ્રવચન યોજાયેલ. તા. ૨૯-૧૧-૬૪ના દિવસે વર્ધમાન જૈનસંઘની વિનંતિથી ઉસ્માનપુરામાં મ્યુનિ. હોલમાં પૂ. આચાર્યદેવે જાહેર પ્રવચન આપેલ. તે દિવસે ભગવાનના પ્રવેશની ઊછામણી થતાં ૪ હજારની ઉપજ થયેલ. બપોરે પૂ. પં. મ. શ્રી કીર્તિવિજયજી ગણિવરે જાહેર પ્રવચન આપ્યું હતું. સર્વત્ર જનસમૂહ મોટી સંખ્યામાં તેમના વ્યાખ્યાનનો લાભ લે છે.

**સ્વર્ગારોહણ તિથિ** : પૂ. પં. મ. શ્રી કંચનવિજયજી ગણિવર પૂ પં. મ. શ્રી ભુવનવિજયજીની શુભ નિશ્રામાં કા. સુ. ૫ ના પૂ. પ્રશાંતમૂર્તિ પં. મ. શ્રી તિલકવિજયજી ગણિવર્યની ૨૨ મી સ્વર્ગારોહણ તિથિ ઉજવાયેલ. વ્યાખ્યાનમાં તેઓશ્રીના જીવનનો પરિચય પૂ. મહારાજશ્રીએ કરાવેલ. ભાભરના જૈનસંઘ તરફથી પ્રભુજીને આંગી થયેલ. કા. સુ. ૮ થી સુ. ૧૫ સુધી જુદા-જુદા ભાઇઓ તરફથી પૂજા, આંગી પ્રભાવના થયેલ. કા. સુ. ૧૦ ના શેલીયા ચુનીલાલ માનચંદભાઇ તરફથી ૪૫ આગમની પૂજા, તથા પ્રભાવના થયેલ. પૂ. મહારાજશ્રીને વાજતે-ગાજતે લઈ ગયેલ, સુ. ૧૫ ના શેલીયા કપૂરચંદ માનચંદ તરફથી બેન્ડવાજા સાથે ચાતુર્માસ પરિવર્તન થયેલ. પૂ. પં. મ. શ્રી ભુવનવિજયજી મહારાજે વ્યાખ્યાન આપેલ. નવાણુ પ્રકારી પૂજા ભણાવાયેલ. સંઘ સાથે પટનાં દર્શનાર્થે ગયેલ. તપસ્વી પૂ. સા. સુશીલાશ્રીજી મ. ને ૧૩ ઉપવાસનું પારણું શાતાપૂર્વક થયેલ. પૂ. મહારાજશ્રી સંઘની વિનંતીથી મૌન એકાદશી સુધી સ્થિરતા કરવા વકી છે.

**કરાડ** : (મહારાષ્ટ્ર) પૂ પં. શ્રી રંજનવિજયજી ગણિવર તથા પૂ. મુ. શ્રી ભદ્રાનંદવિજયજી મ.ની શુભ નિશ્રામાં પાઠશાળાનો ઈનામી મેળાવડો કા. સુ. ૧૩ના થયેલ. કા. સુ. ૧૫ના શા. પોપટલાલ ગણપતલાલના બંગલે તેમની વિનંતિથી ચાતુર્માસ પરિવર્તનાર્થે બેન્ડ સહ પૂ. મહારાજશ્રી પધારતાં જ્ઞાનપૂજન, વ્યાખ્યાન બાદ પ્રભાવના થયેલ. બપોરે બે વાગે પટનાં દર્શનાર્થે સકલ સંઘ આવેલ. લાડુની પ્રભાવના થયેલ કા. વ. ૧૦ તેમના તરફથી સિદ્ધચક્ર પૂજન ભણાવાયેલ. બાદ પેંડાની પ્રભાવના થઇ. વદિ ૨ ના શા. કલ્યાણજી જેઠાભાઈની વિનતિથી તેમના બંગલે પધારતાં પ્રવચન બાદ પ્રભાવના થઇ. વદિ ૩ ના શા. કેશવલાલ ભગવાનદાસને ત્યાં, ને વદિ ૫ ના શા. બાબુલાલ ભગવાનદાસને ત્યાં પધારતાં બંને સ્થળે પ્રવચન, બપોરે પૂજા, રાત્રે ભાવના થયેલ. પ્રવચનમાં શ્રીફળની પ્રભાવના થયેલ. કા. વદિ ૬ ના શા. મંગલદાસ લલ્લુભાઇને ત્યાં પધારતાં પ્રવચન થયેલ. બાદ પ્રભાવના થઇ હતી. તેમના તરફથી શ્રી ઋષિમંડળ મહાપૂજન ભણાવાયેલ ને શ્રીફળની પ્રભાવના થઈ.

**મોરબી** : પૂ. મુ. શ્રી માનતુંગવિજયજી મહારાજની શુભ નિશ્રામાં આરાધના ચાતુર્માસ દરમ્યાન સુંદર રીતે થયેલ. ચાતુર્માસ પરિવર્તન થયેલ. સિદ્ધાચલજીનાં પટનાં દર્શનાર્થે પૂ. મહારાજશ્રી સંઘ સાથે પધાર્યા હતા. પ્રભાવના થયેલ.

**જેસર** : અત્રે પૂ. તપસ્વી પં. શ્રી મનોહરવિજયજી મહારાજે ૧૦મી ઓળી કરેલ તથા ૮-૯મી ઓળીનું પારણું કા. વદિ ૩ રવિવારના સુખશાતાપૂર્વક થયેલ છે. પૂ. મુ. શ્રી મનમોહનવિજયજી મહારાજને પણ ઓળીનું પારણું થયેલ.

છે. સંઘ તરફથી પૂજા, આંગી તથા સાધર્મિક વાત્સલ્ય થયેલ.

**વાર્ષિક તિથિની ઉજવણી :** ભવાનીપુર–કલકત્તા ખાતે જિનાલયમાં પાર્શ્વનાથ ભગવાનની સ્થાપનાને કા. વદિ ૧૧ રવિવારે ત્રણ વર્ષ પૂરા થતાં હોવાથી તેની વાર્ષિક તિથિની ઉજવણી પૂ. પં. મ. શ્રી વિનયવિજયજી ગણિવરશ્રીની શુભ નિશ્રામાં ઉજવાયેલ. કા. વદિ ૯ ના વેસ્ટ ટ્રેડીંગ કું. તરફથી પૂજા તથા ભાવના થયેલ. વદિ ૧૦ના વોરા છોટાલાલ જયચંદ તરફથી પંચકલ્યાણક પૂજા તથા ભાવના થયેલ. વદિ ૧૧ ના સંઘ તરફથી સત્તરભેદી પૂજા ઠાઠથી ભણાવાયેલ ને ધ્વજારોપણ થયેલ. બાદ પ્રભાવના થયેલ. રાત્રે ભવ્ય આંગી થયેલ. લોકોએ સારી સંખ્યામાં લાભ લીધેલ.

**પાલેજ :** પૂ. પં. શ્રી જયંતવિજયજી ગણિવર આદિ મુનિવરોનું ચાતુર્માસ પરિવર્તન અત્રે શા. મૂલચંદ લક્ષ્મીચંદ તરફથી થયેલ. ચતુર્વિધ સંઘ સાથે પટનાં દર્શનાર્થે ગયેલ. કા. વદિ બીજના વિહાર કરી કપાસીયા હોલમાં સ્થિરતા કરેલ, ને વદિ ૭ ના ગંધારતીર્થની યાત્રાયે તે તરફ પૂ. મહારાજશ્રીએ વિહાર કરેલ. પહેલા મુકામે શ્રી સંઘ તરફથી સાધર્મિક ભક્તિ તથા પૂજા ભણાવવામાં આવેલ.

**વીરમગામ :** પૂ. આ. મ. શ્રી કનકવિમલસૂરીશ્વરજી મહારાજ આદિનું ચાતુર્માસ પરિવર્તન શા. લીલચંદ મગનલાલને ત્યાં ધામધૂમથી થયેલ. વ્યાખ્યાન બાદ પ્રભાવના થયેલ. બપોરનાં પટનાં દર્શનાર્થે પધાર્યા હતા. કા. વ. ૧૧ના પૂ. મહારાજશ્રી ઉપરીયાળાજી પધારતાં સેંકડો ભાઈ–બ્હેનો ત્યાં આવેલ, પૂજા આંગી થયેલ.

**સુરત :** અત્રે છાપરીયા શેરી ઉપાશ્રયમાં બિરાજમાન પૂ. પં. શ્રી ચિદાનંદવિજયજી મ.ની શુભ નિશ્રામાં તપશ્ચર્યા નિમિત્તે કા. સુ. ૭ થી સુ. ૧૦ પંચકલ્યાણક મહોત્સવ ઉજવાયેલ. છેલ્લા દિવસે શ્રી સિદ્ધચક્ર બૃહત્પૂજન ઉલ્લાસપૂર્વક ભણાવાયેલ. ૫૦૦ મણ ઘીની ઉપજ થયેલ. પૂ. મહારાજશ્રીનું ચાતુર્માસ પરિવર્તન શ્રી મણિલાલ મગનલાલ તરફથી થયેલ. વ્યાખ્યાન બાદ તેમના તરફથી પ્રભાવના થઈ હતી. કા. વદિ ૩ રવિવારે નાણ મંડાતા અતીતભવોના પાપાધિક વોસિરાવાની ક્રિયા થયેલ. ૧૦૦ ભાઈ-બ્હેનોએ લાભ લીધેલ. પૂ. મહારાજશ્રીની અત્રે સ્થિરતા છે.

**ખબર આપશો :** મીયાગામ ખાતે પૂ. શ્રી ઉદયરત્નમહારાજની સમાધિનાં પગલાં છે. તેમાં તેઓશ્રીના કાલધર્મની સંવત લેખમાં કોતરાવવાની જરૂર છે, તો જેઓને તેઓના કાલધર્મ સંવતની ખબર હોય તેઓ નીચેના સીરનામે જણાવે. શ્રી પ્રવિણકાંત ડી. શાહ મુ. પો. મીયાગામ (જી. વડોદરા).

**પેટલાદ :** પૂ. આ. મ. શ્રી વિજયશાંતિચંદ્રસૂરીશ્વરજી મ. પૂ. શ્રી સોહનવિજયજી ગણિવર, પૂ. પં. શ્રી સુજ્ઞાનવિજયજી ગણિવર તથા પૂ. મુ. શ્રી રાજેન્દ્રવિજયજી મ. આદિ ઠા. ૯ બોરસદથી વિહાર કરી શ્રી શાંતિલાલ તારાચંદની વિનંતિથી પેટલાદ પધારતાં દરરોજ વ્યાખ્યાન રહેતું હતું. શ્રી શાંતિલાલભાઇ તરફથી જિનેન્દ્રભક્તિ નિમિત્તે પંચાહ્નિકા મહોત્સવ સહિત અષ્ટોત્તરી મહાપૂજા ભણાવાયેલ. કા. વદિ ૩ થી મહોત્સવનો શુભ પ્રારંભ થયેલ. વદિ ૯ ના કુંભ સ્થાપના, વદિ ૧૦ના નવગ્રહપૂજન અને જલયાત્રાનો વરઘોડો અભૂતપૂર્વ નીકળેલ. વદિ ૧૧ના વિજયમુહૂર્તે અષ્ટોત્તરી શાંતિસ્નાત્રનો પ્રારંભ થયેલ. લોકોએ સારો લાભ લીધેલ. વદિ ૧૨ના વાજતે ગાજતે પૂ. આ. મ. શ્રીએ સપરિવાર શાંતિભાઈના ઘેર પગલાં કરેલ. મંગલાચરણ બાદ પૂ. મુ. શ્રી રાજેન્દ્રવિજયજી મ.શ્રીએ જિનભક્તિ નિમિત્તે પ્રવચન કરેલ. ચાતુર્માસ સ્થિત મુનિ શ્રી ભક્તિમુનિજી મ. આદિ ઠા. ૩ પણ આ પ્રસંગે રોકાયેલ. ખંભાત સંઘની આગ્રહભરી વિનંતિથી માલારોપણ પ્રસંગે પૂ. આ. મ.શ્રીનો સપરિવાર ખંભાત સામૈયાસહ માગશર સુ. ૧ના પ્રવેશ થયેલ. તેઓશ્રી મૌન એકાદશી સુધી ત્યાં સ્થિરતા કરશે બાદ કાવીતીર્થની યાત્રાર્થે તે બાજુ પધારવા સંભવ છે.

**ગોધરા :** (જી. પંચમહાલ) શ્રી રિદ્ધિવિજયજી જૈન પાઠશાળાના અધ્યાપક શ્રી કનૈયાલાલ વાલાણી

પાઠશાળાના વિદ્યાર્થીઓને લઇને યાત્રા પ્રવાસે નીકળેલ. શંખેશ્વર, તારંગાજી, પાનસર, ભેયણી આદિ તીર્થોની યાત્રા કરીને શાંતિપૂર્વક આવી ગયેલ. શંખેશ્વરજીમાં શેઠ જયંતિલાલ (પાલણપુરવાળા) તરફથી બે દિવસ જમણ થયેલ. ચાણ- સરીયદ ૪. માં પણ જમણો થયેલ. યાત્રા પ્રવાસમાં સહુને આનંદ આવેલ. પાઠશાળા સારી રીતે ચાલે છે. દર રવિવારે સ્નાત્ર મહોત્સવ ચાલે છે. બાળકો તથા બાળાઓના મંડળની સ્થાપના થયેલ છે.



સેવાભાવી ડા. શ્રી અંબાલાલ પુનમચંદ શાહ-પાટણ જેઓને ગુજરાત રાજ્યે માનદ મેજીસ્ટ્રેટ-જે. પી. નિયુક્ત કરેલ છે.

**ચારૂપ તીર્થની યાત્રાએ :** પૂ. પં. મ. શ્રી કનકવિજયજી ગણિવરશ્રીની શુભનિશ્રામાં પાટણ નગીનભાઇ જૈન પૌષધશાળામાં આરાધના કરતા યુવકવર્ગ તરફથી ચારૂપતીર્થનો યાત્રા પ્રવાસ યોજાયો હતો. પૂ. સાધુ-સાધ્વી તથા શ્રાવક-શ્રાવિકા સંઘ સાથે માગશર સુદિ ૨ રવિવારનાં પાટણથી પ્રયાણ કરેલ. ચારૂપતીર્થમાં પૂજા, ભાવના અને પ્રભુજીને ભવ્ય આંગી થયેલ. સાધર્મિક વાત્સલ્ય થયેલ. સારી સંખ્યામાં યાત્રિકો આવેલ. પૂજા, ભાવનામાં સારો રસ આવેલ. યુવકવર્ગનો ઉત્સાહ સારો હતો. પૂ. મહારાજ શ્રી સુદિ ૩ ના પાટણ પધાર્યા હતા. માગશર વદિ ૧૦ સુધી તેઓશ્રીની પાટણ ખાતે સ્થિરતા થવા સંભવ છે.

**અંજાર** (કચ્છ) **:** અત્રે જૈન ધાર્મિક પાઠશાળા પૂ. આ. મ. શ્રી દેવેંદ્રસૂરીશ્વરજી મ. તથા પૂ મુ. શ્રી કલાપૂર્ણવિજયજી મ.ની શુભ પ્રેરણાથી ચાલુ છે. માલણથી અધ્યાપક શ્રી રસિકભાઇ આવતા પાઠશાળામાં સારી પ્રગતિ થઇ રહી છે. ૧૧૨ જેટલા અભ્યાસકો પાઠશાળાનો લાભ લઇ રહ્યા છે શિક્ષક ઉત્સાહી તથા ખંતીલા છે.

**શાંતિનગર** (અમદાવાદ) પૂ. આ. મ. શ્રી વિજયલક્ષ્મણસૂરીશ્વરજી મ. પૂ. પં શ્રી કીર્તિવિજયજી ગણિવર આદિ અત્રે શ્રી ખુબચંદ ભોગીલાલની વિનતિથી સામૈયાસહ તા. ૪ ના પધાર્યા હતા. વિશાલ મંડપમાં પૂ. આચાર્યદેવનું પ્રવચન થયેલ. તેઓ તરફથી શ્રીફળની પ્રભાવના થયેલ. તા. ૫-૧૨-૬૪ ની સવારે શ્રી ચંદુભાઈ (જ્ઞાનમંદિરના ટ્રસ્ટી)ની વિનંતીથી તેમને ત્યાં પધારતાં ગંહુલીઓ થયેલ પૂ. સૂરિદેવનું પ્રવચન થયેલ. બાદ પ્રભાવના થઈ હતી, તેઓશ્રી સપરિવાર મહોત્સવ પ્રસંગે કલ્યાણ સોસાયટીમાં પધાર્યા છે.

**શોકદર્શક ઠરાવ :** શ્રી મેઘજી સોજપાલનું મુંબઈ મુકામે તા. ૧૪-૧૧-૬૪ ના થયેલ દુઃખદ અવસાન અંગે વલ્લભીપુર-કટારીયા જૈન વિધાલયે સભા યોજી શોકદર્શક ઠરાવ કરેલ, ને સ્વ. ના આત્માની શાંતિ ઇચ્છી હતી.

**ઉપયોગ રાખવો જરૂરી છે :** ગામે-ગામ જૈન દેરાસરોમાં કેટલીક વખતે અગરબત્તી સળગાવીને પ્રભુભક્તિ કરનારા ઉપયોગ નહિ રાખતા હોવાથી, તે અગરબત્તી પાટલા પર મૂકીને ચાલ્યા જાય છે, તે પછી દેરાસરનો પાટલો સળગી ઉઠે છે. આ રીતે નવકારવાલી, પૂજાની ચોપડી કે સ્તવનોની ચોપડી લઇને ગમે તેમ મૂકે છે, એટલે

નવકારવાલીને ગમે ત્યાં મૂકવાથી આશાતના થાય છે, અને ચોપડીઓના પાના ફાટી જાય છે, અગરબત્તીથી કોઇ વખતે કપડા સળગી જાય છે, માટે દેરાસરોમાં આ બધી બાબતોમાં ઉપયોગ રાખવો જરૂરી છે. તેમ 'કલ્યાણ' શુભેચ્છક વાચક એક ભાઇ જણાવે છે, જે માટે અમારી પણ વિનંતિ છે કે, 'પૂજા કરવા જનાર કે દર્શન કરવા જનાર ભાઇ-બ્હેનો દેરાસરોમાં આવી બધી બાબતોમાં પોતાના ઘરની વસ્તુની જેમ સાચવણી રાખે એ જરૂરી છે.'

**મુક્તિદ્વારનું ઉદ્દઘાટન :** ડભોઈથી સીનોર જતાં રસ્તામાં ચાર માઇલ દૂર વડજ ગામ આવે છે. જે પૂ. આ. મ. શ્રી વિજયજંબૂસૂરીશ્વરજી મ. ની જન્મભૂમિ છે, ત્યાં પૂ. આચાર્ય મ. શ્રીના સંસારી ભાઇઓ તરફથી ઉપાશ્રય થયેલ છે, જેનું નામ જંબૂઓલિકાવિહાર-મુક્તિદ્વાર રાખેલ છે. તેનું ઉદ્દઘાટન ડભોઈના શેઠ મણિલાલ હરચંદના પ્રમુખપદે વડોદરા નિવાસી મહેંદ્રભાઈ એસ. ગાંધીના શુભ હસ્તે આ. વ. ૪ શનિવાર તા. ૨૪-૧૦-૬૪ ના રોજ કરવામાં આવેલ. ડભોઈથી ૧૫૦-૨૦૦ માણસો આવેલ. પૂજા, ભાવના, ગરબા ઇ. કાર્યક્રમ સુંદર ઉજવાયેલ. સાધર્મિક વાત્સલ્ય થયેલ. વડોદરાથી સુંદરલાલ ચુનીલાલ પણ આવેલ, તેમણે મનનીય વક્તવ્ય કરેલ.

**સ્વર્ગારોહણ તિથિની ઉજવણી :** કા. સુ. ૫ ના દિવસે પૂ. સ્વ. પં. શ્રી તિલકવિજયજી ગણિવરશ્રીની સ્વર્ગારોહણ તિથિની ઉજવણી કરાડ ખાતે પૂ. પં. શ્રી રંજનવિજયજી મ. ની શુભ નિશ્રામાં ઉજવાયેલ. ગુરૂ સ્તુતિ, ગરબા, પ્રવચન આદિ થયેલ. સુ. ૬ ના અષ્ટાપદજીની પૂજા ભણાવાયેલ, પ્રભાવના થયેલ. નવયુવકોએ ઉત્સાહથી અષ્ટાપદજીની ભવ્ય રચના કરેલ. જૈન-જૈનેતરોએ દર્શનનો સુંદર લાભ લીધેલ.

**ધાર્મિક પરીક્ષાઓ :** શ્રી જૈન એજ્યુકેશન બોર્ડ-મુંબઈ તરફથી શ્રી પ્રફુલ્લચંદ્ર બબલચંદ મોદી પુરૂષવર્ગ ને શ્રી કાંતાબેન બબલચંદ મોદી સ્ત્રીવર્ગ ધાર્મિક હરિફાઇની આગામી પરીક્ષાઓ રવિવાર તા. ૨૭-૧૨-૬૪ (૨૦૨૧-માગશર વદિ ૯)ના રોજ બપોરના સ્ટા. ટા. ૧ થી ૪ સુધીમાં સર્વ કેંદ્રોમાં લેવામાં આવશે. પરીક્ષાના પાઠ્યક્રમ તથા ફોર્મ અંગે નીચેના સીરનામે પત્ર લખવો. શ્રી જૈન શ્વે. એજ્યુકેશનલ બોર્ડ, ગોડીજી બિલ્ડીંગ, ૨ જે માળે, ૨૦ પાયધુની, મુંબઇ-૨ (B. R.)

**પાટડી :** પૂ. મુ. શ્રી વિજયચંદ્રવિજયજી મ. આદિ તથા પૂ. સા. શ્રી સુરેન્દ્રશ્રીજી આદિનું ચાતુર્માસ પરિવર્તન વોરા ઘેલાભાઈ ગણેશભાઇને ત્યાં ધામધૂમથી થયેલ. પ્રવચન બાદ પ્રભાવના થયેલ. વ ૮ ના પૂ. આ. મ. શ્રી વિજયનેમિસૂરીશ્વરજી મ.ના ઓઇલપેઇન્ટ ફોટાનું ઉદ્દઘાટન થયેલ. બપોરે શ્રી ઓઘડભાઇ રંગજી તરફથી પૂજા, આંગી થયેલ. પ્રભાવના તેમના તરફથી હતી.

**દુઃખદ કાળધર્મ :** પૂ. આ. મ. શ્રી વિજયજંબૂસૂરીશ્વરજી મ.ના શિષ્યરત્ન પૂ. પં. મ. શ્રી રૈવતવિજયજી ગણિવરના શિષ્યરત્ન પૂ. મુ. શ્રી લબ્ધિસેનવિજયજી મ. વગડીઆ મુકામે ૨૦૨૧ના કા. વદિ ૬ ના દિવસે તબીયત વધુ નરમ થતાં રાતના સમાધિપૂર્વક કાલધર્મ પામ્યા છે. સંસારીપણામાં તેઓ વાપી બાજુ ખેરલાવ ગામના વતની હતા. સંસારી અવસ્થામાં તેઓ પ્રથમથી જ ધાર્મિક મનોવૃત્તિના હતા. વિ. સં. ૨૦૧૦માં મહોત્સવપૂર્વક બગવાડા ખાતે ૪૯ વર્ષની વયે તેમણે દીક્ષા ગ્રહણ કરેલ. ૧૦ વર્ષ દીક્ષાપર્યાય પાળી સુંદર પ્રકારની આરાધના કરી હતી. તેમણે વર્ધમાનતપની ૬૫ ઓળીઓ કરેલ, ને ૫૦૦ સતત આયંબિલો કર્યા હતા. આપણે તેઓના આત્માની ચિરશાંતિ ઇચ્છીએ છીએ.

**પાટણ પધાર્યા છે :** પૂ. પં. શ્રી પ્રભાવવિજયજી મ. પૂ. મુ. શ્રી સ્વયંપ્રભવિ. મ. તથા પૂ. મુ. શ્રી ભાનુવિજયજી મ. આદિનું ચાતુર્માસ પરિવર્તન વડાલી ખાતે શ્રી જયંતિલાલ વર્ધમાનભાઈએ ૨૫ મણ ઘી બોલીને કરાવેલ. વ્યાખ્યાન

બાદ પ્રભાવના થયેલ. પટના દર્શનાર્થે સંઘ સાથે ગયેલ. તેમના તરફથી ભાતું અપાયેલ. પૂ. મહારાજશ્રી સપરિવાર ઈડર થઈ પાટણ એક બ્હેનની દીક્ષા નિમિત્તે પધાર્યા છે.


**અપૂર્વ અર્હત્પૂજન :** વીરમગામ ખાતે પૂ. આ. મ. શ્રી કનકવિમલસૂરીશ્વરજી મ.ની શુભ નિશ્રામાં કા. વ. ૨-૩ તથા ૫-એ ત્રણ દિવસોમાં શ્રી અર્હત્પૂજન ભારે ધામધૂમપૂર્વક ભવ્ય રીતે સંઘ તરફથી થયેલ. જેમાં રૂા. ૬ હજારના કુલ ચઢાવા થયેલ. ક્રિયા માટે અમદાવાદથી શ્રી ચીનુભાઈ પોતાની મંડળી સાથે આવેલ. મદ્રાસના વાધકાર આવેલ. દરરોજ આંગી, ભાવના અને રોશની થતા હતા. ક્રિયાકારક શ્રી ચીનુભાઈને સંઘ તરફથી અભિનંદન પત્ર અર્પણ થયેલ. મહોત્સવ ભવ્ય રીતે ઉજવાયેલ. જૈન-જૈનેતર પ્રજાએ દર્શનનો લાભ ઉલટભેર લીધેલ.

**ભારતમાં વટાળ પ્રવૃત્તિ :** તાજેતરમાં મુંબઈ ખાતે કેથોલિક ખ્રીસ્તીઓની યુકેરીસ્ટીક કોંગ્રેસનું અધિવેશન ભારે દબદબાપૂર્વક ભરાઈ ગયું. ઠેઠ રોમથી પોપ પણ આ અવસરે હિંદમાં આવેલ. ને ભારત સરકારે તથા મહારાષ્ટ્ર રાજ્યે આતિથ્ય-સત્કારની ભાવનાથી પ્રેરાઈને તેમની પાછળ લાખ્ખો રૂા. ખર્ચ્યા, ને ખૂબ વધારે પ્રમાણમાં તેમને સગવડો આપી. પોપે પણ ભારતના લોકોને ઘણું તથા બાજી સહાયો કરી, જાણે તેમનો આપણા પર કેટ-કેટલો ભાવ ઉછળી રહ્યો છે તે રીતે દેખાવો થયા. પણ આ બધી ધમાલ, કેવલ ભારતમાં તેમની વટાળ પ્રવૃત્તિના મૂળને ઉંડા વિસ્તારવા માટે છે, એ કોઈ ભાગ્યે જ સમજી શકે છે. ભારતમાં દવાખાના, હોસ્પીટાલો તથા હાઈસ્કુલોના પ્રચારના નામે માનવસેવાના બ્હાને ખ્રીસ્તી ધર્મગુરૂઓએ પોતાની મીશનરી દ્વારા છેલ્લા ૨૫ વર્ષના ગાળામાં કેટ-કેટલી વટાળ પ્રવૃત્તિ વિસ્તારી છે. તે સ્હેજે છેલ્લા તાજેતરમાં બહાર પડેલ તેમની વસતિના આંકડાઓ પરથી સમજી શકાય છે. ૧૯૪૨માં કેવલ ૧ લાખની ખ્રીસ્તીઓની વસતિ હતી, તે આજે એક ક્રોડ વીસ લાખની થઈ છે. જે પરથી સમજી શકાય છે કે માનવ સેવાના સુંવાળા નામે ક્રિશ્ચિયન્ બનાવવાની સોનેરી જાળ ભારતમાં કોંગ્રેસીતંત્રમાં કેટ-કેટલી વિસ્તાર પામતી જાય છે. ઓ ભારતવાસીઓ ચેતો !

**હિંસાનો નિર્દય પ્રચાર :** કોંગ્રેસી રાજ્યમાં હિંસાનો નિર્દય રીતે બેફામ પ્રચાર થઈ રહ્યો છે. અશોકચક્રને રાષ્ટ્રધ્વજમાં ગૌરવપૂર્વક રાખનારા કોંગ્રેસી લોકોને હવે હિંસા તથા હિંસાથી ઉત્પન્ન થતો ખોરાક જાણે સેવ-મમરા જેવો બની ગયો છે, ને ભારતમાં ચોમેર કેવલ કતલખાનાઓ ઉભા કરવામાં જ તેમને વધુ રસ રહે છે. તાજેતરમાં સમાચાર મલ્યા છે કે, યૂ.પી.માં આગ્રા શહેરની બાજુમાં સિકંદરામાં મોટું યાંત્રિક કતલખાનું ખોલવાની ભારત સરકાર તૈયારીઓ કરે છે. તેમજ આંધ્રમાં સુવરોને મારીને તેના માંસનું ઉત્પાદન કરવાનું કતલખાનું ખોલવાની યોજના ભારત સરકાર કરી રહી છે. ખેતી પ્રધાન ભારત દેશમાં અન્ન ઉત્પાદન માટેના પ્રયત્નો કરવા બાજૂએ મૂકીને કોંગ્રેસી સરકાર આ રીતે કેવલ માંસાહારનો નિર્દય પ્રચાર કરીને જે જીવદયાપ્રેમી ક્રોડોની વસતિ પર ધાર્મિક દૃષ્ટિયે તેમની લાગણી દુભવી અત્યાચાર કરી રહેલ છે, તે માટે સત્તા પર રહી કેવલ નાદીરશાહી ને સરમુખત્યારશાહી રાજ્ય અમલ કરી રહેલ કોંગ્રેસ સરકારને આપણે ફરી-ફરીને ચેતવીએ છીએ કે, 'હવે રૂક જાવ ! વિનાશકાલે વિપરીત બુદ્ધિ કહેવતને ચરિતાર્થ કરવાનું મૂકી, કાંઈ સમજણ કેળવો ! ક્રોડોનું અનાજ પરદેશથી લાવવું, ને માંસનું ઉત્પાદન કરી તેને પરદેશ ચઢાવવું, આ ઉલટી ગંગાના નાપાક ધંધા ત્યજી દો ! ને ક્રોડો મૂંગા જીવોના આશિર્વાદ મેળવો !'

**જૈનતત્વજ્ઞાન વિદ્યાપીઠ :** જૈનતત્ત્વજ્ઞાન વિદ્યાપીઠ દ્વારા ઓગસ્ટ ૧-૨ તથા ૨૨-૨૩-૬૪ માં લેવાયેલી પરીક્ષાઓમાં કુલ ૩૧૭૦ વિદ્યાર્થીઓ બેઠેલ. ૮૭ કેન્દ્રોમાં લીધેલ પરીક્ષાનું પરીણામ ૭૬ ટકા જાહેર કરવામાં આવેલ છે. પ્રથમ ઉત્તીર્ણ

થયેલને ચંદ્રકો મલશે, તેમજ ૨૫૨ વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ ને ૯૦ શિક્ષક-શિક્ષિકાઓને બોનસ આપવા દ્વારા સન્માન કરવામાં આવશે.




રજપૂત ગુલાબસિંગજી-પાટણ જેમણે પર્યુષણ પર્વમાં ૨૦ ઉપવાસની તપશ્ચર્યા કરી હતી.

**ઇનામી મેળાવડો** : : સુરેન્દ્રનગર શ્રી ગણિ મુક્તિવિજયજી જૈન પાઠશાળાનો વાર્ષિક ઇનામી મેળાવડો કા. સુ. ૧૦ રવિવાર તા. ૨૫-૧૧-૬૪ ના પૂ. મુ. શ્રી અશોકચંદ્રવિજયજી મ. ની નિશ્રામાં ઉજવવામાં આવેલ. ૬૬ વર્ષથી પાઠશાળા નિયમિત ચાલે છે. આજે ૫૦૦ અભ્યાસકો અભ્યાસ કરે છે. શ્રી જૈન શ્રેયસ્કર મંડળના પરીક્ષક વાડીભાઈએ પરીક્ષા લીધેલ. જેનું પરિણામ ૭૨ ટકા આવેલ. વોરા કેશવલાલ ત્રિકમલાલ કાયમી ઇનામી પ્રબંધમાંથી રૂા. ૭૦૦નું રોકડ ઇનામ તથા પેંડાની પ્રભાવના કરવામાં આવેલ. શિક્ષક-શિક્ષિકાઓને પુરસ્કાર આપવામાં આવ્યા હતા. પરીક્ષકશ્રીએ તથા અધ્યાપક શ્રી ચંપકલાલ શાહે પ્રાસંગિક વક્તવ્ય કરેલ. પાઠશાળાના સંચાલક શ્રી બાપાલાલ મનસુખલાલ શાહે ધાર્મિક શિક્ષણની મહત્તા પર યોગ્ય વિવેચન કરેલ, ને રૂા. ૧૦૧ ની તિથિઓની યોજના દ્વારા તથા શેઠ કેશવલાલ ધારશીભાઇના શુભ પ્રયાસથી પ્રાપ્ત થયેલ રૂા. ૧૦૦૦૦ તથા 'વકીલ ચુનીલાલ ચત્રભુજ શાહ પાઠશાળા ભવન' માટે તેમના તરફથી મળેલ રકમ ૨૦૦૦૧ની રકમ તથા કાયમી ઇનામી ફંડની રકમ ૭૫૦૦ એ રીતે ૭૦૦૦૦ ના વ્યાજમાંથી પાઠશાળા ચાલે છે. તેમજ અભ્યાસકોના ઉત્સાહની વૃદ્ધિ માટે વાર્ષિક શિષ્યવૃત્તિની યોજના તેમણે રજૂ કરેલ. બાદ પૂ. મહારાજશ્રીના વ્યાખ્યાન બાદ મેળાવડો વિસર્જન થયેલ.

**માલારોપણ પ્રસંગ** : 'કલ્યાણ' ટ્રસ્ટના ઉત્સાહી ટ્રસ્ટી શ્રી કાંતિલાલ પાનાચંદભાઇ (ખંભાત નિવાસી) ના ધર્મપત્ની શ્રી કમલાબેને તથા તેમના સુપુત્ર શ્રી અરવિંદકુમારે ખંભાત ખાતે ઉપધાન તપની આરાધના કરી હતી. જેમનો માલારોપણનો મંગલ પ્રસંગ મા. સુ. ૫ બુધવારના ભારે સમારોહપૂર્વક ખંભાત ખાતે ઉજવાયેલ. અમારા તેમને શતશઃ અભિનંદન ને અનુમોદન.

**મુળી** : અહિં જૈન પાઠશાળામાં અનુભવી તથા સારા સ્વભાવવાળા બહેનની જરૂર છે. પગાર રૂ. ૭૦ ની જગ્યા છે.

લખો : **મુળી જૈન તપગચ્છ સંઘ**
ઠે. જૈન દેરાસર ઓફિસ
મુ. **મુળી** (સુરેન્દ્રનગર)



**પૂ. તપસ્વી સાધ્વીજી શ્રી માર્ગોદયાશ્રીજી મ.**
જેઓએ તાજેતરમાં અખંડ ૮૦૦ આયંબિલની મહાન તપશ્ચર્યા નિર્વિઘ્ને પૂર્ણ કરી છે.





પૂ. આ. મ. શ્રી વિ. લબ્ધિસૂરીશ્વરજી મ.ના શિષ્ય પૂ. પં. શ્રી પ્રવિણવિજયજી ગ. તથા પૂ. પં. શ્રી પદ્મવિજયજી ગ.ની નિશ્રામાં વાપી મુકામે શા. પુનમચંદ વીરચંદની કું. તરફથી કરાવવામાં આવેલ ઉપધાન તપમાં ઉલ્લાસપૂર્વક આરાધના કરી રહેલ **બાળક-બાળીકાઓ.**

## પૂ. મુ. શ્રી જંબૂવિજયજી મ.જે નુતન વર્ષનો આપેલો સંદેશ

**ભુજ** તા. ૭ : 'દીપોત્સવી એ દીવાનો ઉત્સવ છે અને જેમ વાટ સળગે છે ત્યારે દીવો પ્રગટે છે તે રીતે આપણે જાતે ત્યાગ કરીને આપણું જીવન પ્રકાશમય બનાવી બીજાને પ્રકાશ આપીએ એ દીપોત્સવીના તહેવારનો મર્મ છે.'

પૂ. મુ. શ્રી જંબુવિજયજી મહારાજે બેસતા વર્ષના દિને સવારે શ્રી જમનાદાસ પી. વોરાને ત્યા 'કચ્છમિત્ર' કાર્યાલયના સ્ટાફના યોજાયેલા સ્નેહ-મિલન પ્રસંગે માંગલિક સંભળાવી, પ્રવચન કરતાં ઉપરોક્ત પ્રેરણાદાયી શબ્દોમાં નૂતન વર્ષનો સંદેશ આપ્યો હતો.

પૂ. મુનિરાજશ્રીએ જણાવ્યું કે જેમ ધુપસળી સળગે છે અને બીજાને સુવાસ આપે છે તેમ માનવીએ પણ બીજાને સુવાસ આપવી જોઇએ. દીવો અને ધુપસળી એ બન્નેનું આયુષ્ય ટુંકું હોવા છતાં બીજાઓને પ્રકાશ અને સુવાસ આપે છે.

આપણું જીવન જેવું બનાવવું જોઇએ, એ દીપોત્સવી અને નૂતન વર્ષના પર્વનો સંદેશ છે. આ પ્રસંગે કચ્છમિત્રના સ્ટાફના સભ્યો ઉપરાંત કચ્છ કોંગ્રેસ પ્રમુખ શ્રી રસિકલાલ જોષી, શ્રી પ્રેમજી ભવાનજી ઠક્કર, કાંતિપ્રસાદ અંતાણી શ્રી લવજી ઠક્કર, ડો. મહિપત મહેતા, મોતીલાલ ગોપાળજી, દામજી કરમચંદ વ.એ પણ ખાસ હાજરી આપી હતી.

**વઢવાણ શહેર :** અત્રે પૂ. આ. શ્રી વિજય-અમૃતસૂરિજી મ.ની નિશ્રામાં પૂ. તપસ્વી મુનિરાજ શ્રી રાજેન્દ્રવિજયજી મ.ને ગણિ પંન્યાસપદ પ્રદાનનો અઠ્ઠાઇ મહોત્સવ શાન્તિસ્નાત્ર સહ ભારે ઉમંગથી ઉજવાયેલ. કા. વ. ૧૦થી મા. સુ. ૩ સુધી પૂજાઓ આંગી ભાવના પ્રભાવના આદિ સુંદર રીતે ઉજવાયા હતા. શ્રી સંઘમાં ઉત્સાહ પણ ઘણો હતો. આ પ્રસંગ સંઘમાં નવો હોવાથી અને પૂ.શ્રીના ચાતુર્માસથી સંઘમાં ભાવની વૃદ્ધિ થવાથી શાનદાર રીતે ઉજવાયો હતો. મા. સુ. ૨ ના સવારે ગણિ પંન્યાસપદ પ્રદાન થયું હતું. એ અવસરે પૂ. પં. શ્રી માનતુંગવિજયજી મ. આદિ ઠા. શ્રી સંઘની વિનંતિથી પધાર્યા હતા. બપોરે શાન્તિસ્નાત્ર ઠાઠથી ભણાવાયું હતું. પૂ. આ. મ. શ્રી લીંબડી મા. સુ. ૧૦ના એક બહેનને દીક્ષા આપવાની હોવાથી મા. સુ. ૪ના વિહાર કરી લીંબડી પધાર્યા છે.

**પ્રતિકાર કરો :** મહાવીર જૈન સભા-માંડવલાના માનદમંત્રી શ્રી હીરાચંદજી જૈન એક નિવેદન દ્વારા જણાવે છે કે, જૈન ધર્મ પર પુસ્તિકાઓ દ્વારા જે આક્ષેપો થઇ રહ્યા છે, તેનો વિરોધ જોરશોરથી કરવો જરૂરી છે. રાજસ્થાન સરકાર પર નીચેના પુસ્તકોમાં જૈન ધર્મ પર આક્ષેપો થઇ રહ્યા છે, તે માટે તે પ્રકાશનો જપ્ત કરવા વિરોધ ઠરાવો, તારો દરેકે દરેક જૈને કરવા જાગ્રત થવું જરૂરી છે. ૧ ભગવાન બુદ્ધ ૨ આચાર્ય કાલક ઔર મજદૂરીન્ ૩ હંસમયૂર નાટક ૪ મહિલા સત્વાર્થ પ્રકાશ આ પુસ્તકો રાજસ્થાનમાં સરકારી સ્કુલોમાં પાઠ્યક્રમમાં દાખલ કરેલ છે, વિરોધ કરવાથી તે પુસ્તકો પાઠ્યક્રમમાંથી દૂર કરી શકાય. માટે સર્વ જૈન સંઘોએ સક્રિયપણે તેનો વિરોધ કરવો.

**ટ્રસ્ટની મિટીંગ મળી :** 'કલ્યાણ પ્રકાશન મંદિર ટ્રસ્ટ'ની વાર્ષિક મિટીંગ ટ્રસ્ટના પ્રમુખ શેઠ અમરચંદ કુંવરજીભાઇના પ્રમુખપદે પાટણ ખાતે તા. ૧૦-૧૨-૬૪ના બપોરના મળેલ. જે સમયે શેઠ મણિભાઇ, કીરચંદ જે. શેઠ આદિ ટ્રસ્ટીઓ આવેલ. વિ. સં. ૨૦૧૮-૧૯નો ટ્રસ્ટનો ઓડીટ થયેલ હેવાલ, સરવૈયું તથા હિસાબો સંપાદક શ્રી કીરચંદ જે. શેઠે રજૂ કરેલ તેને મિટીંગે બહાલી આપેલ. ને 'કલ્યાણ'ના વિકાસ માટે સંપાદક કીરચંદ જે. શેઠે જે પરિશ્રમ લીધેલ છે, ને લાગણી પૂર્વક જે કાળજી લીધેલ છે, તે માટે મિટીંગે તેમને અભિનંદન આપેલ. સંસ્થાના વિકાસ માટે કેટલાક ઠરાવો સર્વાનુમતે પસાર કરવામાં આવેલ.

**લોણંદ :** પૂ. મ. શ્રી જયપદ્મવિજયજી મ. અત્રે પધારતા સંઘમાં આનંદ ફેલાયો હતો વ્યાખ્યાનથી જાગૃતિ આવી અને આજે ચાતુર્માસની શ્રી સંઘના આગ્રહથી જય બોલાઇ છે. હવે વાંદડ (વઢાર S. Ry.) પધાર્યા છે. અત્રે દેરાસરજી નવું બંધાઇ રહ્યું છે. તેમાં દેરાસરજીમાંથી મદદ મોકલવાની સહુ શ્રી સંઘને વિનતી છે.


**શું તમારે શુધ્ધ ચોકખી ચાંદીના વરખ જોઈએ છે?**

**—: લખો યા મળો :—**

**ચોરસ પાના ચાલુ સાઇઝ કામ-૧ રૂા. ૯-૭૫**

**„ „ મોટી „ „ રૂા. ૧૦-૭૫**

માલ જોઇએ તેટલો ઓર્ડર મોકલતાની સાથે જ રવાના કરવામાં આવશે.

સ્થળ :— **શ્રી જૈન ઉપકરણ ભંડાર.**

ઠે. કાળુપુર, જ્ઞાનમંદિર નીચે, **અમદાવાદ-૧**

**અમારી બીજી કોઇ શાખા નથી.**

**કંકોત્રીઓનો સાર :** અમારા પર વિવિધ પ્રસંગોની કુંકુમપત્રિકાઓ આવેલ છે, જેનો સાર આ રીતે છે (૧) માલણુથી શંખેશ્વરજી તીર્થનો મોટર દ્વારા સંઘ માગ. સુ. ૫ ના નીકળી, ૬ના શંખેશ્વરજી આવશે. ત્યાં પૂ. આ. મ. શ્રી વિજય-જંબૂસૂરીશ્વરજી મ.નાં વરદ હસ્તે સંઘવી અમૃત-લાલભાઇને માલારોપણ થશે. ફુલચંદભાઇ અલી-રાજપુરવાળાની દીક્ષા થશે. ૭ના શાંતિસ્નાત્ર ભણાવાશે. (૨) ખંભાત ખાતે વીશા ઓશવાળ તપગચ્છ જૈન સંઘ તરફથી ઉપધાનતપ શરૂ થયેલ. તેનો માલારોપણ મહોત્સવ કા. વ. ૧૧ થી શરૂ થશે. સુદિ ૫ના માળ થશે. ૧૭૫ ભાઇ–બ્હેનોને માળ છે. પૂ. આ. મ. શ્રી વિજયશાંતિચંદ્રસૂરી-શ્વરજી મ. શ્રી આદિની શુભ નિશ્રામાં મહોત્સવ ઉજવાશે. અષ્ટોત્તરી શાંતિસ્નાત્ર મહોત્સવ થનાર છે.

**ભેટપુસ્તક રવાના થશે :** 'કલ્યાણ'ના આ અંકની સાથે ભેટ પુસ્તક 'જીવન જાગૃતિ' ૨૨૦ પેજનું, દ્વિરંગી જેકેટ સાથેનું ૫૩૦૦ ગ્રાહકોને રવાના થઇ રહેલ છે, તે પુસ્તક સર્વ ગ્રાહકોએ *કાળજીપૂર્વક સંભાળી લેવું. 'કલ્યાણ' તરફથી* ૨૧મા વર્ષના મંગલ પ્રવેશ પ્રસંગે આ ભેટ પૂર્તિ તેના ૫૩૦૦ ગ્રાહકોને ભેટ અપાઈ રહેલ છે, જે 'કલ્યાણ'ના દિન–પ્રતિદિન થતા વિકાસની સાક્ષીરૂપ છે. 'કલ્યાણ' ટ્રસ્ટે અવાર નવાર તેના ગ્રાહકોને ભેટ પુસ્તક આપવાની યોજના નક્કી કરેલ છે. હવે આગામી વર્ષોમાં નવું ભેટપુસ્તક 'કલ્યાણ' તરફથી આપવાની યોજના તૈયાર થઈ રહી છે. 'કલ્યાણ'ની આજે ૫૩૦૦ નકલો પ્રસિદ્ધ થઇ રહી છે, ૨૨મા વર્ષના/ મંગલપ્રવેશ સમયે લગભગ ૫૫૦૦ નકલો પ્રસિદ્ધ કરવાની અમારી ભાવના છે. શાસનદેવ ! અમને 'કલ્યાણ'ના વિકાસમાં જરૂર બળ આપો એ અભ્યર્થના. ભેટ પુસ્તક પણ સાથે જ રવાના કર-વાનું હોવાથી આ વખતનો અંક ત્રણ દીવસ મોડો રવાના થઇ શકેલ છે.

**ઉપધાન તપનો પ્રારંભ :** મુંબઈ ખાતે પાર્લામાં પૂ. આ. મ. શ્રી વિજયરામચંદ્રસૂરીશ્વરજી મ.ની પુણ્યનિશ્રામાં મા. સુ. ૧૧ તથા સુ. ૧૪ ના ઉપધાન તપમાં પ્રવેશ થનાર છે. તેમાં ચેંબુર ખાતે પૂ. આ. મ. શ્રી વિજયપ્રતાપસૂરીશ્વરજી મ. ની પુણ્ય નિશ્રામાં મા. સુ. ૧૧ તથા સુ. ૧૪ ના ઉપધાનતપમાં પ્રવેશ થનાર છે. પાટણ ખાતે પૂ. આ. મ. શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મ.ની નિશ્રામાં મા. સુ. ૫ થી ઉપધાન તપ શરૂ થયેલ છે. જેમાં ૧૦૦ જેટલા ભાઈ-બ્હેનોએ પ્રવેશ કરેલ છે.

**પધાર્યા છે :** પૂ. આ. મ. શ્રી વિજયપ્રેમ-સૂરીશ્વરજી મહારાજશ્રી સપરિવાર પીંડવાડાથી કા. વ. ૧૧ ના વિહાર કરી, ડીસા કેંપમાં પ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે ભવ્ય સામૈયાસહ પધાર્યા છે. મા. સુ. ૧૦ ના તેઓશ્રીનાં વરદ હસ્તે પ્રતિષ્ઠા થશે. પૂ. આચાર્યદેવશ્રીની પુણ્યપ્રકૃત્તિ સારી છે. વૈદરાજની દવાથી પ્રોસ્ટેટ ગ્લેંડના દર્દમાં સારો સુધારો છે. તેઓશ્રીની શારીરિક પ્રકૃતિ દિન–પ્રતિ-દિન વધુ ને વધુ સ્વસ્થતા ભરી રહો. તેમ શાસન-દેવને પ્રાર્થના !

**શ્રેય નિમિત્તે મહોત્સવ :** પૂ. પં. મ. શ્રી કનકવિજયજી ગણિવરશ્રીના શિષ્યરત્ન પૂ. મુનિરાજ શ્રી મહિમાવિજયજી મ. ના સંસારી માતુશ્રીના સ્વર્ગવાસ નિમિત્તે તેમના શ્રેયાર્થે માગશર વદિમાં તેમના કુટુંબીજનો તરફથી પાટણ ખાતે શ્રી જિનેંદ્ર ભક્તિ મહોત્સવનું આયોજન થનાર છે, તેથી તેઓની આગ્રહપૂર્વકની વિનંતિથી પૂ. પં. મહારાજશ્રી આદિ મા. વ. ૧૦ સુધી પાટણ નગીનભાઈ જૈન પૌષધશાળા ખાતે સ્થિરતા કરશે.


## શ્રી જૈન–પાઠશાળા માટે શિક્ષિકાબેન જોઇએ છે

(૧) રહેવા માટે સંસ્થા તરફથી મકાન મલશે.
(૨) ભણાવવાનો ટાઇમ સાંજના ૭ થી ૯ છે.
(૩) પગાર રૂા. ૩૦) થી ૪૦) સુધી મલશે.
(૪) રૂબરૂ વાત કરવા જવા આવવાનું ભાડું શિક્ષીકાબેનનું રહેશે.

પત્રવહેવારનું સરનામું :

**શ્રી જૈન પાઠશાળા નડીયાદ**
C/o. ધી નડીયાદ અગરબત્તી વર્કસ
સ્ટેશન રોડ, નડીયાદ જી. ખેડા

# સાભાર સ્વીકાર

નીચેનાં પ્રકાશનો અમને અવલોકનાર્થે મળેલ છે, જેનો અમે સાભાર સ્વીકાર કરીએ છીએ !

(૧) **ધર્મવીર શેઠ વેણીચંદભાઇ** પ્રકા૦ શ્રી જૈન શ્રેયસ્કર મંડળ, મહેસાણા. ક્રા. ૧૬ પેજી ૮૪+૧૬૦–૨૪૪ પેજ

(૨) **પચ્ચક્ખાણ દર્પણ** સંપા. પૂ. મુનિરાજ શ્રી જયવર્ધનવિજયજી મ૦ પ્રકા. ઈશ્વરલાલ જેઠાલાલ દોશી, પ્રાપ્તિસ્થાન: પોપટલાલ વનમાલી, જીબુરીવાળા બિલ્ડીંગ, દિવાનપરા, રાજકોટ (સૌ.) મૂલ્ય ૩૦ ન.પૈ. ક્રા. ૩૨ પેજી ૬૦ પેજ (પોકેટ સાઇઝ) પચ્ચક્ખાણના સમયનો દૈનિક કોઠો.

(૩) **સત્કર્મ ચિત્રાવલી** સંપા. પૂ. મુનિરાજ શ્રી જિનેંદ્રવિજયજી મહારાજ પ્રકા૦ શ્રી હર્ષપુષ્પામૃત જૈન ગ્રંથમાલા લાખાબાવળ (સૌ.) મૂ ૬ રૂા. ડેમી ૮ પેજી સાઇઝ પેજ ૨૪+૬૮–૯૨ પેજ

(૩) **વાર્તા વિહાર** લે. પૂ. આ. મ. શ્રી વિજય અમૃતસૂરીશ્વરજી મ૦ પ્રકા૦ ઉપર મુજબ. ક્રા. ૧૬ પેજી ૧૨+૯૨–૧૦૪ પેજ

(૪ **શત્રુંજયનું સંક્ષિપ્ત દર્શન** લે. અને સંપા. દીપચંદ જીવણલાલ શાહ પ્રકા૦ કાંતિલાલ દીપચંદ–ધીરજલાલ દીપચંદ શાહ ભાવનગર. પ્રાપ્તિસ્થાન: જૈનધર્મ પ્રચારક સભા. કાંટાવાળો ડેલો ભાવનગર (સૌ) મૂ ૮૦ પૈસા

(૫) **અમૃતબિંદુ** પ્યાલો નવમો. પ્રકા૦ સદ્વિચાર પ્રકાશન, હરિલાલ વિ. પંચાલ ઠે. ૨૩, મગન પટેલનો ખાંચો, દરિયાપુર ચકલા, અમદાવાદ–૧

(૬) **'શ્રી ચંદ્ર' કેવલી ચરિત્ર** સંપા૦ પૂ મુનિરાજ શ્રી જયપદ્મવિજયજી મહારાજ પ્રકા૦ શા. આણંદજીની કું. ખારેક બજાર ૩૧૭ નરશી નાથા સ્ટ્રીટ, મુંબઈ–૯ મૂ. ૩ રૂા. ક્રા. ૧૬ પેજી ૧૬+૬૨૦–૩૩૬ પેજ

## દીપોત્સવી વિશેષાંકો અને રીપોર્ટ

(૧) કચ્છમિત્ર દીપોત્સવી અંક (વિ. સં. ૨૦૨૦) કચ્છમિત્ર કાર્યાલય વાણીયાવાડ ભુજ (કચ્છ) મૂ. ૨ રૂા. (૨) બુદ્ધિપ્રભા. જૈન ડાયજેસ્ટ દીપોત્સવી અંક સંપા૦ ગુણવંત શાહ કાર્યાલય: જે. એન. દંતારા ૧૨–૧૬ ત્રીજો ભોયવાડો, મુંબઈ ૨ મૂ. ૧ રૂા. (૩) જ્યોત્સના દીપોત્સવી અંક તંત્રી નેમચંદ વી. શાહ જ્યોત્સના કાર્યાલય–ઓશવાલ યુથ લીગ, બોકસ ૨૩૯૪ નાયરોબી (૪) સત્યનીતિ પ્રકાશ. (અધ્યાત્મવાદનું માસિકપત્ર) સંપા૦ પં. સોહનકુમાર શાસ્ત્રી ન્યાયતીર્થ પ્રકા. સુમિત્રા પ્રિ: પ્રેસ આરે રોડ, ગોરેગામ, મુંબઈ–૬

**રીપોર્ટ**: શ્રી મહાવીર જૈન વિદ્યાલય ૪૯ મો વાર્ષિક રીપોર્ટ.

---

**વાપી** : પૂ. પં. મ. શ્રી પ્રવીણવિજયજી મ તથા પૂ મુ. શ્રી પદ્મવિજયજી મ.ની નિશ્રામાં ચાતુર્માસ દરમ્યાન અનેકવિધ ધર્મ કાર્યો થવા ઉપરાંત આસો સુદ ૧૩ના શેઠ પુનમચંદ વીરચંદજીની કું. તરફથી ઉપધાન તપ શરૂ થતા ૫૮ સ્ત્રી–પુરૂષોએ પ્રવેશ કર્યો હતો. ચાતુર્માસ પરિવર્તન સ્વ. શેઠ નગીનદાસ ધુરાજીને ત્યાં કરવામાં આવતા તેમના તરફથી પૂજા, સ્વામીવાત્સલ્ય કરવામાં આવ્યા હતા. ઉપધાન તપની પૂર્ણાહૂતિ થતા ઉપધાન તપ કરાવનાર તરફથી માળારોપણ નિમિત્તે શાંતિસ્નાત્ર સહ અષ્ટાહ્નિકા મહોત્સવ ખૂબ ઠાઠથી ઉજવાયો હતો. ચોથના જલયાત્રાનો તથા માળનો ભવ્ય વરઘોડો નીકળ્યો હતો મા. સુ. ૫ની પ્રભાતે સૌને માલારોપણ કરવામાં આવ્યું હતું. માળની બોલી પણ ધાર્યા કરતા ઘણીજ સારી થવા પામી હતી પૂ. મહારાજ શ્રી વિહાર કરી નવસારી પધારશે ત્યાં એક માસ સ્થિરતા થવા વકી છે.

---

'**કલ્યાણ**' નો અંક ૧૧ા ફોર્મનો કાઢેલ છે જે આ વર્ષમાં ૧૦મા અંક સુધીમાં ૧૦૦૪ પાનાનું વાંચન તો અપાઇ ગયું. હજુ બે અંક બાકી છે આ વર્ષમાં ૧૧૦૦ પેજ ઉપરાંતનું વાંચન થશે હજુ પણ વિશેષ વાંચન કેમ અપાય તેજ અમારી ભાવના છે.

(નવકાર ગીત : ટાઇટલ ચોથાનું ચાલુ)

પંચમી ગતિને પામવા, પાળે પંચાચાર, ચાર કષાયો જીતીને, ટાળે ભવનો ભાર. ૨૧
પચીસ ગુણે દીપતા, ઉપાધ્યાય ભગવાન, નીલવર્ણ છે એમનો, ધ્યાવો બની એકતાન. ૨૨
આપે વાચના શિષ્યને, જિનશાસનનો સાર, જડતા કાપી શિષ્યની, મૂકે મોક્ષ મોઝાર. ૨૩
સત્તાવીસ ગુણે શોભતા, કૃષ્ણ વર્ણ મનોહાર, મૂલ-ઉત્તર ગુણના ધણી, જિને કહ્યા અણગાર. ૨૪
પૂજક-નિંદક ઉપરે, રાખે સમતા ભાવ, એવા શ્રી મુનિરાજને, પ્રણમો આણી ભાવ. ૨૫
દોષ બેંતાલીસ ટાળીને, લેતા શુદ્ધ આહાર, સ્વ-પરના કલ્યાણને, કરવા કરે આહાર. ૨૬
તે મુનિવંદનથી થશે, સઘળા પાપનો નાશ, ક્રોડો વંદના માહરી, તોડે ભવના પાશ. ૨૭
નમસ્કારના ધ્યાનથી, સર્પ બન્યે ફૂલમાળ, કીર્તિ-કમલા વિસ્તરી, શ્રીમતિ શણગાર. ૨૮
સુરસુંદરીની ટળી, આપત્તિઓ અપાર, નમસ્કારના પ્રભાવથી, પામી સુખ સંસાર. ૨૯
અમરકુમારે તે સ્મર્યો, મહામંત્ર નવકાર, અમર પદવી તે વર્યો, ટાળી વિઘ્ન અપાર. ૩૦
શિવકુમારે ધ્યાનથી, ભવ ટાળ્યો તત્કાળ, પામ્યો સંપત્તિ ઘણી, નિજ આતમ ઉદ્ધાર ૩૧
ભિલ-ભિલડીએ હૃદયમાં, સ્મર્યો મંત્ર નવકાર, રાજ-રાણી પદવી વરી, શિવસુખ લેશે સાર. ૩૨
મુનિવર મુખથી સાંભળ્યો, મહામંત્ર નવકાર, સમડીમાંથી સુદર્શના, રાજકુમારી થાય. ૩૩
શું આ ચિંતામણી રત્ન છે ? કે શું છે કલ્પવૃક્ષ ? ના, ના, ચિંતામણી નથી, નથી વળી કલ્પવૃક્ષ ! ૩૪
કલ્પવૃક્ષને ચિંતામણી, આપે પૌદ્ગલિક સુખ, મહામંત્ર નવકાર તો, આપે અક્ષય સુખ. ૩૫
મૃત્યુ સમયે જે નર, જપે મં નવકાર, પરમપદને પામતા, કરતા ભવજલ પાર. ૩૬
પાપ-હલાહલ ઝેરનો, નાશ કરે નવકાર, જિમ ગારૂડી મંત્રથી, સર્પ વિષ ઉદ્ધાર. ૩૭
નમસ્કાર મહામંત્રનો, લક્ષ કરે જે જાપ, તીર્થંકર પદવી વરે, ટળે ભવદવનો તાપ. ૩૮
ચાર ગતિને સૂરતો, મહામંત્ર નમસ્કાર, પંચમી ગતિને આપવા, સમર્થ શ્રી નવકાર. ૩૯
ચકોર ચાહે ચંદ્રમા, વળી ચક્રવાદ દિણુંદ, ભવિજન ચાહે મંત્રમાં, બતલાવ્યો જિણુંદ. ૪૦
હૃદય વિકસે અતિ ઘણું, સ્મરતા શ્રી નવકાર, સૂર્ય દેખી કમલવન, વિકસે જેમ ઉદાર. ૪૧
ટળે અંધકાર મોહનાં, જપતાં પરમ નવકાર, જિમ સૂર્યથી અંધકારનો, નાશ થાય તત્કાળ. ૪૨
સમાધિમૃત્યુ આપવા, સમર્થ છે નવકાર, ભવિજન ગણજો ભાવથી, સર્વ વિઘ્ન હરનાર. ૪૩
ચૌદ પૂર્વનો સાર છે, મહામંત્ર નવકાર, ભણતાં-ગણતાં-સુણતાં, પામે ભવજલ પાર. ૪૪
ઉઠતાં-બેસતાં-સુવતાં, જે ગણે નવકાર, વિઘ્નો તો દૂર રહે, ફળે કાર્ય તત્કાળ. ૪૫
નમસ્કાર રૂપ ચન્દ્રથી, આત્મકુમુદ વિકસે ઘણું, આત્મકમલની લબ્ધિથી, કુમુદ કહે કર્મો હણું. ૪૬

સંપાદક, મુદ્રક અને પ્રકાશક : કીરચંદ જગજીવન શેઠ : મુદ્રણસ્થાન : શ્રી જશવંતસિંહજી પ્રિન્ટીંગ વર્કસ, વઢવાણ શહેર : કલ્યાણ પ્રકાશન મંદિર ટ્રસ્ટ માટે વઢવાણ શહેરથી પ્રકાશિત કર્યું

# નવકાર ગીત

શ્રી કુમુદચંદ્ર એમ. શાહ-મુંબઈ

નમસ્કાર મહામંત્રનો, મહિમા અપરંપાર, વર્ણવ્યો છે જ્ઞાનીએ, સૂત્રસિદ્ધાંત મોઝાર. ૧
આઠ સંપદા એહની, અડસિદ્ધિ દાતાર. અડસઠ અક્ષર શોભતા, આપે શિવસુખ સાર. ૨
આધિ વ્યાધિ ટાળતો, પરમ મંત્ર નવકાર. ઉપાધિ આવે નહીં, જપતા શ્રી નવકાર. ૩
બાર ગુણે શ્રી જિનવરા, ધવલવર્ણથી શોભે, મારગદેશક મહાતપી, ભવિજનના મન લોભે. ૪
ચોત્રીસ અતિશય શોભતા, ત્રણ ભુવન શિરતાજ. ત્રિગડે બેસી દેશના, આપે શ્રી જિનરાજ. ૫

આઠ પ્રતિહાર્યની, શોભા ધરે અરિહંત, અવિચલપદને પામીયા, કરી સંસારનો અંત. ૬
અમોઘ દેશક જિનવરા, પર હિત કરવા માટે, દેશના રૂડી આપીને, કઠીન કર્મોને કાટે. ૭
વાણી આગળ શેરડી-દ્રાક્ષ જ હારી જાય, સાકર તો તરણાં લીએ, અમૃત સ્વર્ગે જાય. ૮
કેશરોમ વધે નહીં, પંચ વિષય અનુકૂલ, ઋતુઓ સર્વે સેવતી, બને નહીં પ્રતિકૂલ. ૯
સમજે જગના પ્રાણીઓ, નિજનિજ ભાષાએ, એવો પ્રભાવ છે વાણીનો, સેવો શિવ-આશાએ. ૧૦

પૂર્વોત્પન્ન જે વ્યાધિઓ, સઘળી નાસી જાય, વિચરે જ્યાં અરિહંતજી, કદી ન આગે આય. ૧૧
કર્મ ટાળી જગજંતુનાં, આપે શિવસુખ ધામ, એવા શ્રી અરિહંતનું, પ્રેમે પઢજો નામ. ૧૨
મીટે ખાજ વિષયો તણી, જપતાં શ્રી અરિહંત, રાગદ્વેષને ટાળીને, બને શિવવધૂનો કંત. ૧૩
પ્રથમ પદ અરિહંતના, ગુણ અનંત અપાર, શ્રુત સિદ્ધાંતથી જાણીને, ઉતરો ભવ કાંતાર. ૧૪
સિદ્ધના ગુણો આઠ છે, આઠ ભયોને ટાળે, રક્તરૂપ છે એમનું, સવિ કર્મોને ટાળે. ૧૫

ધ્યાન ધરો અવિનાશીનું, અજરામર થાવા, જપજો સિદ્ધ ભગવંતને, શિવપુરીમાં જાવા. ૧૬
અવેદી-અક્લેશીનું, ધ્યાન ધરે મન શુદ્ધે, શાશ્વત સુખને પામતો, હણી કર્મોને યુદ્ધે. ૧૭
સિદ્ધ થયા જે આતમા, વળી સિદ્ધ જે થાશે, જાણો પ્રભાવ નવકારનો, શાશ્વત સુખને દેશે. ૧૮
પીતવર્ણ આચાર્યનો, વળી છત્રીસ છે ગુણ, પંચાચાર પ્રવર્તાવતા, ભાવપૂર્વક જીવ! ગુણ. ૧૯
ધૈર્ય-ગાંભીર્યાદિક ઘણા, ગુણગણના ભંડાર, સેવો જગના પ્રાણીઓ, આતમને હિતકાર. ૨૦

(અનુસંધાન માટે જુઓ ટાઇટલ ત્રીજું)